વાર્તાવારિધિ રત્નાવલિ. રત્ન ૩૮ મું.

અનંત કલા.

[પૂર્વખંડ.]

લેખક.

ડૉ. હીરાલાલ ગોપાળદાસ દેશાઈ.

ઉર્ફે—(બાવા હરિરામ.)

ઇ. સ. ૧૯૧૬. વિ. સં. ૧૯૭૨.

પ્રથમાવૃત્તિ. પ્રત ૬૦૦.

પ્રકાશક.

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.

પ્રયોજક વાર્તાવારિધિ.

સારંગપુર—અમદાવાદ.

શ્રી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં, શા. સોમાભાઈ

મંગળદાસે છાપ્યું. પાંચકુવા—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦—૮—૦.

વાર્તાવારિધિ રત્નાવલિ. રત્ન ૩૮ મું.

અનંત કલા.

[પૂર્વખંડ.]

લેખક,

ડૉ. હીરાલાલ ગોપાળદાસ દેશાઈ.

ધમીજ—(વાયા દહેગામ.)

ઈ. સ. ૧૯૧૫. વિ. સં. ૧૯૭૨.

પ્રથમાવૃત્તિ. પ્રતિ ૬૦૦.

પ્રકાશક,

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.

પ્રયોજક વાર્તાવારિધિ,

સરકીવાડ—અમદાવાદ.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં, શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું, પાંચકુવા—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦—૮—૦.

અનુક્રમણિકા.

સૂચન.

વાર્તાવારિધિ રસદોહનથી પ્રગટતાં રત્નોનો લાભ ઇતરજનો પણ લે તેવા હેતુથી વાર્તાવારિધિ માસિકમાં એકવાર પ્રગટ થયેલ અનંતકલા—પૂર્વખંડ—નામક આ વાર્તારત્નને પુનઃ જુદા પુસ્તકરૂપમાં બહાર પાડવાની તક અમે લીધી છે—આશા છે કે તે વાચકવર્ગને પ્રિય થઇ પડશે જ.

પ્રકાશક.

॥ ૐ શ્રી ગુ ॥

અનંતકાંતા.

પ્રકરણ ૧ લું.

ઋષિ આશ્રમે.

તપસ્વિના આ તપમાં રહી છે,
મહા દયાની અતિ તીવ્ર રેખા;
ફૂલો, લતા ને તરૂ-મેઘમાંહી,
આનંદ પીતાં નયનો રમે છે.

—કલાપી.

રવિનારાયણના ઉદય સમયનું સૂચન કરતો અરૂણ ધીમે ધીમે શુભ્ર પ્રકાશને પૃથ્વીની ટોચપર પ્રસરાવી રહ્યો છે. આકાશમાંના તારકો અદૃશ્ય થયા છે. અરૂણનો પ્રકાશ, આકાશનો કૃષ્ણ રંગ અને પૃથ્વીપરનું સૌંદર્ય કુદરતની મહાન્ લીલામાં વૃદ્ધિ કરી રહ્યું છે. વાયુ મંદ મંદ ગતિથી સુગંધિત દ્રવ્યને સ્ફુરાવતો શિતલ લહરીઓથી વહન થાય છે. વૃક્ષો, ન્હાના ન્હાના છોડવાઓ અને લતાઓ રાત્રિની સમાધિમાંથી જાગ્રત થતાં નવિન રૂપ અને પ્રભાવ વીસ્તારી રહ્યાં છે. વિશ્વદેહી નામક સરિતાની લહરીઓ મંદ મંદ ગતિથી વહન થતાં આનન્દથી સુમધુર તરંગોને પ્રકટાવતી ખરૂ ખરૂ ખરૂ ધ્વનિયુક્ત પોતાના પ્રાણેશ-વિશાળોદધિ-ને ભેટવા આગળ અને આગળ વેગવતી થઇ રહી છે. વિશ્વદેહીના એક તટપર રેતીના બેટો ખડકાઇ-પથરાઇ રહ્યા છે, ને અન્ય તટપર ન્હાનાં વૃક્ષો અને લતાઓ છવાઇ રહી છે. વનદેવીની શોભા વ્યાકુલ હૃદયને પણ શાન્ત કરતી પ્રભુની પ્રભુતામાં પ્રાણિ માત્રને વંદન કરાવી રહી છે; ખરેખર વન-

દેવીનું નવયૌવનરૂપ સૃષ્ટિ સૌંદર્યની અલૌકિક પ્રતિભાનું તાદસ્ય દર્શાવી રહ્યું છે! પશુ પક્ષિઓ દિવસના પરિશ્રમથી કંટાળેલાં રાત્રિમાં નવિન જીવનને પ્રાપ્ત કરી જાગૃત ભાવને પામ્યાં છે. કલરવ કરતાં પક્ષિઓ સવિતાનારાયણનાં દર્શન થવાની અભિલાષથી હસ્તમાં કુદરતી રૂપોને ધારણ કરી શ્રી વનદેવીની મંગલમય આરતિમાં સુરમ્ય, મોહક, અદ્વિતીય સૂર પૂરી રહ્યાં છે. આ સમયે વિશ્વદેહીના વહન થતા જલપર એક નૌકા ધીમે ધીમે જલગતિએ આવતી દૃશ્યમાન થઇ.

નૌકા બહુ મ્હોટી નહોતી. બે મનુષ્યો નૌકાને આગળ વધવામાં મદદ કરી રહ્યા હતા, અને બે વ્યક્તિઓ નૌકાની વચ્ચે બેઠેલી કુદરતી ચિત્રોને જોતી, નૌકાસહ ગતિ કરતી દૂરથી જણાતી હતી. શનૈઃ શનૈઃ દૃષ્ટિના એક રાગમાં જણાતી નૌકા વિશ્વદેહીના સુરમ્ય તીરે આવી થોભી. નાવિકો જેવા જણાતા તે બે પુરૂષોએ નૌકાને લંગારી અને અંદર બેઠેલી બે વ્યક્તિઓ સંભાળપૂર્વક બહાર આવી. તેમના ઉતર્યા પછી પેલા બે પુરૂષોમાંથી એક નીચે ઉતર્યો, અને બીજો પુરૂષ નૌકામાંજ બેસી રહ્યો.

નૌકામાંથી પ્રથમ ઉતરનાર બે વ્યક્તિઓ પૈકીમાંની એક પ્રસંશનીય પ્રભાવશાળી અલૌકિક વિસંપત્તિવિભૂષિત હતી. તેનું વય આશરે વીસ બાવીસ વરષનું હતું. તેનું શરીર મધ્યમ કદનું હતું. શરીર બહુ સ્થુલ તેમ પાતળું નહોતું. મ્હોં સહેજ ભરાવાદાર અને લલાટ દેવિઓનેજસૂર્યો દિપ્તિમાન હતું. આંખો સહેજ મ્હોટી અને તેજસ્વી હતી. મુખાકૃતિપર ગંભિરતા અને વિદ્વતા છવાઇ રહી હતી. વૃત્તિઓ આત્માના એક રાગમાં સંનિગ્ધ હતી, છતાં બહારથી અનેક ભાવોમાં આત્મા ઝણકારાતો હોય એમ જણાતું હતું.

બે માસ ઉપરજ બી. એ. માંથી ઉત્તમપદે ઉત્તીર્ણ થયેલો આ યુવક પારિતોષિક મેળવવા ભાગ્યશાળી થયેલો હતો. સંસ્કૃત ભાષાશાસ્ત્રમાં તે અદ્વિતીય હતો. અભ્યાસકાળે તેણે બંગાલી, મરાઠી, હિંદી અને લેટિન ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો. થોડાજ વખતથી ત્હેણે તીબેટીઅન ભાષાનો—પ્રેમસ્વરૂપ ગૌતમબુદ્ધની શુદ્ધ નિર્વિકારી પ્રેમ રસથી ઉભરાતી શાસ્ત્રીય કલાને જાણવા–અભ્યાસ શરૂ કર્યો હતો. શરીર અને વયના પ્રમાણમાં બુદ્ધિ વિશાળ અને આત્મજ્યોતિનો પ્રભાવ અનુપમ હતાં. ત્હેની વિદ્વતાના સહવાસમાં આવનાર ઘણાને

મુખે એમ સંભળાતું કે ' આતે કેવો પુરૂષ છે કે જેની વિવેકજનક બુદ્ધિચાતુર્યયુક્ત વિદ્વતા આટલા ન્હાના શરીરમાં સમાઇ રહી છે ?' તેણે શરીરપર સાદાં અને શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં હતાં. શિરો ભાગે શિરપેચ શોભી રહ્યો હતો. હાથમાં ન્હાની જેષ્ટિકા હતી. શ્વેત પણ ન્હાની કોરવાળું ધોતીયું કટિપર ધારણ કર્યું હતું. પગે દેશી દક્ષિણી જોડા પ્હેર્યા હતા. શ્વેત વસ્ત્રોમાંથી દેખાતા ગૌરવદનની કાન્તિ મોહક અને સુંદર જણાતી હતી; અને તેથીય વિશેષ ગૌરવદનમાંથી વહન થતું શુભ્ર ઔજસ્ વ્યક્તિ માત્રપર પ્રેમ—આભારની લાગણીને ઉભરાવતું આભારવિવશ બનાવી દેતું હતું.

નૌકામાંથી પ્રથમ ઉતરનાર પુરૂષની સાથે જે વ્યક્તિ ઉતરી હતી તે અગિઆર બાર વર્ષની ન્હાની કુમારિકા હતી. ત્હેણે શરીરે શ્વેત સાડી ધારણ કરેલી હતી. ન્હાના શરીરપર દ્રસ્યમાન્ થતું અદ્ભુત સૌંદર્ય આકર્ષક હતું. મુખ પૂર્ણિમાના ચંદ્ર જેવું ગોળ, શ્વેત અને પ્રભાવવાન્ હતું. નેત્ર અણિવાળાં, વિશાળ, મોહક અને સાત્વિકભાવ વાળાં હતાં. લલાટ ભવ્ય અને દેદિપ્યમાન હતું. કપોલ ભાગ ભરાવાદાર અને ગુલાબી લાલીનો આછો આછો રંગ છંટાઇ રહેલો હોય તેવો જણાતો હતો. દંતપંક્તિઓ મોતીના દાણા સમ શોભી રહી હતી. ઓષ્ઠ પદ્મરાગ સમાન લાલ જણાતા હતા. સ્વર્ગની સુંદરી કરતાં પણ અધિકસ્વરૂપસંપન્ન તે કન્યકાનું મનોહારિત્વ ન્હાની વયમાં પણ વિકાસભાવને પામ્યું હતું.

નૌકામાંથી ઉતરનાર ત્રીજો પુરૂષ પ્રથમ ઉતરનાર યુવકના જેવો હતો. વય, વિદ્યા અને વિચારો; સ્વરૂપ, સુંદરતા અને સામર્થ્ય; ભવ્યતા, ગૌરવ અને ગાંભિર્યમાં તે ઉપરના પુરૂષ જેવો હતો; એટલે ત્હેનો સહાધ્યાયી, એકજ જ્ઞાતિનો, સુખ દુઃખ સમયે સમાન ભાવ રાખતો સાચો સ્નેહિ હતો. તેનું નામ **શરત્ચંદ્ર** હતું.

નૌકામાં રહેનાર વ્યક્તિ નાવિક, નૌકાનો માલિક હતો. તે પ્રચંડ શરીરનો, શ્યામ વર્ણવાળો, અતુલિત બળવાન દેખાતો હતો. નૌકામાં બેઠેલો હોવા છતાં તેનાં ચક્ષુ એકજ સ્થળ પર ઠરતાં નહોતાં. ચિંતા, ભય કે દુઃખના દોડતા વાદળ પાછળ ચક્ષુ અને વૃત્તિઓ આમતેમ દોડમ્ દોડા કરી રહ્યાં હતાં.

" શરત્ચન્દ્ર ! રાત્રિનો ઉજાગરો, પર્યટન ને ચિંતાના શ્રમથી

આપણુ સર્વે અવ્યવસ્થ છીયે. અહીં શાન્તિ અર્થે નિવાસ કરવાની મારી અભિલાષા છે. આપણે વીસ પચ્ચીસેક માઇલ દૂર તો આવ્યા જ હોઇશું. કેમ આપને શો વિચાર છે?" યુવકે પૂછયું.

"પરમાત્મ કૃપાર્થે હવે આપણે ભયથી મુક્ત થયા છીયે, અને સવિતાનારાયણુનો પ્રભાવ પણ શનૈઃ શનૈઃ અધિક આવિર્ભાવને પામતો જાય છે; વળી આ કિશોર વયની સુકુમાર બાળા પણ તેની આટલી વયમાં આપત્તિનું આ અસહ્ય દર્શન કરી રહી છે, તો વિશ્રાન્તિ લેવી સર્વ માટે કલ્યાણુજનક છે." શરતચન્દ્રે કહ્યું.

"ત્યારે આ હોડી–નૌકાને આપણે એવે સ્થળે લંગારવી જોઇએ કે આપણી શોધમાં નિકળનાર કોઇપણ પુરૂષના હાથે આપણે પકડાઇ જઇએ નહિ." યુવકે જણાવ્યું.

શરતચન્દ્ર પુનઃ નૌકામાં બેઠો અને વિશ્વદેહીના સર્પાકારે વહેતા પટપર હોડી ચલાવવાની નાવિકને આજ્ઞા આપી. હોડી–નૌકાને તેઓ એક ખીણુ તરફ હંકારી ગયા. અહીં ખીણુની બન્ને બાજુએ વૃક્ષો છવાઇ રહ્યાં હતાં અને વેલિઓ તેમને લપેટાઇ રહી હતી. બન્ને બાજુનાં વૃક્ષોની વચ્ચે માત્ર નૌકા જઇ શકે તેવો સાંકડો વાંકો ચુકો માર્ગ હતો. તેમાં શરતચન્દ્રની આજ્ઞાથી નાવિકે નૌકાને હંકારી, અને થોડેક છેટે વૃક્ષોની પાછળ તેને લંગરાવી બન્ને જમીનપર ઉતર્યા. નૌકા સહીસલામત સ્થળે રાખીને બન્ને પુરૂષો ખીણુની ભેખડપર સાવચેતીથી ચઢયા; અને આપણો યુવક ઉભો હતો ત્યાં આવી પહોંચ્યા.

યુવકના હૃદયમાં અનેક વિચારોએ કોલાહલ મચાવી મૂકયો હતો. અંધારી રાત્રિએ કાળમુખ જેવા જણાતા ભિષણ રાક્ષસોના પંઝામાંથી એક નિર્દોષ, નિરાધાર, જીવન વ્યવહારના કોલાહલથી અજ્ઞાત, સુકોમળ બાળાને બચાવી, વિશ્વદેહીના અગાધ જળમાં નૌકાને ચલાવી, વાંકા ચૂંકા ઘાટોનું ઉત્ક્રમણુ કરવામાં અને વચ્ચે પથરાયેલી શીલાઓ અને ખડકો વચ્ચે માર્ગ કરવામાં જીંદગી કેટલા જોખમમાં હતી એ સર્વનું સ્મરણુ આવતાં ગંભિર પણ કોમળ હૃદય સહેજ ડગમગ્યું. હૃદય આગળ આ ચિતાર સાદૃશ્ય થતાં સહેજ કંપારી છૂટી; અને કંપારી છૂટતાં ચક્ષુમાંથી એકાદ બે અશ્રુઓ સરી પડ્યાં. બાળાએ યુવકના લલાટપર ભાવોનું પરિવર્તન થતું જોયું. ત્હેનું વય ન્હાનું હોવા છતાં પિતાની હયાતીમાં એણે એવા સુસંસ્કારો અને તિવ્રબુદ્ધિનો વિ-

કાસ હૃદયમાં પ્રસરાવ્યો હતો કે સબળ-સજ્ઞાત પુરૂષ પણ આટલા ન્હાના બાળકમાં આવી પ્રતિભાજનક વિચાર-જ્ઞાનશ્રેણિ પ્રદિપ્ત થઇ હશે એ જાણી આશ્ચર્યમગ્ન થયા શીવાય ન રહે! અને આપણો યુવક પણ એજ શ્રીમંત ઘરના પ્રતાપે આકાશમાં છિન્ન ભિન્ન થતાં વાદળમાં ચંદ્ર જેમ ડોકીયાં કરતો હોય તેમ આપત્તિ વિપત્તિઓના વાદળમાંથી સમાજમાં વિદ્વતા અને કૂલિનતાથી પ્રકાશતો હતો. યુવકના મુખોભાવને વિલક્ષણ બુદ્ધિથી વિલોકનાર તે કન્યકાની વૃત્તિઓ સુખ દુઃખમાં નિમગ્ન થવા લાગી. શ્રીમંત પિતાના રાજ્ય વૈભવ ભોગવતા મહાન્ આવાસમાં વિવિધ પ્રકારનાં સુખે ઉછરેલી આવી ભયંકર આપત્તિમાં વ્યામોહ પામે એમાં આશ્ચર્ય સરખું કાંઇજ નહોતું. પિતાના સ્વર્ગવાસ પછી જો દુનિયામાં ક્યાંઇ પણ સુખ-શાન્તિ-વિરામનું સ્થળ તે શોધતી-જોતી તો તે માત્ર આપણો યુવકજ હતો.

યુવકની ચક્ષુમાંથી સ્ખલિત થયલાં અશ્રુ બિન્દુએ બાળાના મુખ પર જુદોજ ભાવ પ્રકટાવ્યો. ત્હેને અનુકંપા થઇ. હૃદય અને શરીર ઉભય કંપ્યાં. પોતાની ખાતર કેટલા દુઃખી થાય છે એ વિચાર આવતાં તેની આન્તર વૃત્તિઓ ડગમગી. અહો! મનુષ્ય જીવન વેલિને ટકાવવા નિભાવવા-બલવત્તર કરવા કેટલા-કેવા પ્રયત્નો કરે છે ? એકની પાછળ કેટલાં દુઃખી થાય છે ? એકના ભાગ્ય સાથે કેટલાંય ભાગ્ય ઘડાયેલાં છે જોડાયેલાં છે ? આ બધું શામાટે ? એ વિચાર થતાં મૂર્ચ્છા આવી. યુવક કોલાહલમાંથી શાન્ત સમાધિમાં ક્ષણેક આત્મ વૃત્તિઓને વાળી આત્મ બળમાંથી નવિન શક્તિ સંપાદન કરતો હતો, તેવામાં સુકુમાર બાળાની મુર્ચ્છાએ ઓચિંતો તેને સાવધ કર્યો. સાવધ થતાંજ જેને માટે પોતે પરિશ્રય વેઠયો છે તે કોમળ પુષ્પને કરમાતું જોઇ તેના તરફ દોડયો અને તેનું માથું પોતાના ખોળામાં લેઇ વિશ્વદેહીમાં ભીંજાયેલા નિલાંબરને પોટલીમાંથી છોડી મુખપર ફેરવતો શિતલ પવન નાંખવા લાગ્યો. થોડાજ ઉપચારમાં તે બાળા મૂર્ચ્છામાંથી મુકત થઇ, પરંતુ યુવકે તેના શરીરને ઉત્થાન નહિ થવા દેતાં પૂર્વવત્ સ્થિતિમાંજ રહેવા દીધું, અને ઉભા કે બેઠા થવાનો શ્રમ જાણે કે અજાણે તે બાળાએ ન લીધો.

“ ત્હમે ઘડિક ઘડિકમાં આમ હૃદયબળની સત્તાને ગુમાવો છો એ ઠીક કહેવાય ? ત્હમે કયાં છો ? કેવી સ્થિતિમાં અને કેવા

સંજોગોમાં મૂકાયેલાં છો એનો વિચાર કરો. મનુષ્ય સુખ દુઃખનો ભોક્તા થવાને સર્જાયેલો છે. સુખ દુઃખ એ એક રથનાં બે ચક્રો છે. ભાગ્યને ઉન્નતિ કે અવનતિના માર્ગે દોરનાર એ મહાન્ યોગ છે. શ્રીમંતાઇ ગરીબાઇમાં અને ગરીબાઇ શ્રીમંતાઇમાં ફેરવાય છે. જ્યાં જળ છે ત્યાં સ્થળ, અને સ્થળમાં જળ છવાયેલું આપણે ઘણી વખત સાંભળ્યું છે. માતા હતાં ત્યાં સુધી વિશુદ્ધ પ્રેમનું વારિ જગત્ તૃષાને નિવૃત્ત કરતું હતું; પિતાની હયાતીમાં એ પ્રેમનો રસ મંત્ર અનેક યોગ્ય વૈભવોનો જનક હતો. માતાપિતાના અવસાન સાથે એનું પણ અવસાન થયું એમ સમજી જીવનને સાદુ, સરળ ને સુલભ કરવું એજ પરમાત્માની પ્રસાદિ છે.

સુખિઆ દુઃખિઆ દીસે બહુ, તે માયાના કીધા સહુ;
સુખિઆ પલકે દુઃખિઆ થાય, ધન તન લજ્જા ફીટી જાય;
રંક હતા તે બનિયા રાય, અખા એ માયા મહિમાય.

* * * *

નાટક ચાલે માયા તણું, સકલ જીવ શણગાર્યાં ઘણું;
કાલ ફેરવે ચૌદ ચોવટે, એકને આપે એકનું ઝટે;
અખા વગોવે માયા કરાલ, જાણ પણ્ડિત શ્રીમન્ત ભૂપાલ.

માટે આપત્તિથી કાયર–ભીરૂ ન થતાં જગ કલ્યાણના માર્ગને સુલભ કરવામાં જ જીવનનો ઉચ્ચ હેતુ સમાયેલો છે. એક વિદ્વાન્ પુરૂષ કહે છે કે મહા પુરૂષોને જ આપત્તિ આવે છે. માટે ધીરજ ધરો અને સુખ અથવા દુઃખ, પ્રિય અથવા અપ્રિય જે જે પ્રાપ્ત થાય તેમાં હારી ગયા શિવાય મનુષ્ય હેને અનુભવે છે–માટે શાન્ત થાઓ સ્થિર થાઓ અને ભાવિ કેવા માર્ગે લેઇ જાય છે તે શાન્ત બુદ્ધિથી જુવો. ”

બાળાએ, પ્રત્યુત્તર કે આશંકાને સ્થાન આપ્યા શિવાય યુવાનના મુખમાંથી વહેતી શબ્દ શ્રેણિને ધ્યાનપૂર્વક સાંભળી. યુવાનનું વાક્ય પૂરૂ થઇ રહેતાં હેણે બાળાના મુખ પર શાન્ત, શિળો, ગંભિર પ્રેરણાને શમાવતો કોમળ હસ્ત ફેરવ્યો; અને હાથ ફેરવી રહ્યા પછી બન્નેની દૃષ્ટિએ એક રાગ સાંધ્યો. ચક્ષુના વહેતા ઔાજસ્–બળથી અન્યોન્યના હૃદયને શાન્તિ થઇ. એવામાં શરતચન્દ્ર અને નાવિકનો આવતો પીઠ પાછળ ખડખડાટ કરતાં પગલાંનો શબ્દ સંભળાયો. બાળા

સચેત થઇ સ્વસ્થ બેઠી અને યુવક તેની સમીપ પણ સહજ દૂર આવનાર પ્રતિ જોતો ઉભો રહ્યો. શરત્ચન્દ્ર અને નાવિક આવી પહોંચ્યા, ચારે અર્ધ ઘટિકા થોભ્યાં. દંતધાવન–સ્નાનાદિથી પરવારી ભાગ્ય લેઈ જાય ત્યાં, આશ્રયની શોધમાં ચાલ્યાં. બાળાથી આવા ખાડા ટેકરા વાળા પ્રદેશમાં પાદની કોમળ ત્વચાએ ચાલી ન શકાય તેથી નાવિકે પોતાના સ્કંધ ભાગ પર અધ્ધર ઉપાડી લીધી. વાંકા ચુકા રસ્તે, ઘટ્ટ ઝાડીમાંના સાંકડા માર્ગોને કાપતાં તેઓ એક વિશાળ ચોકમાં આવી ઉભાં.

વિશાળ ચોગાનની મર્યાદા લગભગ ત્રણેક મૈલની હતી. ચોકના અગ્ર ભાગે લીલીછમ્ લીલોતરી છવાઇ રહી હતી. પૂર્વ દિશાએ ન્હાનું તળાવ હતું. આ તળાવમાં બારે માસ ચાલી શકે એટલું જળ રહેતું. તળાવની પાળો વૃક્ષોથી આચ્છાદિત હતી. તળાવની વચ્ચે પંકજોના છોડ આવી રહ્યા હતા. અને છેટે છેટે પાળપર શિલાઓ પડી રહેલી હતી. આપણા પથિકો આ સૃષ્ટિ સૌંદર્ય નિહાળતાં, અને જંગલમાં મંગલ અનુભવતાં તલાવના જલ તરંગોને જોતાં આગળ ચાલ્યા. થોડેક જતાં એક શિવાલય દૃષ્ટિ ગોચર થયું. તેઓએ શિવાલય તરફનો માર્ગ લીધો. શિવાલયની મર્યાદામાં પહોંચતાં પથિકોને નિરામય સુખ પ્રતિત થતું જણાવા લાગ્યું. તળાવ તરફથી આવતા શિતલ પવન વડે શારીરિક શ્રમ શાન્ત થતો હતો; અને શિવાલયની ભવ્યતા તથા એકાન્તમાં બીલી વૃક્ષોથી ઘેરાયેલ આ પવિત્ર સ્થળમાં પ્રવેશ કરતાં સર્વેએ સાન્તિ અનુભવી. શિવાલયના ચોક પર આવવાને દસેક પગથીઆં ચઢવાં પડતાં હતાં. પગથીઆં ચઢવા પછી સમચોરસ ચોક આવતો. ચોકની વચ્ચે નાન્દિ શિવલિંગ તરફ દૃષ્ટિને એક રાગ સાંધી રહ્યો હતો. તે નાન્દિનાં દર્શન કરી તેઓ શિવાલયમાં પેઠા. અપૂર્વ-શાન્તિને સર્વોત્તમ સુખમાં પથિકો નિમગ્ન થયા. શિવના સાંકેતિક ચિન્હનાં પતિતપાવન મંગલમય દર્શન કરી તેઓ બહાર નીકળ્યા. શિવાલય બહુ મ્હોટું નહોતું, પરંતુ પુરાતનિક શિલ્પશાસ્ત્રની કારીગરીના ઉત્તમ દૃષ્ટાંતરૂપ આર્યકલાનું ગૌરવ વધારી રહ્યું હતું. પુરાતનિક હોવા છતાં હજુ તેમાંથી એક કાંગરો સરખો પણ ગયો નહોતો. શરત્ચન્દ્રે ફલાહાર માટે આગળથી વિચાર કરીને એક પોટલી પાસે રાખી હતી તે છોડવાની આજ્ઞા નાવિકને આપી. સ્પર્શથી બગડે નહિ અને માર્ગમાં અડચણ આવે નહિ–તેમ અસ્વાદિષ્ટ થાય નહિ તેવો સારો

ખોરાક તેમાં રાખેલો હતો. સર્વે યથારૂચિ તેમાંથી લેઈ જઠરને શાન્તિ આપી, જલ પી તૃપ્ત થયાં. મહાદેવના દેવળની પાછળ એક ન્હાનો ચોતરો હતો અને તે ચોતરા પર ભોખડી જાળી પાથરેલી હતી. જાળી જોતાં એક અનુમાન થતું હતું કે મુસાફરોને રાત્રિનિવાસ કરતાં ત્રાસ થાય નહિ.

નાવિક ચોક બહાર નાન્દિ પાસેના ચોતરા તરફ એક વસ્ત્રને પાથરી સહજ સુતો આ સઘળી ગોઠવણ કરવામાં અને બાલિકાને બચાવવાના સાધનોમાં પરિશ્રમ પડેલો હોવાથી શરતચંદ્ર પાછળના ચોતરા તરફ બાલિકાને સુવાની ગોઠવણ કરી આપી બહાર એક બિલ્વવૃક્ષ તળે સુતો. યુવક ત્હેમને શાન્તિમાં પડવા દેતા સુધી ચોક પર આમ તેમ આંટા મારવા લાગ્યો. આંટા મારતાં છેવટે તે નાન્દિની પ્રભાવશાળી ચિત્રકલાના અપૂર્વ નમુનારૂપ મૂર્તિતરફ આવ્યો. નાન્દિની પિઠિકાએ હસ્તની અંગુલિઓને ટેકવી શિવમૂર્તિ તરફ દૃષ્ટિ સાંધી રહ્યો. શિવાલયની ભવ્યતા અને અભિકર શાન્તિએ તેના હૃદય પર ઉત્તમ છાપ પાડી હતી. આ વિચાર શ્રેણિમાં એક રસ થનારના હૃદયમાંથી મુખ દ્વારે ત્રુટક ત્રુટક શબ્દો બહાર સરવા લાગ્યા.

" ઓ પવિત્રાત્મા ? ત્હને અનેક વાર વંદન છે. જગતની ઉપાધિઓથી મુક્ત, વ્યવહારના કોલાહલોથી નિર્લેપ, સંસારના કટુસ્વાદોથી નિર્વિકારી, વૈભવ—લક્ષ્મી કે સત્તાના બળથી નિર્લોભ, આવા પવિત્ર સ્થળમા પવિત્રાત્મા રૂપે વિરાજતા સર્વવ્યાપિ પ્રભુ ! ત્હને કોટિ કોટિ પ્રણામ છે. આવા પુણ્ય જનક સ્થળે આવવાનુ કોને મન ન થાય ? હા ! પ્રભુને જગતના પાપી હૃદયો ન સ્હમજે. દુરાત્માઓને પ્રભુનુ કામ નથી. પ્રભુ ત્હેમને તરછોડતો નથી પણ ત્હેમનાથી એકાન્ત વાસમાંજ નિવાસ કરવા ઇચ્છે છે. આ પવિત્ર સ્થળમાં પ્રવેશતાંજ સઘળી [illegible] પરમાત્માનો પણ એવોજ ઇચ્છા."

ચે[illegible] એ માર્ગ લીધો. " અરે ! એ[illegible] દયા પણ ન આવી ? ? [illegible] તેમને આંખ્યો છે તેમને [illegible] આવે ? હાર ! હરિ ! હરિ ! [illegible] પાનુ બાકુ કરી હો ! શિરપર અહો રાત્રિ કાળ ચક્ર ફરવા છતાં, મ્હારા માલિકની પુત્રિના આત્મરક્ષણાર્થે ત્હેં પણ હદ

કરી; ત્હારૂં ઋણ ન વાળી શકાય તેવું છે. " વિચાર બંધ થયા. ન વાળી શકાય તેવું છે—તે શબ્દો બોલતાં જાણે આકાશમાંથી શબ્દ આવતો હોય. તેપ શ્રવણેન્દ્રિઓને એક રાગ પૂર્વક સાંધી નેત્ર બંધ કરી ઉભો રહ્યો. આ સમયે નીચેની ભાવના ભરી કવિતા ત્હેના કર્ણનો સૂક્ષ્મ ભાવે સ્પર્શ કરી ચાલી ગઇ.

બ્રહ્માંડ આ તો ગૂઢ તાતનું છે,
આધાર સૌને સૌનો રહ્યો જ્યાં,
લે છે સહુ કૈ સહુને દઇ કૈં,
આભાર સૌનો સૌ ઉપરે છે.

ના રાખ તું કો ઋણનો હિસાબ,
આભાર માની નવ કો રહે ત્યાં;
આનન્દમાં સૌ દઇને રહે છે,
આનન્દમાં સૌ લઇને રહે છે.

—કલાપી.

સ્વર બંધ થતાં ચક્ષુ ઉઘડયાં. કવિતાનો ભાવ સમજાયો. " મિત્ર મિત્રનું કાર્ય કરે છે, એ પણ સ્નેહની કસોટી છે—કુંદનની પરીક્ષા છે. ગરીબ–રંક મિત્રને મદદ કરનાર મિત્રો આવા જગતમાં ઓછાજ હશે ! " વળી વિચાર મંત્ર પડયો. એકાદ ઘટિકા આમ વિચાર વમળમાં વહી ગઇ.

પુનઃ સ્વર નીકળતો સંભળાયો.

Oh Soul of mine, make Thy demand,
All power is thine, posses, Command;
The heart of God at Thy behest,
Shall come and lodge within thy breast;

—*Allen Parkinson.*

ઓ પુણ્યાત્મા ! તું ગમે તે માગ, આ સર્વ શકિત ત્હારી છે. તું આજ્ઞા કરે છે. ઇશ્વરનું અન્તઃકરણ પણ ત્હારી આજ્ઞામાં છે, તે ન્હારા સાનિધ્ય આવશે, અને નિવાસ કરશે. આપણાં પૂર્વકાલિન સત્શાસ્ત્રો શું કહે છે ? તું પરમાત્મા છે. તું કર્તા—અકર્તા છે. જ્યાં ત્યાં તારો પ્રકાશ છે. પરમાત્માના પુત્રો તે આત્મા—આત્માની શકિત—બળ—પરમાત્માના અંશાવતારી છે. બાળકમાં પિતાના સંસ્કારો

અન્વેશિત છે. વિદેશીય તત્ત્વજ્ઞાન કરતાં મ્હારા પિતાનું, સમગ્ર બ્રહ્માને ઉત્પન્ન કરનારનું જ્ઞાન વેદ-શ્રુતિજ્ઞાન અધિક બલવાન છે.”

છેલ્લો શબ્દ નિકળતાંની સાથે પાછળથી પાદુકાનો ખડખડાટ સંભળાયો. યુવકે પાછળ જોયું, પાછળ જોતાંજ દૃષ્ટિ એક રાગ થઈ. દૃષ્ટિ આવનાર પ્રત્યે વેગથી જોઈ રહી હતી, તેમ આવનારનો પાદુકાનો ખડખડાટ જોર ભેર સંભળાતો હતો. કાંતો જોનારના દૃષ્ટિ-બળથી કે કાંતો આવનારની તિવ્ર ઇચ્છાથી પગ જોરભેર ઉપડતા હતા. અલ્પ વખતમાં તો પગથીયાંપર થઇ ખડખડાટ ચોતરા તરફ આવ્યો. આવનાર બ્રહ્મર્ષિ ચોતરાપર ચઢયા કે તુરતજ દૃષ્ટિને વેગ આપનાર ત્હેમના ચરણાર્વિંદમાં ઢળી પડયો. ઋષિએ ત્હેનાપર અમિકર પ્રસાર્યો, અને વરદથી પ્રાપ્ત થયેલા નવિન બળવડે તે ચરણાર્વિંદમાંથી ઉઠયો.

આવનાર ઋષિનું વય સો વર્ષ ઉપરાંતનું હતું, પરંતુ મુખાકૃતિ અને શરીર બળ હમણાં જ યુવાવસ્થા પસાર કરી હોય તેમ જણાતાં હતાં ! શરીર પ્રચંડ, ભરાવાદાર ને મોહક હતું. આ પ્રભાવશાળી ચૈતન્ય મૂર્ત્તિ સાક્ષાત્ ભગવાનનો અવતાર હોય તેમ જણાતું હતું. કાન્તિ ગૌર અને તેજસ્વી હતી. લલાટ ભવ્ય અને આત્માના સાત્વિક બળનું પ્રતિબિંબ દર્શાવતું હતું. નેત્રમાંથી આત્મનિમજ્જનની ઝાંખી સર્વત્ર શુભ્ર ઓજસને પ્રસરાવી રહી હતી. હસ્તમાં કમંડળ અને શ્યામ જેષ્ટિકા ધારણ કરેલી હતી. શિવને નમસ્કારાત્મક ભણી તે બ્રહ્મર્ષિ કે જેમનું નામ **આત્માનંદ** હતું, તે બહાર આવ્યા યુવક તરફ અને છૂટી છવાઇ શમન પામેલી વ્યકિતઓ તરફ જોઇ ત્હેમણે પૂછ્યું;—“ સજ્જન ! આપ કોણ અને કયાંના વતની છો ? —શા નિમિત્તે આ વિકટ સ્થળ પ્રતિ આવવાનું સાહસ ખેડયું છે ?”

“ભગવન્ ! આપના શરણમાં આવનાર સર્વ વ્યકિતઓ—આ પુરુષ શિવાય—ધંભિરાપટ્ટનના રહીશો છે. આ લોખંડી જાળીવાળા ચોતરાપર શયન પામેલી કન્યકા તે શહેરના શ્રીમંત પિતાની પુત્રી છે. આ બિલ્વવૃક્ષ તળે પરિશ્રમને નિવારવા શયન પામેલો પુરૂષ વડોદરાના એક પ્રતિષ્ટિત ગૃહસ્થનો પુત્ર છે. મારી પાછળ સૂતેલો પુરૂષ ધંભિરાપટ્ટન આગળ વહન થતી વિશ્વદેહીના તીર પર નિવાસ કરી રહેલ નાવિક છે. અને હું...” નામ દેતાં સંકોચાતો—વળી મારૂં નામ દેઉં કે ના દેઉં તેવા વિચારમાં ગોથાં ખાતો હસ્ત જોડી ઉભો

રહેલો તે યુવક વિચારમાં પડયો. આત્માનંદ તેના ભાવને જાણી ગયા અને તેના નામાભિમાના સ્પષ્ટિકરણની ખાસ આવશ્યતા નહિ હોવાથી બોલ્યા.—" પ્રિય પુત્ર ? આપના આ સ્થળ પ્રતિ આવાગમનનો કયો હેતુ પ્રધાન ભૂત છે ? "

" પ્રભુ ! આ કન્યકાના પિતા શ્રીમંત હતા. અને સત્ય કહું તો આખા ઘંભિરાપટ્ટનની શ્રીમંતાઇ–લક્ષ્મીનો વાસ એ પુણ્ય પુરૂષના ઘેર હતો. ત્હેમને બે પુત્રીઓ છે. ત્હેમની પ્રથમ વિવાહિતા પત્નીથી એક પુત્રીનો જન્મ થયો હતો. ત્હેના જન્મથી ચોથે વર્ષે એની માતા પંચત્વ પામી. ત્યાર પછી એના પિતાએ પુનઃર્લગ્ન કર્યું. તે સ્ત્રી આ બાલિકાને સ્તનપાન કરાવી પુણ્ય પન્થે સીધાવી. ત્હેમના પિતાએ મરતા અગાઉ એક વીલ કર્યું હતું, અને એ દત્ત વિધાનમાં દ્રવ્યના ભાગ પાડી, કીર્તિ તથા શ્રેયઃના માર્ગરૂપ ઉત્તમ માર્ગોને જન્મ આપવાનું એમાં સૂચન કરેલું હતું. તે સર્વ તરફ કુદષ્ટિથી જોનાર પ્રથમ પત્નીના ભાઇ આ ભિષણ કાર્યનો જન્મદાતા છે. જીંદગીનો છેલ્લો સ્વાચ્છોશ્વાસ લેવાને આ બાલિકાને દારૂણ અંધકાર વાળા ભોંયરામાં પૂરી હતી. ત્યાંથી આત્મ બલિદાન આપતી એ બાળાને બચાવી અમો આ સ્થળ પ્રતિ લાવ્યા છીયે." યુવકે ખુલાસો કર્યો.

' હવે શા વિચારમાં છો ? ' આત્માનંદે પૂછ્યું.

' પ્રભુ ! હવે શું કરવું એજ વિચાર ચાલે છે. ' યુવકે સૂચવ્યું.

' પ્રિય પુરૂષ ! ઠીક એ સંબંધમાં હવે વિશેષ ચિંતા કરવાનું કારણ નથી. ત્હમે સર્વ જાગૃત થાવ એટલે આ બે બિલિવૃક્ષો વચ્ચે જે ન્હાનો સાંકડો માર્ગ જાય છે ત્હેમાં પાછળ પાછળ આવો. પ્રભુ ઇચ્છા તો ત્હમારૂં સર્વનું રક્ષણ થશે, અને પરમાત્મા ત્હમારી સહાય કરશે. આજ રાત્રિ અત્ર જ વિસામો કરવાનો છે." એમ કહી તે દિવ્ય પુરૂપ ચાલ્યા ગયા.

મહાત્માના ગયા પછી યુવક આશ્ચર્ય મગ્ન થતો તેમના જવાના માર્ગ પ્રતિ દૃષ્ટિ સ્થાપતો ઉભો રહ્યો. ત્હેના હૃદયમાં આત્મબળ પ્રતિ અને પ્રભુની લીલા તરફ અનન્ય પ્રેમ પ્રભવ્યો. જે મનુષ્ય નિષ્કામ વૃત્તિથી જ પુરૂષાર્થ કરે છે તેને પ્રભુ ફલ આપે છે, અને ફળની લાલસાથી કાર્ય કરનાર કલહને અનુભવે છે—એ સિદ્ધાંત દ્રઢ થયો. અહો ! અરક્ષિતને સદૈવ દેવ રક્ષે છે, અને સુરક્ષિતને દૈવ હણે છે એમ જંગલમાં પણ પ્રભુની પ્રભૂતા પ્રસરી રહેલી છે એવું જણાતાં અનુભવતાં હૃદયથી ઉપકાર–વશ થયો.

એકાર ઘટિકા વિચાર શૂન્ય સ્થિતિમાં ઉભો રહ્યો એવામાં શરત્-ચન્દ્ર જાગૃત થયો અને યુવક પાસે આવી ઉભો. યુવકે બનેલા પ્રસંગનું અથ ઇતિ વર્ણન કરી છેવટે મહાત્માની આજ્ઞાનું સૂચન કર્યું અને પોતાને કરવા યોગ્ય કાર્યનો વિચાર કરી—શરત્ ચન્દ્રને પૂછ્યું:—"કેમ! હવે આપણે શા નિર્ણય ઉપર આવીશું ?'

"આપણે મહાત્માની આજ્ઞા પ્રમાણે આજે રાત્રિવાસો ત્હેમની પર્ણકુટિમાંજ કરવો. ત્યાં વિશ્રામ કરતાં ભવિષ્યમાં આપણે કેવા માર્ગે જવું એ નિર્ણય કરીશું અને પ્રભુની શી ઇચ્છા છે તે જાણી એમની સંમતિ લેઇશું." શરત્ચન્દ્રે જણાવ્યું.

"ત્યારે આ નૌકાને વિદાય કરીયે તો ?"

"એ પણ ઠીક, કારણ લોકમાં બહુ ઉહાપોહ ન થાય."

"ત્યારે આપણે નાવિકને જાગ્રત કરો, અને એને વિદાય થવાનું સૂચન કરો."

"એમાંજ શ્રેય: છે એ ભરોંસાદાર માણસ છે, અને આપણા આ સ્થળે આવ્યાની વાત એ કોઇને કરે તેમ નથી. વળી એને એકલો જવા દેવામાં આપણા સંબંધની વિશેષ ચર્ચા નહિ થાય એમ છે માટે હું—એનો બંદોબસ્ત કરૂંછું."

શરત્ચન્દ્રે તેને જાગ્રત કર્યો અને એને સંપૂર્ણ હકીકત સમજાવી. પુનઃ હંભિરાપટ્ટનના માર્ગે જવાની સૂચના પાળી નાવિક શરત્ચન્દ્રની આજ્ઞાને વશ થતો ત્યાંથી ચાલ્યો. નાવિકના ગયા પછી ત્હેણે બાળાને જાગૃત કરી અને મહાત્માના સમાગમ પ્રસંગે યુવક સાથે થયેલી વાર્તાની હકીકત સમજાવી. તેઓ સૂચન કરેલા માર્ગે આગળ વધ્યાં.

યુવકના ભવ્ય લલાટ અનેક વિચારો પ્રકટતા હોય તેમ જણાવા લાગ્યું. માર્ગ પ્રતિ દૃષ્ટિ રાખતો, ઇશના મહાન ઉપકારને આધિન થતો, હૃદયમાં નીચેના કાવ્યનો સતત્—અસ્ખલિત્ પ્રવાહ જમાવતો સર્વની આગળ આગળ ચાલવા લાગ્યો.

> જોશો નહિ પ્રભુ ! કદિ મુજ દોષ સામું,
> સમદૃષ્ટિ નામ સહુ કો ' વદતા તમારૂં;
> ઇચ્છોજ માત્ર કદિ નાથ ! ત્હમે મને તો,
> ઉદ્ધારશો પતિતને પ્રભુ ! ફક્ત સ્પર્શે.
> —સ્વામી રામતિર્થ—સદુપદેશ.

પ્રકરણ ૨ જું.

બળતા હૃદયના પડદા.

Women are the poetry of the world, in the same sense as the stars are the poetry of heaven. clear, light-giving harmonious, they are the terrestrial planets that rule the destinies of mankind.

—*Hargrave.*

" અહો ! દુનિયાના વિચિત્ર રંગોમાં રંગોળાતાં આ મનુષ્યો કેવી કેવી પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે ? કેટલાંક એવાં તો રગદોળાયેલાં છે કે ધીરે ધીરે અધઃપતન થતાં—જગતના તળીયે જઈ બેસે છે, જ્યારે કેટલાંક રંગરહિત ઉર્ધ્વ ગમન કરતાં જગચિત્રોને અટ્ટહાસ્યથી જોતાં નિર્લેપ-નિર્વિકારી રહી ઉદય પન્થ પ્રતિ જતાં જણાય છે! કાલની ગતિ વિચિત્ર છે !

આશામાં ગોથાં ખાતાં આવાં પ્રાણિઓ માયાના ઘન વાદળને જોરથી વળગે છે, પણ નિરાશામાં તેઓની ક્રિયા અફલવતી બની ત્હેમને જગતના ગાઢ અંધકારમાં ફેંકે છે. આ પણ કુદરતનો મહાન્ નિયમજ છે. કુદરતની ગતિ કેવી વિચિત્ર છે !

ક્રિયામાં સફલ ન થવા છતાં પણ વિચાર-વેગને ક્રિયા વડે પડતાં પડતાં ઉંચે ચઢવાનો અભિલાષ ધરે છે. અરે ! જગતનાં અંધ પ્રાણિઓ ! જુઓ જરા થોભો. સત્યની દિવ્ય પાંખો વડે સત્યના માર્ગને અવલોકો ! " મહાન્ કવિ હર્બર્ટ શું કહે છે ?:—

Pitch thy behaviour love, thy projects high,
So that thou humble and magnanimous be.

વિદુરપ્રસાદ! શું તમે મને જગતના તળીયે ફેંકવા માગો છો ? ના, ના. તેમ નહિ જ બને. હું લક્ષ્મીને લાત મારૂં છું. ખાલી વૈભવો અને મિથ્યા પ્રતિષ્ઠા મ્હારા ભાગ્યને પ્રદિપ્ત કરી શકે તેમ નથી. ત્હમારો પ્રપંચ અને જાળ જોવા જેટલી દિર્ઘદૃષ્ટિ અને ર

તેજ બુદ્ધિ પ્રભુએ મને આપી છે; એના બળ વડે હું મ્હારૂં પાત્ર શોધી કાઢીશ.”

વિચારના વમળમાં ચઢેલી જ્યોત્સના પોતાના દિવ્ય ભવનની આકાશિકાપરની એક આરામ ખુરશીપરથી અવ્યવસ્થ સ્થિતિએ ઉપરનાં વાક્યો ધીરે ધીરે હૃદય બહાર કાઢવા લાગી. શબ્દો મુખદ્વારેથી નિકળી આકાશમાં અદૃશ્ય થવા લાગ્યા, એવામાં પાછળથી કોઈનો દાદર ચઢતો અવાજ સંભળાયો.

અમદાવાદ એ ગુજરાતના વાણિજ્યનું પાટનગર છે અને અહમદશા બાદશાહે બંધાવેલું હોવાથી ‘રાજનગર’ સંજ્ઞાથી પણ ઓળખવામાં આવે છે. આંહી ભિન્ન ભિન્ન પ્રકૃતિના અનેક મનુષ્યો વસે છે. શ્રીમંત અને ગરીબ, વિદ્વાન અને અજ્ઞાન, વૈભવવાળા અને કંગાલ, સ્વાશ્રયી અને આળસુ વગેરે જાતિની શાહુકાર, મધ્યમ વર્ગ, અને મહા મુશીબતે પોષણ કરતી પ્રજા આ શહેરમાં આશ્રય કરી રહી છે. શેઠ શાહુકારોના બંગલા, શ્રીમંતોનાં ભવ્ય મકાનો, વ્યાપારીઓની ન્હાની મ્હોટી દુકાનો, માણેકચોક, ફુવારો—ત્રણ દરવાજા, મ્હોટી કચેરીઓ, મનને પ્રફુલ્લ કરનાર ઉદ્યાનો, અને હિન્દુ—મુસલમાનનાં ધર્મભુવનો શહેરની શોભામાં વધારો કરે છે. આ શહેરની પશ્ચિમ દિશાએ સાભ્રમતિ નામક સરિતા પૂરવેગમાં પ્રયાણ કરે છે. ત્હેની પશ્ચિમ દિશાના તટ ઉપર ન્હાના મ્હોટા અનેક છૂટા છવાયા બંગલાઓ જોનારની ચક્ષુને મનોહરતા અર્પે છે.

આ બંગલાઓની વચ્ચે રવિકાન્તનો બંગલો આવ્યો છે. આ બંગલો વિશાળ, ભવ્ય, સુંદર અને મોહક છે. બંગલાને ત્રણ માળ અને આગળની બાજુએ સુંદર કઠેરા તથા પાછળની દિશાએ મ્હોટી આકાશિકા આવી રહેલી છે. આકાશિકામાંથી દૃષ્ટિ કરતાં રાજનગરનાં મકાનો, સૂત્રમંત્રો અને નદીનો વહેતો પ્રવાહ તથા તટપરના સુવર્ણ કણો પાથરેલા હોય ત્હેવા રેતીના બેટો દૃષ્ટિને આનંદ આપે છે. આકાશિકાની આગળ બંગલાને લગતું ન્હાનું ઉપવન બનાવવામાં આવ્યું છે. ઉપવનની વચ્ચે ગોળાકાર જલ સિંચતો ફુવારો ચક્કર ચક્કર પાણીની સેરોને છોડી રહ્યો છે. ફુવારાની આસપાસ ન્હાની ન્હાની આરસની મૂર્તિઓ બેસારી છે, અને ત્હેનાં ચક્ષુઓમાં વિદ્યુત્ પ્રકાશ દાખલ કરેલો છે, તે જોતાં આપણને સહસા એમ જ થાય કે આ

પ્રત્યક્ષ સચેત મૂર્તિઓ જ હશે. ફુવારા આસપાસ લીલોતરી ઉપર સુંદર લોખંડી આસનો વિશ્રાન્ત માટે ગોઠવેલાં છે, અને તેની આસપાસ કદળીના છોડો ગોળાકારમાં વાવેલા દૃષ્ટિગોચર થાય છે. ઉન્હાળાના પ્રચંડ તાપમાં આ સ્થળની વિશ્રાન્તિ સ્વર્ગ સુખ સમ શિતલ પ્રદેશો સમ શાન્તિને અર્પે છે.

બંગલાના આગળના ભાગના પહેલા માળે દિવાનખાનું છે. ત્યાં રવિકાન્તને દિવસના ભાગમાં મળવા આવનાર સ્નેહી વર્ગ, આપ્તજનો અને વહેપારી કામના માણસોને માટે બેઠક રાખી છે. મકાનના મધ્ય ભાગે ચોક છે અને પાછળના ખંડમાં કુટુંબ અને સ્ત્રીઓને બેસવા ઉઠવાનું, હરવા ફરવાનું રાખ્યું છે. બંગલાને અડીને ઉત્તર દિશાએ એક ન્હાનો ખંડ બનાવરાવ્યો છે. ત્યાં રાત્રિ નિવાસ કરનાર સજ્જનો ઉતરે છે. એકંદરે બંગલાની સ્વચ્છતા, સુંદરતા, મનોહરતા અને ભવ્યતા રાજ્યભૂવનો કરતાં ઓછી આકર્ષક નથી.

સ્ત્રી જાતિની અવદશા પરિહારવાને,
એવો હુતાશન મહા પ્રકટાવિશું કે;
તેની પ્રચંડ ઉંચી જ્વાલની માંહિ થાશે,
અજ્ઞાન, સ્વાર્થ, વળી દુર્મતિ સર્વ ભસ્મ.*

ઉપરની કવિતાને મધુર કંઠે આલાપતી જ્યોત્સ્નાની પ્રિય સખી, સખીને મળવા ગતિવેગને બળ આપતી ત્વરાથી દાદરની નિસરણીનાં પગથીઆં ગૂંજાવતી આકાશિકામાં આવી ઉભી. જ્યોત્સ્નાએ ત્હેનો કંઠ ઓળખ્યો. સમય અને સ્થિતિના વિચારને અનુસરતી આ કાવ્યશ્રેણિએ જ્યોત્સ્નાના હૃદયના તારોને ઝણઝણાવ્યા—કંપાવ્યા અને વેગવાન બનાવ્યા. જ્યોત્સ્ના હૃદયભાવને શાન્ત કરતી સખીને મળવા ઉભી થઇ.

રવિકાન્ત શુદ્ધ બ્રાહ્મણ જાતિનો પુરૂષ હતો. ત્હેના પિતા નલિનીકાન્ત ત્હેને ન્હાની વયમાં મૂકી સ્વર્ગસ્થ થયા હતા. તેથી રવિકાન્ત પૂરો અભ્યાસ કરી શક્યો નહિ, તોપણ મેટ્રીક સુધી પહોંચ્યો હતો. ત્હેનું ગુજરાતી અને ઇંગ્રેજી જ્ઞાન સારૂં હતું. શિક્ષણમાં પોતાને થએલો આઘાત બાળકોના અભ્યાસકાળે ન થવા દેવા એવી એની ભિષ્મ

* રા. બા. રમણભાઇ કૃત "રાઇનો પર્વત."

પ્રતિજ્ઞા હતી. પરંતુ કુદરત આગળ કોઇનું ચાલી શકતું નથી. એને માત્ર સંતાનમાં એકની એકજ પુત્રી હતી. પુત્રી હોવા છતાં ત્હેને સારી રીતે જ્ઞાન મળે એટલામાટે એ અનેક સાધનો યોજતો. રવિકાન્તના ભાઇ વિદુરપ્રસાદ, પોતાના સગા કાકાના દીકરા હોવાથી અને નલિનીકાન્ત એને ન્હાની વયનો મૂકી સ્વર્ગસ્થ થયેલા હોવાથી, રવિકાન્ત મ્હોટા ભાઇની છાયામાં ઉછર્યો હતો. વિદુરપ્રસાદની છાયામાં ઉછરવા છતાં બન્ને ભાઇઓના આચાર, વિચાર, રહેણી કરણીમાં હજારો મૈલનું અંતર હતું. વિદુરપ્રસાદ જુના વિચારને દૃઢ પકડી રહેનાર–ઓર્થોડોકસ–હતો; રવિકાન્ત નવિન શ્રેણીનો દૃઢ અભ્યાસક–વિચારક અને આચાર કરનાર હતો. રવિકાન્તની સ્ત્રીનું નામ શશિકલા હતું. શશિકલા સાધ્વી, સુશિલા, વિવેક વિચાર સંપન્ન, પતિવ્રતા અને દાન્ત હતી. જ્યોત્સ્નામાં માતા પિતાના સુસંસ્કારો ઉતર્યા હતા. પિતાના વારસામાંથી ધૈર્ય–સાહસ અને ગંભિરતાનો આવિર્ભાવ થયો હતો અને માતાના દાયાદ ગુણોમાં સ્નેહ–સુંદરતા અને સહૃદયતા પ્રાપ્ત થયાં હતાં.

વિદુરપ્રસાદની ઇચ્છા વિરૂદ્ધ, અને ટીકાઓને નહિ ગણકારતાં જ્યોત્સ્નાને રવિકાન્તે ગુજરાતી અભ્યાસ પુરો કરાવી ઇંગ્રેજી શિક્ષણ આપવા માંડયું હતું. જ્યોત્સ્નાને મેટ્રિક પસાર કર્યે માત્ર એકજ મહિનો થયો હતો. ત્હેને સંસ્કૃત શિક્ષણ અપાવવાને શાસ્ત્રી ગણપતરામની અને ગૃહસ્થાશ્રમનું શિક્ષણ અપાવવા વિદુષી નિર્ગુણાબાઇની યોજના રવિકાન્તે કરી હતી. આથી જ્યોત્સ્નામાં વિદ્યાના સારા સંસ્કારો પ્રકાશતા હતા. જગત્ અને ત્હેની રચના, જગત અને મનુષ્યધર્મ, ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીનું સ્થાન, અને સંસાર વ્યવહારના દંપતિ ધર્મો સંબંધીનું ઉત્તમ શિક્ષણ ત્હેણે પ્રાપ્ત કર્યું હતું. આથી તે સત્ય જોઇ શકતી અને સત્ય પાંખોવડે ઉડી શકતી.

ત્હેને મળવા આવનાર ત્હેની સખી માલતિ હતી. જ્યોત્સ્નાના સખી મંડળમાં–પિરોજા, સત્યમતી, રમા, યશોદાબ્હેનમાં માલતી જ્યોત્સ્નાનું હૃદય મેળવી શકી હતી, અને ત્હેના હૃદયના ગર્ભાગારે વાસ કરી શકી હતી. આ બન્ને સખીઓને દિવસમાં બે ત્રણ વાર મળ્યા શિવાય, અને વિદ્યા વિનોદ કર્યા શિવાય ચાલતું નહિ. માલતિએ ઇંગ્રેજી અભ્યાસ પાંચેક ધોરણ સુધી કર્યો હતો અને તેવામાં તેના

પિતાએ રાજનગરમાં રહેતા પ્રસન્નવદન સાથે હેનું લગ્ન કરી નાંખ્યું, આથી એને અભ્યાસ ટૂંકાવવાની જરૂર પડી. તોપણ જ્યોત્સ્નાના ઉચ્ચ વિચારો, અને ઉજ્વલ સંસ્કારોની છાપ દિન પ્રતિદિન માલતિના હૃદયપર પડયા જ કરતી હતી.

"ઓહો! ચાલો, આ તો મહાન્ મેડમ્ એનીબાઇ પધાર્યાં!" જ્યોત્સ્ના હસ્તી ઉભી થતાં ઉપરના વાક્યથી માન આપતાં સ્હામે ગઈ.

બન્ને સખીઓ આકાશિકાના આગળના ભાગે જુદી જુદી આરામચેરો નાંખી બેઠી.

"જ્યોત્સ્ના બહેન શા વિચારમાં એકલાં ગોથાં ખાવ છો?" માલતિએ પૂછ્યું.

"કાંઇ નહિ."

"નહિ કહીને વાત છૂપાવવાનું કારણ નથી. આજે ત્હમારૂં હૃદય ત્હેમાંથી નિકળતા તારના શબ્દો, અને આકૃતિ કાંઇક ગંભિર વિચારમાં હોય એમ દર્શાવે છે. ત્યારે છૂપાવવાનું કાંઇ ખાસ પ્રયોજન?"

"અરે! તું તો ખાસ પંડિતા બાઇને પણ ટક્કર મારે તેવી થઇ હો?"

"ઠીક. આપને મળવા આવતાં આજે બે નામ તો વધ્યાં!"

"શાનાં?"

"મ્હોટાની સાથે બેસવા ઉઠવાથી મ્હોટા થવાય છે; એ તો વિશ્વનિયમ છે."

"સખિ માલતિ! તું આજે મારી મશ્કરી કરે છે હો!"

"હા, ત્હમે મ્હારાં નામ પાડો છો એ મશ્કરી નહિ, અને ત્હમારા હૃદયમાં પ્રકટેલા કોલાહલને જાણવા પૂછું એમાં મશ્કરી આવી!"

"મ્હેં ત્હારાં નામ કયારે પાડયાં?"

"જુઓ પહેલું તો મી નેશનલ કોલેજનાં શિક્ષિકા, મડમ્ એનીબાઇના નામની ઉપાધિ વળગાડી. અને આ પ્રસિદ્ધ વિદુષી પંડિતાબાઇ નામાભિધાનથી સંબોધ્યાં પણ જ્યોત્સ્ના બહેન ત્હમે ભૂલ્યાં...." માલતિ હાથના ચાળા કરતી અપૂર્ણ વાક્ય ઉચ્ચારી બંધ રહી.

"તું જે કાવ્યભાવથી ઉર્ધ્વગમન કરતી હતી, એમાં ત્હારૂં સ્ત્રી જાતિ પ્રત્યેનું અભિમાન હતું, અને આર્યાવર્તમાં જ્યાં ત્યાં થતી સ્ત્રી-

યોની અધોગતિનો ઉદ્ધાર કરવાનો મહાન્ મંત્ર હું હૃદય તંત્રમાંથી જગાવતી હતી. ખરેખર! સ્ત્રીઓની દશા એવી જ છે. અધૂરા—અપૂર્ણ સુધારા કરતાં અજ્ઞાનતા હજારો દરજ્જે ઉચ્ચ છે. સ્ત્રીઓ માત્ર ગુલામગીરીનાં કાર્યો કરવાને સર્જાએલી હોય એમ આર્યપુત્રો માને છે, અને વર્તે છે. પરંતુ તારૂં શ્રેયસ્કર મન્થન, એમની અધોગતિના ઉદ્ધારનો મહાન્ માર્ગ આ જ મંત્રે જગાડવાને પ્રેરે છે. એ શિવાય આર્યાઓનો ઉદ્ધાર નથી. આર્યોની લગ્ન પ્રણાલિકા, આર્યોનો ગૃહવ્યવહાર અને આર્યોનો દંપતિ ધર્મ એ સર્વપર અમાવાસ્યાની ભિષણ દારૂણ રાત્રિનો પ્રગાઢ અંધકાર છવાયો છે; એ અંધકારમાં જ્યોતિનો પ્રકાશ કરવાનું કામ ત્હારા જેવી સદ્‌ગુણસંપન્ન સ્ત્રી માટે શ્રેયસ્કર છે. જગાવ. પ્રદિપ્ત કર. આર્યોના એ કલ્યાણજનક માર્ગને સૂચવતા મહાન મંત્રને જગાવ. મ્હારા હૃદયના ભાવોને સમજવા જેટલી ત્હારામાં શક્તિ આવી, અને જે રક્ત વહનમાં મારી આશાના તંતુઓનું છેદન-ભેદન —પ્રત્યાઘાતરૂપે ધક્કા મારે છે એ સમજી તેથી જ તને બીજા નામથી સંબોધી. પણ તું જે અપૂર્ણ વાક્યથી અટકી એ શું?"

"પણ જ્યોત્સ્ના બ્હેન કહો તો ખરાં કે મને પંડિતાબાઇનો ઇલ્કાબ કેમ આપ્યો?"

"માલતિ! ત્હારામાં દિર્ઘ દૃષ્ટિ છે, વિચાર સમજવાની તિવ્ર બુદ્ધિ છે, સારાસારનો વિવેક પારખવાની દાન્તશક્તિ છે, દુઃખ અને સુખમાં સમાન ભાવે રહેવાની અપુર્વ કલા છે. ત્હારા પતિનું મોજ શોખ અને ઉદ્ધત વર્તન હોવા છતાં ત્હેને સુધારવાની, અને એમાં જ ત્હારૂં સર્વાર્પણ કરવાની ઉચ્ચ શ્રેણિ છે; આ બધા ગુણો એ અનુપમ બુદ્ધિ ચાતુર્યનાં દૃષ્ટાંતો છે, અને એટલા જ માટે મેં તને એ નામથી સંબોધી હતી."

"પરંતુ એમાં શું ખોટું છે? વિદુરપ્રસાદ ત્હારા શ્રેયઃ માટે જ કલ્યાણ માર્ગ શોધે છે. શું ત્યારે તું એમના માર્ગે નહિ વિચરીશ?" કાંઇક કઠોરતા અને મસ્કરી રૂપે માલતિએ જ્યોત્સ્નાના હૃદયમાં અગ્નિ પ્રદિપ્ત કરવાનું પૂછ્યું.

"માલતી! આ પ્રસંગ ત્હારે મસ્કરી કરવાનો ખરો? તું ત્હારા જ હૃદયને પૂછી જોને કે કુળવાન અને શ્રીમંત વરોને શોધવામાં, ખરેખર! આર્યોએ સ્ત્રી માર્ગમાં કેટલા કંટક વેર્યા છે? અને જોવા

છતાં, કેળવણીનો પ્રતાપ પ્રાપ્ત કરવા છતાં, છતા દાવે કૂવામાં પડવાનું સાહસ બતાવનાર ત્હારા જેવી સખી ઉત્તેજન નહિ આપે ત્યારે મ્હારા સુખમાં બીજું કોણ પ્રોત્સાહન આપશે ?" ટકોરા મારતાં જ્યોત્સ્નાએ કહ્યું.

"બ્હેન ! એમાં આટલા આકળાં શું કરવા થાવ છો. જુવો તો ખરાં કે, સત્યેન્દ્ર સ્વરૂપવાન, શ્રીમાન અને મ્હોટા વર્ગમાં માન-પાન વાળા છે. એમનો વૈભવ, એમનાં મકાનો, એમની કિર્તિ એ બધું શું ત્હમારા સુખમાં વૃદ્ધિ નહિ જ કરી શકે?" માલતીએ જ્યોત્સ્નાના હૃદયની સ્થિતિનો ચિતાર જોવાના ઉદ્દેશે પૂછ્યું.

"ઠીક બ્હેન ! ઠીક. ત્હારો પણ આજ વખત છે. મ્હારા કાકા કરતાં મ્હારાં પિતા અને માતા મ્હારા શ્રેયઃ માટે પ્રયત્ન કરે એ સંભવિત છે, પરંતુ કાકાના તેજમાં તણાય તો મ્હારી જીવનિકાનું છેદન થાય. અને એ છેદન જોવાની ઇચ્છા માતુશ્રીની નથી એથી સંતોષ છે. પિતા વિદ્વાન છે, પણ કાકાના તેજમાં વખતે અંજાય, એટલુંજ અકલ્યાણજનક છે. બાકી તો:—**हृदयंत्वेव जानाति प्रीतियोगं परस्परम्।** એ શિવાયનું લગ્ન-એ શિવાયનો પ્રેમ મારે મન શલ્ય સમાન છે. શું બંગાલામાં યુવાન કન્યાઓનો આત્મઘાત ત્હેં નથી જાણ્યો ? અને આપણા ગુજરાતમાં ગોગ્ય વૃત્તિ પ્રકૃતિના અભાવે ગુપ્ત રીતે પ્રશ શરણમાં જવાનાં દષ્ટાંતો નથી સાંભળ્યાં ? મ્હારે શ્રીમંતાઇ નથી જોઇતી-મ્હારે કૂલિનપણાના મ્હોટા ખોખામાં પેસી નથી સડવું-મ્હારે વિદુરપ્રસાદના હસ્તે આંખે પાટો બંધાવી ઘોર પાપમાં નથી પડવું. એથી મ્હારો અને મ્હારા થનારનો ભવ નથી બગાડવો; આ સર્વ છતાં મ્હારા પર જોર થશે, ત્યારે જો જો કે આ જ્યોત્સ્ના કેમ જગતનાં પ્રાણિઓને બાળે છે ? ઇચ્છા સિવાયનું લગ્ન એ લગ્ન નથી. પ્રેમ શિવાયનું સંમેલન એ સંમેલન નથી. આવકાર શિવાયનો અતિથિ વાસ એ આતિથ્ય નથી." હૃદયના ઉભરા ખાલી કરતાં કરતાં જ્યોત્સ્નાએ જણાવ્યું.

"ત્યારે ભિષણ રાત્રીમાં સુખ નિર્ણયનો છેવટનો વિચાર-આશય ભાવના ?'

"હા, તે કહું છું.—

* "જાઓ ભલે જીવન–આશ સર્વે !
ઉત્પાત થાઓ ! ઉપહાસ થાઓ !
થાઓ તિરસ્કાર ! વિનાશ થાઓ !
ન એક થાજો પ્રભુ પ્રીતિ નાશ."

'નાશ' શબ્દનું ઉચ્ચારણ પૂરૂં થતાં માલતિ સહસા–સફાળી ઉઠી અને જ્યોત્સ્નાના કંઠે વળગી પડી. પાંચેક મિનિટ અદ્વૈત દૃશ્ય દ્વૈત ન થઇ શક્યું. અંતે બન્ને સખીઓ કાંઇક વિચાર કરી શયનાધિન થઇ.

પ્રકરણ ૩ જું.

અપરિચિત દૃષ્ટિપાત.

જાગે સ્વયંભૂ ઉરમાંહિ મન્મથ,
તના નથી કો નિયમો–ન કારણ;
સામ્રાજ્ય તેનું રહ્યું આત્મવૃત્તિમાં,
અનન્ય તેનું પદ સર્વ સૃષ્ટિમાં."

–રા. બ. રમણભાઈ કૃત 'રાઇનો પર્વત.'

Beauty is Truth, Truth Beauty–that is all
Ye know on Earth, and all ye need to know.
– *Keats*

મી. શરતચંદ્ર ! આ શહેરી જીવનમાં આવાં ઉદ્યાનો ન હોય, તો મનુષ્યો ક્યાંથી મનનો ખોરાક અને તનનો પરિશ્રમ ટાળવાનું મેળવી શકત ?" મણિધરે કહ્યું.

"સત્ય છે. આવાં કૃત્રિમ ઉદ્યાનો પણ જીવન–બળને સતેજ કરવાનાં સાધનો છે. ત્યારે દૈવિકૃત ઉપવનો કેટલાં શ્રેયસ્કર હશે ?" શરતચન્દ્રે પ્રત્યુત્તર વાળ્યો.

* રા. બા. રમણભાઇ કૃત "રાઇનો પર્વત"

" અહીં ન્હાના મ્હોટા અનેક પુરૂષો આવે છે. શહેરી સ્ત્રીઓ અને શાળાઓમાં અધ્યયન કરતી અનેક કુમારિકાઓ હ્રદયને તૃમ કરે છે. વળી ખુલ્લું મેદાન, સાબરમતીનો કિનારો, નદીનો રમણિય દેખાવ, અને જળથી શિતલ થતો સુશાન્ત અનિલ શ્રમિત સ્ત્રી પુરૂષોના તન-મનને પ્રફુલ્લ કરતો શાન્ત અનિરમથી જીવન બળને પુષ્ટ બનાવે છે." મણિધરે કહ્યું.

આ પ્રમાણે વાર્તા કરતા બન્ને સ્નેહિઓ સુસ્વાટ કરતી આવતી વિકટોરીઆ ઉભી રહેતાં નીચે ઉતર્યા. વિકટોરીઆવાળાને વરધી આપી કે એક કલાક પછી તારે આ સ્થળે આવી ઉભું રહેવું. બન્ને મિત્રો એક એકનો હસ્ત ઝાલી વિકટોરીઆ ગાર્ડનમાં ફરવા લાગ્યા.

" મિ. મણિધર ! ઉદ્યાનની શોભા તો ઉત્તમ છે, પણ વડોદરાના કમાટી બાગ જેવાં સાધનોનો અભાવ છે." પોતાના નિવાસની ગૌરવતા દર્શાવતાં શરતચન્દ્રે જણાવ્યું.

" મિ. શરતચંદ્ર ! સ્વર્ગમાં રહેનાર માત્ર એની શોભા-પ્રતિભા અને સર્વોત્તમ સાધનોને જોઇ, અન્ય સ્થળોને ઉતારી પાડે તો એ ઠીક કહેવાય ? હા. શ્રીમંત ગાયકવાડ સરકારના બનાવેલા એ બાગની શોભા ગુજરાતમાં તો અદ્વિતીય જ છે એમાં શક નથી પણ તમે જાણો છો કે એ રાજા છે. રાજા અને શ્રીમંતનાં કાર્યો બહુધા સરખાવા જેવાં નથી હોતાં, પરંતુ આટલુંય સાધન અહીંના શ્રીમંતના પ્રમાણમાં પ્રશસ્ય છે." મણિધરે કહ્યું.

બન્ને સ્નેહીઓ આમ વાર્તા વિનોદ કરતા, એક વિરામાસન પર સ્હામ સ્હામે વિશ્રાન્ત થવા માટે બેઠા. દશેક મિનિટ બન્નેમાંથી એકેય બોલ્યા શિવાય ઉદ્યાનનાં વૃક્ષો-વેલિઓ અને કુસુમધર-મનહર છોડવાઓ પ્રત્યે અનુરાગ પૂર્વક દ્દષ્ટિનો એક રાગ કરી જોઇ રહ્યા.

" મણિધર ! આ કોમળ પુષ્પો માનવજાતિને કયો પાઠ ભણાવે છે ?"

" ત્હારૂં તત્વજ્ઞાન તો હજુય એવુંને એવું રહ્યું."

" કેમ, શું હું અસત્ય કહું છું ?"

" ના, પણ તમારો કહેવાનો ઉદ્દેશ શું છે ?"

" આ પુષ્પો એ સ્ત્રીઓ છે-સ્ત્રી જાતિ છે. કળિઓ-પ્રફુલ્લ થયેલ પુષ્પો અને પૂર્ણ સ્થિતિએ પહોંચેલ કુસુમો એ પણ સ્ત્રીજાતિની

બાળક–નવોઢા અને સ્ત્રી જાતિ પ્રત્યે બહુજ મળતાપણું જણાવે છે."

"એટલે ?"

"એટલે, જેવો તેનો પોષક—પાળક–એવો એનો વિકાશ અને સુગંધિ."

"શું આ માળી તે માટે ઓછી સંભાળ રાખે છે ?"

"અને હું તેજ કહેવા ઇચ્છું છું. આર્યાવર્ત્તની આર્યાઓ સતી-સાધ્વિ—દક્ષ–બળવાન—કલ્યા કૌશલ્યવાન્ અને પ્રજ્ઞાત થાય એ માટે આપણે શું પ્રયત્ન કરીયે છિયે ? એમનાં સાધનો પ્રત્યે–એમના શિક્ષણ પ્રત્યે–એમની પ્રફુલ્લતા માટે આપણે શું કર્યું છે ?"

"મિ. શરતચન્દ્ર ! આપનું કહેવું યથાર્થ છે. અને એટલા માટે જ એમની બુદ્ધિ વિકાશ કરવાનું પાઠશાળાઓ રૂપી સાધન ઘરે સુલભ–સુતર કરી આપવામાં આવ્યું છે."

"હરિ ! હરિ ! હરિ ! મણિધર ! શું તમારી માન્યતા એવી છે કે પાઠશાળાઓના અધ્યયન યોગેજ તેમના પુત્રો બળવાન–વિર્ય-વાન–બુદ્ધિવાન–પ્રતિભાવાન્–દૈવિશક્તિવાન્ થશે ? અને એવા શિક્ષ-ણનો કાર્યક્રમ એકેય પાઠશાળામાં ગોઠવાયેલો સાંભળવામાં જાણ-વામાં છે ?"

"ના, એ દોષ તો હાલના શિક્ષણ ક્રમમાં છે ખરો."

"ત્યારે પુરૂષની પ્રસન્નતા અર્થે અને આર્ય સંતાનોના અભ્યુ-દયાર્થે તેમજ સંસાર વ્યવહારની ગૌરવતા અર્થે પાઠશાળાના સંચાલકો એવો કાર્યક્રમ ગોઠવવાની અગત્યતા શું નથી જોઈ શકતા–સમજી શકતા ?"

"આ વાર્તા–વિહાર ચાલે છે એવામાં કોઇ અપરિચિત ત્રણ ચારેક વ્યક્તિઓ મિ. શરતચન્દ્ર અને મિ. મણિધરની પાછળ થોડેક છેટેના એક બાંકડા પર આવી બેઠી.

ચારે વ્યક્તિઓ આગળના બાંકડા પર બેઠેલા વાર્તા–વિષયને ચર્ચનાર પુરૂષો તરફ ચક્ષુ અને શ્રવણેન્દ્રિયને ભાવપૂર્વક રાખી સાંભળવા લાગી. પર પુરૂષની વિચાર શ્રેણિમાં પોતાનાં ગુચવાયેલાં કોકડાં ઉકેલાતાં જોઈ, તેની વાણિના શ્રવણમાં પોતાના સર્વ સ્વાર્થ સમાયેલા સમજાયા.

"મી. મણિધર ! આ પુષ્પોની સુકોમળતા અને સૌંદર્યતાને હણનાર એનો પોષક જ છે."

" હા. "

" અને જે સ્નેહથી તે એમના વિકાસ માટે પ્રયત્ન કરે છે, તે વિકાશ થતાં તેનું ભક્ષણ કરે છે. આ પણ કુદરતનો નિયમ છે."

" પોતાના પેટને માટે એ એનો ધર્મ સાચવે છે. "

" ખરેખર ! કાળની વિચિત્ર ગતિ છે. " કલાપી કહે છે કે;—

અહો ! મીઠા આત્મા ! રસિક કુમળું મ્હોં તુજ હસે,
ફુલેલા અંગેથી મનહર રૂડો ગન્ધ પ્રસરે;
વસન્તી વાગે છે સમિર લહરી ગેલ કરતી,
રમી તારી સાથે મધુર રવથી જાય વહતી. "

"પણ એ અણચૂટયું—અમોલું એના પ્રેરકની સત્તાને અલ્પ સમયમાં જ આધિન થશે. " શરતચન્દ્રે કહ્યું.

પાછળ બેઠેલી વ્યક્તિઓ પૈકી એકના હૃદયમાં ઉપરના શબ્દોએ અનેક ઉર્મિઓ—આશાઓને પ્રત્યાઘાત કર્યો. ત્હેનું હૃદય ઉપરની વાર્તામાં એક રસ બન્યું હતું. આ અપરિચિત વ્યક્તિઓની વિચાર શ્રેણિએ તેના હૃદય તંતુઓને સફાળા સતેજ કર્યા હતા. પોતાના ભાગ્ય સાથે એ કુસુમ વિષયક વાર્તાના ભાગ્યનું સમસ્થિતિપણું જોઇ એનું હૃદય ભરાઇ આવ્યું. માળી કુસુમની સ્થિતિનો સ્વામિ છે. મ્હારે પણ પિતા મ્હારા ભાગ્યને યશસ્વિ કે નિસ્તેજ બનાવનાર સત્તાવાન છે. અરે ! આ પરતંત્રતામાં ઘસડનાર પ્રત્યેક વ્યક્તિની આ દયાજનક સ્થિતિ હશે ? એ જાણી-વિચારી એના હૃદયમાંથી રક્તની સેરો ધમનીઓમાં પૂર જોશે ઉછળવા લાગી. અને એ જોશનો પ્રતિધ્વનિ મગજના તન્તુજન્ય તારને હચમચાવા લાગ્યો. એના આવેશમાં જ કાંઈ ન સમજી શકે એમ હૃદયમાં જ એક ઉછાળો આવ્યો પણ તેને મનથી જ પ્રકાશરાતી શમાવ્યો.

* મનોરથનું જે બીજ, દૈવે તે પૂર્વથી હણ્યું.
લતા પૂર્વે કપાઇ ત્યાં પુષ્પનો અવકાશ ક્યાં ?

પુનઃ વિચાર સમાધિમાં પડી. ભાવિનું ચિત્ર હૃદય આગળ ખડું થયું. વિદુરપ્રસાદની પ્રચંડ રાક્ષશ સમ જણાતી આકૃતિ—છાયાચિત્ર રહામેથી આવતું હોય તેમ જણાયું. જ્યોત્સ્નાનું હૃદય કંપ્યું. તેજ ક્ષણે શરતચન્દ્રે વાક્ધારારૂપી અમૃત સિંચી તેને સમાધિ—અને કંપમાંથી જાગૃત—સ્વસ્થ કરી.

---

* ઉત્તર રામચરિત સ. સા. મણિભાઈ કૃત.

" મિ. મણિધર ! બિચારાં એ ગરીબ પંક્જો શું કરી શકે ? પણ મનુષ્ય હૃદયમાં આત્માનું સ્થાન છે. આત્માની શુભ્ર છાયાનો પ્રકાશ મન અને વિચારના માર્ગો પર પડે છે. એટલે કુસુમ અને સંસારની સુંદર કલિઓમાં ફેર છે. દઢ બળ વાળી સ્ત્રીઓ આત્માનો આશ્રય લે છે, અને કલ્યાણ જનક પ્રવૃત્તિમાં પ્રયાણ કરે છે, ત્યારે નિર્બલ-નિઃસત્વવાળી ભાવનાના અવળા માર્ગે ભાગ્યને સંસાર રૂપી સમુદ્રના કાદવ કીચડમાં રગદોળાવે છે. અને એટલા માટે જ સ્ત્રીની પુરૂષ પ્રત્યે અને પુરૂષની સ્ત્રી પ્રત્યે પ્રેમની સમાન ભાવના પ્રદિપ્ત થવી જોઇયે. પ્રેમ શિવાયનું લગ્ન એ લગ્ન નથી. માતા પિતા જ્યારે એ અધિકાર પોતાની પાસે રાખે છે, ત્યારે એમણે પાત્રોની પાત્રતા જોવાનો, અને ભાગ્યને સંલગ્ન કરતાં ભવિષ્યના સુખનો પૂરેપૂરો વિચાર કરવો જોઇયે. જ્યારે માતા પિતા આ ધર્મથી ચ્યૂત થાય છે ત્યારે લગ્ન ગ્રંથિમાં ન જોડાયેલાં એવાં એ સ્ત્રી પુરૂષોએ ઇચ્છિત માર્ગે આગળ વધવું એ સત્ય ધર્મ રૂપ છે. એ ધર્મથી લગ્ન વાચ્છના તૃપ્ત ન કરનાર પોતાને અને સંસારને હણે છે, ને ધર્મનિયમથી મહાન્ પાપના ભોક્તા થાય છે. "

" ત્યારે આર્ય ધર્મ પ્રણાલિકાનો વિદ્રોહ કરવાનું મહાપાતક આપ કરો છો એ નથી સમજાતું ? સંપૂર્ણ સ્વતંત્રતામાં થયેલાં પસંદગીનાં લગ્નો કેટલીક વખત ઉભયને દુઃખાગારમાં ખેંચે છે એવા દાખલા આપ નથી જોઇ શકતા ? આગળ વધતી સુધરેલી પ્રજામાં હજારો છૂટા છેડા થાય છે એનાં દૃષ્ટાંતો આપે નથી વાંચ્યાં ? એના કરતાં આપણો વિહિત માર્ગ શો ખોટો છે ? "

" મિ. મણિધર ! મ્હારા કહેવાનો અર્થ ત્હમારા હૃદયે યથાર્થ ગ્રહ્યો નથી. હું એટલા બધા વિશાળ ક્ષેત્રવાળા સુધારાનો હિમાયતી નથી, એ ત્હમારે લક્ષ પૂર્વક જાણવું. પ્રેમ સર્વ રીતે સુંદર અને મધુર છે. પ્રેમસ્વાદ સર્વ માટે શ્રેયસ્કર છે. જગતનું મૂળ જ પ્રેમમાંથી પ્રકટયું છે. પ્રેમ શિવાય સ્થાવર જંગમનો અભાવ છે. પરંતુ એ વસ્તુ પ્રાપ્ત કરવામાં અને અનુભવવામાં બે ભેદ છે એક માર્ગ માત્ર વિષય વાસનામાં ખેંચે છે, ત્યારે દ્વિતીય માર્ગ સર્વોત્તમ સુખમાં સ્થાપ કર છે. જે પ્રથમ પ્રકારના પ્રેમનાં પાત્રો થાય છે, તે તૃપ્તિ મળતાં અથવા સંલગ્ન થયા પછી થોડાજ વખતમાં માર્ગ પરથી ગબડી પડે છે, અને વિષય રૂપ દવમાં હોમાતાં સંસાર અને વ્યવહારના

મહાન્ ધર્મથી વિમૂખ થતાં ગાઢ અંધકારમાં ખેંચાઇ જાય છે. આવી જાતનાં લગ્નો એ સુધારામાં આગળ વધતી પ્રજાનું લાક્ષણિક દૃષ્ટાંત છે. એવાં લગ્નો કદિય સુખ રૂપ થઇ શકતાં નથી. બીજો પ્રકાર ઉભય માટે કલ્યાણજનક છે. સુખ દુઃખ, આપત્તિ વિપત્તિ, નિર્ સત્વ અને રસ સત્ત્વમાં એમનો આત્મા હમેશાં એક રાગી બની દુનિયાના પ્રત્યેક વિચારો—વિકારો—આચારોમાં એકાત્મ રહી સુખાનુભવ પ્રાપ્ત કરી શકે છે. આ સ્નેહ—પ્રેમ યોગ્ય પાત્ર મળતાં સહજોપલબ્ધિ છે. એવાં લગ્નો ધર્મ રીતિથી કરાવનાર માતાપિતા અથવા સ્વયં રીતિ કલ્યાણકારી છે."

"ત્યારે કૂળવાન અને શ્રીમંત લગ્ન થતાં સ્ત્રીને સુખ ન આપી શકે ?"

"એ પણ એક ગંભિર ભૂલ છે. સ્નેહને કુલ કે દ્રવ્યની અપેક્ષા નથી. સ્નેહને વૈભવ કે વિલાસની અગત્યતા નથી. સ્નેહને આડંબર કે અભિમાન પ્રિય નથી. સ્નેહ એ એવી વસ્તુ છે કે તેને દુઃખ બાળી શકતાં નથી, આપત્તિ નાશ કરી શકતી નથી, વ્યામોહ વિહ્વલ કરી શકતો નથી, વૈભવ વિલાસો એને ઉર્ધ્વ ખેંચી જતા નથી. એ કસોટિમાં શુદ્ધ સુવર્ણ માફક અધિકાધિક ઉજ્વલ પ્રભાને વિસ્તારે છે. અનેક દેશના વિદ્વાનોએ શુદ્ધ સ્નેહનાં હજારો દૃષ્ટાંતો આપ્યાં છે. એનું નિમન્ત્રિત ગ્રન્થન કરતાં આવી હજારો ચોપડીઓ ભરાય. સંક્ષિપ્તમાં વિશુદ્ધ પ્રેમ એજ સ્નેહનું સાચું સ્વરૂપ છે. આવા પ્રકારના સ્વરૂપ વાળાં પાત્રો સુખદ થઇ શકે છે, ત્યારેજ—પ્રેમ રસ પાવો અને પીવો એ બંને મધુર છે—એ માંગ્લોકિત યથાર્થ સિદ્ધ થઇ શકે છે."

શરતચન્દ્રના વિચારોનો અસ્ખલિત પ્રવાહ જ્યોત્સ્નાની શ્રવણેન્દ્રિયને અથડાઇ મસ્તિષ્કમાં ઉછાળા મારવા લાગ્યો. એ પ્રવાહે અનેક તરંગોને હૃદયમાં વેગવાન કર્યાં. વિદુર પ્રસાદનો દુરાગ્રહ અને રવિકાન્તનું અનુમોદન પોતાના ભાગ્યને ક્લેશમય બનાવતું દૃષ્ટિગોચર થયું. જેની સાથે પ્રેમ નથી—સ્નેહ નથી—હૃદયનો દ્વૈત ભાવ છે, ત્યાં ભવિષ્ય શી રીતે ઉન્નત્ત બને? એ વિચાર ઉઠતાં એને અપાર ક્લેશ થયો. વૈભવ—વિલાસ—દ્રવ્ય કે ખાલી કીર્તિ પાછળ અંજાઇ દિપકમાં હોમાવાનું એના હૃદયને ન રૂચ્યું. એનામાં ઉડવાની શક્તિ હોત તો આ કેદખાના રૂપી પિંજરમાંથી નાસી છૂટત કે પૃથ્વિ માગ દેતી હોત તો સમાઇ જાત.

અહો ! આર્ય જાતિમાં આવી સુકોમળ–પારિજાતક કેટલીય મુગ્ધાઓ હૃદયની હૃદયમાં બળતી હશે ? ત્હેમના ઉદ્ધારનો માર્ગ દર્શાવવા શું આર્ય વિદ્વદ્જનો કાંઇ ઉપાય નહિ બતલાવે ? જ્યાં સુધી આર્યોમાં આર્યતા નથી ત્યાં સુધી આર્યાવર્તનો ઉદ્ધાર નથી. મહાન્ પુરૂષો માત્ર મ્હોટાઇમાંજ કીર્તિ સંપાદન કરતા નજરે આવે છે. પણ વાસ્તવે ત્હેમનો ઘર સંસાર સુધારવા કેટલા પ્રયત્ન કરે છે ? એ વિચાર ખરેખર ! આશ્ચર્ય ઉત્પન્ન કરે છે ! સુધારા વાળા જોયા પણ ત્હેમનો સુધારો ક્યાં અને ક્યારે કેવા પ્રકારે થયો એનો ઇતિહાસ કોઇ સુધારક લખે ત્યારેજ જણાય ! આર્ય બાળાઓનાં દુ:ખો–આર્ય સ્ત્રીઓનાં દુ:ખો આર્ય સંસારનાં દુ:ખો કેટલાં ને કેવી જાતનાં હશે એ માટે શું શું ઉપાયો યોજાયા છે તે જાણવું આવશ્યક છે. પણ એ માર્ગે કોણ વળે છે ? ઉપયોગી નહિ એવી કેળવણી, અર્થ વિનાનો સુધારો, પાપ રૂપ અભિમાન–એ સર્વ આર્ય ધર્મ–આર્ય સુખ પર પડતી મ્હોટી શિલાઓ છે. બિચારી જ્યોત્સ્નાની પણ આ સ્થિતિ હતી.

" વાયુ દૂર નિસાસા લેછે "
" એનાં દુ:ખડાં કોણ સહેછે, "
" એનું છે તે એનું યે છે. "
" નિસાસા એકલડું લેશે. "

" માલતિ ! આ પુરૂષો કોણ હશે ? " ધીમેથી જ્યોત્સ્નાએ પૂછ્યું.

" જેટલી તમને ખબર એટલું હું જાણું. " માલતિએ પ્રત્યુત્તર વાળ્યો.

" ત્યારે આપણે એમને પૂછીએ તો કાંઇ હરકત ખરી ? "

" અજાણ્યા પુરૂષ સાથે વાત કેમ થાય ? "

" પણ એમના વિચારો તો જાણી શક્યાં ને ? "

" વિચારો તો તટસ્થ રીતે સાંભળ્યા. પણ પ્રત્યક્ષ થવું ધર્મ વિરૂદ્ધ છે. "

" ત્હમારો ધર્મ બહુ ઉચ્ચ છે એ હું સારી પેઠે સમજુ છું. " વેગથી જ્યોત્સ્નાએ પૂછ્યું.

" જ્યોત્સના બ્હેન ! માલતિ તો હજુએ એવીને એવી રહી. શું નામ પૂછવામાં પણ ધર્મ આવે છે? તેઓના વિચારો શુદ્ધ ને પરિ-

પકવ જેવા જણાય છે. વળી વિદ્વાન હોય એમ દેખાય છે. ત્યારે આપણે પૂછીયે એમાં શો બાધ?" પિરોજાએ કહ્યું.

"ત્યારે પૂછો તો ખરાં ?" માલતિએ કાંઇક કડકાશથી ઉમેર્યું.

"અમે, તો એમાં એટીકેટ—સજ્જનતા—વિરૂદ્ધ કાંઇ સમજતી નથી. વિદ્વાનોનો પરિચય પણ વિદ્વતાના સંસ્કારો પાડે છે." પિરોજાએ કહ્યું.

એવામાં વૃક્ષો પર પથરાયેલી વેલિઓના ગુચ્છમાંથી એક સાપ સુસ્વાટા કરતો ધસી આવ્યો. બધાં હાંફળાં ફાંફળાં સહસા ઉભાં થઇ ગયાં. આ ગભરાટનો સ્વર આગળ બેસનારના સાંભળવામાં આવ્યો. તેઓ સઘળા ઉઠયા, અને પાછળ કોલાહલ કરનાર ભયથી વ્યાકુળ બનેલી મુગ્ધાઓ તરફ વળ્યા. ધસી આવતા સાપને લાકડીના ખખડાટે જુદી દિશા દર્શાવી. સાપ પૂર વેગમાં અદ્રસ્ય થઇ ગયો.

"કેમ ત્હમને કાંઇ ઇજા તો નથી થઇને ?" શરત્ચન્દ્રે પૂછ્યું.

"ના. અમારા અવાજ સાથે આપ દોડી આવ્યા તેથી અમો નિર્ભય છીએ." પિરોજાએ કહ્યું.

"આપના ભય ભરેલા અવાજથી અમો જાણી શકયા કે કાંઇ આપત્તિ છે; અને આપત્તિમાં મદદ કરવી એ ધર્મ છે." શરત્ચન્દ્રે કહ્યું.

"મહાત્માઓનો ધર્મ પરોપકાર માટેજ કલ્યાણકારી હોય છે." કાંઇક હિમત્ત લાવી, શરમને પાછળ મૂકી, આશા અને અભિલાષાને વેગવાન બનાવી, આગળ આવી જ્યોત્સનાએ કહ્યું.

"એમાં ઉપકાર કે મહત્વતા કાંઇ નથી." શરત્ચન્દ્રે કહ્યું.

"ત્હમો સવેળા ન આવ્યા હોત તો કાંઇક વિપરિત પરિણામ આવત."

"પણ સુભાગ્યે, પ્રભુએ તમારૂં રક્ષણ કર્યું છે." મણિધરે કહ્યું.

"આપ કોણ છો ?" પિરોજાએ પુછ્યું.

"હું અહીંનો રહીશ અને બ્રાહ્મણ જ્ઞાતિનો છું. આ મ્હારા સ્નેહિ છે, તેઓ રજાના દિવસમાં ઘણી વખત વડોદરેથી અહીં આવે

છે; અને તેઓ ત્યાં કૉલેજમાં અભ્યાસ કરે છે. બી. એ. ની પરીક્ષા આપી તેઓ કેટલાક દિવસ શાન્તિમાં ગાળવા અર્થે અહીં મ્હારા આમંત્રણથી આવ્યા છે. તેઓ બ્રાહ્મણ જ્ઞાતિના છે, અને વીરક્ષેત્રના રહીશ છે." મણિધરે કહ્યું.

મણિધરની વાર્તા સહૃદયથી સાંભળતી જ્યોત્સ્નાના અન્તઃકરણમાં અનેક આશાઓનો જન્મ થતો ગયો. શરતચન્દ્રના ઉત્તમ વિચારોથી એનું અન્તઃકરણ એના પ્રત્યે ઢળ્યું. અન્તઃકરણ ઢળતાં એક વિચાર ઉર્મિ પ્રત્યક્ષ થઇ, *"તેના જીવનનો આશય—અન્ત અને લક્ષ્ય સત્યનું—ગુપ્ત સત્યનું શોધન કરવું એજ છે." ખરેખર! વિકારોનો હ્રાસ થયા શિવાય સ્નેહને અનુભવી શકે છે—તેમાં રહેલા સત્યને નિરખી શકે છે, તેની દિવ્યજ્યોતિનાં દર્શન કરી શકે છે. પણ મ્હારૂં હૃદય સહસા આ પુરૂષ પ્રત્યે આકર્ષાય છે એનું શું કારણ? શું એની વિદ્વતાપર પ્રલોભન થાય છે, યા એના મધુર રવ પ્રત્યે ચિત્ત ખેંચાય છે? શું છે એ સ્હમજાતું નથી.

"ખભે ખભો રથ હેલે,..........................

રોમાંચિત તન મારૂં, અંકુર જાણે ઉગ્યા મનોભૂના."—

—પુરૂરવના રથમાં બેસનાર પુરુરવ અને ઉર્વશીના અંગોઅંગ સ્પર્શનથી અન્યોન્યના હૃદયમાં જે પ્રેમાંકુરોનું સ્કુરણ થયું હતું તેવું આજ મ્હારેય થયું છે. પણ શરતચન્દ્રના હૃદયમાં કેવી વૃત્તિઓ કે ઉર્મિઓ ઉછળતી હશે તે મ્હારાથી સમજાતું નથી. સમજાતું નથી છતાં હૃદયનો ઉત્સાહ અને શુભ શુકન દર્શાવતાં અંગોનું ફરકવું એમ ખાત્રી આપે છે કે જે સ્થિતિ મારી હશે તે તેમની કેમ ન હોય? નિમિત્ત નિદાનમાં જણાવે છે કે સ્ત્રીનાં ડાબાં અંગ ફરકે એ શુભ નિશાની છે. અરે! હું કેળવાયેલી તે આવા પુરાણા સંસ્કારો, અને પુરાણા વિચારોને કેમ આધિન થાઉં છું? એ તો માત્ર લોકોક્તિ છે: આ બધું છતાં એટલું તો સ્પષ્ટ સમજાય છે કે, એમની ગૌરવતા અને ગાંભિર્ય મ્હારા હૃદયની ચૈતન્ય શક્તિમાં ઉત્સાહ અને આમોદ પ્રેરેછે.

"હરિ! હરિ! આજે મને આમ કેમ થાય છે તે કાંઇ સમજાતું નથી.

* "The purpose of his life—its end and aim,
The search of hidden truth."

એમનું ચક્ષુદ્વારે સરતું અમિકિરણ મ્હારી જ્યોતિમાં પ્રકાશપુંજ વધારે છે. એમનું પ્રસન્ન દર્શન મ્હારામાં શાન્તિ અને સ્નેહનું રાજ્ય પ્રવર્તાવે છે. ત્યારે એમના હૃદયના પટોથી ભાવ પ્રભાવના ઉછળતા તરંગો મ્હારા હૃદયને અથડાઇ ગુપ્ત સાક્ષી આપતાં હશે તો ? હું પ્રત્યક્ષ એમના વૃત્તાંતને પુછી જોઉં તો ? ના, એ સાહસ મ્હારાથી સખિ મંડળ વચ્ચે કેમ થાય ? સ્ત્રી સાથે પુરૂષની એકાન્ત ગોઠડી ઉભયના કલ્યાણ માટે વિઘ્ન કર્તા છે. આ બાગ છે. અહીં હજારો સ્ત્રી–પુરૂષો–બાળકો આવે છે. પણ પ્રભુની કૃપા છે કે આ વેલિઓથી વિંટાયેલા સ્થળ પ્રત્યે ઘણા આવતા નથી, અને દષ્ટિપાત્ કરતા ચાલ્યા જાય છે; વળી સૌને સૌના સ્થલ પ્રત્યે જવાનો સમય પણ થવા આવ્યો છે એટલે વધારે માણસોનો સમુદાય દૂર થયો છે. આ સર્વ મારા ભાગ્યના ઉદય માટે અથવા તો મારાપર પ્રભુની એવી જ પ્રસન્નતા હશે એમ ધારી અનુકૂલ સંજોગો કેમ નહિ મળતા હોય ?"

આમ વિચારોપર વિચારો કરે છે એવામાં વિદુરપ્રસાદની પ્રચંડ રાક્ષસી છાયા મૂર્તિ સ્હામેથી આવતી દેખાઇ. તેના મૂખપર ક્રોધની છાયા પથરાયેલી હતી. ચક્ષુઓમાં અગ્નિના ધિગ્ ધિગ્તા તણખા ખરતા હતા. લલાટપર ભયંકર આવેશનાં ચિન્હો દૃષ્ટિ ગોચર થતાં હતાં. હમેશના કરતાં આજે ત્હેમનું છાયા ચિત્ર પૃથ્વિ અને આકાશ વચ્ચે પથરાઇ રહેલું હોય એવું ભિષણ હતું. આ છાયા ચિત્ર જોઇ જ્યોત્સ્નાની જ્યોતિ વિલાવા લાગી; ત્હેનાં ચક્ષુઓ આ રાક્ષસી રૂપ જોઇ મિંચાવા લાગ્યાં; તેના ભવ્ય લલાટપર શ્યામતા પથરાઇ ગઇ. તેનું પુલકિત–સ્મિત હાસ્ય ફરકાયલું મુખ બિડાઇ ગયું. હૃદયમાં ભય પ્રકટયો. ભય સાથે અનુકંપા થઇ. અનુકંપા થતાં ચૈતન્ય શક્તિઓ જેમ કમળ બિડાય છે તેમ સંકેલાવા લાગી. ચૈતન્ય શક્તિઓ સંકેલાતાં પ્રફુલ્લ અને અનુરાગ ઉત્પન્ન કરતું ચિત્તાકર્ષક સૌંદર્ય શરીર નિષ્ચેતન થઇ જમીનપર ઢળી પડયું. આથી સર્વ સખી મંડળ અને પુરૂષોના હૃદયમાં ક્ષોભ થયો–આશ્ચર્ય થયું–ગ્લાનિ પ્રકટી. શરત્ચન્દ્ર ધૈર્ય ધરી આગળ આવ્યો. કર્ત્તવ્ય કર્મમાં ભગિરથ સમ જણાતા તે પુરૂષે જ્યોત્સ્નાના કટિથી ઉપરના ભાગને પોતાના ખોળામાં લીધો અને મુખપર શિતલ જલથી ભિંજવાયેલો રૂમાલ ફેરવવા માંડયો. પિરોજા, જ્યારે જ્યોત્સ્ના જમીનપર ઢળી પડી ત્યારે કોઇને પુછ્યા કે કહ્યા શિવાય એકદમ બાગમાંથી બહાર આવી અને ગાડીમાં બેસી

સુસવાટાબંધ ગાડી હંકાવી ત્રણ દરવાજા આગળ આવેલી દવા વેચનારની દુકાનોમાંથી ગુલાબજળ અને લવેન્ડરની શીશીઓ લેઇ પાછી વળી. શરત્ચન્દ્ર આગળ બન્ને શીશીઓ મૂકી દીધી. મણિધરે સાચવીને તેનું મિશ્રણ કરી શરત્ચન્દ્રને રૂમાલપર છાંટી—રૂમાલ તેમાં ભિંજાવી આપ્યો. શરત્ચન્દ્રે વારાફરતી તેના શિરોભાગે તેને મૂકવા માંડયો. માલતિ અને પિરોજા પવન નાંખવા મંડયાં. આ બધા ઉપચારોના અંતે દશેક મિનિટમાં જ્યોત્સ્ના સચેતન થઇ શકી.

શરત્ચન્દ્ર મનપર કાબુ ધારણ કરી શકે એવો દૃઢ હતો. આજે એની દ્રઢતા હૃદયમાંથી સરતી હતી. દૃઢતાનો સ્નેહમાં પરિપાક થતો હતો. શરીરની શિતલતામાં ગરમીનો પ્રવેશ થતો જણાયો. અંગમાં અનંગની ઝાંખી ઝાંખી છાયા સતેજ થતી સમજાવા લાગી. શરત્ચન્દ્રના ખોળામાં પડેલી જ્યોત્સ્નાનું વદન વિકારોને જાગૃત કરવા લાગ્યું. એનું પૂર્ણિમાના ચંદ્ર જેવું પ્રભાવશાલિ મુખમંડળ અને તેમાં તરી રહેતાં બે મૃગાલ ચક્ષુ સમ તારલીનું વિધેયપણું, ઓષ્ટપર ફરકી રહેલો પદ્મરાગ, અને શરીરનું શ્વેત—ગૌર મિશ્રિત સૌંદર્ય નિરખતાં રાજા પુરૂરવના જેવો વિચાર હૃદય તારપર ઝણઝણવા લાગ્યો.

* " શું આ'ને ઘડતાં પ્રજાપતિ થયો પોતે શશી કાન્તિદ;
" કે શૃંગાર રસે ભર્યો મદન, કે શું મારી પુષ્પાકર. "

જ્યોત્સ્ના સચેત થતાં સ્વસ્થ થઇ આઘી ખશી. આ કોણ અને આ શું? સખી મંડળ વચ્ચે હું કોની સ્વાધિનમાં? મને શું થયું અને હું કેવી સ્થિતિમાં છું? વગેરે અનેક પ્રશ્નાત્મક વિચારોએ તેને મુંઝાવી નાંખી.

"બ્હેન જ્યોત્સ્ના! આ પુરૂષની સુશ્રૂષાથી અને પિરોજા બહેનની મદદથી તારી પ્રકૃતિ હવે સ્વસ્થ થઇ હશે. અમે સર્વ ગભરાઇ ગયાં હતાં. તને શું થયું બહેન? આમ એકદમ આ શું? બહેન આ પરદેશી મુસાફરનું કલ્યાણ થજો કે ત્હમને એમણે બની શકી એટલી મદદ કરી. એ ન હોત તો આપણી શી સ્થિતિ થાત?" માલતિએ પરદેશીનો ઉપકાર દર્શાવતાં કહ્યું.

"હવે આપણે આ સ્થળે વધારે ખોટી થયા શિવાય ગૃહ પ્રત્યેનો માર્ગ લેઇએ એજ આપણુ સર્વ માટે ઉત્તમ છે." પિરોજાએ જણાવ્યું.

---

* સ. રા. કિ. ધ. ભટ્ટ કૃત વિક્રમોવશીય ભાષાન્તર.

સર્વેએ અનુમોદન આપ્યું. સર્વે શરતચન્દ્ર અને મણિધરને ધન્યવાદ આપતાં–ઉપકારવશ થતાં–ઉભય અરસપરસ કલ્યાણ ઇચ્છતાં –માર્ગે વળ્યાં.

જ્યોત્સ્ના આ સઘળું સાંભળતી હતી. પણ આજે શાથી તેનાથી બોલી શકાતું નહોતું, એ કાંઇ સમજાતું નહોતું. સખિમંડળની પાછળ તે પ્રદેશીના તરફ દૃષ્ટિનો અને હૃદયનો એકરાગ કરી જીજ્ઞાસા વૃત્તિથી સખી સાથેની વાર્તા શ્રવણ કરતી સંતોષ પામતી હતી. સખીઓની ઇચ્છાથી તેણે ચાલવા માંડયું.

[1] "તન આગળ જાયે પણ, મનકું પાછું વળેછ મરડાઇ."

પ્રકરણ ૪ થું.

વડિલની દૃઢ હઠમાં દહન થતું માતાનું હૃદય.

"બે રહ્યા તુજ સમીપ માર્ગ જ્યાં;
તું ગ્રહે ઉભયમાંથી એક ત્યાં."

—રાઇનો પર્વત.

'રવિકાન્ત! તારે મારા નિશ્ચયોને આધિન થવું જ પડશે.' વિદુરપ્રસાદે કહ્યું.

'વડિલ, હું ક્યારે આપની ઇચ્છા વિરૂદ્ધ વર્તુ છું! પણ......'

'એ પણ બણ કાંઇ નહિ ચાલે. ત્હમે સુધારાવાળાએ જ સત્યાનાશ વાળ્યું.'

'વડિલની ઇચ્છાને–આજ્ઞાને હું વશ થાઉં છું, છતાં મારો ઉદાત્ત ધર્મ મ્હને એ માર્ગે ભ્રષ્ટ કરે છે.'

'હા–એ હું સમજ્યો. ત્હારી સ્ત્રીની એમાં સંમત્તિ નથી, તેથી તું ના કહે છે કેમ?''

'સ્ત્રીના વિચારોની સંમત્તિથી નહિ પણ એ ધર્મ–નિર્દોષ કન્યાના કુમળા હૃદયપર ઘા કરવો એ–ધર્મ વિરૂદ્ધ છે.'

---

૧ શા. ખખ્ખર કૃત અભિ૦ શાકુન્તલ નાટક.

'પણ તું જાણે છે કે, એવું સ્થળ આપણને ક્યાંથી મળનાર છે?'

'સ્થળની મોહાંધતાથી કન્યાના ભાગ્યને ધૂળમાં રગદોળવું અયોગ્ય છે.'

'રવિકાન્ત! તું આડાઈ—ઉદ્ધતાઇ છોડી દે. હું જે કહું છું તેમાંજ તારો, મ્હારો અને વડિલોનો મોભો—માન—આબરૂ—પ્રતિષ્ટા સચવાય છે. એ કુળવાન છે—શ્રીમંત છે માન—પ્રતિષ્ઠવાન છે. એમાં આપણા સર્વ સ્વાર્થો સમાયેલા છે.'

'સ્નેહને કુળ—શ્રીમંતાઇ કે પ્રતિષ્ઠા નથી હોતાં.'

'ત્યારે એ સ્નેહ કાંઇ વિપરિત કરી બેસશે તો?'

'આપણા દેશમાં એવો અભાવ નથી, કે એ સુશિક્ષિતા તમને અને મને નર્કમાં નાંખશે.'

'પણ હું કહું છું તે તારે કરવુંજ પડશે. હું એવા વિચારોથી કદિય ફરનાર નથી. તને સંસાર વ્યવહારનું જ્ઞાન નથી—ભાન નથી. કન્યાના ભાવિ મોહમાં તણાનાર માબાપો છેવટે પાપમાં પડે છે; ને ધર્મ ભ્રષ્ટ થતાં—કુલભ્રષ્ટ થઈ વડિલોની કીર્તિનો દ્રોહ કરે છે.'

'વડિલ! આપણે તેને અપાતા શિક્ષણ પ્રત્યે પૂરેપૂરો વિચાર કર્યો છે. તેનું હૃદય સત્યાસત્યનો માર્ગ ગ્રહણ કરી શકે એવું દાન્ત છે. કુળને શોભાવે એવી એની બુદ્ધિ તિતિક્ષાવાન છે. જગવ્યવહારમાં પોતાના કર્તવ્યને સુમાર્ગે યથેચ્છ સાધી શકે એવું વિવેક ચાતુર્ય છે, પછી આપણે એની ભાવિસત્તા હાથમાં રાખી દોર ખેંચીયે તો, એના વિનાશ શિવાય બીજું શું થઇ શકે એમ છે?'

'ઠીક હાલ હું જાઉં છું, પણ તું તારા અન્તઃકરણને ફરીથી પૂછીજો. હું કાલે આવીશ ત્યાં સુધીમાં શા નિર્ણયપર આવીશ, તે હું જોઇશ. ફરી ફરીથી કહું છું કે એની સાથે લગ્ન કરવામાં જ્યોત્સ્નાનું ભાગ્ય તેજવાળું થશે, અને આપણી કીર્તિમાં વધારો થશે. છેવટે તારી સંમત્તિ નહિ મળે તો હું મારે સુઝતું કરીશ. મારા હાથ તળે રહી તારૂં પાલણપોષણ કરવામાં આવ્યું છે, મારાથી બની શકે એવું યોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું છે. તારી સંપત્તિનું રૂડે પ્રકારે રક્ષણ કરવામાં આવ્યું છે, અને તારા પિતાની કદિય ખોટ પડવા દેવામાં આવી નથી. મેં તારે માટે જે જે પ્રકારનું હિત થઇ શકે

તે તે પ્રકારે પ્રયત્ન સેવ્યો છે. સ્વલ્પમાં તારા ઉદય માટેજ મેં સર્વ કાંઇ કર્યું છે. મારે સંતાન નથી. સ્ત્રી પણ પરલોકવાસી થઇ છે. તારા મોં સામુંજ માત્ર જોવાનું રહ્યું છે. હવે તમો મારા કાર્યમાં કેટલા સહાય થાવ છો, અને કન્યાનું કેવે પ્રકારે હિત કરવા માગો છો એટલુંજ જાણવું છે. જો મારી ઇચ્છાને સંમત્ત નહિ થાઓ તો તો...હું ધાર્યું કરીશ જ.' આવેશપૂર્વક છેવટની આજ્ઞા કરતા હોય એમ વિદુરપ્રસાદ પોતાની વાગ્ધારાનું તિક્ષ્ણ બાણ ફેંકતા માથે પાઘડી ઘાલી, હાથમાં જોષ્ટિકા લેઇ દિવાનખાનામાંથી નીકળ્યા.

નલિનીકાન્તના પિતા નિર્ધન સ્થિતિના કારણે રાજનગરમાં આવી રહ્યા હતા. દિવસે દિવસે એમની વૃત્તિએ વ્યાપારમાં માર્ગ શોધ્યો. એમાં એમને થોડું ઘણું પ્રાપ્ત થવા માંડયું. જ્યાં ભાગ્ય ખીલે છે ત્યાં સર્વ વાતે સાનુકૂળતા મળે છે. મહામુશીબતે દિવસ કાઢનાર અને પરાણે કુટુંબનું પોષણ કરનાર શ્રીધરરાય હાલ સુખે દિવસ ગાળવા લાગ્યા. દિવસે દિવસે વહેપાર પણ ખીલતો ગયો. લક્ષ્મી આવે છે, ત્યારે કાંઇ કાંઇ માર્ગ સુતર જણાય છે. શ્રીધરરાયે લક્ષ્મીનો ઉપયોગ આવકના પ્રમાણમાં કરવા માંડયો. પોતાને સ્વતંત્ર મકાનની ખોટ હતી. આથી ખાડીઆ ગેટની પાસે તેમણે એક વિશાળ મકાન ખરીદ્યું, ભાડાનું ઘર ખાલી કરી પોતે નવા ઘરમાં રહેવા આવ્યા. ભાગ્યોદય થાય છે ત્યારે દૈવ સાનુકૂલ હોય છે. લક્ષ્મીના વાસ સાથે પ્રજામાં પણ એમને આ નવિન મકાનમાં આવ્યા પછી બે પુત્રો થયા. મ્હોટા પુત્રનું નામ ત્હેમણે સુમનરાય પાડયું અને નાના પુત્રનું નામ નલિનીકાન્ત રાખ્યું. ઇંગ્રેજી શિક્ષણના અભાવે શ્રીધરરાયે એમને ગુજરાતી અભ્યાસ પૂરતો કરાવ્યો. ગુજરાતી અભ્યાસ પૂરો થઈ રહ્યા પછી પોતાના ધંધાની માહિતી અર્થે વ્યાપારી અભ્યાસ કરાવવા એક વાણિઆને રાખ્યો. બે વરસમાં તો તેઓ ધંધામાં જોડાઈ નિભાવ કરી શકે એવું શિખ્યા. બુદ્ધિ ઉત્તમ પ્રકારની હોવાથી તેઓ દિર્ઘદ્રષ્ટિથી વ્યાપારના મૂળ તત્વને જોઇ શકતા. સુમનરાયને વીસ અને નલિનીકાન્તને પંદર વરસ થવા આવ્યાં એટલામાં શ્રીધરરાય પંચત્વ પામ્યા. આથી કારભાર સઘળો સુમનરાયના શિરે આવી પડયો. સુમનરાયે પિતાના ધંધાનેજ વળગી રહી વ્યાપારી કક્ષાને દિર્ઘ કરી. લક્ષ્મી લક્ષ્મીને ખેંચી લાવે છે, એમ બન્ને ભાઇઓની સહાનુભૂતિવાળા માર્ગે લક્ષ્મીનો વાસ થવા માંડયો. એવામાં સુમનરાયને વિદુરપ્રસાદ નામનો

પુત્ર થયો. સુમનરાયની અવસ્થા પણ દિવસે દિવસે લથડવા લાગી અને થોડા વખતમાં ત્રિદોષના જીવલેણ વ્યાધિને ગ્રસ્ત થઇ પંચત્વ પામ્યા.

વિદુરપ્રસાદને સાતેક વરષ થવા આવ્યાં હતાં. હવે સઘળો વ્યવહાર નલિનીકાન્ત પર આવી પડયો. "શ્રીમંતનાં છોકરાં જલદી ઝડપાય છે" એ લોકોક્તિ વિદુરપ્રસાદ માટે ખરી પડી, અને તેનું લગ્ન રાજનગરમાંજ કરવામાં આવ્યું. પંદર વરસ પછી વિદુરપ્રસાદ કાકાના ધંધામાં જોડાયા. વિદુરપ્રસાદ વ્યાપારમાં ફાવી શકશે એમ ધારી નલિનીકાન્ત તટસ્થ રહ્યા હતા. તો પણ કાર્યભાર નલિનીકાન્તની સંમત્તિ શિવાય થતો નહોતો. નલિનીકાન્તને પુત્ર કે પુત્રી રૂપી સંતાન ન થવાથી હૃદયમાં સંતાપે વાસ કર્યો; પ્રભુ કૃપાયે એમની પાછલી અવસ્થાયે એક પુત્ર રત્ન સાંપડયું. પુત્ર દર્શનથી એમનો ઉદ્ધાર થયો સમજી એ બાળકનું નામ 'રવિકાન્ત' પાડયું. રાવકાન્તને પાંચેક વરસ થવા આવ્યાં એવામાં પિતાએ હમેશની સમાધિ લીધી. આથી રવિકાન્તનું પાલણ પોષણ અને શિક્ષણ તથા વ્યાપારનો વ્યવહાર ધર્મ સઘળું વિદુરપ્રસાદને કરવાનું આવ્યું. ત્હેમણે કાર્ય કુશળતાથી વડિલોની ખોટ દેખીતી રીતે ન જણાવા દેઇ સઘળું શાન્તિથી અને ધૈર્યથી ઉપાડી લીધું. આ વખતે ત્હેમણે સાબરમતી પર સગવડને સારૂં એક બંગલો બંધાવ્યો અને પ્રસંગોપાત રહેવાનું પણ ત્યાં રાખ્યું.

રવિકાન્તને ગુજરાતી અભ્યાસ પૂરો કરાવી, ઈંગ્રેજી શિખવા મિડલ સ્કૂલમાં મૂકયો અને ખાનગી શિક્ષણ માટે એક માણસની નિમણોક કરી. દિવસે દિવસે રવિકાન્તનો અભ્યાસ વધતો ગયો ને બુદ્ધિ ખિલતી ગઈ. મિડલ સ્કુલમાંથી હાઇસ્કુલમાં આવ્યો અને થોડા વરષે મેટ્રીક પસાર કરી. સુંદર, સુઘડ અને સુશિલ કન્યાની શોધમાં વિદુરપ્રસાદ આગળ બહાનાં બતલાવી રવિકાન્ત હજુ પરણ્યો નહોતો. વિદુરપ્રસાદથી દેખીતી રીતે આ ખમાતું નહિ, કારણ 'શ્રીમંતનાં છોકરાં ન્હાનપણમાં ના પરણે તો મોટાં થયે કોઈ ભાવપણ નહિ પૂછે'—એ વિચાર તેમને રાત્રિ દિવસ ચિંતા ઉત્પન્ન કરાવતો હતો. રવિકાન્ત 'સ્નેહ—લગ્ન ! શિવાયનું લગ્ન પ્રસંદ કરતો નહિ. દૈવયોગે રમાકાન્તની પુત્રી શશિકળા સાથે સંબંધ બંધાયો. શશિકલા રવિકાન્તના અપૂર્વ સ્નેહનું પાત્ર બની. ઉભયના દિવસો સુખમાં વ્યતિત થવા લાગ્યા.

રવિકાન્તના હૃદયમાં રાજા પુરૂરવ જેવો ભાવ હતો કે–"દુ:ખ જઇ સુખ આવ્યું તે, લાગે છે વધુ મીઠડું." અને એ ભાવે સ્નેહથી પતિ પત્ની સુખપૂર્વક સંસાર–વ્યવહાર અને કામના તૃપ્ત કરવા લાગ્યાં.

શશિકલાના દિવસો પતિ સંયોગમાં સુખપૂર્વક પસાર થતા હતા એવામાં યોગ્ય સમયે તેને પુત્રિ રૂપી રત્ન પ્રાપ્ત થયું. આર્ય સંસારની માન્યતા એવી છે કે પ્રથમ પુત્ર જન્મે એ ભાગ્યવાન્! પણ શશિકલા ભાવિની પ્રબળ સત્તાને આધિન થતી જે કાળે જે મળે તેથી સંતોષ સેવતી પુત્રિપર અપાર સ્નેહ દર્શાવતી હતી. રવિકાન્તની હૃદય ભાવના પણ જ્યોત્સ્નાના પર વાત્સલ્ય દર્શાવતી હતી. જ્યોત્સ્ના દિવસે દિવસે વધવા લાગી. તેના બાળકભાવો સંપૂર્ણ વિકાસવા લાગ્યા. એનું મનહર–નિર્વિકારી–બાળચેષ્ટાથી ભરેલું મધુરૂં હાસ્ય સર્વને આકર્ષતું, અને એ આકર્ષણ યોગે સર્વના તે સ્નેહપાત્ર–વાસ્તલ્યમય ઠરતી હતી.

રવિકાન્ત સાભ્રમતિવાળા બંગલામાં રહેતા હતા. વિદુરપ્રસાદ ખાડીઆ ગેટ પાસેના મકાનમાં રહેતા હતા. હાલ તો લક્ષ્મી અને સંપત્તિ અવિભક્ત હતાં. વિદુરપ્રસાદના મનમાં એમજ હતું કે, મ્હારે સંતાન નથી, તો મિલ્કતના ભાગ પાડવામાં શો સાર છે? અને વિભક્ત કરીને પણ વારસ તો રવિકાન્ત જ છે, તેથી મિલ્કત–સંપત્તિનું સ્વામિત્વ રવિકાન્તનું રહેતું, અને વ્યવસાય–વ્યયવસ્થાનો કાર્યભાર વિદુરપ્રસાદના હાથમાં રહેતો. રવિપ્રસાદ ખુલ્લી રીતે સ્વતંત્ર નહોતા, પરંતુ અંતર્ગત્ દૃષ્ટિએ એમની સ્વતંત્રતા અખંડસમ જણાતી. વિદુરપ્રસાદ વડિલ છે, વળી તેમને કુટુંબ—પરિવારમાં પણ હું એકલો છું, તેમ મારા શિવાય તેમને શાન્તિ આપનાર કોઈ નથી, ધારી એમની ઇચ્છાની મને કે કમને વિરૂદ્ધ વર્તતા નહિ. જ્યાં વડિલના વિચારો વૃત્તિને વિરૂદ્ધ જણાતા, ત્યાં બુદ્ધિ ચાતુર્યથી 'એમના પેટમાં પેસી પગ પહોળા' કરતા. વિચાર મળતા નહિ ત્યાં સહન કરવું પડતું, અને બની શકે ત્યાં સુધી એમના થઇ એમની પાસેથી ધારેલી આશા પૂર્ણ કરાવવી એવું શરૂઆતથી જ રવિકાન્ત શિખ્યા હતા.

જ્યોત્સ્નાનું બાલકવય હવે પૂરૂ થવા આવ્યું હતું. વિવાહ યોગ્ય સમય થઇ ગયો હતો. વિદુરપ્રસાદ તે માટે રવિકાન્તને વારંવાર ઠપકો આપતા. રવિકાન્ત માત્ર એટલુંજ કહેતા કે મેટ્રિક પાસ થયા પછી સત્વર જ્યોત્સ્નાનું લગ્ન કરી દેઇશું. વખતને જતાં વાર લાગતી

નથી. જ્યોત્સ્નાનો પરીક્ષાનો સમય આવ્યો ત્યાં સુધીમાં તપાસ કરતાં યોગ્ય વર ન મળ્યો. યોગ્ય વર ન મળવાથી, અને પુત્રીને યોગ્ય પાત્ર ન જડવાથી રવિકાન્ત અને શશીકલા પસ્તાતાં, પરંતુ કેળવાયેલા અંતઃકરણના યોગે વધુ તપાસમાં ધૈર્યથી વખત કહાડતાં હતાં. આવા પ્રસંગે વિદુરપ્રસાદનાં બે વેણ સાંભળવાં પડતાં, તે પર અલક્ષ આપી મ્હોટાની લાગણીને નહિ દુભાવવાના કારણે બન્ને પતિ—પત્ની અલક્ષ કરતાં. જ્યોત્સ્નાની પરીક્ષા પૂર્ણ થઇ, છતાં અભિલાષ તૃપ્ત ન થવાથી આનંદ સાથે શોક પ્રકટયો. સુશિક્ષિતા પુત્રીને યોગ્ય વર ન મળે એ પણ ભાગ્યનો દોષ! બિચારા રવિકાન્તના જેવા કેટલાક પુરૂષો વરની પસંદગીમાં વખત કાઢતા હશે? રવિકાન્તના હૃદયમાં શ્રીમંત કે કૂળવાનની અપેક્ષા નહોતી, પણ વિદ્વાન—સુશિલ અને શાન્ત સ્વભાવનો, સ્વાશ્રયી, દૃઢ ધૈર્યવાળો અને સ્નેહાળી પુરૂષ જ્યોત્સ્ના માટે યોગ્ય હોય, એવી અભિલાષા હતી. આ અભિલાષા અંતરૂની અંતરૂમાં રહી ગઇ, અને વિદુરપ્રસાદે ખાનગી રીતે પોતાનું કાર્ય કરવા માંડયું. રાજનગરમાં હાલ શ્રીમંત ગણાતા સત્યેન્દ્રપ્રસાદ જ્યોત્સ્ના માટે લાયક છે એવી ખાત્રી થતાં, વિદુરપ્રસાદે સત્યેન્દ્રની સલાહ માટે યોગ્ય માણસોદ્વારા કહેણ મોકલવાનું દુરસ્ત ધાર્યું. શ્રીમંતની આજ્ઞા સંસારમાં કોણ ઉઠાવતું નથી? વિદુરપ્રસાદના મૂખમાંથી શબ્દ બહાર પડતાં તેમને ખૂશ ખૂશ રાખનાર વગર પૈસાના હાજી હા, કહેનાર હજારો તૈયાર થઇ ગયા.

સત્યેન્દ્રપ્રસાદ હાલ બે ત્રણ સૂત્રયન્ત્રોનો સ્વામી હતો. પિતાએ દસ પંદર લાખ રૂપૈઆનું દ્રવ્ય પુત્ર માટે મૂકયું હતું. આ શી વાત! સુંદર બંગલાઓ અને હજારોની જમિનગીરીવાળાં બોન્ડ્ઝ પુત્રના શ્રેયઃ માટે વારસામાં રાખ્યાં હતાં. સત્યેન્દ્રપ્રસાદનું લગ્ન પિતાની હયાતીમાંજ થયું હતું, તેની સ્ત્રી શાન્ત, શરમાળ અને સુંદર હતી, પરંતુ સત્યેન્દ્રનો સ્વભાવ સ્ત્રી વશ થઇ બંદીખાનામાં પડયા રહેવાનો મૂળથીજ નહોતો. તેનો સિદ્ધાંત એવો હતો કે લક્ષ્મીને સાચવી રાખી વધાર્યા કરનાર લક્ષ્મીના ગુલામ છે, અને એવી ગુલામગીરીને વશ સત્યેન્દ્ર રહે એ તો સ્વભાવથી વિરૂદ્ધ! વડિલો હતા, પણ ત્હેમની દરકાર નહોતી. બનારસના મિશ્રપ્રસાદ વિષે કહેવાય છે કે,— મિશ્રપ્રસાદને લાખો રૂપૈઆની દોલત આપી તેમના પિતા સ્વર્ગવાસી થયા; મિશ્રપ્રસાદને આવો ન ખૂટે તેવો વારસો મળેલો જોઇ વિચાર

થયો કે દરેક શ્રીમંત પલંગપર મશરૂની પથારી કરી સૂવે છે, તો આપણે તેવીજ હમેશ નવી નવી કુસુમ શય્યાઓ તૈયાર કરી તેમાં શાન્ત નિદ્રા લેવી. દરેક વૈભવવાળા શૌચ કરવાને જે સ્થળે જાય છે ત્યાં જળથી તેની સ્વચ્છતા કરાવે છે ત્યારે આપણે તેમાં અત્તરનાં પીપો ઠાલવવાં. સત્યેન્દ્રપ્રસાદની ભાવના પણ બનારસના મિશ્રપ્રસાદથી ઉતરે તેવી નહોતી. વિલાસ—વૈભવ—મોજશોખ—ગાન—તાન—અને સંસારના શુદ્ર મોહમાં વશ થઇ હજારો શિયળવતી—સુકોમળ કન્યાઓના ગળે છરી મૂકવામાં યદ્કિંચિત્ પાછળ પડતો નહોતો. સત્યેન્દ્રની સ્ત્રી આવાં કાર્યોમાં પગ ન મૂકવાને ઘણીય વખત સમજાવતી, પણ કુંઠિત બુદ્ધિ થએલી છે એવા સત્યેન્દ્રના ગળે સુશિલ પત્નીનો કલ્યાણજનક બોધ ઉતરતો નહિ. એના પરિણામે સાધ્વિ પત્ની હૃદયના કલેશને લીધે હમેશની પ્રગાઢ શાન્ત નિદ્રાને સ્વાધિન થઇ.

એક પ્રસિદ્ધ આંગ્લ વિદ્વાનના મત પ્રમાણે–'એતો સત્ય છે કે દ્રવ્યવાન મનુષ્યને પત્નીની ખાસ જરૂર છે.' સત્યેન્દ્રપ્રસાદ શ્રીમંત હોવાથી, અને પૈસાનો છૂટા હાથે ઉપયોગ કરવાથી તેની આસપાસનું મંડળ તેનાં વખાણ કરવામાં પછાત પડતું નહિ, અને એવા મંડળે સ્ત્રીની શોધ કરવા માંડી. વિદુરપ્રસાદને કર્ણે આ ઉડતો સ્વર સંભળાયો. પોતાના એક ખાસ માણસ સાથે સત્યેન્દ્રને કહેવરાવ્યું. સત્યેન્દ્રે પણ એમાં પોતાની અનુકૂળતા અને સંમતિ છે એમ હકારાત્મક ભાવ દર્શાવ્યો. સત્યેન્દ્રને એમાં બે સ્વાર્થ સમાયેલા જણાયા. એક તો જ્યોત્સ્નાના એની સમૃદ્ધિની એકલી માલિક થવાની છે, અને બીજું સ્ત્રી હોય તો અન્યજનોમાં ઉડતી વાર્તાઓ ઓછી થાય. તો પણ આ અન્ય કારણ શિવાય પ્રથમના વિચારમાં મોહ વધારે હતો. આપ્તમંડળે જ્યોત્સ્નાના સૌંદર્યનું અને સુમુગ્ધાવસ્થાનું અતિશયોક્તિભર્યું વર્ણન સત્યેન્દ્રના આગળ કર્યું હતું. મોહાંધને મોહ સાથે સ્વાર્થ પ્રકટયો. ઉભય પ્રેરણાએ જ્યોત્સ્નાના લગ્નનું કાર્ય ત્વરિત્ વેગે થવાનું વિદુરપ્રસાદને જણાવ્યું; વિશેષમાં એમ પણ સૂચન કર્યું કે બીજી અનેક કન્યાઓનાં કહેણ આવ્યાં છે, પણ ત્હમને વિશ્વાસ આપ્યો છે, માટે ઉતાવળ કરો.

રવિકાન્ત ઉદાસ વૃત્તિએ–ખિન્ન વદને–નિરાશા ભરેલા મુખે શયન ગૃહમાં જઇ એક પલંગપર વિચારમગ્ન થતો સુતો. આશ્વિન કૃષ્ણ

ચતુર્દશીની રાત્રી જેમ માનવજાતિમાં ભયાનક ને સંપૂર્ણ કૃષ્ણ સ્વરૂપ વાળી ગણાય છે તેમ એ અગાધ અંધકારમાં ડુબ્યો. આટલા દિવસ વડિલની આજ્ઞાવિરૂદ્ધ વર્તન ન સેવનારને આજે ભયંકર પ્રસંગ આવી ચૂકયો. શો ઉત્તર આપવો તે સમજણ ન પડી. તેની દૃષ્ટિએ બે માર્ગ જણાયા. એક માર્ગે પુત્રીનું અને પિતાનું ભાગ્ય વિનાશ ગતિને પામતું સ્હમજાયું. પુત્રીની ઇચ્છા શિવાયનું—પુત્રીના સ્નેહ શિવાયનું લગ્ન, એ લગ્ન કેમ ગણી શકાય? પુત્રીની સંમતિ શિવાય એને ઘોર બંદિખાનામાં કેમ ધકેલાય? પુત્રીના કલ્યાણનો આ માર્ગ ખરો? અરે! જ્યોત્સના! આ માર્ગેજ ત્હારૂં અધઃપતન જોઉં છું, અને હૃદયના ગર્ભાગારથી અશ્રુ પ્રવાહ અસ્ખલિત વેગે આવતો ચક્ષુમાંથી સરી પડતો જોઉં છું. આમાં ત્હારૂં કલ્યાણ નથી એતો સત્ય છે. સત્યેન્દ્ર સંબંધની મેં બારીક તપાસ કરી છે. એ તપાસના અંતે બહારથી સુવર્ણ પણ અંદરથી તામ્ર હોય એમ જણાય છે—સમજાય છે. આટલું જાણવા છતાં માત્ર વડિલની આજ્ઞાને આધિન થઉં તો...તો, તારો વિનાશ જ ભાગ્યે નિર્માણ કરેલો અને આ પાપી પિતાએ દર્શાવેલો. પાપી તો ખરોજ, અરે! મેં કેળવણી ન લીધી હોત તો કેવું સારૂં? જ્યોત્સનાને સુશિક્ષિત ન બનાવી હોત તો કેવું સારૂં? જાણી જોઇને કૃત્ય કરનાર અજ્ઞાન કરતાં સહસ્ત્ર ગણો વધારો શિક્ષા· પાત્ર છે. મ્હારે શિક્ષા ખમવી જ જોઇયે. પણ મ્હારે બદલે પુત્રીને શિક્ષા થાય છે, એતો ઉલટું જ છે. નહિ, પ્રાણાન્તે હું તે માર્ગે નહિ જાઉં. નહિ જાઉં કહેનાર ગભરાયો. વડિલની આજ્ઞાનો લોપ કેમ થાય? એ વિચાર પુનઃ ઉદભવ્યો. હૃદય દૃઢ કર્યું. સ્વસ્થ થયો. પથારીમાં બેઠો થયો. વિચાર આવતાં એક આરામ ખુરશીપર બેઠો. દિપક સળગાવ્યો અને શાન્ત વૃત્તિ કરી વિચારશૂન્ય ભાવે બહારના ચોગાન તરફ દૃષ્ટિ ઢાળી રહ્યો.

શયનગૃહમાં ટેલીફોનની ઘંટડી વાગી. એક વખત વાગી, બીજી વખત વાગી. ત્યાંસુધી કર્ણેન્દ્રિયો સતેજ ન થઇ શકી. ત્રીજી વખત ચોથી વખત વાગી. પણ હૃદય એના સુરને—રણકારને ના ઝીલી શક્યું. ઉપરા ઉપરી ઘંટડીઓ થવા માંડી. અંતે વિચાર શૂન્ય સ્થિતિમાંથી જાગૃત થતો હોય તેમ ટેલીફોન વાળા ટેબલ પાસે આવ્યો. ટેલીફોનમાં જણાવ્યું;—"એલાઉ."

'જમવાનું તૈયાર થયું છે, અને શેઠાણી સાહેબ આપની રાહ

જુવે છે.' નોકરે વરધી આપી.

'દેવીને કહો કે મારી પ્રકૃતિ ઠીક નથી, એટલે હાલ મ્હારે જમવું નથી. આપ, પરવારી ઉપર આવો. બની શકે તો સ્ટવપર તૈયાર કરી ચાનો એક કપ મોકલો." ઓરડર—હુકમ આપી રવિકાન્ત પુનઃ વિરામાસાન પર બેઠા.

નોકરે રવિકાન્તની આજ્ઞા શ્રીદેવી શશિકલાને સંભળાવી. 'પ્રકૃતિ સ્વસ્થ નથી,' એ સંદેશાથી શશીકલા ચમકી. "નક્કી આજે કાંઇક નવા જુની બની છે. વિદુરપ્રસાદ આવ્યા હતા, ત્હેમણે શોકનાં અંકૂરોને જલ સિંચ્યું હશે ! હરિ ! હરિ ! પુત્રીના શ્રેયને માટે કેટલું કેટલું સહેવું પડે છે ? કાકાજીની આજ્ઞા સત્યેન્દ્ર સાથે લગ્ન કરાવવા દઢાગ્રહી છે. કાકાજી ભાગ્યેજ જાણતા હશે કે સત્યેન્દ્રનું બાહ્યસ્વરૂપ સુવર્ણ માફક તેજસ્વી જણાય છે, પરંતુ તેના હૃદયમાં એથી વિરૂદ્ધ પરિવર્ત્તનો થાય છે. એના હૃદયમાં સ્નેહ નથી, સદ્‌ગુણ નથી, વિશુદ્ધ ઉર્મિઓ નથી, શ્રીમંતાઇને યોગ્ય માનવગુણ નથી. સન્મિત્રો નથી, સાધુચરિત ઉદાત્ત-સદ્‌ગુણ સંપત્તિ નથા-એનામાં કાંઇજ નથી. માત્ર બહારની ખાલી તેજસ્વીતા માનમાં તણાનાર સેંકડોને પંકજમાં રગદોળે છે. મોહ પાશમાં અંધ થયેલા સ્વાર્થી પુરૂષો એ પ્રપંચજાળમાં પતંગીઆ દિપકમાં હોમાય તેમ હોમાય છે. જ્યોત્સ્ના ! તારે માટે હું શું કરી શકું ?

* 'ધનવાન દેશમાં ઝાઝા,
'ન ધરે અજ્ઞાનની માઝા !
'ધન ધૂળ વીશે તે ભેળે,
'ધન જઇ સમુદ્રે રેડે,
'ધન પાપ પુંજમાં ફીણે,
'ધન ધુવે મૂર્ખ રસ હીણે !"

"ધનવાન સકનાં માપ માપતી લક્ષ્મી નાચ નચવી આ,
"ગણવધૂ ગણિકા, દઈ તાળી, નાચતી, પછી નાસતી પળમાં."

'પતિ આજ્ઞાવશ છે. વડિલની આજ્ઞા પાળવી, એ શિશુનો ધર્મ છે, પણ પ્રત્યેક વસ્તુને મર્યાદા હોય છે, આજ્ઞામાં કલ્યાણ હોવું જોઇએ. કલ્યાણ શિવાયની આજ્ઞાને ન પાળવામાં—ન સાચવ-

* સરસ્વતીચંદ્ર ભાગ ૪ થો.

વામાં ધર્મ છે. એ ધર્મ ન સાચવનાર પાપનો અધિકારી છે. વડિલને હજુ ઓછું આણવા દીધું નથી, તેથી શું ત્હેમની આજ્ઞાને વશ થઇ નિર્દોષ બાળકીના કોમળ હૃદયપર વજ્રનો ઘા કરવો? આ ઘા કરવાનું પાપ કોણ લેશે? એ તો ભાવિને ખબર! ભાવિ તું કેવા કેવા નાચ નચવે છે? તું કેવાં કેવાં રૂપ ધરે છે! એ બધું શાને માટે? ના, પણ તેમાં ત્હારો દોષ નથી. પ્રભુએ પ્રત્યેકને પ્રજ્ઞા-ચક્ષુ આપ્યાં છે. આત્મા, મહાન્ આત્માનો અંશ છે. તેમાં સત્યને પ્રેમ સદાય રહેલાં છે. તેની કલાપર મનુષ્યો મોહના—માયાના રંગે રંગાયેલા મનની જાળને પાથરે છે, એ જાળ એ ચક્ષુઓપર પડદો કરે છે; એ પડદો સત્યાસત્યનો વિવેક પારખવાની શક્તિને છેદે છે. શક્તિ નષ્ટ થતાં અનેક ઉચ્ચતાનુચ્ચિત માર્ગે વહે છે. મ્હારા નામની પ્રજ્ઞા—ચક્ષુ સતેજ છે. કાકાજીના ઉપકારની છાયા તે પર પથરાયેલી છે. એ છાયા દૂર કરવાનું હિતાવહ કાર્ય હું કરીશ. શાસ્ત્ર આજ્ઞા કરે કે 'પુરૂષને સાચી સલાહ આપવી, સત્ય પન્થે લેઇ જવા એ સ્ત્રીનો મહાન ધર્મ છે, એ ધર્મ હું પાળીશ. આપત્તિ વિપત્તિના દારૂણ યુદ્ધમાં તેમની અર્ધાંગના રૂપે રહીશ, દુઃખ પ્રસંગે સ્નેહનું વારિ છાંટી શાન્તિ આપીશ. એ કલ્યાણમાં—એ ઉદયમાં મ્હારો સ્વાર્થ ને સર્વસ્વ છે.' આમ વિચાર કરતી શશિકલા પતિએ મંગાવેલા ચાની કિટલી લેઈ શયનગૃહમાં ગઇ.

'કેમ, આજે આપની પ્રકૃતિ સ્વસ્થ નથી?' ચાહનો પ્યાલો મુકતાં શશિકલાયે કહ્યું.

'ના.'

'કારણ?'

'કારણ કાંઇ નહિ.' એક દિર્ઘ નિસાસો નાંખતાં રવિકાન્તે કહ્યું.

'વાત છૂપાવવા આપ નથી બોલતા, છતાં હૃદયનો નિસાસો આંતરવેદનાનું સ્પષ્ટિકરણ કરે છે.'

'ત્યારે પૂછવાનું શું પ્રયોજન?'

'પ્રકૃતિ સ્વસ્થ નથી એમ કહેવાથી.'

'ત્યારે બીજું શું કહું.'

'વિદુરપ્રસાદજી, અહીં આવ્યા હતા?'

'હા.'

' જ્યોત્સનાની વાત ચર્ચાઇ હતી ? '

' હા. '

' આપ, શા નિર્ણયપર આવ્યા. '

' પ્રધાનજીની સંમતિ શિવાય, રાજા કયા કાર્યમાં માથુ મારે છે ? '

' આપ તેના પિતા છો—કન્યાના સુખદુઃખના માલીક છો, સંમતિની શી જરૂર ? '

' સંમતિની શી જરૂર ? વ્હાલી ! ત્હારી સંમતિની મ્હારે જરૂર નહિ ? આર્ય શાસ્ત્રકારોએ એવી છૂટ આપેલી છે ? હૃદયના મર્મ ભાગોમાં જ્યોતિરૂપ પ્રકાશનાર દેવિ ! ત્હારી સંમતિની જરૂર નથી ત્યારે કોની સલાહની જરૂર છે ? ' આવેશપૂર્વક ઉઠી શશિકલાને દઢાલિંગન કરતાં એક સ્નેહભર્યું ચુંબન કરતાં પૂછ્યું.

' અહા ! કેવી પવિત્ર ! દેવિ ! તું શાક્ષાત્ દિવ્ય મૂર્તિ છે ? મુખ પર પતિને પ્રસન્ન રાખવાની અદ્‌ભૂત કલા પ્રકાશરાવનાર મૃદુ હાસ્ય રમે છે, પરંતુ ત્હારા હૃદયમાં પુત્રીના શ્રેયઃ માટે પ્રકટતા તિવ્ર દુઃખ ભર્યા તનખા ખરે છે. એ તનખાનું તેજસ્વીપણું આ પામરજીવ ચક્ષુથી જુવે છે, છતાં તારી આર્યતા મારી આગળ, મારા દુઃખમાં વધારો નહિ કરવાના ઉદ્દેશે તેના પર રખ્યા પાથરી છૂપાવવા પ્રયત્ન કરે છે. એ સજ્જનતા નહિ તો બીજું શું ? તારા જેવી આર્યાઓ ગૃહે ગૃહે હોય તો આર્યાવર્ત્તનો ઉદ્ધાર કેટલો સત્વર થાય ? આર્ય ગૃહો દેવમંદિરો સમ ગણાઇ પૂજાત. ભગવતિ ! આર્યકૂલ ઉદ્ધારિણી ! મનોહારિણી ! તું દેવી તે દેવી જ છે. મારૂં ભાગ્ય મારા પુરૂષાર્થે નહિ, પણ તારી અગાધ દૈવી શક્તિથી—તારા પતિવ્રત્તથી—તારા સ્નેહભર્યા વર્તનથી, તારી દક્ષતાથી પ્રકાશે છે. પ્રભુ ! આવું રત્ન પ્રાપ્ત થવામાં ત્હારો અનહદ ઉપકાર છે.'

' પ્રાણેશ ! જ્યોત્સ્નાના લગ્ન માટે આપની શી આજ્ઞા છે ?'

' વિદુરપ્રસાદ કહે છે તે મને પસંદ નથી. મ્હારો માર્ગ મને સુજતો નથી. '

' વિદુરપ્રસાદજી કોની સાથે એ કન્યારત્નને પછાડવા માગેછે?'

' તુ જાણે છે ત્યારે કેમ પૂછે છે ? '

' હું જાણું છું, એ ખરૂં. પણ વડિલનો સ્વભાવ એવાં કેટલાંક ધતિંગો ઉભો કરવાનો હોય છે; એમનો આજ નિર્ણય થાય તે કાલે ફરે, અને કાલ થાય તે બીજે દિવસે ફરે. '

' શ્રીમાન સત્યેન્દ્ર સાથે. '

' પ્રભુ ! આપે સત્યેન્દ્રના આચાર-વિચાર તથા વર્તન સંબંધે તપાસ કરી છે. '

' દેવિ ! મ્હારી આગળ એ પામર પશુની વાત કાઢવાનો કશો મર્મ નથી. '

' ત્યારે એટલું જાણવા છતાં, આપ કેવા નિર્ણયપર આવો છો-એવું કાકાજીનું કહેવું છે તો આપ શું કરશો ? '

' હું શું કરીશ ? ' દુઃખ-નિસાસા-ખિન્નતા-અને બળતાહૃદયે રવિકાન્તે કહ્યું. '

" હા. "

' સત્યેન્દ્ર સાથે કાકાની આજ્ઞાને વશ થઇ પરણાવીશ. ' રવિ-કાન્તે આવેશમાં ને આવેશમાં પત્નીનો હૃદયભાવ પ્રત્યક્ષ જાણવાના ઉદ્દેશે પૂછ્યું.

શશિકલા, પતિના મુખદ્વારેથી ઉપરના શબ્દો સાંભળી આશ્ચર્ય ચકિત થતી દિગ્મૂઢ થઇ. પતિ આ શું કહે છે ? એ વિચાર આવતાં કંપી. તેના ગૌર વદનમાંથી રક્તકણો અદૃશ્ય થવા લાગ્યાં, અને શ્વેત ઝાંખુ આચ્છાદન એ સર્વ સ્વરૂપ લાવણ્યને ઢાંકતું છવાઇ વળ્યું. ચક્ષુ સ્તબ્ધ થયાં—હાસ્ય વિલય પામ્યું-પ્રસન્નતા નષ્ટ થઇ. લલાટપર પ્રકાશતી રમ્ય તેજસ્વિતા નિસ્તેજ થઇ. શરીરના અવયવો અચેતન થયા. જ્યાં બેઠી હતી, ત્યાં કાષ્ટ કે પાષાણ મૂર્તિ હોય તેમ અચેતન રૂપે સ્તબ્ધ થઇ. રવિકાન્ત આ સઘળું જોઇ રહ્યો હતો. પત્નીના હૃદયપર પોતાના શબ્દપ્રહારે શી અસર કરી તે સમજી શક્યો. બળતા અગ્નિના ભભૂકાપર ઘી હોમાયું એ તેણે પ્રત્યક્ષ જોયું. તે સફાળો ઉઠ્યો. દુઃખથી દગ્ધ થએલી દેવીને આલિંગન કરવા ઉઠ્યો; પણ આ શું ? એ વિચારે પાછળ હઠ્યો. તેના કોમલ કરમાં રક્તવહન કરતી શિરાને તપાસવા લાગ્યો, રક્તવાહિની ગંભીર—ધીરા—ધબકારા કરતી હતી. હૃદય પર હસ્ત મૂક્યો, ત્યાં હૃદયની શિથિલતા જણાવા

લાગી. શરીરમાં શિતલતા વ્યાપી ગઇ હતી. રવિકાન્તે તેને ધીમેથી આસનથી ઉઠાડી પલંગપર સૂવાડી, અને ગુલાબજળથી ભિંજવાયેલા રૂમાલવડે અવરનવર પોતાંથી મસ્તિષ્ક પર શાન્તિ આપવા પ્રયાસ કરવા લાગ્યો. ઇલેક્ટ્રીક—વિદ્યુત્ વેગવાળા પંખાની કળને દાબી, અને પવન સર્‌સર્‌સર્ વહન થવા લાગ્યો. રવિકાન્તને શરીરે પ્રસ્વેદનાં બિંદૂઓ ટપકવા લાગ્યાં. અપાર શ્રમ અને શાન્તિ પ્રયોગથી એક ઘડીએ શશિકલા જાગ્રત—સચેત થઇ. તેને સચેત અને સ્વસ્થ જોઇ રવિકાન્તના જીવમાં જીવ આવ્યો.

'દેવિ ! આમ ગભરાવું ઠીક ન કહેવાય."

'પ્રભુ ! અકસ્માતનો ઉપાય નથી.'

"પ્રિયા ! હું સમજું છું તું આજ્ઞા કરી શકતી નથી, તું કહી શકતી નથી. તું વારી શકતી નથી. તારા મૂખપર આ સઘળું જોઇ શકું છું. વાંચી શકું છું. મારો ધર્મ યથાર્થ બજાવવાનું ભવ્ય સ્ફુરણ અનુભવી શકું છું. શાન્ત થા. સ્થિર થા. સ્વસ્થ થા. આર્યોનો મહાન્ આદેશ મારા માર્ગપર દિપકસમ પ્રકાશશે. એ આદેશોનું પ્રવચન તારો દિવ્યપ્રેમ સંભળાવે છે. આર્યોની સમપર્દાનું વિસ્મરણ હજુ નથી થયું. ગૃહ, ગૃહિણી, ગૃહસ્થના આચારવિચારના આદેશો હજુ નષ્ટ નથી થયા. તારા વાત્સલ્યભાવપર ક્રૂરતા નહિ કરૂં. એ નિર્દોષ કન્યાપર વજ્ર ઘા નહિ કરૂં. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે વિદુરપ્રસાદના બતાવેલા માર્ગપર ચઢતા પહેલાં મારા પગને પાછા વાળીશ. મારા મનરૂપી અશ્વને લગામથી કબજે રાખીશ. માન—અપમાન, યશ—અપયશ, કીર્તિ-અપકીર્તિ, સુખ-દુઃખ, એ સર્વને પુત્રીના શ્રેયઃને માટે પાછળ મૂકીશ. હું લક્ષ્મી—વૈભવ—સંપત્તિ—સાધનના તેજમાં તણાઇ બળતા હૃદયને રૂંદીશ નહિ. મારા વચનપર શ્રદ્ધા રાખ. મારા અન્તઃકરણપર વિશ્વાસ રાખ. હું વડિલના અન્તઃકરણને કદાપિ દુભવતો નથી, અવગણતો નથી, ધિક્કારતો નથી, તરછોડતો નથી, વિમૂખ કરતો નથી, છતાં આ સમયે—આ ધર્મ કાર્યે—આ કલ્યાણ માર્ગે તે આજ્ઞાને તરછોડીશ. મારી દેવીની આજ્ઞાને પાળીશ. મારી પુત્રીનું શ્રેયઃ કરી શકીશ. મારા વડિલોની અક્ષય કીર્તિને પ્રકટાવી શકીશ. આર્યોનો ખરો ધર્મ આર્યત્વમાં છે એ જગતના ઉઘાડા ડોળામાં દેખાડી શકીશ. જે પિતા સંતાનોનું શુભ

નથી કરી શકતો તે પિતા નથી, પણ રાક્ષસ છે. જે પિતાના હૃદયમાં સંતાનોના સુખનું સ્થાન નથી તે હૃદય દેવમંદિરો નહિ પણ પાપ યાતનાનાં ભિષણ ભૂવનો છે. તારો સ્નેહ મને એ સર્વ બતાવશે. તારો દિવ્યપ્રેમ મને જગબાજીનાં સોગટાં પ્રત્યે તટસ્થરૂપે જોવાનું અને તેમાંથી મળતા બોધને ઝીલવાનું શીખવશે. મારી દેવિ ! આ મારી જીજ્ઞાસાને પરોક્ષભાવે સૂચના કરી તૃપ્ત કરનાર ગૃહિણી ! તારો સહવાસ મારા કલ્યાણના અનેક માર્ગોપરના કંટકને વિદૂર કરશે. આ સર્વ આપણા ઉભયના ભાગ્યને બળવાન બનાવી દિપમાન કરાવશે.” દૃઢ પ્રતિજ્ઞાવશ થતાં રવિકાન્તે શશિકલાને શાન્ત ને ધૈર્યવાન થવા પ્રોત્સાહ મળતાં કહ્યું.

બન્ને પ્રણયિ દંપતિ અનેક વિચારોની સંક્રાન્તિ અન્તે પ્રગાઢનિદ્રાને આધિન થતાં સૂતાં.

પ્રકરણ ૫ મું.

દિવ્યજ્યોતિનો જન્મ.

भावमिच्छाति सर्वस्य ना भावे कुरुते मनः ।
सत्यवादी मृदुर्दान्तो यः स उत्तम पूरुषः ॥

—મહાભારત.

‘ પ્રકૃતિના જે પ્રધાન ગુણે કરી ઉત્તમ વર્ગમાં મનુષ્યો આવી વસે છે, તેનું શાસ્ત્રમાં નામ ‘ સત્વગુણ ’ છે. સત્વ ગુણ લઘુ (ભાર વિનાનો) નિર્મલત્વથી પ્રકાશક અને નિરૂપદ્રવ છે. તે સુખસંગે તથા જ્ઞાનસંગે મનુષ્યને સંબંધ કરાવે છે. દેહમાં તથા ઇન્દ્રિઓમાં અન્તઃ-કરણનો બુદ્ધિનો–પ્રકાશ ઉપજે છે એજ જ્ઞાન છે.

—સ. સા. મનસુખરામભાઇ.

ધંભિરાપટ્ટનમાં પૂર્વ કાલના ચક્રવર્તિ રાજાઓની રાજ્યધાની હતી. શહેરની આસપાસ મજબુત કિલ્લેબંધી હતી. એક દિશાએ વિશ્વદેહીનું વહન શહેરની શોભામાં વધારો કરી રહ્યું હતું. બીજી દિશાએ ન્હાની મ્હોટી પર્વતની હારો તેના ઉપર ઉગેલી લિલોતરી, વૃક્ષો અને ઝાડો આ સર્વનો દેખાવ આનંદજનક લાગતો હતો.

શહેરની બહાર મ્હોટાં મેદાનો હતાં. પૂર્વ દિશાએ અજીતરાજાએ ચક્રવર્તિ થયાના શુભ ચિન્હ તરીકે લોહનો સ્મરણસ્થંભ ગોઠવેલો હતો. અનેક સંશોધકો લોહ સ્થંભની ઉત્તમ કારીગરીથી દિગમુઢ થઇ પૂર્વકાલિન્ ગૌરવતાનું દર્શન કરતાં આનંદ પામ્યા હતા. શહેરની અંદરનાં મ્હોટાં—ભવ્ય મકાનો આકાશ સાથે વાતો કરી રહ્યાં હતાં. શહેરના મધ્યે ભાગે મ્હોટો ચોક હતો. વિશાળ ચોકની ચારે દિશાએ વહેપારી વર્ગની દુકાનો આવી રહેલી હતી. કલા કૌશલ્યને માન મળતું; આથી સ્થળે સ્થળે ચિત્રકળાને શિલ્પિયશાસ્ત્રી વિધિથી રચેલાં મકાનો દૃષ્ટાને ચકિત–ગરક કરી નાંખતાં. ચોકની બહાર એક નાનું સરખું ઉદ્યાન બનાવેલું હતું. પરદેશી મુસાફરો અને સંભવિત્ પુરૂષોને રહેવાની સગવડ માટે સુંદર આશ્રયભૂવન બાંધવામાં આવ્યું હતું. મ્હોટા રસ્તાઓ પત્થરથી બાંધેલા હતા, અને રસ્તાની બન્ને બાજુએ શહેરના અસ્વચ્છ પાણીને જવાની ગટરો બાંધેલી હતી. ક્યાંય અસ્વચ્છતા કે કચરો જણાતો નહોતો. રાજાનો એવો સખ્ત આદેશ હતો કે, બનતા ઉપાયે શહેરની સ્વચ્છતા, તંદુરસ્તીમાં કોઇએ ગમે તેવા પ્રસંગે પણ ક્ષોભ ન કરવો. આ આજ્ઞાનું પાલન પ્રજા, પોતાનું હિત સમજી કરતી હતી. શહેરમાં હજુ સુધી કોઇ પણ વખતે ગંભિર નુકશાન કરનાર ભયંકર રોગ ફાટી નિકળ્યો નહોતો. શહેરમાં બધી જાતિની વસ્તી હતી. લોકો ધંધાધારી હતા. આ શહેરમાં અદ્યાપિ એવીજ ઇશ્વરી કૃપા હતી કે ક્ષુધાથી કોઇ પણ પિડિત તો ન રહેતું—રખડતા ભિખારીઓનો ત્યાં કેવળ અભાવજ હતો. રાજ્યમાં એક કાયદો એવો હતો કે પારકાના પોષણપર પાડુ મારનાર એવા રખડતા દેશદ્રોહીઓને સરકાર તરફથી કામે વળગાડી, તેમનું ગુજરાન નિભાવવું. સાધુ અને સત્પુરૂષોનો ત્યાં સ્નેહથી સત્કાર થતો. પાખંડી અને ધર્મ ઢોંગીઓને શહેરમાં પેસવાની ખાસ મનાઇ કરવામાં આવી હતી. એમ છતાં એવા પ્રપંચી આવી ચઢે તો રાજા ન્યાય ભૂવનમાં ધાર્મિક શાસ્ત્ર રીતે ધર્માધ્યક્ષો સમક્ષ ન્યાય ચૂકવે. સત્ય જણાતાં શરણ થાય તેને રાજ્યાસન તળે આશ્રય મળે અને મદાંધતામાં તણાય તેને રાજ્ય મર્યાદા બહાર જવાનો હુકમ મળે. આથી રાજ્ય અને પ્રજા તત્વમાં ઉત્તમ ગુણ–દ્રવ્યની વૃદ્ધિ રહેતી હતી.

નામદાર બ્રિટિશ સરકારના રાજ્યની શરૂઆતમાં ધંભિરાપટ્ટનમાં પ્રતાપસિંહ રાજા ગાદીપર હતા. ના. બ્રિટિશ સરકારને અરાજકર્તાના

ફેલાયલા પવનને શાન્ત કરવાના કાર્યમાં આ વીર પુરૂષે હિંમતથી મદદ કરી હતી. મદદના બદલામાં આ રાજ્ય–પ્રતાપસિંહનું રાજ્ય–મૈત્રિભાવથી ના. બ્રિટિશ સરકાર સાથે બંધાયુ હતું. ઇંગ્રેજી અધિકારીઓ જે જે પ્રતાપસિંહના સહવાસમાં આવ્યા હતા, તેઓ રાજાની વીરતા–શૌર્ય–બુદ્ધિથી આશ્ચર્ય ચકિત થયા હતા. સાર્વભૌમ સરકાર સાથે તેમણે–અને તેમના બાળકરાજાએ અદ્યાપિ એજ સ્નેહ ભાવ અખંડિત રાખ્યો હતો. પ્રતાપસિંહ સારી રીતે જાણતા કે રાજા રાજ્ય કરવા માટે સરજાયલા છે, પણ રાજા એજ પ્રજાનું તત્ત્વ છે. પ્રજાના સુખદુઃખમાં ભાગ લે તેજ રાજા. રાજા પ્રજા વચ્ચે એવોજ સ્નેહભાવ રહેતો. પ્રતાપસિંહ જ્યારે ધંભિરાપટ્ટન ઉજ્જવલ યશને વિજય ધ્વજાથી ફરકાવી રહ્યા હતા ત્યારે શહેરની અનેક પ્રવૃત્તિઓમાં આગળ ભાગ લેનાર વ્યક્તિઓ પોતાની વિમલ કિર્તિને પ્રસરાવી રહી હતી. આ બે વ્યકક્તિઓ પૈકી એકનું નામ **રામમોહનરાય** હતું.

ધંભિરાપટ્ટનમાં રામમોહનરામનું ઘર સુશોભિત હતું. અનેક પ્રકારના વૈભવો યુક્ત હતું. મોતીનો વહેપાર કરનાર આ ભાગ્યવાન્ પુરૂષને ત્યાં લક્ષ્મીનો વાસ હતો. દેશ પ્રદેશની મોટી વહેપારી પેઢીઓ સાથે તેમને સારો સંબંધ હતો. પેઢીના કાર્યવાહકો અને સ્વામીઓ ત્હેમના પ્રત્યે સ્નેહ ભાવથી જોતા. અનેક રાજ્ય–દરબારો–શેઠ–શાહુકારોમાં તેમજ વ્યાપારીઓમાં રામમોહનરાયનું નામ સુપ્રચલિત હતું. જેના જેના સંબંધમાં રામમોહનરાય આવતા, તેમની પ્રીતિ તેઓ સંપાદન કરી શકતા. સંસાર સુખમાં માંત્ર તેમને એક પુત્ર હતો. પુત્રનું નામ **રશ્મિકાન્ત** હતું. રશ્મિકાન્ત વીસેક વરસના થયા એટલે તેમનું લગ્ન **વિમલા** સાથે કરવામાં આવ્યું. ભાગ્યવશાત્ તેમની પચીશ વર્ષની વયે રામમોહનરાંય અને તેમની પત્ની સ્વર્ગવાસી થયાં. પિતાનો ધંધો ચલાલલાને રશ્મિકાન્ત બહાર પડયા. પિતાનો સ્નેહ પુત્ર પ્રાપ્ત કરી શકયો.

રશ્મિકાન્ત વિદ્યારસિક હતા. રંક પુરૂષો પ્રત્યે દયા ભાવથી જોતા હતા. કલાવાનોને કલાના ઉત્કર્ષ માટે આશ્રય આપતા હતા, દુઃખી પ્રત્યે વાત્સલ્ય ભાવથી જોતા હતા. સંસાર વ્યવહારમાં તેમની કાર્ય કુશળતાને લીધે સારી પ્રતિષ્ઠા હતી. રાજ્ય માટે સારૂં માન હતું. શહેર સુધરાઇ–વાણિજ્ય પ્રતિનિધિ મંડળ, દેશોત્કર્ષ મહાસભા–વિજ્ઞાન પ્રસારક મંડળ અને કારોબારી સભાના તેઓ સભ્ય હતા.

તેમની ઉચ્ચ પ્રતિભાસંપન્ન વિદ્વતાથી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં વિમલ યશને પ્રસરાવતા દેશના ઉત્કર્ષજનક ઉદાત્ત વિચારો પ્રસરાવતા. ત્હેમની ભાષા—અને વક્તૃત્વ શક્તિ ઉચ્ચ હતાં. તેમના ભવ્ય ઓજસમાં સર્વ અંજાતા. રશ્મિકાન્ત બહારની—સમાજની—ધંધાની પ્રવૃત્તિઓમાં આગેવાની ભર્યો ભાગ લેતા તેથી ઘર સંસારને ભૂલી જતા નહિ. વિમલાને પ્રસન્ન રાખવામાં, મળતો વખત પતિ પત્નીની વાર્તા—વિહારમાં અને કુટુંબના સુખ માટે તેમનું લક્ષ તિવ્ર રહેતું. જ્યારે સુખનો પ્રકાશિત સૂર્ય દિવસના મધ્યકાલે—મધ્યાન્હે પ્રકાશે છે ત્યારે સૂયની ભવ્યતા—અને તેજ સંપૂર્ણ કલાએ વિરાજે છે, તેમ રશ્મિકાન્ત પોતાની અનેક પ્રવૃતિઓમાં—માન—પ્રતિષ્ટામાં, સંપત્તિમાં અને કુટુંબ સુખમાં પ્રકાશતા હતા.

ભાગ્યની દિશા ઉચ્ચગામી થાય છે, ત્યારે સઘળું સાનુકૂલ થતું જાય છે. અસ્ત અને ઉદય એ બે કાળની વિક્રાળ પાંખો છે. કુદરતી પ્રભુત્વતાની એ દિવ્ય છાયા છે. માણસ માત્ર—વ્યક્તિ માત્ર કે દશ્ય વસ્તુ માત્ર કદાપિ એક સ્થિતિમાં સમાન રહી શકતી નથી. પ્રત્યેક જાતિ—વ્યક્તિની આ બે મહાન દશાઓ પ્રભુની—ઇશ્વિરીમાયાની લીલાઓ છે. રશ્મિકાન્તનો ભાનુ મધ્યાન્હે હતો. રામમોહનરાયે એ સુખની ઉચ્ચ જ્યોતિને પ્રાતઃકાલનો ઉદય પ્રભાવ આવ્યો હતો.

સાયંકાલ થવાની તૈયારી હતી. આખા દિવસના શ્રમથી કંટાળતા સૂર્યભગવાન અસ્તાચલના શિખર પર ઉતરી પડયા હતા. ધંધાર્થીઓ કાર્યથી નિવૃત્ત થતા સ્વગૃહોપ્રતિ આવવા વેગવાન્ બન્યા હતા. પશુ પક્ષિઓ કુટુંબ—બાલ બચ્ચાંને મળવા કાર્ય પ્રદેશમાંથી પાછાં વળ્યાં હતાં. આખા દિવસના થયેલા શ્રમથી—નિવૃત્ત થવા અર્થે શાન્તિ પ્રાપ્ત કરવા માટે વ્યકિત માત્ર સર્વ કોલાહલના મધ્ય બિંદુ રૂપ પોતાનાં ગૃહો પ્રતિ પ્રયાણ કરી ચૂકી હતી. આ સમયે રશ્મિકાન્તની વિકટોરીઆ મકાનના પ્રવેશદ્વારવાળા મૂખ્ય દરવાજાની આગળ આવી ઉભી રહી. દરવાજો સાચવનાર દરવાને ગૃહમણિને—રશ્મિકાન્તને સલામ ભરી. ગાડીવાળાએ રશ્મિકાન્તની બેઠકની સામી બાજુએ પડેલી બેગ અને કાગળીઆંની પોટકી લીધી એટલે રશ્મિકાન્ત ગાડીમાંથી નીચે ઉતર્યાં. વિમલા રશ્મિકાન્તની આવવાની રાહ જોતી, પુલકિત વદને, આછું આછું સ્મિત છાંટતા મૂખડે, આતુર ઇચ્છાએ, દર્શનની અપૂર્વ આશાએ મકાનના દ્વાર આગળ ઉભી હતી. ગાડી-

વાળા પાસેથી બેગ અને પોટકી લેઈ-તેને ગાડીની વ્યવસ્થા કરવાની સૂચના આપી, પોતે આગળ અને પતિ પાછળ એમ માલપર ચઢવાની નિસરણીનાં પગથિઆં એકપછી એક ચઢવા માંડયાં. મેડાપર ચઢી વિમલાએ પતિની આવેલી વસ્તુઓની યોગ્ય વ્યવસ્થા કરી. રશ્મિકાન્ત અંગ વસ્ત્રોને દૂર કરી દિવાનખાનાના મધ્ય ભાગે એક આરામ ખુરશીપર બેઠા. વિમલાએ ઇલેકટ્રીક ફેનને કળ દબાવી ચાલતો કર્યો. ખુરશીની પાસે વિમલા એક બાજુએ બેઠી. અર્ધો કલાક થયો ત્યાં સુધી રશ્મિકાન્ત બોલ્યા નહિ; તેમ પતિના પરિશ્રમને શાન્ત થવા અર્થે વિમલાએ ત્હેમને શ્રમ ન આપ્યો.

'વ્હાલા! આજે બહુ શ્રમિત થયા હો એમ જણાય છે! એવું તે આજે શું કામ હતું ? હમણાં હમણાંની પ્રવૃત્તિ બહુ વધી પડી છે ?' ઉત્સુક વૃત્તિથી વિમલાએ પૂછ્યું.

'હા- કાંઇક એમ તો છે. હમણાં આપણા ધંધાએ એક નવા માર્ગને જન્મ આપ્યો છે. એ માર્ગ આપણી સંપૂર્ણ ભાગ્યદશાનો ઉત્કર્ષ કાળ છે. મને લાગે છે કે અમેરિકા હાલ દ્રવ્ય પ્રાપ્તિના ઉચ્ચ શિખરે પ્રકાશે છે. આપણાં મોતીનાં સેમ્પલો—નમુનાઓ ત્યાં મોકલવામાં આવ્યાં છે; તે સ્વીકારાય તો આપણા ધંધાના વિસ્તારને નવું દ્વાર મળે અને એમાં અર્થ પ્રાપ્તિ સારી થાય.' રશ્મિકાન્તે અમેરિકાના ધંધામાં જ રમતી વૃત્તિઓથી કહ્યું.

'અમેરિકા એટલો બધો શ્રીમાન દેશ છે?' આતુરતાથી વિમલા બોલી.

'હા. અને ત્યાંનો વ્યાપાર—કલા કૌશલ્ય-વિજ્ઞાન-દ્રવ્ય સઘળું શ્રેષ્ટ છે. ત્યાંની કેળવણી, તે દેશનું જ્ઞાન, તેમનો સ્વાશ્રમ સઘળું અનુકરણ કરવા લાયક છે.'

'વ્હાલા! ત્યારે તમે તો એ દેશની વાત સરખીએ કેમ કરી નથી ?'

'નામદાર બ્રિટિશ સરકારની શાન્ત-શિતલ છાયા તળે આર્યાવર્ત્તનો દેશ પ્રદેશ સાથનો વ્યાપાર હમણાં જ સરળતાથી ચાલવા માંડયો, એટલે એ દેશની સાથે આર્યાવર્ત્તને બહુ સંબંધ નહોતો. જલ પરની સાર્વભૌમ સરકારની સંપૂર્ણ સત્તાને લીધે હાલ આપણા વ્યાપારીઓ એ દેશના ગાઢા પરિચયમાં આવવા મથે છે. કેટલાકોએ તો તે દેશની સાથે સંબંધ પણ બાંધી દીધો છે.'

'ત્યારે અમેરિકનો સુખી તો ખરા ?'

'હા ! એમની શ્રીમંતાઇની તો વાત કરવાની જ નથી. ત્યાંના એક શ્રીમંત પાસે તો એટલું બધું દ્રવ્ય છે કે બસેં ત્રણસેં માણસો છ મહિના સુધી માત્ર રોકડ રકમ તપાસવાને બેસાર્યા, તો પણ એ શ્રીમંત પુરૂષની રોકડ રકમ તપાસી શકયા નહિ. ત્યાંની સ્ત્રીઓ પણ સધન છે.'

'આપણો દેશ અમેરિકાની હરીફાઇ કરી શકે નહિ ?

'કરી શકે. આપણામાં ત્હેમના જેવી શક્તિ આવે તો કરી શકે.'

'ત્યારે એ ખામીઓને સુધારવા આગ્રે પ્રયત્ન કેમ નથી કરતા?'

'આપણો દેશ તેમના કરતાં પણ વધારે શ્રીમાન હતો અમેરિકાનો પૂર્વ ઇતિહાસ જોઇયે તો તે દેશના પુરુષો વસ્ત્રો પરિધાન કરવાનું પણ પ્રાપ્ત કરી શકતા નહોતા. જંગલી-જડ—નિરાધારી—નિરૂત્સાહી—નિર્વિર્યવાળા હતા. જેમ જેમ સુધારા વધારા થતા ગયા તેમ તેમ તેઓ વખતને માન આપતા ગયા. તેમનામાં સ્વાશ્રમાવલંબનનું સ્ફુરણ થયું જે જડ ગુણો હતા તે શનેઃ શનેઃ નિસ્તેજ થતા ગયા તેના બદલે ચૈતન્ય- ઉત્સાહ—વેગ—શ્રદ્ધા અને ધૈર્ય દાખલ થયાં. વિદ્યાકળાનો પ્રચાર થયો. વિજ્ઞાનશાસ્ત્રપ્રતિ અભિરૂચી થઇ. લોકોએ આ ગુણોને કેળવવા માંડ્યા. લોક કલ્યાણના અનેક માર્ગો ત્યાં ઘડાયા—સ્વીકારાયા—અને અમલમાં આવ્યા. સહકારીતત્ત્વ દાખલ થયું. પછાત વર્ગોને આગળ લાવવાની લાલસા શ્રીમંતોને થઈ. હુન્નર ઉદ્યોગ ખિલવા લાગ્યા. સ્થળે સ્થળે ધંધાના—જ્ઞાનના વિકાસ માટે પુસ્તકાલયો અને સસ્તા ગ્રન્થપ્રચારો થવા માંડયા. જેમ જેમ તેમને લાભ મળતો ગયો તેમ તેમ તેઓ કાર્યમાં ઉત્સાહ—શ્રદ્ધા ને પુરૂષ પ્રયત્નથી આગળ ને આગળ આવતા ગયા શ્રીમંતોએ ધંધાની હરીફાઇ માટે મ્હોટાં ભંડોળ બનાવ્યાં. નવિ શોધો પાછળ હજારો પૈસાની આહુતિઓ અપાવા માંડી દેશ પ્રદેશની ઉત્તમ કારિગિરી કલા કૌશલ્ય—વિદ્યાનાં કાર્યાલયો સ્થપાયાં. અધ્યયન થવા માંડયા. અધ્યાપકો એ એ સંવર્ધન કાળમાં ઉત્સાહ ધરી નવિન શુભ બિજકો રોપવાના કાર્યમાં જલ સિંચવા માંડયું. આ સર્વ પ્રયત્નોએ કરીને હાલ દુનિયામાં શ્રીમંત ગણાતા દેશોમાં તે સર્વોપરી થયો.'

આર્યાવર્ત્તની એવી દશાની આશા ક્યારે રખાય ?' દેશપ્રતિ અભિમાન પ્રકટાવી વિમલાએ પૂછ્યું.

"આપણામાં સર્વથી પ્રથમ અને શ્રેષ્ટ ગુણ "ઐક્ય" હોવાની ખાસ અગત્ય છે. સહકારીતત્ત્વ દાખલ થાય કે બીજા અનેક ગુણો એની મેળે પ્રકટ થાય. આપણા એ સહકારી તત્ત્વમાં આર્યો અનેક વિઘ્નો નાંખે છે. 'ઇર્ષા'—'તેજદ્દેષ'—'નિર્માલ્યત્વ' આપણા ઉત્કર્ષને રાત્રિ દિવસ વિનાશ કરનાર મૂખ્ય દોષો છે. એ દોષો નિવારણ કરવા જેટલી શક્તિ આર્યોએ ખોઇ છે. આપણા શ્રીમંતો દ્રવ્ય સંગ્રહ કરવાનું સમજ્યા છે. તેમનામાં કર કસર કરતાં કંજુસાઇનું સત્ત્વ વધારે દાખલ થયું છે. આપણામાં કલા છે પણ કલાપોષક કોઇ નથી. આપણામાં ઉત્સાહ—વેગ—શ્રદ્ધા અને પુરૂષાર્થ છે. પણ તેમની એ ઉદય પાંખોને કાતરનાર હજારો વિરોધી દુર્ગુણો ખડા છે. આપણામાં સહકાની ક્ષેત્રો નથી. કલા પોષણ માટે ભંડોળો નથી. વિદ્યાવૃદ્ધિ માટે સાધનો નથી. ઉત્કર્ષ માટે સપ નથી. સંવર્ધન માટે ઉદાત્ત ગુણો નથી. શ્રદ્ધા—વિદ્યા અને વિર્યનો વિકાસ નથી. આત્માની શક્તિપર અનુરાગ નથી. પતંગિઆ માફક સંહારક શક્તિમાં પડવાનો એક અધમ દુર્ગુણ આર્યોમાં માત્ર વિકાસે છે. આ દુર્ગુણ સઘળા સદ્ગુણોને ખાઇ જાય છે. અવલોકન—વિચારક—શક્તિ શિવાય ખાલી તેજમાં ઝંપલાઇ પડવાનું અનુકરણ કરવાની અનિર્વાર્ય દુઃશક્તિ દાખલ થઇ છે. આ દશામાં આર્યોનો ઉદ્ધાર શી રીતે થઇ શકે ?"

'ત્યારે આપણા દેશમાં શું એકેય સદ્ગુણ નથી ?' દેશની પડતીનાં દુઃખો સ્વપતિ મૂખે સાંભળી દયાર્દ્રભાવે વિમલાએ પૂછ્યું.

'છે. ઘણાય સદ્ગુણો છે. આપણામાં એ સદ્ગુણોના પ્રતાપે જ વિમલ યશભાનુ પ્રકાશતો હતો. એ ભાનુના અપૂર્વ પ્રકાશમાં જ દેશ પ્રદેશના લોકો આ તરફ આકર્ષાયા. આપણામાં સ્નેહ હતો—રાગ હતો—શક્તિ હતી—વિર્ય હતું—ઉત્સાહ હતો—શ્રદ્ધા હતી—સાહસ હતું—શૌર્ય હતું—જ્ઞાન હતું—સઘળું હતું. અનેક સ્વારીઓના પરિક્રમણે કરીને આ શ્રેયઃ સદ્ગુણોપર આવરણ ફરી વળ્યું છે, એ આવરણને વિદારવાની શક્તિ આર્યોમાં આવે ત્યારે એ અચેતન પડી રહેલી શક્તિઓ વીર્યવતી થાય.'

'એ શક્તિઓ જાગૃત કરવાને આપણને શાની જરૂર છે ?'

'ખાલી સુધારાને તોડવાની, મોહકતાને નષ્ટ કરવાની, ખોટી કીર્તિને તુચ્છકારવાની શક્તિ આર્યોમાં આવે; તેમનાં બાલકો કેળવણી લેતાં અભિરૂચી ધરાવે, શ્રીમંતોની લક્ષ્મી દેશની ઉદય કલાનાં સૂત્રો શિખવાને ખર્ચાય. કલાવાનોને કલા પોષકો મળે; અરસપરસ ભ્રાતૃભાવ થાય, સંસારને નિર્વિર્ય કરનાર બાળ લગ્નો દૂર થાય; સ્ત્રીઓ—બાળાઓ—કેળવાયેલી, ગૃહકાર્યમાં દક્ષ, પતિ પ્રત્યે અનુરાગવાળી થાય, સંતાનોને સદ્‌ગુણ સંપન્ન કરવાની અમોઘ કળા જાણવાનું શીખે, દેશને નિર્ધન કરનાર ખોટી ટાપટીપવાળા વૈભવને ત્યજે અને 'આર્ય માતાઓ જ ખરેખર આર્યાવર્ત્તનો ઉદય કરનાર વીર પુત્રોને જન્મ આપનાર જનેતાઓ' થાય ત્યારે જ આર્યાવર્ત્તનો ઉદય પાસે ને પાસે આવતો જાય છે એમ સમજાય. જે જાતિએ પોતાનો ઉદય કર્યો નથી, જે પુરૂષે પોતાનું કલ્યાણ કર્યું નથી, જે વ્યક્તિ પોતે શ્રીમંત બની નથી, એ અન્યને શું સુખ આપી શકે? આપણામાં ઐક્ય ભ્રાતૃભાવ— સહકારીત્વ દાખલ થાય એટલે શ્રદ્ધા—વેગ—ઉત્સાહને પુરૂષાર્થ આકર્ષાઇ આવશે એ નિઃસંદેહ છે.'

પતિપત્ની દેશના ઉત્કર્ષનાં સૂત્રો પ્રતિ દૃષ્ટિપાત કરી રહ્યાં છે; એવામાં ઘંટડી વાગી, અને હુકમ મળવાથી નોકર એક વર્તમાનપત્ર અને પાંચપચીસેક કાગળો લાવી ટેબલપર મૂકી ગયો. વિમલા પતિ માટે થોડું ઉકાળેલું દૂધ અને સુકાં ફળો લેવા માટે નીચે ઉતરી. અર્ધા કલાકે સઘળું સાહિત્ય લેઈ વિમળા પતિ સન્મુખ આવી ઉભી રહી. રશ્મિકાન્ત પત્રોને ઉતાવળથી વાંચી એક બીડેલા પરબીડીયાને પરિચિત અક્ષરો જણાવાથી ઉતાવળથી ફોડી વાંચવા લાગ્યો. વાંચતાં તેના મુખપર અનેક વિચારોની સંક્રાન્તિ થતી જણાવા લાગી. પત્ર અર્ધો થયો એટલામાં મોટેથી હસી જવાયું. પત્ર પુરે પૂરો વાંચી, ઉદયજ્યોતિનાં દર્શન કરી, પત્ર સાથે લેઇ પલંગ પાસે આવ્યો, બેઠો, અને વિચારમાં ને વિચારમાં, ઉત્સાહ સહ ઉશિકા તરફ શિર ટેકવી સહે જ લાંબો થયો. પત્ર પૂરો વાંચ્યો. પુનઃ પુનઃ તે પર દૃષ્ટિપાત કર્યો. હૃદય હર્ષમાં ઉભરાઇ જતું હતું. ઉર્મિઓ આશામાં ભિંજાઇ ગઈ હતી. ચક્ષુ ઉદય દર્શન જોઇ રહ્યાં હતાં. આવેશમા ને આવેશમાં સુખ દ્વારથી હૃદયના ઉદ્‌ગારો બહાર નીકળ્યા.

'પ્રભુ! શા ઉપકાર ધરૂં હૃદયે,
'તુજ દૃષ્ટિ અમિની ઝરે ઉપરે;

‘ પ્રભુ ! શી વિધ પ્રણુતિ અર્પું અરે !
‘ તવ રંક શિશુ શિર સ્નેહ ઝરે !
‘ તુ જ માર્ગ ગહન નવ જાણી શકું,
‘ વિધિ ભાગ્ય ગતિ નવ દેખી શકું,
‘ પણ તેપર જ્યોતિ પ્રભુની વહે;
‘ અભિલાષ પુરે, ફ્લ પકવ થયે.

‘ લક્ષ્મી એ ઇશ્વરી માયા, માતા સઉ આર્યો તણી,
‘ વસે, પુણ્યાળુ દેવો જ્યાં, પામે છે ઇશ આશિષો.’

પતિની પ્રસન્ન મુદ્રાને નિહાળતી, તેમના ગાનની છેલ્લી કવિતાને સાંભળી હૃદયમાં ઉત્સાહ ધરતી, આશાના અંકૂરોને સ્નેહવારિ સિંચતી રશ્મિકાન્તની હૃદયેશ્વરી હસ્તમાં જઠર તૃપ્તિનાં સૂક્ષ્મ સાધનોથી ભરેલા થાળને ગ્રહી પલંગ પાસે આવી ઉભી.

‘ પ્રભુ ! શું છે ? ’ આશ્ચર્ય ચકિત થતી યુવતિએ પૂછ્યું.

‘ જ્યાં મહાન્ ઇશની દયા છે ત્યાં સર્વ વાતે અનુકૂલતા થાય છે. પ્રભુની કૃપાથી તારા જેવી મનોહારિણી, દાન્ત, શાન્ત, સ્વરૂપ સુંદર સ્ત્રીને મેળવવા ભાગ્યશાળી થયો; એ ઇશ્વરની પ્રભૂતામાં મ્હારો સુખેન્દુ શિતલ રશ્મિથી હૃદયને તૃપ્ત કરવા લાગ્યો; અને એ જ પ્રભુની મનહદ્દ કૃપાએ ધારેલા માર્ગમાં વિજય મળ્યો.’

‘ હેં ? ’ આતુર ઇચ્છાથી વિમલાએ પૂછ્યું.

‘ હા ! આ, પત્ર આપણુને વહેપારમાં યશ અપાવનાર **મિ. વિલિયમનો** આવ્યો છે. તેમાં જણાવે છે કે, તમારાં મોકલેલાં મોતી અહીંના બજાર ભાવથી વેચવામાં આવ્યાં છે. તેમાં ખર્ચ કાઢતાં આપણુને ત્રણ—ચાર લાખ રૂપિઆ મળવા સંભવ છે. તમારા મોકલાવેલાં મોતીની અહીંના બજારમાં સારી કિમત અંકાઇ છે; અને પ્રતિષ્ટા બંધાઇ છે. અહીંના વહેપારીઓ બીજો માલ ખરિદવાની આશા રાખે છે, માટે સારા મોટા જથામાં બીજો માલ મોકલી આપો.’

‘ હા ! પ્રભુની કૃપા છે ત્યાં લક્ષ્મીનો વાસો છે.’ આનંદમાં આવતાં વિમલાએ કહ્યું.

‘ અને દેવિનો સ્નેહ છે, ત્યાં દેવનો વાસ છે.’ અંતગના હર્ષને ઉમળકામાં બહાર કાઢી, દેવિના થાળને ટેબલપર મુકી, સ્નેહાલિંગન

કરતાં એક પ્રેમ ભર્યું મિઠું ચુંબન લેઇ વિરામાસનપરે રશ્મિ-કાન્ત બેઠો.

સંસાર—વ્યવહારના આપ્તજનોના—સ્નેહિઓના પત્ર એક પછી એક દૂધ વગેરેને ઇન્સાફ આપી રશ્મિકાન્ત વાંચતો ગયો. અને વિમલા સાંભળતી ગઇ. સર્વ પત્રોનો અંત આવ્યો. રશ્મિકાન્તે વિમલાને કહ્યું કે 'આજના પેપરમાં શું નવિનતા છે તે લગાર ઉપર ટપકે વાંચી જાઓ તો ?' વિમલાએ **ધાંભરા ગેઝેટ** નામક પત્રને હાથમાં લીધું અને ઉપર ઉપરના જાણુવા લાયક બનાવો રશ્મિકાન્ત આગળ વાંચી બતાવ્યા. 'દેશ પ્રદેશ' નામક શિર્ષથી મોટા ટાઇપે છાપેલા એક લેખ પર તેની દૃષ્ટિ ગઇ. ઉતાવળથી તે અક્ષરો મનમાં ને મનમાં હર્ષ ભેર વાંચી ગઇ. વાંચી રહ્યા પછી રશ્મિકાન્તને કહ્યું. 'લ્યો ! ત્યારે એક હકીકત હું કહું, અને તમો મને ઇનામ આપો.

'શું હકીકત છે ?' રશ્મિકાન્તે પૂછ્યું.

'જે છે તે છે. ઇનામની શરત કરો ત્યારે કહેવાય ?' વિમ-લાએ જણાવ્યું.

'પણ જાણ્યા સિવાય ઇનામ શું ?'

'ત્યારે ખરી ખુબી—મહત્વતા તો એમાં જ છે ને ?' સ્મિત ફરકાવતી વિમલાએ કહ્યું.

'પણ વાંચો તો ખરાં ?'

'ના. એ, એમ નહિ વંચાય. પહેલી શરત, પછી વાંચવાનું.'

'પણ પહેલો પુરૂષાર્થ કે ફળ ?'

'એ તત્ત્વજ્ઞાન મારે નથી જોઇતું.'

'આશા શિવાયની ઉર્મિ શા કામની ?'

'આશા હોય, ફળ હોય, સર્વ સ્વાર્થ હોય ત્યારે ઇનામની અભિલાષ રખાયને ?'

'હવે, એ વિનોદ જવા દેઇ જે અર્થ છે તે સાધોને ?'

'એ સાધવાનું પછી, પહેલું ઇનામ.'

'ઠીક. ત્યારે કબુલ. ચાલો વાંચો.'

'એ નહિ ગણાય. ખુશખબરનુ ઇનામ શું ?'

'એક સ્નેહ ભર્યું......' ઓષ્ટ ચિન્હ કરતાં મૂખભાવ દર્શાવી રશ્મિકાન્તે કહ્યું.

વિમલા હસી પડી. ગંભિરાગેઝેટમાંથી વાંચવાનો વિષય આરંભ્યો. તેમાં મ્હોટા અક્ષરે છાપ્યું હતું કે;—આપણા એક તરૂણ વ્યાપારીનું સાહસ અને જય—રૂટર કંપની—રશ્મિકાન્તે મિ. વિલિયમની ઇચ્છાથી જોખમ ખેડીને વ્યાપારી દિશામાં નવિન માર્ગ ગ્રહણ કર્યો હતો, ત્યાં અહીંના માલની થયેલી પ્રશંસા—અને ત્યાંના વ્યાપારીઓની માલ ખરિદવા થયેલી તાલાવેલી–વગેરે હકીકત એમાં જણાવેલી હતી; અને તારનો વિષય પૂરો કર્યા પછી એડીટરે તે પર લખેલો રિવ્યુ—અવલોકન હતું. વિમલાએ રશ્મિકાન્તને તે સઘળું વાંચી સંભળાવ્યું. બન્ને પતિ–પત્ની આનંદમાં ગરકાવ થયાં. એ જય પ્રભુની અપૂર્વ વાત્સલ્યતાનું દર્શન છે, ધારી ઉપકાર વશ થયાં. અન્ય વાર્તા વિનોદ કરી આ સુખી દંપતિ ગૃહ કાર્ય પરવારી વિરામ પામ્યાં.

અમેરિકા સાથેના વ્યાપારે રશ્મિકાન્ત સારૂં દ્રવ્ય પ્રાપ્ત કરી શક્યા. તેઓ દ્રવ્ય પ્રાપ્તિમાંજ સંતોષ નહોતા માનતા, પણ સ્વાર્થ સાથે પરમાર્થ પ્રતિ સારી અભિરૂચી રાખતા હતા. પિતાના નામનું એક વિશાળ મકાન બંધાવ્યું, અને પથિકોને–મુસાફરોને રહેવા–ખાવાની સગવડ કરી આપી. માતાના નામનું એક વિશાલ 'સંત વિરામગૃહ ' બંધાવ્યું. આ શિવાય ગંભિરાપટ્ટનમાં રાજ્યની પરવાનગીથી શહેરીઓ માટે વિશાળ–ભવ્ય બાગ બનાવ્યો. એક પાઠશાળા પોતાને ખર્ચે કાઢી, અને તે કાયમની રહી શકે એટલા માટે વ્યાજનું ઉત્પન્ન ખર્ચ નભાવી શકે તેટલું દ્રવ્ય સરકારની બાંહ્યધરી તળે મૂક્યું.

વિમલા સગર્ભવતી થઇ. રશ્મિકાન્તના સંપૂર્ણ સુખમાં માત્ર સંતાનનીજ મોટી ખોટ હતી. પ્રભુ કૃપાએ એ દિવસ પાસે આવવા લાગ્યો. વિમલા ગર્ભમાં શુભ સંસ્કારો થવા માટે શું શું ઉપાયો કરવા જોઇયે, અને આહાર વિહાર માટે શુદ્ધ સાત્વિક પાદાર્થોનું ભોજન કરવું જોઇયે, વગેરે બાબતો લક્ષપૂર્વક સમજી પાળતી હતી. શારીરિક વ્યાપાયામ, નિયમસર ભોજન અને ઉત્તમ ગ્રન્થોનું શ્રવણ–મનન શ્રદ્ધાપૂર્વક કરતી હતી. પૂરા દિવસે તેને એક પુત્ર રત્ન પ્રાપ્ત થયું. રશ્મિકાન્તના આનન્દનો પાર રહ્યો નહિ. તે દિવસે વ્યાપારી પેઢીના તમામ માણસોને બોલાવી સ્વગૃહે વિધિપૂર્વક જમાડી સંતોષ્યા. બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. અતિથી—અભ્યાગત અને સંત સાધુને

સંત વિરામગૃહમાં ભોજન કરાવી જમાડ્યા. આ દિવસે પુત્રના ભાવિ-શ્રેયઃ નિમિત્તે દસ હજાર રૂપીઆની એક રકમ 'પ્રસૂતા ગૃહ' બંધાવવાને આપી બીજાં ન્હાનાં મોટાં અશ્રયોને યથાયોગ્ય મદદ કરી.

પુત્રનું નામ '**દિવ્યજ્યોતિ**' પાડવામાં આવ્યું. માતા પુત્રને જોઇ આનંદ મગ્ન થતી. પુત્રની કાન્તિ અનુપમ હતી. દિવસે દિવસે તેનું વય વધવાની સાથે શારીરિક અવયવો પણ વૃદ્ધિગત થતા ચાલ્યા. સંસારના પ્રપંચ ભરેલા જીવનથી નિર્લેપ આ બાળ સ્વરૂપની સુંદરતા મોહક હતી. તેના ભવ્ય લલાટપર ભાવિ તેજની અનુપમ જ્યોતિ અસ્ખલિત્ પ્રકાશતી હતી. તેના મુખપર બાલ હાસ્ય રમણ કરતું હતું. તેની આંખ્યો સ્નેહ—અમિ વૃષ્ટિ વરસાવતી હતી. તેનુ સર્વાંશે સુંદર દૃઢ શરીર ઉત્તમ પ્રકારે શોભાતું હતું.

રશ્મિકાન્તે પેઢીની રક્ષા વધારી દીધી હતી, તેમની પેઢીમાં સંપૂર્ણ દેખરેખ રાખનાર એક અધ્યક્ષ હતો, અને તેના હાથ તળે ત્રણ માણસો કામ કરતા. પ્રદેશ—દેશ સાથેના વ્યાપારનો હીસાબ—પત્રો અને તેના ઉત્તરો—હમેશાની આવક જાવક વગેરે કાર્ય આ માણસોને કરવું પડતું. ધંધાના માટે મોટી મોટી પેઢીઓ સાથે સબંધ હતો. આ પેઢીઓમાં પોતાના તરફનું એક માણસ રહેતું, અને માલની ખરિદી વગેરે એનેજ કરવું પડતું. મોતી સાફ કરવાની દુકાન—આફીસ પણ પોતાની જ પેઢીમાં રાખેલી હતી. ત્યાં નાના મોટા મળી ત્રીસેક માણસો કામ કરતા; અને એ માણસોપર દેખ રાખવાને એક મેનેજરને નીમ્યો હતો. આ સઘળા તંત્રપર રશ્મિકાન્ત જાતે નજર રાખતા, હિસાબ મેળવતા, મોતીની ખરીદી, વેચાણ કરવા હુકમ આપતા ને વખત થયે શીલ—શીક્કા કરી ઘેર જતા.

પ્રકરણ ૬ ઠું.

મોહિનીની દૃઢ પ્રતિજ્ઞા.

'મોહિની! ગઇ કાલે કેમ નહોતાં આવ્યાં ?'

'જ્યોતિ ! પિતાજી બહાર ગામ ગયા હતા તે આજેજ આવ્યા.'

'મોહિની! તમારા શિવાય મને ક્યાંહી—આનંદ કે શાન્તિ મળતી નથી.'

'અને તમારા શિવાય મને ગમતું હશે ખરૂં કે ?'

'કાલે તો પિતાજી અને વિમલાબા મને બહુ જ ખીજ્યાં.'

'કેમ ?'

'ઉદાસીનતા માટે.'

'શાની ઉદાસીનતા ?'

'કાલે સારો સારો મેવો આપ્યો હતો. પિતાજી બજારમાંથી દોડતો ઘોડો, ચાલતી રેલ્વેગાડી, સીસોટી મારતી મોટર અને એવી એવી સારી વસ્તુઓ લાવ્યા હતા, પણ ને કશાયપર મારૂં મન ઠરતું નહોતું. વિમલાબા તો જુદી જુદી જાતની ભોજનવાનીઓ પ્રત્યે મોહ પ્રકટાવતાં હતાં, પરંતુ એમાંની એકે વસ્તુપર સ્વાદ નહેતો થતો. માળી મને ઉદ્યાનમાં તેડી ગયો, પરંતુ એ પુષ્પો છોડવાઓ, લતાઓ કે વૃક્ષો કે કદળી સ્થંભોને જોઇ મને યત્કિંચિત્ આનંદ ન થયો. અને ખરૂં કહું તો મોહિની, તારા દર્શન શિવાય, તારી ગમત્ત શિવાય તારી રમત શિવાય, કે તારા શબ્દ શિવાય એ સઘળું મને નિરસ લાગ્યું. એ વસ્તુઓમાંથી તારી મોહિની સત્તાનો નાશ થયેલો જણાયો. જેમ વૃક્ષોનાં પુષ્પ પત્રો ખરી પડતાં તેમનું સ્વરૂપ કદરૂપુ ને કઠોર જણાય છે, જેમ લીલોતરીથી રળીયામણી પૃથ્વી દેવીનું મનોહારિત્વ જતું રહેતાં કર્કશ અને રૂક્ષતા જણાય છે, જેમ ફલમાંથી રસ જતો રહેતાં નિઃસત્વરૂપ દેખાય છે, તેમ એ સર્વ વસ્તુનું મનહરણીય આકર્ષણ તારી કાન્તિ શિવાય નિર્માલ્ય જણાયું. મોહિની! હું ખરેખરૂં કહું તો તમારા શિવાય મને કયાંઇ પણ સુખ—સંતોષ કે આનંદ થતો નથી.'

'જ્યોતિ, વ્હાલા જ્યોતિ! અમિરસને ગાઢ અંધકારવાળી

ઓરડીમાં ભરી રાખ્યો હોય, રત્નો—હિરા—માણિક્યને ધુળ તળે સંતાડી રાખ્યાં હોય, દ્રવ્યથી ભરેલા ખજાનાને પૃથ્વી પટમાં સમાવી દીધો હોય. રસ સુંદરતા—મોહકતા અને સ્વરૂપતત્ત્વ આપની સત્તાનો આવિર્ભાવ ન હોય તો એનુ જ્ઞાન—એનું પ્રામ સુખી શી રીતે મળી શકે? જે જે વસ્તુમાં રસ—પ્રફુલતા અને પરિપક્વતા આવે છે, તે તે વસ્તુને સ્થિતિમાં ઉત્ક્રમણ-સવર્ધન કરનાર જ્યોતિ—પ્રકાશ કે જ્ઞાન ન હોય તો એનું પ્રકાશન ક્યાંથી થઈ શકે?

'ત્યારે વસ્તુ માત્ર પ્રત્યે આકર્ષણુ કરાવનાર એ મોહિની ખરી કની?'

'હા અને એ મોહિનીને બળ આપનાર, તેના ગર્ભાગારે રહેનાર જ્યોતિ એ પણ ખરૂં કે નહિ?'

આમ વાર્તાવિનોદ કરતાં બન્ને બાળકો હસી પડયાં. દિવ્યજ્યોતિ અને મોહની બને ત્યાં સુધી એકમેકને જોયા શિવાય—મળ્યા શિવાય કે હાસ્યજનક વાર્તા કે રમત રમ્યા શિવાય રહેતાં નહિ. રશ્મિકાન્તને મળવા આવનાર આ કન્યકાના પિતા અને રશ્મિકાન્ત પ્રસંગોપાત્ આ બાળકોની નિર્દોષ રમત જોતા, અને બન્ને વચ્ચે, વહન થતા નિર્દોષ સ્નેહને જોઈ આનંદ પામતા.

સ્નેહ એ ઇશ્વરી બક્ષિસ છે. તે યોગ્ય પાત્રો મળતાં સ્વયંભૂ પ્રકટે છે. સ્નેહનાં પાત્રો તેને ગમે તે સ્થળેથી પણ શોધી કાઢે છે. સ્નેહની વ્યાપકતા—ભવ્યતા અપરિસીમ છે. જેમાં સ્નેહ વસે છે, જે હૃદયોમાં સ્નેહનાં તરંગો ઉછળે છે તે સ્થળ અને હૃદયમાં પરમાત્માનો વાસ હોય છે. સ્નેહ શિવાયનું સંમેલન, સ્નેહ શિવાયનો સત્કાર, સ્નેહ વિનાનું આતિથ્ય, સ્નેહ વગરનો વાર્તાવિનોદ, સ્નેહ શિવાયની રમત ગમ્મત, સ્નેહ વગરનો સંબંધ—સ્નેહ શિવાયની મૈત્રિ અર્થ વગરની અને અનર્થ કર છે. સ્નેહ અમૃત રસ છે. પશુ—પક્ષિ—મનુષ્ય, પ્રાણિ માત્રમાં—વનસ્પતિ જીવનમાં કે કુદરતની મહાન શોભામાં આ સત્તા જીવનબળને પુષ્ટિ—પ્રોત્સાહન આપે છે:

દિવ્યજ્યોતિનો આજે જન્મદિવસ હતો. રશ્મિકાન્તની ચઢતી સ્થિતિ અને સંવર્ધન થતી લક્ષ્મીના યોગમાં એકના એક પુત્ર પ્રત્યે પ્રત્યેકને પ્રેમ હોય એ સ્વાભાવિક છે. કાંઇક નવા સંસ્કારો, અને કાંઇક સુધારાના પ્રતાપે રશ્મિકાન્તે આજે નિવાસ સ્થાનને અપુર્વ શ-

ણુગાર્યું હતું. અધિકારી અને સંભાવિત ગ્રહસ્થો માટે ચા પાણીનો મેળાવડો કરવાનું ઠરાવ્યું હતું અને સ્નેહિ તેમજ કુટુંબી વર્ગને ભોજન આપવાનું નિર્ણિત થયું હતું. ચાર વાગ્યા પછી પ્રતિષ્ઠિત પુરૂષો આવતા શરૂ થયા. ત્હેમને સ્વાગત્ આપવાને દરવાજાપર સુંદર વાજિંત્રોની ગોઠવણુ કરી હતી. ઉદ્યાનવાળા ચોગાનમાં સુંદર તમ્બુ ગોઠવ્યો હતો. તમ્બુના પ્રવેશ દ્વારે વેલનાં કુંડાં ગોઠવવામાં આવ્યાં હતાં. તંબુની અંદર સગવડવાળા સ્થળે ન્હાના ન્હાના છોડવાનાં કુંડાં ગોઠવેલાં હતાં. તંબુ અંદર બેસવા માટે ટેબલ ખુરશીની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ચા પાણીની ગોઠવણુ સાથે ગાનતાનનો ક્રમ પણ ઠરાવેલો હતો. સુંદર મધુર ને મોહક સ્વરો દિલરૂબા– સતાર ને વિણામાંથી નિકળી રંજન કરતા અદ્દસ્ય થતા હતા. આવનાર ગૃહસ્થોને માન આપવાને રશ્મિકાન્ત તમ્બુના પ્રવેશ દ્વાર આગળ સજ્જીત થઇ ઉભા હતા. હસ્ત મેલાપ કરી આવનારને તેઓ નિર્ણિત આસને બેસાડતા હતા. સર્વ ગૃહસ્થો આવી રહ્યા પછી રશ્મિકાન્તે પોતાની જગ્યા લીધી.

સ્વાગત્ મંડપમાં ગાનારની વાણિ અને સરોદાના સ્વરો એકરૂપ થતાં શ્રોતાઓને આહ્લાદ આપી રહ્યા હતા, તે સમયે બાળક દિવ્યજ્યોતિ અને વિનોદરાયની પુત્રી રમતાં રમતાં લતાકુંજ આગળના એક બાંકડાપર બેઠાં બેઠાં કાંઇક જુદોજ રસ જમાવતાં હતાં.

'દિવ્યજ્યોતિ ! મને તમારી સાથે રહેવું બહુજ પસંદ પડે છે.'

'પણ એ સહવાસ હવે થોડા માટેજ.'

'એમ કેમ ?' આ પ્રશ્ન પૂછતાં અને દિવ્યજ્યોતિનો ઉત્તર નિકળતાં બાળાના મનમાં અનેક સંકલ્પ વિકલ્પો થવા મંડયા. દિવ્યજ્યોતિ આ શું કહે છે તે બાળાથી સમજી શકાયું નહિ. તેની પ્રસન્ન મુદ્રાપર શોકનું આછું વાદળ છવાઈ ગયું. 'જ્યોતિ આ શું કહે છે ? સહવાસ થોડા માટે એનો મર્મ શો ? કેમ મારી સાથે તેમને નહિ ગમતું હોય ? શું મારામાં કાંઇ દોષ હશે ? મારા વર્તનમાં કાંઇ ફેરફાર થયો હશે ? આમ અનેક વિચારો મગજમાં ઉભરાયા.

'મોહિની ! તમારૂં મુખ કમલ કેમ મ્લાન થયું ?'

'આપ શું કહો છો તે હું સમજી શકતી નથી.'

'મોહિની ! આપણો અત્યાર સુધીનો આનંદમગ્ન સમય અને રમતગમતનો બાળપણનાં હતાં.'

'અને હવે.'

'હવે, આપણી સ્થિતિને બળ વધવાની સાથે સ્નેહ અને ગમતનો અંત આવશે.'

'કેમ?'

'લોકચર્ચા અને માતા પિતાની આજ્ઞા.'

'લોકચર્ચા શું કરશે?'

'એક એવો નિયમ છે કે ન્હાનાં બાળકો ગમે ત્યાં ગમે તેવી સ્થિતિમાં મળે છે, હરે છે, ફરે છે, રમે છે; પણ વય વધતાં અને બાલકાળનો અંત આવતાં એ સ્થિતિનું પરિવર્તન થાય છે; છતાં એવો સહવાસ રાખનારની લોક મશ્કરી કરે છે.'

'ઠીક. હું નહોતી ધારતી કે જ્યોતિને દબાવનાર તિમિર ઘન વાદલ જગતમાં અસ્તિત્વ હશે.' કાંઇક કઠોરતા સહ બાળાએ કહ્યું.

'લોક ટિકા સાથે માતા પિતા પણ એ સહવાસને ગ્રોગ્ય નહિ ગણે.'

'માતા પિતા બાળકોના સ્નેહ ધર્મમાં આઘાત કરી શકે ખરાં?'

'હા.'

'ત્યારે હું પિતાજીને કહીશ કે એમાં તમારું ધાર્યું નહિ થવા દેઉં.' આમ કહેતી મોહિની દિવ્યજ્યોતિના કંઠે એ હસ્તની સાંકળી કરી વળગી રહી.

'અને તમારી યાચના છતાં એ આજ્ઞા કરશે તો?'

'જ્યોતિ શિવાય મોહિની કદાપિ રહી શકેજ નહિ.'

'મોહિની, આવું વ્રત ક્યાં સુધી પળાશે?'

'અંતસુધી.'

'અંતસુધીનો શબ્દ નિકળતાં દિવ્યજ્યોતિ ચમક્યો—સ્વસ્થ થયો. મોહિની આ શું કહે છે તે સમજી શક્યો નહિ. અંતસુધી નિર્દોષ બાલ-સ્નેહ શી રીતે ટકી શકે? આ વિચાર આવતાં ભવિષ્ય ચિત્ર ખડું થયું. બાલ્યકાળ પછી મનુષ્યને કેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે એ જાણી કંપ્યો.

'દિવ્યજ્યોતિ! તમારા શરીરમાં શિતલતાનો કેમ અનુભવ થાય છે?' દિવ્યજ્યોતિના મગજ તન્ત્રપર અનેક વિચારોનાં પરિવર્તનો થતાં હતાં. 'જ્યોતિ! કેમ બોલતા નથી?'

આ નિર્દોષ બાળાને શો ઉત્તર આપવો તેની જ્યોતિને સમજણ ન પડી.

'જ્યોતિ! વ્હાલા જ્યોતિ! કેમ બોલતા નથી.' આ શબ્દે તેના વિચાર વમળમાં ગોથાં ખાતા હૃદયને જાગૃત કર્યું, પણ વાણિ પ્રકટ કરવા જેવી શબ્દ—સ્વરતાની શક્તિ અલોપ થતી જણાઇ.

'જ્યોતિ, ત્યારે હું તો આ ચાલી. તમે બોલતા નથી, ત્યારે અહીં શા માટે બેસું?'

'બેસ. મોહિની બેસ. જ્યોતિનો સ્વયંપ્રકાશ આજ કાંઇક પ્રચંડ પવનના સપાટે ઝોકાં ખાય છે?'

'શાથી?'

'તમે શું બોલો છો એનું ભાન—જ્ઞાન તમને છે?'

'હા છે. હું કદિ અસત્ય બોલતી નથી, અને બોલવાની પણ નથી.'

'તમે જાણો છો કે થોડાં વરષો પછી તમારે માતાપિતાની આજ્ઞાને વશ થઇ કોઇ અન્યને પ્રસન્ન કરવો પડશે?'

'નહિ, કદિય નહિ.'

'શાસ્ત્રો, અને કુદરતી નિયમ એમ કહે છે કે બાલકાળના અંતે મુગ્ધાવસ્થા આવે છે. આ અવસ્થામાં સ્ત્રી કે પુરૂષને લગ્ન કર્યા શિવાય ચાલતું જ નથી. અને લગ્ન કર્યા પછી બાલક—કે બાલિકા અન્યાધિન—પરતંત્ર થાય છે.'

'કદિય ન બને.'

'શું માતા પિતા—કુટુંબીજનો અને શાસ્ત્રોપર લાત મારશો?'

'એક વખત નહિ પણ હજાર વખત.'

આ બાળા શું બોલે છે તે દિવ્યજ્યોતિથી સ્હમજી શકાયું નહિ. નિર્દોષ ભાવોમાં હજુ સંસારી પવનના સપાટા લાગ્યા નથી. બાલકાળના વિચારો—આચારો—સ્થિતિ વય સાથે વિકાસ પામતા જાય છે; એ વિકાસમાં બાલ સમયનો વહન થતો સ્નેહ શી રીતે વૃદ્ધિ પામશે? એ નહિ સમજનાર આ નિર્વિકારી—ભવિષ્ય જીવન ધર્મોથી અજ્ઞાન—મારા હૃદયની અધિષ્ઠાત્રીને શું કહું? શું સમજાવું?

'મોહિની! લગ્ન યોગ્ય વય થતાં મનુષ્યને પરણવું પડે છે એ જાણો છો?'

'હા.'

'કેમ તમો લગ્ન ગ્રન્થામાં જોડાવા ખુશી નથી?'

'છું.'

'ત્યારે તમે લગ્ન ગ્રન્થીમાં જોડાશો, એટલે જ આપણા મેલનનો અંત આવશે.'

'કદિ નહિ.' દિવ્યજ્યોતિ, મોહિનીના ભવ્ય મૂખ કમલપર એક દૃષ્ટિપૂર્વક જોઇ રહ્યો. તેના વદનની ગૌરવતા નષ્ટ કે ઝાંખી થતી ન જણાઇ. ધીમું, મધુરૂં, મૃદુ હાસ્ય એના પદ્મરાગ જેવા ગુલાબી ઓષ્ટોમાંથી અસ્ખલિત ઝરતું હતું, તેવું ને તેવું જ દેખાયું. હવે એને શો ઉત્તર આપવો તેની જ્યોતિને સમજ ન પડી. શું એ લગ્ન નહિ જ કરે? ના. પણ એ લગ્ન કરવા ખુશી છે. જ્યારે લગ્ન કરવા ખુશી છે, ત્યારે એને મારો સહવાસ છોડવો જ પડશે.

'મોહિની! લગ્ન થયા પછી કન્યાએ સ્વસુર ગૃહે રહેવું પડે છે એ તમે જાણો છો?'

'હા.'

'પછી તમો મને શા રીતે મળી શકશો?'

'ઘણી જ સારી રીતે.'

મોહિની, મારી મસ્કરી કરે છે કે શું? એ વિચાર જ્યોતિના હૃદયમાં ઉદ્ભવ્યો; તેની સાથે કાંઇક ચીડાયો.

'અન્ય સાથે લગ્નમાં જોડાયા પછી તમારાથી અહીં અવાય જ નહિ.'

'તોપણ હું આવીને આ લતામંડપમાં જ બેસીશ.'

દિવ્યજ્યોતિ હવે વધારે ને વધારે અકળાતો, અમુઝાતો તર્કોના વિશાળ તરંગોમાં ડૂબકાં ખાવા લાગ્યો.

'કેવી રીતે બેસશો.'

'આજે જેમ આપણે બેઠાં છિયે તેવી રીતે.'

'પણ મારી સાથે તમારાથી ન બેસાય!'

'શા માટે નહિ?'

હું તે સમયે તો પરપુરૂપ ગણાઉં.'

'મ્હારા વ્હાલા ! તમને આ જન્મમાં કે પરભવમાં પર ગણુવાની શક્તિ નાશ પામી છે. હું તમારી સાથે રહેવાની. હાલ રહું છું, મુગ્ધાવસ્થાએ રહીશ અને અંતે આપના નામના પવિત્ર શબ્દોચ્ચારો કરતાં જીવ્હાને પવિત્ર બનાવી પ્રભુશરણુ થઇશ.' એમ કહેતી મોહિની દિવ્યજ્યોતિના કંઠે આભૂષણુ માફક, કંઠની શોભામાં વધારો કરતી લટકી રહી. દિવ્યજ્યોતિ આ સુંદર કંઠાભૂષણુને વિમૂખ કરી શકયો નહિ—ઇચ્છાનેચ્છાયે પણુ પાંચેક મિનિટ તેને એમનેએમ રહેવા દેઈ કંઠને શોભાવી રહ્યો.

*'રમતાં રમતામાં પરસ્પર સ્નેહ ઉપન્યો રે.'

કેટલીક વારે પોતાની પાછળ થતો પગરવ સાંભળી દિવ્યજ્યોતિ સ્વસ્થ થયો. મોહિનીને, કંઠેથી સ્નેહભર્યું ચૂમન આપતાં હસ્તગ્રન્થી છોડાવી ઉભો. આવનાર ગૃહસ્થો હવે થોડે થોડે સંમેલનનું કાર્ય પુરૂં થતાં વિખરાવા લાગ્યા. આ ગૃહસ્થોના નિકળવાનો અવાજ દિવ્યજ્યોતિના કર્ણે અથડાયો. મોહિનીને કહ્યું. 'અહો ! આપણે અહીં ધણો વખત બેસી રહ્યાં. આજે કોઇએ આપણી સંભાળ ન લીધી. સંમેલનનું કાર્ય પુરૂં થયું જણાય છે. આ પગરવ પણુ તેનો જ સંભળાય છે. આપણે હવે જલદી ચાલતા કાર્યમાં હળીમળી જવું જોઇયે.'

'વ્હાલા, હું તો નહિ જ જવા દેઉં.'

'મોહિની, અહીં વધારે થોભવાનો સમય નથી. આ પગરવ પાસે આવતો સંભળાય છે. અને આપણુને આવી સ્થિતિમાં કોઇ જોશે તો ટીકા કરશે, માટે તમે આ કુંજની સ્હામેની બાજુએથી ચાલ્યાં જાઓ અને હું કદળી સ્થંભોની ગલીમાં થઇ ચાલ્યો જઇશ.'

'ના—આ ક્ષણુ ને સમય, તમારા સહવાસમાં મને બહુજ સુંદર ને આનંદપ્રદ લાગે છે.'

'ઠીક. પ્રભુકૃપા હશે તો એ સહવાસ ગાઢ થાય તેમ થશે. હાલ તો સમયને માન આપવું એમાં જ કલ્યાણુ છે.' એમ કહેતો જ્યોતિ, મોહિનીને આલિંગન આપી સ્નેહભર્યું ચુંબન કરતો ચાલ્યો.

મોહિની કુંજલતામાંથી અદ્દસ્ય થનાર સામે ક્ષણેક જોઇ રહી; અને અદ્દસ્ય થતાં સૂચવાયેલે માર્ગે ચાલી ગઇ.

---

* દયારામ કૃત.

પ્રકરણ ૬ ઠું.

ભરતીઓટ.

થતો નથી શું ઓટ ભરતિ સાગરમાં આવી ?
અન્ધકાર નહિ થાય દિવસ જવ જાય સિધાવી ?
—અસ્તોદય તથા સ્વાશ્રય.

રશ્મિકાન્તની સ્થિતિ દિનપ્રતિદિન સુદૃઢ થતી હતી. 'વ્યાપારે લક્ષ્મી વસે છે' એ પ્રાસંગિક યુક્તિ યથાર્થ સિદ્ધ થતી જતી હતી. વ્યાપારમાં લક્ષ્મીથી યશ પ્રાપ્ત થતો હતો. યશમાં ધર્મના માર્ગો વિસ્મૃત થતા હતા. ધર્મ માર્ગોથી આત્મકલા વિકાસ પામતી હતી. આત્મકલાના વિકાસથી જીવન વ્યાપાર ઉચ્ચ ગતિએ પહોંચતો હતો. વ્યાપારનું ક્ષેત્ર જેમ જેમ અધિક વધતું ગયું, તેમ તેમ મોતી ખરીદવાની ભાવના પણ વધતી ચાલી. મોતીને પાણી પાઇ શુદ્ધ કરવા એક સારા વિજ્ઞાનીની નિમણૂક થઇ. થોડા ખર્ચે વધુ લાભ પ્રાપ્ત કરવાનો માર્ગ એથી સુતર—સલભ્ય થયો. આ અભિલાષમાં હિંદુસ્થાન અને તેની આસપાસના પ્રદેશોમાંથી મોતીની સામટી ખરીદી થવા માંડી. ' મોતીનો રાજા ' એ ઇલ્કાબ વ્યાપારી મંડળ તરફથી રશ્મિકાન્તને અપાયો. વ્યાપારીઓમાં, શ્રીમંતોમાં—સાપ્તાહિક ને દૈનિક પત્રોમાં તેની પ્રતિષ્ઠાની સ્તુતિઓ થવા માંડી. યુરોપાદિ દેશના વ્યાપારીઓ રશ્મિકાન્તનું કર્મ—કાર્યાલય જોવાને દૂર દેશોથી આકર્ષાઇ આવ્યા. તેની નિયમિત કામ કરવાની શક્તિ, સર્વ તરફ જોવાની અને સમજણ આપવાની દિર્ઘ દૃષ્ટિ, કામદારો પ્રત્યે સ્નેહ અને ઉત્તેજન આપવાની દાન્ત બુદ્ધિથી વ્યાપારી દિશામાં રશ્મિકાન્ત યશ ને દ્રવ્ય સારી રીતે પ્રાપ્ત કરી શકયા.

વિમલા પતિની વધતી જતી પ્રવૃત્તિમાં યથા પ્રાપ્ત મદદ કરતી હતી. દિવ્યજ્યોતિનું વય દશેક વરસનું થવા આવ્યું હતું. ગુજરાતી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ વિમલાએ જાતે કરાવ્યો. દિવ્યજ્યો-

તિની સ્મરણ શક્તિ અને ધારણ બુદ્ધિ ઉચ્ચતમ હતી. એ ઉભય યોગથી એક વખત સાંભળેલું વિસ્મૃત નહોતું થતું. એક વખત વાંચેલું ફરી વાંચવું નહોતું પડતું. વિમલાએ અભ્યાસ કરાવવામાં કદિ દિવ્યજ્યોતિના કુમળા મન પર કઠોરતા વાપરી નહોતી કોઇ પણ પ્રસંગે કઠિન પાઠો—કે વિષયમાં દિવ્યજ્યોતિના વિકાસ પામતા મનને રૂંધન કરવામાં નહોતું આવતું. અભ્યાસ સાથે દિવ્યજ્યોતિના ગુણોનો વિકાસ કરવાને વિમલા કદિય ચુકતી નહિ. ગૃહસંસાર પણ જગતની એક શાળા છે અને આ શાળામાં કયા શિક્ષણની—કેવા ગુણોની —કેવા આચારોની જરૂર છે, એ સઘળું ધીમે ધીમે દિવ્યજ્યોતિની સાનુકૂળ પ્રવૃત્તિએ શિખવવામાં આવતું. એટલું સત્ય છે કે નિશાળમાં અપાતા અધ્યયન પર શિક્ષકોની માતા જેટલી અભિરૂચી નથી હોતી. ટુંક પગારના મહેતાજીઓ પગાર પ્રમાણે કર્યે જતાં, મહેતાજીની કે શિષ્યની ઉન્નતિ યથાર્થ થઇ શકતી નહિ. તેમ એકલા પાઠો ગોખી જવાથી કે એકલા વિષયને પુરતા જ્ઞાનના વિકાસથી બાળકનું યથેચ્છ શુભ થઇ શકતું નથી. આ કાર્ય જેટલું બાળકની માતા કરી શકે છે, તેટલું અન્ય સાધનો હિત સાધી શકતાં નથી. માતાનો વાત્સલ્ય ભાવ—બાળકનો અભ્યુદય જોવાની તિવ્રચ્છા, બાળક સુખી થાય એ જોવાની મહદેચ્છા આગળ માતા બાળકનું જે હિત—કલ્યાણ જોઇ શકે છે, એટલું ટુંકા પગારવાળા કહેવાતા ભાકુતી મહેતાજીઓથી શ્રેય થઇ શકતું નથી.

રશ્મિકાન્તે એક વખતે પોતાની તિજોરીના અને બજારના દ્રવ્યને મોતીની ખરિદીમાં રોકયું. કારણ બહારની માગણીને પહોંચી વળવા જેટલી ખરિદી થઇ શકી નહિ. વળી વધારે વ્યાપાર વધારે કલ્યાણ સાધી શકે એવી પણ હૃદયની ઇચ્છા ખરી. મોતી સુધારવાનુ કામ પણ વધારી દીધું. અને મિ. **વિલ્યમ**ની અમેરિકાની માગણીને પહોંચી વળવા જેટલા મોતીના સુધારેલા છડા જતી મેલમાં મોકલાવી આપ્યા. આ માલ મોકલતાં રશ્મીકાન્તના સઘળા દ્રવ્યની આહુતી આપવામાં આવી હતી. એક દિવસ જમી પરવારી પતિપત્ની મકાનની અગાશીમાં બેઠાં બેઠાં વાર્તા વિનોદ કરતાં હતાં. કરેલું સાહસ—તેની ભાવિ આશાઓ અને પોતાના સુખમાં દિવ્યજ્યોતિના કલ્યાણના માર્ગો ઘડતાં હતાં. આ આશાઓમાં બન્નેએ અનેક માર્ગોનો જન્મ આપ્યો. પરંતુ ભાવિની ઉદય અસ્ત રૂપ પ્રચંડ પાંખોની ઉડ્ડયન ગતિને

નહિ જોતાં એ માયાળી પ્રાણીઓ વિચારના કાંઇ કાંઇ તરંગો રૂપી અશ્વને દોડાવી મૂકતાં હતાં.

'વ્હાલા ! વ્યાપારી માર્ગે આ વખતે આપે બહુ સાહસ ખેડયું હોં?'

'સાહસ ખેડવામાં આપણા સઘળા દ્રવ્યનો ભોગ અપાયો છે.'

'આ વખતે ચડતા બજારમાં પ્રાપ્તિ થશે તો ખરી.'

મિ. વિલિયમે એટલા માટે જ ઉતાવળથી માલ મોકલવાની માગણી કરી હતી. લગભગ પચ્ચાસ લાખ રૂપીઆનાં મોતી ગઇ મેલમાં વિદાય કરવામાં આવ્યાં છે મારી આશા એવી છે કે આ વખતે પાંચ સાત લાખ રૂપિઆની પ્રાપ્તિ થશે.'

'પણ, આવું સાહસ કરવું દિર્ઘ દ્રષ્ટિથી યોગ્ય ન ગણાય ?'

'શાથી ?'

'સ્થળ માર્ગે હમેશાં ભય ઓછો હોય છે. જલમાર્ગે જવામાં ક્ષણે ક્ષણે આપત્તિ આવે છે.'

'વ્હાલી ? એવી શંકા ધરવાનું શું પ્રયોજન ?'

'પ્રભુની દયા હોય છે, ત્યાં સુધી ડગલે ડગલે લાભ મળે છે; પણ કુદરતની કળા અગાધ છે. કહે છે કે સ્ટીમરો—નૌકાઓ એ કાંઇ સહીસલામત સાધન ગણવામાં આવતું નથી.'

'ત્યારે–સરકાર ને શ્રીમંતો જલમાર્ગે વ્યાપાર કરવાને શું અચકાય છે ?'

'ના. ભાગ્ય સાનુકૂળ હોય છે ત્યાં સુધી એ ઠીક ગણાય.'

'ભાગ્યની વાત પડતી મૂકો. મોટી મોટી સ્ટીમરો એક ન્હાના ગામ કરતાં પણ મોટી હોય છે. જલપર તે કાબુ રાખી શકે છે. તેના ચાલાકો ભય શિવાય માર્ગ કાપી શકે છે. એમ સદાય જલશયન થતું હોય તો કોઇ એ માર્ગે જાય જ નહિ.'

'પણ નૌકાઓના ઘણી વેળા જલશયન થયાનાં દ્રષ્ટાન્તો પત્રોમાં નથી આવતાં ?'

'આવે છે. છતાં નૌકાઓના ચલાવનારા એવા નિર્માલ્ય હોતા નથી. સરકાર તે પર સંપૂર્ણ દેખરેખ રાખે છે; અને ચાલાકો વિચાર શકિતથી કાબુ ધરાવતા પ્રમાણ કરે છે.'

'પણ જ્યારે ભાગ્યની દિશા બદલાય છે ત્યારે?'

'ત્યારે શું? એવા ભાગ્યને વશ થનારા કેટલાક કંગાલ રહે છે!'

'ટાઇટેનીક સ્ટીમર કેમ ડૂબી.'

'કૂએ. વખતે એવો પ્રસંગ આવી જાય.'

'ત્યારે જોખમ ખેડનારની જીંદગીનું શું થાય?'

'એવા અમંગલ તર્કો જવા દો.'

'હું તો સહેજ પુછું છું.'

'દિવ્યજ્યોતિ સંબંધે હવે શું વિચાર ધાર્યો છે?' વાત ફેરવવાના ઉદ્દેશે પૂછ્યું.

'આપ તેના કલ્યાણજનક પિતા હોવા છતાં મારે શો વિચાર કરવાનો?'

'ત્યારે, જ્યોતિનાં લગ્ન કરી નાંખીશું?' મશ્કરી કરતાં રશ્મિકાન્તે કહ્યું.

'વ્હાલા! આપ આ શું કહો છો?'

'કેમ શું હરકત છે. સારી સારી જગ્યાએથી કહેણ આવ્યાં છે તેનો સ્વીકાર કરીએ તો એટલી પંચાત ઓછી.'

'પણ એની અજ્ઞાનાવસ્થામાં?...'

'માબાપ જે કરે તે ખોટું કે?'

'ના. એમ હું કહેતી નથી. હાલ જ્યોતિનું વય લગ્ન યોગ્ય થયું નથી. યોગ્ય વય શિવાયનાં લગ્ન એ લગ્ન નથી પણ બંદિખાનાની કાળી કોટડી છે.'

'અને ગયેલો વખત પાછો આવતો હશે?' રશ્મિકાન્તે પૂછ્યું.

'વખત જતોય નથી અને આવતોય નથી. જે કાળે જે થવાનું હશે તે થશે. આપની સંપત્તિ કીર્તિ એ સઘળું એની વિદ્યા પ્રાપ્ત થયા પછીની સ્થિતિએ સારુ કરશે.'

'તમે તો નવા વિચાર વાળાં જણાઓ છો.'

'અને એટલા માટેજ આપ થોભ્યા હતા નહિ વારુ?' વિમલાએ પોતાની સ્થિતિ યાદ અણાવતાં સૂચવ્યું.

'ત્હમે પણ બોલતાં શિખ્યાં ખરાં?'

'આપે શિખાવ્યું અને શિખી.'

'તેમાં એ અમારો દોષ.'

'દોષ જુઓ તો દોષ; નિર્દોષ ગણો તો નિર્દોષ.' વિમલાએ કહ્યું.

પતિ પત્નીના વિનોદથી પ્રસંન્ન થયો. આવી સદ્વિચારવાળી સુંદરીના સહવાસથી પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. તેની પ્રસંગને અનુસરતી ઉત્તમ વિચાર શ્રેણિથી આશ્ચર્યચકિત થયો. વિમલાના સહવાસમાં એકેય દિવસ સંતાપ દુઃખ કલેશ અનુભવ્યો નહોતો. તેના સદ્વર્તનથી રશ્મિકાન્ત હમેશ સંતોષી સુખી રહેતો. વળી વ્યાપારના વ્યવસાયમાં ગૃહ અને પુત્રની કાળજી રાખનાર આવા ઉત્તમ પાત્રને જોઇ ઉત્સાહવાન્—વેગવાન થતો.

હમણાં વિમલા સગર્ભવતી હતી. આ વખતે તેની પ્રકૃતિ સ્વસ્થ નહોતી રહેતી. હમણાં હમણાં તો હાડજ્વર લાગુ થયો હતો. શરીરને નિભાવી શકાય તેટલું અન્ન લેઇ શકાતું નહિ. શરીર હાડ પિંજર સમ જણાવા લાગ્યું. શારીરિક પ્રકૃતિના અનારોગ્ય સામે માનસિક નિર્બળતામાં પરિતાપ રહ્યા કરતો હતો. આવી સ્થિતિમાં સાતેક માસ નિકળી ગયા.

આજે વિમલાની પ્રકૃતિ ગંભિર હતી. રશ્મિકાન્તે સિવિલ હૉસ્પીટલવાળા મિ. સ્મિથ સાહેબને બોલાવવા મૂનિમને મોકલ્યો. રશ્મિકાન્ત પોતે માથે પાઘડી પહેરી, હાથમાં સુંદર જેષ્ટિકા ઝાલી વિકટોરીઆ જોડાવી મેડમ લીલીઅનને બોલાવા ગયો. રશ્મિકાન્તનો ધાઢ પરિચયી, અને રશ્મિકાન્તના પિતાની મદદથી એમ. ડી. થયેલો ધંભિરાપટ્ટનમાં રહેતો શશીચરણુ તો હમેશનો ઘરનો જ ડાક્ટર હતો. શશીચરણુ વિમલાની પ્રકૃતિ અસ્વસ્થ રહેતી ત્યારથી જ ઔષધોપચાર કરતો હતો. સિવિલ સર્જન આવી પહોંચ્યા. તે વખતે રશ્મિકાન્ત મેડમને લેઇ આવ્યા. શશીચરણુ પ્રાઇવેટ ડીસપેન્સરીમાંથી દોડતા આવ્યા. ત્રણેની મિટીંગ થઇ. વિમલાની પ્રકૃતિનું નિરીક્ષણુ થયું. એક કલાક ત્રણેએ વિમલાને વિચારપૂર્વક તપાસી દિવાનખાનામાં આવ્યા. ત્રણેના વિચારો અરસ્પરસ આપ લે થયા. ત્રણેની દૃષ્ટિએ રોગ અસાધ્ય જણાયો. તોપણુ આશામાં ને આશામાં તણાતા તેઓ ઉપચારો ચાલુ રાખવાની તરફેણુમાં ઉતર્યા. ત્રણેની સંમત્તિથી

પીવાની દવાનું એક પ્રિસક્રિપશન તૈયાર થયું. ત્વચા માર્ગે ઔષધ દાખલ કરવાની સલાહ અપાઇ. આ પ્રમાણે નિર્ણય અને કાર્ય કરી સિવિલ સર્જન અને મેડમ ગયાં. શશીચરણે ઔષધ તૈયાર કરવાનું અને ત્વચા માર્ગે ઔષધ દાખલ કરવાની ઓકસને દવા લાવવાનું ફરમાન કરી, એક કાગળ લખી આપી નોકરને વિદાય કર્યો દવાખાનું રશ્મિકાન્તના મકાનથી બહુ છેટું નહોતુ. દસેક મિનિટનો માર્ગ હતો.

'મિ. શશીચરણ ! સઘળા શા નિર્ણયપર આવ્યા ?" રશ્મિકાન્તે આતુર ઇચ્છાથી પૂછ્યું.

'મિટિંગમાં નિર્ણય થયા પ્રમાણે ઔષધ લેવા નોકરને મોકલ્યો છે."

'તે તો ઠીક પણ રોગ સાધ્ય છે ?'

'તે કહી શકાતું નથી.'

'એમ કેમ ?'

'વિષમજ્વર સગર્ભાવસ્થામાં પ્રવેશ પામી—ગર્ભ નિર્વાણ સમય સુધી પહોંચતાં સન્નિપાત્ત જ્વરમાં રૂપાંતર પામ્યો છે. એટલે કાંઇક ચિંતા રહે છે.'

'ત્યારે ડાકટરોનું શાસ્ત્ર હજુ અપૂર્ણ તે ખરૂં કેની ?'

'ના કેટલાક રોગો ઔષધની સામે ટક્કર લે છે, ત્યારે ઔષધને ગણુકારતા નથી ને વિકાર કરતા દૃઢિભૂત થાય છે. એ બે પ્રસંગે દવાઓ ધાર્યું કરી શકતી નથી.'

'એનો શું અર્થ ?'

'દવાઓ કરતાં રોગ પ્રબળ હોય છે ત્યારે દવાઓનું ચાલતું નથી.'

'મિ. શશીચરણ ત્યારે સ્પષ્ટ કહોને કે મૃત્યુને નિવારી શકાય એવું સાધન વૈદકમાં નથી.'

'પણ વૈદક પ્રયત્નમાં—પ્રયોગમાં—શોધમાં હજુ કયાં અટક્યું છે?'

'દરેક શોધ કરો કે ન કરો, પણ માનુષિ પ્રયત્ન ઇશ્વરી નિયમ આગળ નિર્બલ છે—નિર્વિર્ય છે.' રશ્મિકાન્તે સખેદ દર્શાવતાં કહ્યું.

ઔષધ પેટી આવી. શશીચરણે ત્વચામાં પિચકારી મારી એક

ભાગ પીવાની શીશીમાંથી પાયો. અને કેટલીક બાહ્યોપચારની સમજુત આપી ચાલતા થયા.

ડોકટરના ગયા પછી રશ્મિકાન્ત દિવાનખાનામાં એકલો રહ્યો. જેણે ક્ષણભર દુઃખનું વાદળ જોયું નહોતું, તેને માથે આવી પડેલી અસાધારણ આપત્તિ ભયાનક લાગી. સ્ત્રીની જીંદગી જીવન વ્યાપાર વચ્ચે ડોલાયમાન જણાઇ. આ આપત્તિ મગજમાં સંતાપ ઉત્પન્ન કરતી કંટકમય જણાવા લાગી. અવ્યવસ્થ વિચાર ગ્રસ્ત મસ્તિષ્કમાંથી લાગણીભરી વિચારરૂપી જવાળાઓ ઝરવા લાગી.'

હરિ ! હરિ ! ' હરિ !

' આશા તણા આ વિશાળ તંતુએ,
' ગુંથાયેલાં સર્વ સંસાર પ્રાણિ;
' ન જાણે પ્રભુની ઘટના લગારે,
' છતાં ખેલે ખેલે ધરી મોહ મમતા !

' આશાના પાશમાં બંધાયેલા જીવોની ઘટના ખરેખર ! વિચિત્ર છે ! ક્ષણમાં સુખ, ક્ષણમાં દુઃખ, ક્ષણમાં વૈભવ, ક્ષણમાં ભય—આ બધું મનુષ્ય બુદ્ધિની પરિપકવતાની અદ્દભુત કસોટિ છે. ખરેખર !

' સુખને દુઃખની પાંખે, ઉડે છે ભાગ્યદેવિ હા !'

' જે રશ્મિકાન્ત અપાર સુખ—સંપત્તિ—કીર્તિમાં નિમગ્ન રહી પત્નીના પવિત્ર પ્રેમના મૃદુ—મધુર—શિતલ—સુખકર સ્વાદ ચાખી રહ્યો હતો; તે રશ્મિકાન્ત ! તારી શી દશા ? વિમલા ! વ્હાલી વિમલા ! જાણે—અજાણે—હસતાં—રમતાં કે ગમે તે અવસ્થામાં મેં તારા અપરાધો કર્યા હશે, તારી કોમળ—મર્મભરી લાગણીઓને દુભવી હશે, તારા પ્રત્યે સ્વભાવિક કઠોરતા કરવી પડી હશે, તારા સ્નેહને કટુ વાણિથી ક્ષોભ આપ્યો હશે, પરંતુ ઓ મારી ભાગ્યદેવિ ! તે સઘળું તું ઘુંટડે ઘુંટડે પી ગઇ, મારી અવગણનાઓને તેં વિશુદ્ધ સ્નેહવારિમાં દબાવી. તું સ્નેહ રાણી—સુશિલા—દેવિ—ઇશ્વરી બની. તું મારા ભાગ્યની અધિષ્ટાત્રી બની. તું મારી પથરાયેલ સંસાર વ્યવહારની જનેતા બની. તારા ગુણો—તારો ભાવ—તારી દયા વર્ષાવતી દૃષ્ટિ—તારૂં તેજ, મ્હારા સુખેન્દુને દિપાવનાર તારૂ સચ્ચરિત્ર ! આ બધું મારી દૃષ્ટિ આગળ તરી રહે છે. તેની વિશાલ સુરમ્ય પ્રભા મ્હારા પ્રવૃત્તિજનક ક્ષેત્રપર રમી રહી છે. ઓ મ્હારી

હૃદયેશ્વરી ! તું શું શું કરી શકી છું એ જ્યારે ચિત્ર માફક મારા જ્ઞાનચક્ષુ આગળ તાદસ્ય થાય છે, ત્યારે તારી શક્તિની અનુપમતાનો ઝીણો સૂર મારી સતારને શોભાવે છે. હૃદય તારોને સતેજ કરે છે.'

આમ વિચારમગ્ન થતા હૃદયમાંથી શોકોદ્‌ગાર—આભાર નિકળી રહ્યા છે, એવામાં પાસેના ખંડમાંથી તિક્ષ્ણ—હૃદય વિંધી નાંખે તેવી ચીસકારી સંભળાઇ. રશ્મિકાન્ત સફાળો વિચાર ધુનમાંથી જાગૃત થતો—ઉભો થઇ પ્રિયાની પથારી પાસે, વ્હાલીના મૂખ કમળની બિડાયેલ પાંખડીને જોવા વેગવાન્ થઈ ચાલ્યો.

'મ્હારા નાથ ! તમો ક્યાં છો ? ઓ મ્હારા વ્હાલા ! તમે ક્યાં છો ? આ દાસીને ક્ષણભર તો દર્શન આપો. આ જીવન કલહની જંજાળમાંથી મારો આત્મા દિર્ઘ સમાધિ—હમેશની શાન્તિ શોધે છે. આ પ્રભુનું દિવ્યાસન ! આ મ્હારી સન્મુખ ઉભા રહેલા, દીનદાસીને શરણાંગત આપવા આવેલા પ્રભુ ! ચાલો હું સાથે આવું છું.' આમ ધીરેધીરે ધડકતે હૃદયે, વિમલાના મૂખ દ્વારેથી શબ્દો બહાર નીકળવા લાગ્યા તે જોડેના ખંડમાં સંભળાયા. શબ્દોના મર્મને જાણનાર એનો અધિકારી, એના હૃદનો આત્મા, એની આશાનો સૂર્ય એકદમ ઉતાવળે પગલે આવી પથારીમાં બેસી, પ્રિયા શિરને સાચવીને ખોળામાં લેઇ બેઠો.

'વ્હાલી ! કેમ અકળાય છે ? તને શું થાય છે ? દર્દ વધારે તો નથી થતું ને ? તું શું બોલે છે ? તને કેમ છે ?' એમ અસ્પષ્ટ શબ્દોમાં થડકાતાં થડકાતાં રશ્મિકાન્તે પૂછ્યું.

'કોણ ? મ્હારા વ્હાલા પ્રભુ !' શ્વાસમાં લગાર વિસામો લેઇ ચક્ષુ ઉઘાડી વિમલા બોલી.

'હા. તારી પ્રકૃતિ આજે ઠીક નથી, માટે ડાકટરની સૂચના પ્રમાણે બહુ ન બોલવાનું ફરમાન થયેલું છે. હું કોલનવૉટર ને આઇસ બેગ માથાપર મૂકું છું.' રશ્મિકાન્તે કહ્યું.

રશ્મિકાન્તે બતાવેલી સૂચના પ્રમાણે સારવાર કરવા માંડી. શિરપર બરફની કોથળી મૂકી; થોડી થોડી વારે કોલન વૉટર કપાળપર ચોપડવા માંડયું. એક કલાક મૌન્ય સાધી વિમલાની પૂરતી સારવાર કરી. વિમલા મગજ શાન્ત થવાથી થોડીવાર નિશ્ચિત પડી રહી.

એક–બે કલાક આમ વહી ગયા. વિમલા જાગૃત થઇ. થોડુ દૂધ માગ્યું. રશ્મિકાન્તે તૈયાર કરેલું દૂધ એક પ્યાલામાં લેઇ ચમચા વડે થોડું થોડું વિમલાને પાવા માંડયું. અડધો પ્યાલો થતા સુધી રશ્મિકાન્તની કાન્તિ તરફ દૃષ્ટિપાત કરતાં દૂધ પીધું. શ્વાસ ચઢવાથી એક દિર્ઘશ્વાસ લેઇ પથારીમાં પાછી વિમલા સુતી. દસેક મિનિટ વિરામ લીધા પછી બોલી. 'વ્હાલા, આજનું દૂધ બહુ જ મિઠું લાગે છે હોં?'

'હા. આજની દવા બહુજ ઉત્તમ છે. ને હવે જલદી સારું થશે.'

'ના. એમ નહિ.'

'ત્યારે ?'

'આ દૂધ છેલ્લું. આપના કોમળ કરથી મળેલી છેલ્લી પ્રસાદી.'

'વિમલા ! આમ શું કરો છો ?'

'નાથ ! લગ્નચોરીમાં જે ગ્રાસ આપે આપ્યો તે સંસારમાં પ્રવેશવાનું દ્વાર હતું. આ દૂધ પણ આપના હાથનું છેવટનું...'

'વિમલા, તમારી બુદ્ધિ સ્થિર નથી. બહુ બોલવાથી મગજ ઉશ્કેરાઇ જશે. મગજ ઉશ્કેરાવાથી દરદ જોર કરી દે છે. માટે આમ ન બોલો તો ઠીક.'

'પ્રભુ ! હવે નહિ બોલું. એક વખત બોલી જવાનું મન થાય છે. મારી પ્રકૃતિ કેવી છે તે ડાકટરો કરતાં હું સારી રીતે જાણું છું. મારૂં મન સ્વસ્થ નથી એ હું સમજી શકું છું. ડાકટરોની ઔષધિની મારે હવે જરૂર નથી. મારે ડાકટરોનું કામ નથી. મ્હારા વ્હાલા ! થોડીવાર આપની પવિત્ર મુદ્રા તરફ જોવા દો. છેવટના ભાગ્યા તુટયા શબ્દો આપની આગળ બોલવા દો અને પછી—શાન્તિ હમેશની શાન્તિ ડાકટરોની આજ્ઞા કરતાં પણ વધુ શાન્તિ...'

'વિમલા આમ ન બોલો હોં ? તમારો શબ્દે શબ્દ મારા હૃદયને કોરે છે.'

રશ્મિકાન્ત બોલી મનમાં ગણગણવા લાગ્યો. 'પ્રભુની આજ્ઞા હવે આ પુણ્યવંત દિવ્યાત્માને સંસારમાં વધારે વખત રાખવાની નથી. એમ એમના શબ્દપરથી જણાય છે.'

'મ્હારા નાથ ! હું સુખી છું. સુખી થઇ શકી, એ પુણ્ય પ્રતાપ આપની સ્નેહી છાયાનો. ત્હમારા ઘરમાં લક્ષ્મી જોઇ, સુખ અનુભવ્યું, વૈભવ માણ્યો, સ્નેહ ઘુંટડા પીધા, પતિના આત્મગુંજન

કરતા હૃદયમાં પ્રવેશી શકી, તેના અનુપમ સુખની શિતલ છાયા અનુભવિ શકી—ઓ મ્હારા રસરાજ! ક્ષણે ક્ષણ વહતા અસ્ખલિત્ રસ પ્રવાહમાં રસ બોળ થઇ શકી. આ સર્વ મારા ગુણજ્ઞ, રસરાજના પુણ્ય યોગે. એ યોગ આપનો ચિરંજીવ રહો! હવે નાથ! હૃદય દૈવત! એ સઘળાને નમસ્કાર. હું જાઉં છું. પુણ્યપન્થે જાઉં છું. મારા અને તમારા આત્માને પ્રકાશરાવનાર દિવ્ય સત્તાની છાયામાં જાઉં છું. આપનું ક્ષેમ હો! દિવ્યજ્યોતિ આપને સોંપુ છું. પિતાના વાત્સલ્યભાવે એને અંકમાં લેજો. માતાની ખોટ પડવા દેશો નહિ. માતા સંભારે તો વ્હાલથી સ્નેહ ભર્યું ચુંબન કરી તેની અભિલાષને સંતોષવા પ્રયત્ન કરજો. એના ભાગ્યને સુયશવાન કરવા યત્ન સેવજો. એના ઉત્કર્ષ માટે બને તેટલું કરજો. હવે સૌને સ્નેહ પૂર્વક જયજય! પ્રભુ! જાઉં છું......જા...ઉ...છું...જ.. ય.. જ"

'આ શું? આ શું? શું થયું? શું બન્યું? વ્હાલી! મધુરી! બોલ. એક અક્ષર તો બોલ. પતિને પ્રિય શબ્દોથી રીઝવન ઃ! એક શબ્દ...' ત્રૂટક ત્રૂટક વાકયોથી રશ્મિકાન્ત બોલતો ને બોલતો રહ્યો. વિમલા ઇશ શરણ પામી. કુટુંબી વર્ગે અને ઇતર્ જનોએ વિમલાના શબને અગ્નિસંસ્કાર કર્યો. રશ્મિકાન્તપર પડેલી અણધારેલી આપત્તિમાં અનેક સંભાવિત પુરૂષોએ આવી દિલાસો આપ્યો અને દુઃખમાં ઝોકાં ખાતો રશ્મિકાન્ત દુઃખમાં ગરકાવ થઇ ગયો. કુટુંબીજનો—આપ્તજનો—સ્નેહિમંડળ અને પ્રતિષ્ટિત પુરૂષો દિલાસો દેઈ વેરાયા રશ્મિકાન્ત હવે એકલો પડયો. વિચારસાગરમાં ડૂબકાં ખાવા લાગ્યો. સંસાર શૂન્ય ભાસ્યો. જગત્ મિથ્યા જણાવું. સંસાર અર્થવિણ સમજાયો. સ્ત્રી વિનાના વૈભવો કંટક સમ ખુંચતા દૃષ્ટિએ અનુભવ્યા. આમ પરિતાપમાં વિહ્‌વલ બનેલો રશ્મિકાન્ત બ્હાવરો થઇ દિવાનખાનામાં આમતેમ આંટા મારવા લાગ્યો.

વિમલાની મૃત છબિ રશ્મિકાન્તની ચક્ષુએ સ્હામી જણાઇ. રશ્મિકાન્ત દુઃખનોમાર્યો તેને સજીવન ધારી સ્હામે ધસ્યો. વિમલાની છાયા ધસવાની સાથે દૂરને દૂર જતી જણાવા લાગી. રશ્મિકાન્ત આથી સખેદ બની, નિરાશાપૂર્વક એક ખુરશીપર હાથ ટેકવી ઉભો રહ્યો. છબી હવે પાસેની પાસે આવતી જણાવા લાગી. પાંચેક હાથ છેટે વિમલાની મૃત છાયા રશ્મિકાન્તની સામે ઉભી રહેલી જણાઇ, તેની છાયા ગંભિર હતી. શાન્ત હતી—દૃઢ હતી તે કાંઇકિ બોલતી હોય

તેમ જણાયું. રશ્મિકાન્ત તે સમજી શકયો નહિ. તોપણ તેની ગંભિર મુખમુદ્રામાંથી શ્રવતો શાન્ત બોધ રશ્મિકાન્તની હૃદયભૂમિકાપર છાપ પાડી શકયો. રશ્મિકાન્ત કર્ણેન્દ્રિઓને સતેજ કરી સમજવા તિવ્રઇચ્છાવાન બન્યો. કર્ણ—ચક્ષુને છાયાપર એક રાગ કર્યા; અંતે તે કાંઇક સાંભળી શકતો હોય તેમ જણાવા લાગ્યું. છૂટક છૂટક શબ્દો બોલતી હોય એમ સમજાયું. " રશ્મિકાન્ત ! શોક ત્યજી દ્યો. સુખના અંતે દુઃખ છે, સુખ એ માયાવી મોહ છે. દુઃખ એ ઇશ્વરની કસોટિ છે. સુખ દુઃખમાં સ્થિર રહે તે જ મહાત્મા. એવા ભાવથી વિચરનાર વિરક્ત પુરૂષોજ સુખ સત્ય સુખ—આનંદ શું છે તે અનુભવી શકે છે. તમારા કર્તવ્યને યથાર્થ કરો. તમારા માર્ગપર દૃષ્ટિ રાખો, તમારા ધર્મને યથાર્થ બનાવો. શોક એ મૃગજલ છે. તેની પાછલ ફાંફાં મારનાર પરમાત્મ કૃપાથી વિમુખ થાય છે. "

આ પ્રસંગને એકાદ મહિનો થવા આવ્યો. રશ્મિકાન્તના મગજના ભણકારા દિવસે દિવસે ઓછા થવા માંડયા. હવે કામકાજ પ્રત્યે તેણે લક્ષ આપવા માંડયું. પેઢી પર નિયમિત દેખરેખ રાખવા માંડી. પ્રદેશોની પેઢીઓ સાથેના હિસાબ ચોખ્ખા કર્યા. ગૃહકાર્યોમાં ચિત્ત પરોવવા માંડયું. દિવ્યજ્યોતિને મળતા વખતે અંકમાં લેઇ અનેક વાતો સમજાવવા માંડી. તેને આનંદમાં રાખવાને, તેના શરીરને નિરામય રાખવાને, તેના અભ્યાસમાં આગળ વધે એમ થવાને રશ્મિકાન્ત સંપૂર્ણ દેખરેખ રાખતો. કેટલાક મનુષ્યો તરફથી-સ્વાર્થિ પુરૂષો તરફથી રશ્મિકાન્તને પુનઃ સંસારી ધુંસરીમાં નાખવા માટે લગ્ન કરવાની વાત ચર્ચાવા માંડી. રશ્મિકાન્તે એવી વાતો કરવા આવનારને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે; ' મ્હારે લગ્ન કરવાની ઇચ્છા નથી. સ્નેહને હું જોઇ શકયો છું. હૃદય એક વખત અર્પાયા પછી ફરી અર્પનાર ઘોર પાતકી છે. જગતને તે ઠગે છે, ને પરણનારીના પુણ્યને ધકકો મારે છે. મારી દેવિના સ્નેહનું પાન મેં રસભર કર્યું છે, એટલે વધારે લુબ્ધ બની પ્રપંચી દુનિયાના રંગમાં પુનઃ પગ મૂકવાની મારી વૃત્તિ નથી. ' આથી કહેવા આવનાર વીલા મોઢે પાછા ફરતા.

રશ્મિકાન્તના હૃદયપરથી દુઃખનું આવરણ નાશ પામ્યું નહોતું, ત્યાં કુદરત એને વધારે સતાવવા-તપાવવા—કસોટવા—જોવા માગતી હતી. એના હૃદયપર થયેલા ઘાપર બીજા ઘા કરવાના અને પોતાની

સન્મુખ વૃત્તિનો રાગ કરવાની ઇશ્વરની ગુપ્ત ગંભિર એષ્ણા હતી. રશ્મિકાન્ત એક દિવસે બપોરના જમી પરવારીને બેઠા હતા, અને કેટલાક જરૂરી કામકાજના પત્રોના ઉત્તર લખવામાં રોકાયા હતા, તેવામાં નોકરે આવી વરધી આપી કે, 'કોઇ તારવાળો મળવા માગે છે. આપના નામનો તે તાર લેઇ આવ્યો છે.' રશ્મિકાન્તે તેને વરધી આપી. તારવાળો તાર લેઇ ઉપર આવ્યો. રીસીટપર સહી કરી આપી તેને વિદાય કર્યો. અને તેને ગયા પછી કવર ફોડી તાર વાંચવો શરૂ કર્યો.

Extremely sorry, that the mail—steamer sunk in the North sea. Your goods containing purples lost in the same steamer.

તારના શબ્દે શબ્દ હૃદયપર તિક્ષ્ણ બાણ માફક વેગથી પ્રવેસ્યા અને વાંચી રહ્યા પછી તે સ્તબ્ધ થઇ-નિશ્ચેષ્ટ બની પૃથ્વી પર ઢળી પડયો.

"દૈવ જ્યારે પ્રતિકૂળ, આવે છે દુઃખ સોગણું."

પ્રકરણ ૮ મું.

સ્વજન પરીક્ષા ને ગૃહ ત્યાગ.

Virtue is like precious odours, most fragrant when they are incensed or crushed.

—*Bacon.*

ધમધમાટ કરતી વિકટોરિયા રશ્મિકાન્તના દ્વાર આગળ આવી ઉભી રહી. વિકટોરિયા ઉભી રહેતાં તેમાંથી એક વ્યક્તિ નીચે ઉતરી, અને પગને વેગ આપતી દિવ્યજ્યોતિના નિવાસસ્થાન પ્રતિ ચાલવા લાગી. રશ્મિકાન્તની સ્થિતિ પત્નીના મૃત્યુ પછી અવ્યવસ્થિત—વ્યગ્ર થઇ ગઇ હતી, તેમાં દેવેચ્છાએ એટલી આપત્તિથી ઇશ સત્તા સંતુષ્ટ નહિ થઇ હોય કે, પ્રદેશ સાથે કરેલા વહેપારમાં સર્વસ્થ ગુમાવવાનો સમય આવી પહોંચ્યો. આ દુઃખ અને આપત્તિયોગે રશ્મિકાન્ત પત્ની

પાછળ અવિચળ શાન્ત સમાધિ લેવા ચાલ્યા ગયા. રશ્મિકાન્તના અવસાન પછી દિવ્યજ્યોતિને સંસારમાં ઝબકોલાવાને પ્રસંગ આવ્યો. દિવ્યજ્યોતિની આસપાસ પ્રગાઢ રાત્રીની સત્તા પ્રસરેલી હતી. માતા ગઇ. પીતા ગયા. લક્ષ્મી ગઇ. સર્વસ્વ નાશ થવા સાથે એનું વર્તમાન ભાગ્ય–વૈભવ સત્તા ને સુખ નાશ પામ્યું હતું.

દિવ્યજ્યોતિ હાલ દુર્ગાશંકર–મુનીમજીની દેખરેખ તળે દિવસો ગાળતો હતો. શરીરપર પરિધાન કરવાનાં કિમતી વસ્ત્રોનો એણે ત્યાગ કર્યો હતો. ભવિષ્ય જીવનને અનુકૂળ કરવાના પ્રયોગો તે ક્યારનોય શરૂ કરી ચૂક્યો હતો. શરીરપર માત્ર કટિવસ્ત્ર, સ્કંધપ્રદેશથી પગ સુધી અટકે એવું પહેરણુ ને શિરપેચ એટલાં જ વસ્ત્રો એની સાથે રહેતાં. અભ્યાસમાં આગળ વધવામાં આ અણધારેલી આપત્તિએ એને કાંઇક ખમચાવ્યો. મેટ્રીક પસાર કર્યે એકાદ માસ થયો હતો, અને હવે પ્રીવીયસમાં જવાની તૈયારી કરવાની મહદેચ્છા હતી, છતાં હાલ કેટલીક પ્રતિકૂળતાઓને લીધે વીચાર ડગમગવા લાગ્યો. પોતાની સ્થિતિમાં આવેલી આપત્તિમાં સ્વકૂળતા ઉદાત્ત ગુણોનો શ્રેયસ્કર ધર્મ વિકસાવવાનો સમય આવી પહોંચ્યો. અભ્યાસ—આપત્તિ—ઘર—કુટુંબ–માતા પિતાના વિચારો ઉપરા ઉપરી તેના મગજમાં સત્તા જમાવવા લાગ્યા. દિવ્યજ્યોતિ એક ખુરશીપર બેસી આ સર્વ વિચાર વમળમાં ગુંચાવા લાગ્યો. દૃષ્ટિને માતા પિતાએ પડાવેલી પ્રતિકતરફ સંલગ્ન કરી જોઇ રહ્યો.

મોહિની નિસરણી ચઢી દિવ્યજ્યોતિની વિચાર મગ્ન સ્થિતિ જોઇ રહી. પાએક ઘટિકા સુધી બન્નેમાંથી કોઇ બોલ્યું ચાલ્યું નહિ. અંતે મોહિનીના હૃદયમાં દિવ્યજ્યોતિની સાંપ્રત સ્થિતિનો વિચાર પ્રકટયો, અને એ વિચારમાં જ્યોતિને વિચારગ્રસ્થ બેઠેલો જોઇ કંપી. 'શું એમના હૃદયમાં આ દુઃખો ઓછાં સાલતાં હશે ?' એ વિચાર આવતાં સહસા દોડી દિવ્યજ્યોતિની પાછળ આવી તેના સ્કંધે હસ્ત મૂકતાં બોલી. 'વ્હાલા, જ્યોતિ ? કેમ આજ વિચાર સમાધિમાં બેઠા છો ?'

'ના. એમ કાંઇજ નથી.' જાગૃત થતો હોય તેમ સ્વસ્થ થઇ બોલ્યો.

'તમે મુખદ્વારે નકાર ભણો, પરંતુ હૃદય એ તો પ્રમાણ ભૂત

સાક્ષિ છે.' એમ કહેતી મોહિની પાછળથી ખસી સામે પડેલી ખુરશી ઉપર બેઠી.

'મોહિની! હાલના સંજોગો તમારા લક્ષ્ય બહાર તો નહિ જ હોય ?'

'ના.'

'તેનો તમે શો વિચાર કર્યો ?' મોહિનીની ભૂતકાલની પ્રતિજ્ઞાનું સ્મરણ થઇ આવતાં પૂછ્યું.

'એમાં શો વિચાર કરવાનો હતો ?'

'તમારા સંબંધનો.'

'મારા સંબંધનો કેવા પ્રકારનો વિચાર કરવાનો રહ્યો છે ?'

'તમારી ભૂતકાળની પ્રતિજ્ઞાનો.'

'ભૂતકાલની પ્રતિજ્ઞાનો હવે વિચાર કરવાનો શો છે ?'

'તમો મારા સહવાસમાં સુખી થઇ શકશો ?'

'હા.'

'તમે જે સમયે મારી સાથે સ્નેહ બાંધ્યો હતો તે સમય ને હાલના સંજોગોમાં કાંઇ ફેર છે ?'

'હા.'

'એ ફેરફાર તમારા ભાગ્યને સુખ આપી શકશે ?'

'હા.' આમ કહેતાં મોહિનીના લલાટ પ્રદેશપર ગાંભિર્યની છાપ પડી.

'એક રંક માણસ તમારા જેવી શ્રીમંત પુત્રીના વૈભવ વિલાસોને તૃપ્ત શી રીતે કરી શકે ?'

'જ્યોતિ, વ્હાલા જ્યોતિ! એવું ન બોલો. એ જે વચન આપ્યું છે એ સદાને માટે છે. તે વખતે તમારી સ્થિતિનો મને મોહ—મમતા—લાલચ, લોભ નહોતો. મારો સ્નેહ તમારા સ્વરૂપ—સૌંદર્ય ને હૃદયની વિશાલ જ્યોત્સ્ના પર હતો. એ સુંદરતા ને શ્રેષ્ટતામાં મોહવશ થયેલ હું, સુખ સંપત્તિના વિનાશકાળે ચલાયમાન થાઉં, એવું સ્વપ્નમાં પણ ન ધારશો. વ્હાલા તે વખતે હું તમારી હતી ને હાલ તથા ભવિષ્યમાં પણ તમારી છું તે બીજાની થવાની નહિ.'

'પણ તમારા પિતા સંમતિ કેમ આપશે ?'

'સંમતિ નહિ આપે તો એ શું કરશે ?'

'તમને યોગ્યસ્થાને બેસાડવાનું પુણ્ય કાર્ય કરશે.'

'પણ એ પુણ્યકાર્ય યજ્ઞમાં બેસનારની ઇચ્છા વિરૂદ્ધ'

'ઇચ્છા વિરૂદ્ધ ખરૂં, પણ તમારા શ્રેયઃ માટે.'

'મારૂં શ્રેયઃ મારા સ્નેહ વગર થઇ શકે?'

'સ્નેહ પ્રથમ પ્રસંગે ઉદ્‌ભવેલો પાછળના સંજોગોમાં ફરી શકે.'

'વ્હાલા, તમે આ શું બોલો છો?' દીનતાથી મોહિનીએ કહ્યું.

'હું સત્ય કહું છું. હું હાલ રંક છું. માતા પિતાના વાત્સલ્ય ભાવનો અનધિકારી દીન છું.'

'પણ હૃદયને શરીર સત્તામાં તો વીર છો.'

'એ વીરત્વ તમારે શા કામનું?'

'મારે એનીજ અભિલાષા છે.'

'ત્યારે તમારો વિચાર નહિ જ બદલો.'

'ના. પ્રાણાંતે નહિ.'

'એક રંક પુરૂષ સાથે સ્નેહ--સંબંધ?'

'હા. અને અંત સુધી એજ નિશ્ચય.'

'મારાથી તમને સુખ—વૈભવનો સંતોષ મળી શકશે?'

'સુખ—વૈભવ કરતાં, મ્હારા વ્હાલાની પર્ણકૂટિને સાદાં વસ્ત્રોમાં શોભતું સ્વરૂપ સૌંદર્ય મને અધિક પ્રિય છે.'

'ત્યારે નિશ્ચયથી વિમૂખ નહિજ થઇ શકો?'

'વ્હાલા, પુનઃ પુનઃ એના એ શબ્દોચ્ચારરૂપી તિક્ષ્ણ કટાર ધારે આ હૃદય શા માટે બાળો છો? આ સંસારમાં મને જો કયાંહી સુખ કે સંતોષ, વિશ્રાન્તિ કે આનંદ મળતો હોય તો તે આપજ છો. આપના શિવાય હું જીવી શકું નહિ. સમુદ્રમાં મીન અને સુપુષ્પમાં સુગંધિ કુદરતી ધર્મેજ સંધાયેલાં છે. એને છુટાં કરતાં પ્રાણ હાની કે નાશ શિવાય અન્ય શું સંભવે?'

મોહિનીના દૃઢ નિશ્ચયથી દિવ્યજ્યોતિ સતેજ થયો—સ્વસ્થ થયો—આનંદ મગ્ન થયો. અર્ધ ઘટિકા આમ વાર્તા વિનોદના સ્નેહ રસમાં તૃપ્ત થતાં બન્ને સુખમાં નિમગ્ન હોય એમ જણાયું. એટલામાં ગાડીવાળાએ મોહિનીને બૂમ મારી. મોહિની અને દિવ્યજ્યોતિ અરસપરસ સ્નેહ ઘુંટડા પાતાં પીતાં અનેચ્છાએ છૂટાં પડયાં.

મોહિનીના ગયા પછી વૃદ્ધ દુર્ગાશંકર આવી સ્હામે બેઠા.

'મુનીમજી! હવે આપણા નાવને કઇ દિશામાં હંકારવાનું છે ?'

'ભાગ્ય લેઇ જાય ત્યાં.'

'ત્યારે પુરૂષાર્થ બળની સત્તાનો ક્ષય જ આપ માનો છો ?'

'ના.'

'પછી ભાગ્ય એ શું ?' દિવ્યજ્યોતિએ આશ્ચર્ય પામતાં પૂછ્યું.

મુનીમ વિચારમાં પડયા. ઉપકારદાતાના અસ્ત પામતા ભાગ્યને જોઇ તેમનું અન્તઃકરણ શોક—પરિતાપથી આચ્છાદિત થયું. રશ્મિકાન્તના પિતાની રંક પ્રતિ દયા વર્ષાવતી અમિદષ્ટિથી મુનીમની સાધન સંપત્તિ સુખે દિવસો નિર્ગમન કરી શકે એવી થઇ હતી; એ તરફ દષ્ટિપાત્ કરતાં મુનીમનું હૃદય ગુપ્ત અશ્રુથી ભિંજાવા લાગ્યું. રશ્મિકાન્તની વ્યાપારી પ્રવૃત્તિનો દષ્ટા—ચાલક સાંપ્રત યોગથી—વર્તમાન સ્થિતિ–દર્શનથી કંપ્યો. એક બાજુએ ગૃહરાજ્ઞીનું જીવન્ત સમાધિ લેતું ચિત્ર—બીજી દિશાએ રશ્મિકાન્તનું ઉપાધિઓમાંથી મુક્ત થયેલું અચેતન છાયા ચિત્ર અને એ બધાના વચ્ચે ભાગ્ય શરણ થઇ અદસ્ય થતું લક્ષ્મીબિંબ મુનીમની ચર્મચક્ષુ આગળ પ્રત્યક્ષ જણાયું. આ અવ્યવસ્થિત ચિત્રો પ્રતિ મુનીમ કેટલીક મિનિટો ચિત્ત અને ચક્ષુને સંલગ્ન કરી જોઇ રહ્યા. એકાગ્ર દષ્ટિથી જોઈ રહેનારના હૃદયમાં અનેક વિચારો ઉભરાવા લાગ્યા. હરિ હરિ ! હું આ શું જોઉ છું. આ અ. સૌ. વિમલાદેવિ રશ્મિકાન્ત પ્રત્યે યાચના કરતી ઉભી હોય એમ જણાય છે ! એની દષ્ટિમાં દયા છે. એના ભાવમાં સ્નેહ છે. એની ઉર્મિઓમાં અનુરાગ છે. આ તરંગો એના મુખકમલપર પરિવર્ત્તન થતાં નવું નવું રૂપ ધરતાં હું જોઉં છું. એના શબ્દો સ્પષ્ટ સમજાતા નથી, અથવા તો એની વાણિ આ મૃત શરીરથી ન સાંભળી શકાય એવી છે, તોપણ એના મુખપર જણાતા ભાવો એની મનેચ્છાનું—એની વિજ્ઞપ્તિ ભરી યાચનાનું ભાન આપે છે. રશ્મિકાન્ત અનહદ હાસ્ય કરતા વિમલાના છાયા ચિત્ર તરફ જોઇ રહ્યા છે, રશ્મિકાન્તની છબિમાં ગંભિરાશ છે, વિરક્તતા છે, અડગપણું ને સ્હામાનું હૃદય માને તેવી કઠોરતા જણાય છે. જગત્ અને જન્મ આપેલી પ્રવૃત્તિઓને લાત મારતા હોય એમજ દેખાય છે. હા ! રશ્મિકાન્ત કાંઇક કહે છે ! શું કહે છે તે શી રીતે સાંભળું ? આમ વિચાર કરતા મુનીમજી ક્ષણભર અમુઝાયા; તોપણ અટકળથી સાંકેતિક ચિન્હોને સમજવાવાળી સૃષ્ટિમાં

મુનીમજી પ્રવેસ્યા હોય એમ જણાયું. રશ્મિકાન્તનાં ચક્ષુઓમાં પ્રકટતા અવનવા રંગોથી એમના મનોભાવનું જ્ઞાન મુનીમને થવા લાગ્યું. રશ્મિકાન્ત એ ભાવોથી વિમલાને એમ કહેતા હતા કે; 'દેવિ! શું યાચના કરો છો? તમે જે વ્યક્તિઓ—વસ્તુઓ પ્રતિ વાત્સલ્ય ભાવ ધરાવો છો, તે પ્રતિ પ્રભુ શું કૃતઘ્નતા કે કઠોરતા કરતા હશે? મનુષ્ય જે રક્ષક સત્તા પોતાના હાથમાં લે છે, તે તરફ પ્રભુને જોવાનું રક્ષણ કરવાનું રહેતું નથી. આપણે તો પ્રભુના પુત્રો. આ સ્થાવર જંગમ એ સર્વ એની માયા. દિવ્યજ્યોતિ કે સંપત્તિ સાધન માટે આપણે શા માટે મમત્વ કે અનુરાગ થવો જોઇયે? હા. દિવ્યજ્યોતિનું વય નાનું છે—સુકુમાર છે—કોમળ છે—સંસારના પવનથી નિર્લેપ છે—આધિ, વ્યાધિ કે ઉપાધિના સપાટાથી મુક્ત છે—વ્યવહારીક જાળથી સ્વતંત્ર છે, તેમ આપણી સંપત્તિ—સાધન—લક્ષ્મી તેને ગાઢ અંધકારમાં નાંખશે. આપણી પ્રતિષ્ટાને ધક્કો લાગશે. આપણા વિજયને, આપણી કીર્તિને—માનને ઝાંખ લાગશે—તોપણ પ્રભુ એનું સર્વદા રક્ષણ કરશે. તેની બુદ્ધિ તિવ્ર છે. તેની શક્તિ દઢ છે. તેનું મનોબળ અપૂર્વ છે. તેનામાં સ્વાશ્રય—સ્વાત્મ શ્રદ્ધા—ને પુરૂષાર્થનાં બિજકો સંસ્કાર દ્વારા તમે રોપ્યાં છે. પ્રભુ એ બિજકોને યોગ્ય સમયે પોષશે. તમે હવે મનુષ્ય લોકનાં માનવી નથી. તમારા માર્ગો અને માનુષી માર્ગો જુદા છે. અન્તઃકરણની શુભ ભાવનાપૂર્વક આશિર્વાદ આપો. તમારો મારો કલ્યાણ માર્ગ એટલેથીજ અટકે છે. પ્રભુના બાળકોનું રક્ષણ પ્રભુજ કરે છે ને કરશે' રશ્મિકાન્તની સાંકેતિક ચિન્હોવાળી આ ભાવનામય વાણિ સાંભળી વિમલાની મૃત છાયામાં પ્રકાશનો આવિર્ભાવ થયો. એ પ્રકાશની પૂર્ણ છાયા રશ્મિકાન્તના ચરણમાં નમન કરતી હોય તેમ વાંકી વળી. રશ્મિકાન્તનો વરદ હસ્ત તેના મસ્તકે આશિર્વાદાત્મક ભાવ સૂચવતો હોય તેમ મૂકેલો જણાયો. છાયા સચેત થઈ. તેના મુખમંડલપર નિરામય શાન્તિપૂર્વક અવિકારી મૃદુ હાસ્ય પ્રસરી રહેલું જણાયું. બન્ને દિવ્ય છાયાઓ શનૈઃ શનૈઃ વિલય ભાવને પામતી અદ્રસ્ય થઇ. મુનીમ આ નવિન સૃષ્ટિનાં દિવ્ય ચિત્રો જોતા સ્તબ્ધ બન્યા. તેમના ભાવની છાપ હ્દયમાં પડતાં આશ્ચર્ય ચક્તિ થયા. તેમની મર્મ યુક્ત વાણિને સમજી વિસ્મય પામ્યા. અને અન્તે વિલય પામતી એ દિવ્ય મૂર્તિઓને હ્દયથી જ સાષ્ટાંગ કરતાં તેઓને તેમનાં વિલય પામતાં છાયા ચિત્રો તરફ જોતા

એજ દસ્ય અદસ્ય પ્રતિ લક્ષાનુસંધાન કરતા જોઇ રહ્યા.

'કેમ, મુનીમજી, બોલતા નથી.' દિવ્યજ્યોતિના ઉપરના પ્રશ્ને મુનિમને વિચારગ્રસ્થાવસ્થામાંથી જાગ્રત કર્યા.

'ભાઇ, હું એજ વિચારમાં છું.'

'એવા વિચારોનો અન્ત ક્યારે આવશે?' દિવ્યજ્યોતિ માત્ર આજ્ઞા કરવાને જ સ્રજાયેલો હોય એમ અડગ ભાવે દઢતાપૂર્વક બોલ્યો.'

'ભાઇ! આપણી હાલની સ્થિતિ લગાર એવીજ......' એટલું કહેતાં મુનીમના ચક્ષુમાંથી અશ્રુ ખરી પડયાં.

'કેમ, હૃદયને ડોલાયમાન કરવા જેવું શું થયું છે?' જાણે દુનિયામાં પ્રવેશ્યોજ ન હોય, જાણે દુનિયામાં વ્યાવહારીક તંત્રને સમજતો જ ન હોય, જાણે જગતને લાત મારી પોતાની પ્રેરક સત્તાનો જમાવ કરતો હોય એવા ભાવે દિવ્યજ્યોતિએ પૂછ્યું.

ભાઇ! તમારી ઉમર નાની છે, અને આ પર્વત શૃંગો ઉંચાં છે.' આટલું બોલતાં બોલતાં તો મુનીમના અશ્રુઓએ અસ્ખલિત પ્રવાહ ધારણ કર્યો.

'મુનીમજી! પિતાના તમે મંત્રિ હતા. દાદાના રથના સારથિ હતા, અને આ સર્વ તંત્રના પ્રધાન હતા. તમો વૃદ્ધ છો. અનુભવી છો. ઠરેલ છો. શાન્ત છો. દાન્ત છો. તમારા હૃદયનું નિર્માલ્યત્વ હું આજેજ અનુભવું છું. પર્વત શૃંગો ઉંચાં છે એ આપનું કહેવું યથાર્થ છે. પણ પર્વતની ગુહાઓમાંથી વહેતાં ન્હાનાં ન્હાનાં ઝરણાંનાં જલ બિન્દુઓ વરાળ રૂપે અદ્ધર ચઢી તેમના ઉચાં શૃંગોપર વિરામ લે છે. આપણી સ્થિતિ—સમય ને યોગનાં ઝાંખાં ઝાંખાં દર્શન મને સમજાય છે. અને એ ફેલાતા અન્ધકારમાં પ્રકાશ મૂકવાનું કાર્યજ બુદ્ધિમાનોનું છે, એવું પુર્વકાલિન્ પ્રજ્ઞોનું કહેવું છે. હા. આપનું કહેવું સત્ય છે. મારૂં વય હજુ ન્હાનું છે, મારો અભ્યાસ અને કેળવણી હજુ અપૂર્ણ છે. સંસારમાં પ્રવેશવા જેવી શક્તિ મારામાં નથી, અથવા તો એ દ્વારમાં મેં પગ સુદ્ધાંત મૂકયો નથી; તોપણ આ સઘળી દારૂણ અગ્નિ જ્વાલાઓમાંથી આપના જેવા બુદ્ધિશાળી વડીલની અમિ વૃષ્ટિ રૂપ સહાયતાના યોગે હું જીવી શકીશ.'

રશ્મિકાન્તના મુનિમનું નામ દુર્ગાશંકર હતું. દુર્ગાશંકર બાલ્યા-

વસ્થામાં રંક હતા. તેમનાં માતા પિતા એમને નાની વયમાં જ મૂકી સ્વર્ગસ્થ થયાં હતાં. આ રંક પુરૂષ પ્રભુ રક્ષણુ યોગે મહા મુશીબતે અનાજ મેળવી શકી નિર્વાહ કરવા શક્તિમાન થયો. ન્હાનપણુમાં ભિક્ષા માગી ભાગ્યુ તૂટયું ગુજરાતી ગામઠી શાળામાં દુર્ગાશંકર શીખી શક્યા. કર્મ યોગે તેમનું હિસાબી જ્ઞાન વિકાશને પામતું ગયું. એવામાં રામમોહનરાયના આરંભાતા કાર્યમાં આ રંક પુરૂષ નોકરીની ભિક્ષા માગતો આવ્યો. રાયમોહનરાયે યાચનાનો સ્વીકાર કર્યો. દુર્ગાશંકરની નાની વયમાં રહેલી તિક્ષ્ણુ બુદ્ધિએ રાયમોહનરાયનો સ્નેહ આકર્ષ્યો. આ આકર્ષણુ યોગથી દિવસે દિવસે દુર્ગાશંકર કામકાજમાં માહિતગાર થયા, અને વધુ માહિતી અને ચાલાક બુદ્ધિએ રાયમોહનરાયના પ્રિતિ પાત્ર બન્યા. દશેક વર્ષના પાકટ અનુભવે રામમોહનરાયે તેમને પેઢી-મુનીમની ઉંચી જગ્યો આપી. હવે દુર્ગાશંકર સુખે દિવસો કાઢી શકે એવી સ્થિતિમાં આવ્યા. જ્ઞાતિમાં કન્યાઓની અછત હતી. છતાં દ્રવ્યથી મોહ થાય છે. મોહમાં અનેક લોભીઓ લલચાઇ પડે છે. દુર્ગાશંકર પાસે પાંચ સાતેક હજારનો ઠામ થયો હતો. આટલા દ્રવ્યથી ગમે તે જ્ઞાતિજન આકર્ષાય એ સ્વાભાવિક હતું. વળી દુર્ગાશંકરનામાં વિનય-ભાવ બહુજ ઉચ્ચ પ્રતિનો હતો. એટલે કન્યા મેળવવામાં એમને હવે વધારે મુશીબત જેવું નડયું નહિ. દુર્ગાશંકરનું લગ્ન યશોદા સાથે થયું. યશોદા સ્વભાવે સુશીલ ને દક્ષ હતી એટલે દુર્ગાશંકરને દુ:ખમાં સુખ અનુભવવાનો સુયોગ પ્રાપ્ત થયો. બન્ને પતિ પત્નીના દિવસો સુખ—આનંદ અને સ્નેહમાં નિર્ગમન થતા હતા. આમ દિવસો પર દિવસો વહી ગયા અને એ સુખી દંપતિના ઘરમાં રાયમોહનરાયની કૃપા અને તેમની બુદ્ધિશક્તિના યોગે લક્ષ્મી—સંપત્તિનો ઉદય થયો. દુર્ગાશંકર પાસે હવે વીસ પચ્ચીસ હજારનો ઠામ થયો પણુ સંતાનમાં હજુ કશુંય નહોતું. પત્નીના હૃદયમાં પ્રસંગોપાત શોકશંકુ દુ:ખ દેતો, પણુ પતિ 'પ્રભુ કૃપામાંજ શ્રેયઃ છે' એમ કહી આશ્વાસન આપતો. એવામાં રાયમોહનરાય સ્વર્ગસ્થ થયા. રશ્મિકાન્તે આ બુદ્ધિશાળી પુરૂષની સલાહે માર્ગની દિશા બદલી, તેમાં લક્ષ્મીની પ્રાપ્તિ સારી થઇ, પરંતુ ભાગ્યયોગે એ ઉદય પામતા—પ્રકાશમાન્ સૂર્યપર તિમિર ઘન વાદળ ફરી વળ્યું. ઉદય અને અસ્તમાં પ્રૌઢ બુદ્ધિ અને કાર્યકુશલ-તાથી દુર્ગાશંકરે પાલકના નાવને યોગ્ય દિશામાં હંકાર્યું. રશ્મિકાન્તનો વિલય થયો. દિવ્યજ્યોતિનું વય ન્હાનું હતું. હમણાં જ મેટ્રીકમાં

પરીક્ષા આપી વિજય મેળવ્યો હતો. રશ્મિકાન્તની સ્થિતિનો પૂર્વ અને વર્તમાન યોગ દુર્ગાશંકરનાં ચક્ષુ આગળ વારંવાર પ્રત્યક્ષ થતો પરંતુ આ ધીર પુરૂષ અનુભવબળથી એ ચિત્રો પ્રતિ અલક્ષ કરતો. દિવ્યજ્યોતિના ભાગ્યને ઉર્ધ્વગામી કરવા પ્રયત્ન કરી રહ્યો હતો. એક દિવસ દિવ્યજ્યોતિ અને દુર્ગાશંકર વૃદ્ધ મુનીમજી સંપતિ સ્થિતિ વિષે વિચાર કરતા શમોધાનમાં બેઠા હતા. ત્યાં ઉપરના પ્રશ્નોત્તરો બન્ને વચ્ચે થવા લાગ્યા. દિવ્યજ્યોતિના છેલ્લા શબ્દોની અસર દુર્ગાશંકર પર અપ્રતિમ થઇ. ન્હાની વયમાં પ્રકાશતા દિવ્ય પ્રકાશની જ્યોત્સ્નાને જોઇ મુનીમનું હૃદય કાંઇક હર્ષમાં આવી ગયું. પ્રભુ કૃપા હશે તો આ દિવ્ય પુરૂષ નામ પ્રમાણે સુખ—સંપત્તિને કીર્તિ પ્રાપ્ત કરી શકવા શક્તિમાન થશે જ એ ભવિષ્ય વાણિ સહસા જાગૃત થઇ.

'ભાઇ! હવે આ બંગલાને છેલ્લા નમસ્કાર કરવા પડશે.'

'મુનીમજી! છેલ્લા નમસ્કાર કરવાનું કારણુ?'

'આપના પિતાજીએ કરેલા છેલ્લા સાહસે સઘળી સંપત્તિનો ભોગ આપ્યો હતો. અને સ્થાવર જંગમ એના ભોગમાં હોમાયાં છે. તેથી માગમાર લ્હેણદારોને હસ્તક જવા વખત આવ્યો છે.'

'ત્યારે આપણે ખુશીથી તેનો ત્યાગ કરીશું.' ત્યાગ કરવાનું કહેનારના હૃદયમાં આથી કિંચિત ક્ષોભ પણુ ન થયો. એ જોઇ દુર્ગાશંકર દિઙ્મૂઢ બન્યા.

'પછી આપ શું કરશો?'

'હું શું કરીશ એ તો પૂછશો જ નહિ. મારૂં કર્મ મારી પાસે છે. એક દિવસ એવો હતો કે હું શ્રીમાન પિતાનો શ્રીમન્ત પુત્ર હતો. એક દિવસ એવો હતો કે અનેક પુરૂષો મારી આગળ આવતા અને હું તેમની યાચના તૃપ્ત કરતો હતો, સુખ—વૈભવ ને સંપ્રત્તિમાં પ્રભુની મ્હારાપર પરમ કૃપા હતી. હવે એ દિવસો પલટાયા છે. માતુશ્રી ગયાં. પિતા ગયા. ત્યારે ચંચળ લક્ષ્મી જાય એમાં શું આશ્ચર્ય! હાલ એ ત્રણે ભાગ્યથી અધમ છું. તોપણુ એ નિર્ભાગ્યમાં હું પ્રભુની દયાનું મહદ્ ભાગ્ય જોઈ શકું છું—અનુભવી શકું છું. સુખ એ દિવસની પાંખ છે. રાત્રિની પાંખ દુ:ખ છે. દિવસ હોય ત્યાં રાત્રિ હોય છે એ વિશ્વનો મહાન્ નિયમ છે. હું એ બન્ને પાંખોના સાધન વડે વ્યક્તિ અને વસ્તુમાત્રની પ્રતિમા ને પ્રભુના જોવા ચાહું છું. જન્મથી મરણુ

પર્યંત માત્ર સુખમાંજ રહેનાર પુરૂષ દુઃખ એ શું છે તે સમજી શકતો નથી. એ માર્ગ ઉન્નતિનો બાધક છે. મારામાં રહેલી શક્તિઓનો વિકાશ કરવાનો હવે યોગ આવ્યો છે. એ યોગ પ્રભુની દયા છે. પ્રભુની દયા વડે મારામાં રહેલી અચેતન શક્તિઓમાં હું ચેતન પૂરીશ. એ ચેતન શક્તિ પ્રભુત્વમાં એક રસ થતાં દુઃખમાં પ્રભુતાનાં દર્શન કરીશ.'

'એમ ઉતાવળ કરવાની જરૂર નથી. મારી સ્થિતિ એ આપના પૂર્વજોનું પુણ્ય છે. આપના પર આવેલી આપત્તિઓમાંથી મૂકત થવા હાલ તો માત્ર એટલો જ માર્ગ છે, કે આપે મારે ત્યાં રહેવું, અને અભ્યાસ આગળ ચલાવવો. અભ્યાસ પૂરો થયા પછી બુદ્ધિને માર્ગે યોગ સાંધે ત્યાં ભાગ્ય અજમાવવું.'

'મુનીમજી! આપનું કહેવું એ કુલિનતાનું ભૂષણ છે. મારા વડિલોએ તમારા પ્રત્યે જે વાત્સલ્યભાવ દર્શાવી તમને હાલ સુખદ સ્થિતિએ પહોંચાડયા છે એ ઠીક છે, અને એથી તમારો મારા પ્રત્યે પ્રેમ—સ્નેહ હોય એ ઉચિત જ છે. પણ હું એ ઉપકારનો બદલો વળાવવા ઇચ્છતો નથી. તમારી મહેનતનું ફળ તમારી પાસે અક્ષય રહો. હું મારા ભાગ્યને આત્મશ્રદ્ધા—પુરૂષાર્થને સ્વાશ્રયથી જ ઘડીશ. મારો અભ્યાસ! અભ્યાસ માટે ચિંતા કરવાનું પ્રયોજન નથી—ચાલશે ત્યાં સુધી તો ઠીક છે, અને વિઘ્નથી પડતો મુકવા પ્રસંગ આવશે તો આ જગત પણ એક મહાન્ પાઠશાળા છે. એમાંથી મળતો અનુભવ એ પણ ઉચ્ચ કેળવણી છે.'

'ભાઇ! આ રંકની આટલી યાચનાનો તો સ્વીકાર કરો?'

'ના, વડિલ, ના. તમારે યાચના કરવાનું શું કારણ? મારા પર આપનો પ્રેમ એવો અવિચલ રહે એટલી જ કૃપા થવી ઇષ્ટ છે. શિવાય આપે વિશેષ દુઃખ વેઠવાની આવશ્યક્તા નથી. હું જોઉં છું—મારી અભિલાષ છે કે દુઃખ એ શું છે—દુઃખમાં મનુષ્ય ઉચ્ચ ગમન કરી શકે છે કે કેમ? આ જોવાની જાણવાની—અનુભવવાની મને મહદ્ અભિલાષ છે. હું કાલે સવારે જ પિતાએ બંધાવેલ—અને સુખે દિવસો નિર્ગમન કરેલ, માતાના સ્નેહમાં વાત્સલ્ય ભાવ અનુભવેલ આ સ્થળ—આ ગૃહનો ત્યાગ કરીશ.'

'ભાઇ! મારા પર આપના વડિલોની અપાર કૃપા હતી. તેમણે

મને પોતાના બાળક માફક ગણ્યો છે. મારા દુઃખોમાં તેમણે આશ્વાસન ને આશ્રયરૂપી વૃષ્ટિ વડે શાન્તિ અર્પી ઉપકાર કર્યો છે. અન્ન અને દાંતને વેર હતું એ સ્થિતિમાંથી તેઓએ મારો ઉદ્ધાર કર્યો છે. કાદવમાં લપેટાઇ ગયેલાં ભાગ્ય ચક્રોને તેમણે જમીનપર આણી સ્વચ્છ કર્યાં છે. આ બધું નહિ ભૂલાય તેવું છે. અને આપ વડિલના પુત્રને વડિલભાવથી જોવા એ મારી ફરજ છે, માટે વિજ્ઞપ્તિપૂર્વક યાચના કરતા આ રંક પ્રતિ દયાભાવ દર્શાવી આજ્ઞા કરો.'

'ઠીક. મુનીમજી ! આપની એવી જ ઇચ્છા છે તો હું જોઇશ.' દુર્ગાશંકરના હૃદયને શાન્ત કરતાં દિવ્યજ્યોતિએ કહ્યું. બીજી કેટલીક આડીઅવળી વાર્તાઓ ચાલી, અને દુર્ગાશંકર કેટલીક વખત પછી રજા લેઇ ચાલતા થયા.

મુનીમના ગયા પછી દિવ્યજ્યોતિ અનેક વિચારો કરવા લાગ્યો. વર્તમાન સ્થિતિચિત્ર દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ થયું. હવે શું કરવુ ઇષ્ટ છે એ વિચાર ઘુમવા લાગ્યો. માતા પિતાના અવસાનકાળ પછી, અને લક્ષ્મીના વિનાશ પછી કુટુંબી વર્ગ તરફથી—ઇતર જનો પ્રત્યેથી કે આપ્ત સ્નેહિ—સંબંધિ વર્ગથી ઝરતો સ્નેહ--માન શનૈઃ શનૈઃ ઓછું થતું અનુભવ્યું. સ્વર્ગભવન જેવું વિશાળ-સ્વચ્છ-સુંદર અને શાન્ત સ્થળ હવે તેના આ વિપત્તિ યોગથી ભયંકર જણાવા લાગ્યું. આ સંસારમાં માત્ર બેજ વ્યક્તિઓ પ્રત્યે તેને માન હતું. તે બે પૈકી વૃદ્ધ દુર્ગાશંકર દિવ્યજ્યોતિ પ્રત્યે હમેશ વાત્સલ્ય ભાવ રાખતા. વૈભવ અને સુખમાં ઝુલતા આ બાળ યોગિ તરફ તેમને જે સ્નેહ હતો તે આપત્તિ કાળે વધતો ગયો. વૃદ્ધ દુર્ગાશંકર પોતાનું પૂર્વ વૃતાંત યાદ કરતા અને એ સમયે એમને જે જે સંકટો વેઠવાં પડયાં હતાં તે નજર આગળ તરી આવતાં કંપતા. આવો સમય પોતાના ઉપકારદાતાના બાળકનો આવેલો જોઇ તેમને અનુકંપા થાય એ સ્વાભાવિક જ અને એથી જ દુર્ગાશંકર પોતાનાપર થયેલા ઉપકારોનું ઋણ ચુકવવા અન્તઃકરણથી ઇચ્છતા હતા. દિવ્યજ્યોતિ કરેલા ઉપકારોનો બદલો—સાટું વળાવવા ચહાતો નહોતો. તેને પોતાના આત્મા પ્રત્યે અને ઇષ્ટ પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. કહેવત છે કે "ક્ષુધા દેવી કોઇને અન્ન જળથી તૃપ્ત કર્યા શિવાય રહેતી નથી"—એ સૂત્રને સ્વાનુભવથી સત્યકરવા હૃદયથી પ્રેરણા હતી. આ પ્રેરણા યોગે ગૃહ વૈભવ અને સર્વસ્વ નો ત્યાગ કરવા તે તૈયાર થયો. તૈયારીમાં માત્ર એક વિઘ્ન નડતું હતું.

પોતાનો બાળપણનો સ્નેહી, સુખ દુઃખમાં સમાનભાવ રાખનાર, આપત્તિમાં પ્રોત્સાહનરૂપી અભિસિંચન કરનાર **શરતચન્દ્ર** તેના ત્યાગમાં પ્રતિબંધક હતો.

બાલકાળના સ્નેહિને ત્યજતાં દિવ્યજ્યોતિનું હૃદય ભરાઇ આવ્યું. **શરતચંદ્ર**નું પ્રતિક ત્હેની સામે ખડું હોય એમ જણાવ્યું, આ પ્રતિક ગંભીરાશથી તેના પ્રત્યે જોતું અને ઠપકો આપતું હોય એમ જણાયું. દિવ્યજ્યોતિ પ્રતિકની આવી ગુપ્ત પ્રેરણાથી હચમચી ગયો. પરંતુ **શરતચંદ્ર**ના સ્નેહને લીધે અહીં રહેવામાં અનેક વિઘ્નો આવશે એ વિચાર થતાં તેણે હૃદયને સ્વસ્થ જાગૃત અને હિમત્તવાન બનાવ્યું. ' જે સ્થળમાં સાધન અને સન્માન ન હોય તે દેશ ત્યાગ કરવો એમાં જ કલ્યાણ છે ' એ સૂત્ર બુદ્ધિમાં આરૂઢ થયું. " મારે દુનિયાની ઠોકરો ખાવી છે. જગ ચિત્રોને જોવાં છે, સુખ દુઃખમાં મનુષ્યનો ઉદ્ધાર ક્યાં ક્યારે અને કેવો થાય છે એ જોવું છે. એ ગૃહત્યાગ શિવાય બનવું અસંભવિત છે. અને એટલા માટે **શરતચંદ્ર**નો સ્નેહ અને દુર્ગાશંકરની મમતા વિઘ્નકર્ત્તા છે. આ બેનો ત્યાગ કરવો એ જ હાલના સમયને અનુકૂળ છે. માતાપિતા લક્ષ્મી અને ગૃહનો ત્યાગનાર અથવા એ વસ્તુના સુખથી હણાયેલા આ જીવને આટલુંય શામાટે જોઇએ ? ત્યાગી ત્યજવા યોગ્યને ત્યજતાં ક્ષણભર પણ વ્યામોહ પ્રકટાવતો નથી. વ્યામોહ એ બુદ્ધિને ભમાવનાર છે. હું એ સર્વનો આત્મબળથી ત્યાગ કરીશ. પણ **શરતચંદ્ર**ને અત્રે આવવાનો વખત થવા આવ્યો છે. એ આવી પહોંચશે તો ? વખત ગાળવામાં શો લાભ છે ? વિદ્વાનો કહે છે કે જે ઘડી પછી કરવાનું હોય તે આ ક્ષણે જ કરો. હું આ ક્ષણે જ કરો—એ સૂત્રનો સ્વિકાર કરૂં. શિઘ્ર ઉઠ. એમાં તારૂં ભદ્ર છે. એ ન્યાય સત્ય છે. ત્યારે શું કરૂં ? મારી પાસે દ્રવ્ય તો નથી. પણ ભિખારી રંક પુરૂષને દ્રવ્યની શી જરૂર છે ? મારી વિદ્યા—મારા સંસ્કારો—મારો પ્રભુ જ્યારે જ્યારે દુઃખમાં હું તવાતો જઇશ ત્યારે ત્યારે એમાંથી ઉગારશે—બચાવશે. ત્યારે મારે વૃથા વિચારોમાં વખત કાઢવાનું શું પ્રયોજન ? " આમ વિચાર કરી દિવ્યજ્યોતિ ઉઠયો. શરીરપર ઝીણી મલમલની કન્થાધાટી કફની પહેરી. શિરપર એક સફેત મલમલનો ફેંટો બાંધ્યો. પગપર સાદી સ્લીપર્સ પહેરી હાથમાં એક જેષ્ટિકા અને બીજા હાથે એક પોટકી ઝાલી. પોટકીમાં બે ચાર પુસ્તકો, શરીરપર ધારણ કરવાનાં બે ચાર અંગવસ્ત્રો અને એક રૂદ્રાક્ષનીમાળા

તથા દોરી લોટો અને પવાલું એટલું જ હતું. સર્વ સાધનોમાં આટલા જ સાધનવડે આ દિવ્ય આત્મશ્રદ્ધાળુ સજ્જ થઇ માળપરથી ઉતરવા નિસરણી આગળ આવ્યો. નિસરણીના એક પગથીઆપર પગ મૂકતાં કાંઇક વિચાર થવાથી પગ ઉપાડી લીધો. " હું જાઉં છું. હા. જાઉં છું. શરતચંદ્ર શી કલ્પનાઓ કરશે ? મારા ઓચિંતા પ્રયાણ માટે તેના હૃદયમાં કેવી કેવી કલ્પનાઓ થશે ? ત્યારે એક પત્ર લખતો જાઉં તો ? ઓ ગૃહ ! ઓ મિત્ર ! ત્હમારો ત્યાગ કરૂં છું. ત્યાગ એ શબ્દ અને વિચાર આવતાં મારૂં મગજ ડોલે છે, મારૂં હૃદય ધ્રૂજે છે, મારી આત્મ જ્યોતિપર પ્રચંડ અનિલ ધુમે છે. ઓ પ્રિય વસ્તુઓ ! ઓ માતાપિતાની દિવ્ય પ્રતિકો ! ઓ દૈવી સત્તાઓ ધારણ કરી વિશ્વમાં વિજય પ્રાપ્તી કરનાર પૂર્વ આત્માઓ ! વ્યાવહારીક દૃષ્ટિએ સર્વનો ત્યાગ કરતાં તમને પ્રણમું છું. મારા દોષો—મારા અપરાધો તરફ ક્ષમા આપજો. પ્રત્યક્ષ રીતે તમારો ત્યાગ કરવામાં જ શ્રેય છે, પરંતુ આ હૃદય આપને નહિ જ ત્યજે. આમ વિચાર કરતો—શોક—પરિતાપથી વિહ્‌વલ બનેલો દિવ્યજ્યોતિ બે હાથ જોડી નમસ્કારાત્મક ભણતો સ્તબ્ધ બની ઉભો રહ્યો. કેટલીક ક્ષણો આમ સ્તબ્ધ ઉભા રહેનારના મનમાં પુનઃ એક વિચારશંકુ જાગ્રત થયો. તૈયાર થા—ભાગ્ય ભ્રમણમાં તૈયાર થા. વખત સ્હામું જો. શીઘ્ર ઉઠ."

વિચારની સત્તા પ્રબળ જામતાં તે ટેબલ પાસે આવ્યો. ખુરશીપર બેશી નોટબુકમાંથી એક કોરો કાગળ કાઢયો. હોલ્ડર હાથમાં લેઇ કાગળપર અક્ષરો કહાડવા લાગ્યો. પ્રિય મિત્ર... !

વાચક ! શું લખ્યું છે એ જાણવાની જીજ્ઞાસા હમણાં થોભાવ ! પત્ર પુરો કરી એક કવરમાં પેક કરી પોટકી ગ્રહી પુનઃ ખુરશીપરથી ઉઠયો. ઉઠતાં ઉઠતાં હૃદય તરંગો ઉછળવા લાગ્યાં. હમણાં શરતચન્દ્ર આવશે. અનેક પુરૂષોના પગરવે ધમધમતા આ વિશાળ ભુવનને શૂન્ય જોઇ તે શું કલ્પના કરશે ? દુર્ગાશંકર હમણાં આવવાનો વાયદો કરી ગયા છે. એકાદ કલાકમાં તે પણ આવશે. મારા સાહસને તેઓ હૃદયથી ધિક્કારશે. હા. વડિલને સ્નેહઅંગે ધિક્કાર પ્રકટે તો એ સ્વાભાવિક છે, પણ પ્રસૂતાની પીડા પ્રસૂતા જ જાણે. મારો માર્ગ સૃષ્ટિમાં ત્હેમની દૃષ્ટિએ પ્રતિકૂળ જણાશે. હોય ! એમની પ્રતિકૂળતામાં જ મારી અનુકૂળતા છે. હવે વખત કાઢવામાં સાર નથી. નોકર ચાકરો પાછળની ભોજનશાળામાં પ્રવૃત્તિમાં હશે,

એટલે હાલજ—આ ક્ષણ મારા મનોરથોની સિદ્ધિ માટે કલ્યાણપ્રદ છે. આમ વિચાર કરી જેણે દુઃખ દીઠયું નથી, આપત્તિ અનુભવી નથી, સંસારનો પવન ઝપાટો વાગ્યો નથી, સુકોમળ શરીરને પરિશ્રમ આપ્યો નથી, એવું કુમળુ હૃદય અને શરીર ધારણ કરનાર દિવ્યજ્યોતિ સર્વને લાત મારતો ત્યજતો હોય એમ અન્તરથી પ્રણામ કરી ચાલ્યો.

પ્રકરણ ૯ મું.

વિનોદગૌરીનું અવસાન.

ધંભિરાપટ્ટનમાં વિનોદરાય સુપ્રસિદ્ધ હતા. તેઓ સુસંસ્કારી, વિદ્વાન, શ્રીમંત અને પ્રતિભાસંપન્ન હતા. રાજ્ય અને પ્રજામાં માન આબરૂ—પ્રતિષ્ઠાવાન હતા. જુદાં જુદાં મંડળોમાં આગેવાન હતા. વિદ્યા-કલા, સાહિત્યના ઉત્કર્ષ માટે યથાશક્તિ મદદ કરતા અને પોષતા. સભાઓમાં આગેવાની ભર્યો ભાગ લેતા અને વ્યાપાર-હુન્નર—ઉદ્યોગની સંસ્થાઓનો ઉત્કર્ષ કરવા પ્રયત્નવાન રહેતા. દેશ પ્રદેશની મ્હોટી મ્હોટી એજન્સીઓ તેમના હસ્તક હતી, અને એ માર્ગે ત્હેમના ગૃહમાં લક્ષ્મી સારી રીતે પ્રવેશ પામતી હતી. આર્થિક શાસ્ત્રમાં તેમનું જ્ઞાન અનુપમ હતું. વ્યાપારમાં ત્હેમની બુદ્ધિ ઉત્તમ હતી. પ્રદેશી લોકો વ્યાપારી માર્ગે કેવી રીતે યશ—સંપત્તિ પ્રાપ્ત કરે છે, એ સૂત્રોમાંના સત્યને તેઓ પાકટ અનુભવથી જોઇ શકયા હતા. કોઇ પણ સંસ્થા ભંડોળ-અનામત દ્રવ્ય અને સહકારીતત્વથી જ ઉચ્ચ થઇ શકે છે, એ પ્રદેશની સંસ્થાઓના અનુભવથી જાણી શકયા હતા. તેટલા માટે ધંભિરાપટ્ટનમાં ન્હાનાં મ્હોટાં મંડળોને તેઓ એ માર્ગે જવા પ્રેરતા. પ્રદેશી વ્યાપારીઓ પોતાના માલના વેચાણમાં જે કાંઈ પ્રાપ્ત કરે તેમાંથી અનામત ફંડમાં દર વરષે અમુક રકમ સંગ્રહતા; અને કસાકસીના વખતમાં એ ફંડનો ઉપયોગ સામા હરીફના માલને ઉતારી પાડવા માટે ખર્ચતા. વળી આ સંગ્રહમાંથી તેઓ પોતાના માલને ઉત્તમ બનાવવાની કલામાં બુદ્ધિ સંપન્ન વિદ્વાનોને રાખી સુધારા વધારા કરતા. આ શ્રેણિએ તેઓ વ્યાપારી માર્ગે સરલતા અને સફળતા

પ્રાપ્ત કરી શકતા હતા. વિનોદરાય, સ્વદેશ બાંધવોને પ્રદેશીય ફ્લાભિજ્ઞોના માર્ગે જવા સમજાવતા ને સહાય કરતા.

વિનોદરાયનું ત્હેમની વીશ—બાવીશ વરષની વયે પ્રથમ લગ્ન થયું હતું. તેમની પ્રથમ વિવાહીતા પત્નીનું નામ વિનોદી હતું. વિનોદી, નામ પ્રમાણે હમેશાં પતિને પ્રસન્ન રાખવાની કળામાં અને સર્વને વિશુદ્ધ—નિર્વકારી ભાવે આકર્ષવામાં વિનોદ સ્વભાવવાળી જ હતી. ત્હેણે પાઠશાળામાં કે નિશાળમાં અભ્યાસ કર્યો નહોતો, પરંતુ દુઃખમાં ઉછરતા કુટુંબના અનુભવોએ ગૃહ રાજ્યમાં પ્રવેશી, જીવનવ્યવહારને ઉત્તમ બનાવવાની અનુપમ કળા શિખવી હતી. મનુષ્ય દુઃખમાં અથડાતાં કુટાતાં ઘડાય છે, અને પ્રભુની કૃપા થતાં જ્યારે સુખમાં પ્રવેશી શકે છે ત્યારે ભૂતકાલના ચિત્રને દ્રષ્ટિ આગળ પ્રત્યક્ષ રાખતાં વ્યવહાર કરે છે, એમ વિનોદગૌરી પિતાગૃહના અનુભવ યોગે પ્રત્યેક તરફ દયા ભાવ રાખતી, સ્નેહ દર્ષાવતી, અને સરલ વ્યવહાર રાખતી હતી. વિનોદરાય આવી વિવેકસંપન્ન પત્નીને પ્રાપ્ત કરવામાં પોતાને ભાગ્યશાળી માનતા હતા.

વિનોદગૌરીનું જન્મ સ્થળ રાજનગરમાં હતું. તેના પિતાનું નામ લલિતાપ્રસાદ અને માતાનું નામ તારાલક્ષ્મી હતું. લલિતાપ્રસાદનો ગૃહસંસાર રંક હતો. તેમના પિતાએ સટ્ટામાં સઘળા દ્રવ્ય ને સાધનોને હોમી દીધાં હતાં, અને સુખમાં દિવસો નિર્ગમન કરી શકે એવી સ્થિતિને છિન્નભિન્ન કરી નાંખી હતી. લલિતાપ્રસાદના પિતા સટ્ટો કરવાના ધંધે સંગતિ દોષથી ચડયા હતા. અને એ દોષમાં કુટુંબને અસ્ત પામતા સૂર્ય ભગવાનની પાછળ ધસમસ કરતી આવતી દારૂણુ સ્ત્રીના ગાઢ અંધકારમાં નાંખી દીધું હતું. લલિતાપ્રસાદ આ સ્થિતિ યોગે વિશેષ તો નહીં, પણ પોતાના પોષણ માર્ગને નિભાવવા શક્તિમાન થાય એટલું શીખ્યા હતા. મેટ્રીકમાં પાસ થયા પછી એમને ન્યાયખાતામાં નોકરી મળી. અને પાંચેક વર્ષ નોકરીમાં ગયા પછી ગૃહ રત્ન પ્રાપ્ત થયું.

લલિતાપ્રસાદને ગૃહવ્યવહારમાં પત્નીના આવવાથી કાંઇક વિશેષ ખર્ચ થવા માંડયું. પરંતુ તારાલક્ષ્મીએ બુદ્ધિબળથી અને ઉચ્ચ સદ્‌ગુણોથી ખર્ચને કરકસરથી નીભાવી બની શકતો સંગ્રહ કરવા માંડયો. તારાલક્ષ્મી માયાળુ-ગુણીયલ અને બુદ્ધિશાળી હોવાથી લલિતાપ્રસાદને

કદીય ઓછું આવવા દેતી નહોતી, તેમ પોતે સાદી રીતે રહી પતિને પોતાના તરફની ચીંતા કરાવવા કારણ આપતી નહોતી. તે સારી રીતે સમજતી કે સ્ત્રીઓ શણગાર કે કીમતી વસ્ત્રોથી શોભતી નથી. પરંતુ સાદા ગૃહમાં રહેનાર ઉચ્ચ સદ્ગુણસંપન્ન ગૃહસ્થની માફક હૃદયની કેળવણી સંસ્કાર ને સદ્ગુણથી શ્રેષ્ટ બને છે—થાય છે. એવાં સાદાં વસ્ત્રોમાં જ એના આત્માનો પ્રકાશ ગૌરવદનમાં છવાઇ રહેતો. એની ગૃહવ્યવસ્થામાં જ એની વિવેક સંપન્ન બુદ્ધિ શક્તિની કેળવણીનો આભાસ થતો. પતિને હમેશ પ્રસન્ન રાખવામાં જ એની ગૃહિણી કલાનો વિકાસ પ્રત્યક્ષ જણાતો હતો. લગ્ન પછી પાંચ સાતેક વર્ષે એમને ત્યાં પુત્રીનો જન્મ થયો અને તે રત્નનું નામ વિનોદી પાડવામાં આવ્યું. અને પુત્રીના જન્મથી પાંચેક વરષે એક પુત્ર જન્મ્યો.

લલિતપ્રસાદના પુત્રનું નામ દુર્મુખરાય હતું. જગતમાં આ પણ આશ્ચર્યજનક છે કે કેટલાક પુત્રો માતાપિતાના સંસ્કારો વિચારો અને આચારોથી તદન ભિન્ન પ્રકૃતિના જન્મે છે! પિતા બુદ્ધિશાળી હોય તો સંતાન ઠોઠ જડ હોય. પિતા વિવેક–વિચારવાન હોય તો સંતાન કઠોર–ઉદ્ધત હોય. પિતા માન–પ્રતિષ્ટા માટે પ્રયત્ન કરનાર હોય તો સંતાન એથી વિરૂદ્ધ આચારવાળુ હોય. આમ કેટલાક પ્રસંગોમાં બને છે. અને એ દોષ માન પ્રતિષ્ટાવાળા પિતાના કુટુંબને ખાડામાં ધકેલી દે છે. દુર્મુખરાયના સંબંધમાં પણ એમ બન્યું હતું. માતાના ઉત્તમ સદ્ગુણોની પ્રતીતિ વિનોદગૌરીમાં જણાતી હતી, ત્યારે દુર્મુખરાયમાં એના પ્રતિકૂલ સંસ્કારો ઉતરી આવેલા દેખાતા હતા. લલિતાપ્રસાદે દુઃખ વેઠીને એને નિશાળમાં મૂકયો, ત્યાં એ સાધારણ લખી વાંચી શકે એટલું ઇંગ્રેજી શીખ્યો, એટલે નિશાળ અને અભ્યાસને તિલાંજલી આપી ઉભો રહ્યો. આર્ય પુત્રોમાં જે આર્યતત્વની છોળો ઉછળી રહે છે, તે આર્યત્વને સટે અનાર્યત્વના સંસ્કારો હૃદયપર દિવસે દિવસે વધારેને વધારે પડતા થયા ને દૃઢિભૂત થયા.

ધંભિરાપટ્ટનની કીર્તિની વિજય પતાકાને ફરકાવનાર વિનોદરાયને અદ્યપિ સંતાન પ્રાપ્તિ થઇ નહોતી. દ્રવ્યના સ્વામીને સંતાન વિહિત જોઈ વિનોદગૌરી પ્રસંગોપાત હૃદયબળથી ડગમગી જતી. એ ચીંતાની લાગણીનો ગરમ પવન વિનોદરાયના શરીરને કોઇ કોઇ વખત અથડાતો ત્યારે પત્નીના ઓછું આણવાના પ્રસંગને શાન્તિથી હિમત્ત આપી પુષ્ટ

કરતા હતા. પતિના ઉપદેશથી પત્ની શાન્ત થતી, તોપણ એ ચિંતાનો કીડો એના મસ્તિષ્કમાંથી સદંતર નાશ પામતો નહોતો. બહારના દષ્ટાંતોથી, અને શ્રીમંતાઇના ગૌરવથી જ્યારે એ કીડો પ્રદિપ્ત થતો ત્યારે શરીરનાં ચેતન સ્થળોને ધમ ધમાવી દેતો હતો. વિનોદગૌરીનું બુદ્ધિબળ એ સમયે શિથિલ થતું હતું, અને પ્રસન્ન વદનપર શોકનું આચ્છાદન પથરાઈ રહેતું. દિવસોપર દિવસો વહન થતા ગયા તેમ તેમ આ ચિંતાબળે એના લાલિત્યને ક્ષીણ કર્યું. એના ભરાવાદાર શરીરમાં કૃષતાએ વાસ કર્યો. એની આનંદ-સુખ વહન કરતી શિરાઓમાં નિરૂત્સાહ ને શોક મિશ્ર થયાં. ભાગ્ય યોગે આ ચિંતાજ્વરનું ઔષધ આપવાનો સુયોગ વિનોદરાયની અનેક પ્રવૃત્તિઓના ભોગે પ્રાપ્ત થઈ ન શક્યો. તોપણ પ્રસંગોપાત આ શલ્યને હૃદયપરથી ખસેડવાનું શૌર્ય વિનોદપ્રસાદ કરી શકતા; અને તેમના સહવાસને સમાગમે પત્ની હૃદય ભાર ઓછો થવાથી કાંઇક શાન્ત બનતી હતી.

સંતાન વીનાનું જીવન વિનોદગૌરીને કંટક સમ જણાવા લાગ્યું. આ સાથે દુઃખ ભેગું દુઃખ ઉમેરાયું. દુર્મુખરાયની જડતા અને ઉચ્છૃંખલ સ્વભાવે હજુ સુધી એનું ઠેકાણું પડયું નહોતું. પિતા શ્રીમંત નહોતા કે દુર્મુખરાય ભાતિ જીવનને સરળ રીતે નિભાવી શકે ? દુનિયામાં જેને આપણે સદ્ગુણ શબ્દથી પ્રબોધીએ છીએ, તેવા એકેય ગુણનું સ્થાન આ રંક પુરૂષનું હૃદય સ્વીકારી શકયું નહોતું. લલિતપ્રસાદે પુત્રને સુશિક્ષિત બનાવવાને અપાર શ્રમ કર્યો પણ એ સર્વપર દુર્મુખરાયે પાણી ફેરવ્યું.

વિનોદગૌરી શ્રીમંત ઘરની પત્ની હતી. પ્રતિષ્ટાસંપન્ન ઘરની ગૃહિણી હતી. ભાઇની આવી દુઃખદ કથાના શ્રવણથી તેનું હૃદય ધડકતું હતું. પ્રસંગોપાત વિનોદરાય આગળ આભારવશ લાગણીથી દુર્મુખરાયને માર્ગપર ચઢાવવાને યાચના કરતી. વિનોદરાય સારી રીતે જાણતા હતા કે દુર્મુખરાય અહીં આવી કદાપિ સુધરવાનો નથી. કારણ પોતાની વ્યવહારીક ઉપાધિઓથી તેને સન્માર્ગે વાળી શકે તેવો સમય કે અનુકૂળતા મળી શકે તેમ નહોતું, તેમ તેને એવા કોઇ માણસના હાથ તળે મૂકવાનું તાત્કાલિક અશક્ય હતું, તો પણ પત્નીની યાચનાને તરછોડાય એમ પણ નહોતું. છેવટે દુર્મુખરાયને બહેનના ઘરમાં આવવાની પરવાનગી પતિ તરફથી મળી ચૂકી, અને એ પરવાને વિનોદરાયના ઘરમાં દુર્મુખરાયે પગ મૂકયો.

આજે વિનોદરાયને ત્યાં આનંદ પ્રવર્ત્તમાન થતો જણાતો હતો. બંગલાને સુશોભિત રીતે શણગારવામાં આવ્યો હતો. કમ્પાઉન્ડમાં સ્વચ્છતા હતી, અને થોડે થોડે છેટે રંગોલીથી ચોક પુરવામાં આવ્યો હતો. પ્રવેશ દ્વારે પુષ્પોની કમાનો ગોઠવાયેલી હતી અને રંગ બેરંગી પુષ્પોથી સ્વાગતમ શબ્દ વચ્ચે લટકતો હતો. વિનોદરાયના સ્નેહિઓ, અને સંબંધિઓના આનંદ સમાચાર માટે ટેલીફોન છૂટતા હતા અને એ કારભાર મુનિમજીને સોંપવામાં આવ્યો હતો. કેટલાક તો વિનોદરાયને મળવા માટે પણ આવી ગયા હતા. ધંધાને અંગે આવનાર અનેક પરિચિત સત્પુરૂષો પણ વિનોદરાયને આ સુખદ વધામણીમાં પોતાનો હર્ષ પ્રકટ કરવા પધાર્યા હતા. આવનાર પુરૂષોને મિઠાઇ આપવામાં આવતી હતી, અને આ ભંડારનો અધિષ્ટાના દુર્મુખરાય પોતે હતો.

આનંદ—ઉત્સવનું સ્થળ સદ્‌ગુણ સંપન્ન વિનોદગૌરીથી પ્રાદુર્ભાવને પામેલું પુત્રી રત્ન હતું. વિનોદરાયને ત્યાં પુત્રના અભાવે પુત્રીનું પ્રકટિકરણ આવકારદાયક ગણાયું. વિનોદગૌરી પુત્રીના મોહક સ્થૂળને જોઇ આનંદમગ્ન બની. વાંઝીયા મહેણું ટાળવાને પ્રભુની આટલી દયા પણ તેને મન તો તૃષાતુરને જલ પ્રાપ્તિ સમાન હતી. વિનોદરાયને મન ઉભય સરખું—સમાન હતું. તે પ્રભુની ઇચ્છાને આજ્ઞા માની જીવન વ્યાપાર ખેલતા હતા. સંતાનથી જ સુખ પ્રાપ્ત થાય છે, એવું માનતાં તેઓ ખમચાતા. કારણ સંતાન બુદ્ધિસંપન્ન, વિવેકદક્ષ, કલાભિજ્ઞ હોય તોજ સંસારમાં જે સત્પુત્રોથી માતા પિતા શોભે છે તે લાવો મળી શકે. પરંતુ દુર્મુખરાય જેવા પુત્રો સ્થળે સ્થળ હોય તો આર્યાવર્તનો ઉદ્ધાર સત્વર થાય. (!) એમાં શક નહિ! વિનોદપ્રસાદ માનતા કે મારે ત્યાં પુત્ર નથી તેથી શું બ્રહ્માની પ્રકટ થયેલી સૃષ્ટિનો અંત આવવાનો છે? ત્યારે શા માટે એ પરિતાપથી દુ:ખના વાદળ નીચે દબાવું? આર્યાવર્ત્તમાં તેત્રીસ કોટિ દેવ છે, અને એટલા દેવો ધારશે તો તેનો સત્વર ઉદ્ધાર થશે, માટે પ્રભુની આજ્ઞાને વશ વર્તી તે જે માર્ગે સ્થાપે તે માર્ગે જ જવામાં સુખ છે એમ માની સુખ દુ:ખમાં સમાન રહેતા હતા. તો પણ આવી પડેલા ધર્મમાં પુરૂષાર્થ કરવામાં પણ પાછળ હઠતા નહોતા.

વિનોદરાયની પ્રતિષ્ઠા જેમ બહાર પ્રતિભાવાન હતી, તેમ દુર્મુ-

ખરામની સત્તા ઘરમાં જામેલી હતી. ગૃહરાજ્ઞીના ભાઇ માટે એક શબ્દ પણ ઉંચો કોણ બોલી શકે ? વળી મોટાના ઘરમાં જ્યાં પૈસાની રેલંરેલા થતી હોય ત્યાં પાંચ કયાંથી આવ્યા ને પાંચ કયાં ગયા તે પૂછનાર પણ કોણ ? વળી કર્મ સંજોગે વિનોદરાયની દૃષ્ટિએ સાળાનો દોષ જણાય તો સાળાની વકીલાત કરનાર ગૃહદેવીને શું કહી શકાય ? આથી ઘરનો સ્વતંત્ર કાર્યભાર દુર્મુખરાયના હાથમાં આવી નાચ કરતો હતો.

નોકર ચાકરો પૈસાની લાલચથી મુગ્ધ બન્યા હતા. લક્ષ્મી એ એવી મોહક વસ્તુ છે કે તેના પાસમાં આવનાર પ્રત્યેક માયાવી પ્રાણી લોભાય છે અને દાસ બને છે. ઘરના નોકર ચાકરોને છૂટે હાથે પૈસા મળતા ગયા, તેમ તેમ જ્યાં દુર્મુખરાય પાણી માગે ત્યાં દૂધ આવી હાજર રહેતું. પરંતુ દુર્મુખરાયની મોટાઇનો આટલેથી જ અંત આવે એમ નહોતું.

ધંભિરાપટ્ટનમાં વિલાસીકા નામની એક સ્ત્રી રહેતી હતી. તે સ્વરૂપે સુંદર અને ગુણે ચપટ ગુણિકા સમાન હતી. કોઇ કોઇ વિષય મુગ્ધ મૂર્તિઓ આ સ્થળે આકર્ષાઇ આવતી, અને પૈસા, વખત તથા નીતિમય જીવનનો ભોગ આપતી. કેટલાક ખુશામતીઆઓની ભંભેરણીથી દુર્મુખરાય વિલાસીકાના મોહપાશમાં ફસાયો અને હમણાં હમણાંનો તો દિવસનો કેટલોક ભાગ માત્ર વિલાસગૃહે જ ગાળતો.

ખાવા પિવામાં પણ દુર્મુખરાય સ્વતંત્ર બન્યો હતો. સદ્‌ગુણ અથવા દુર્ગુણના માર્ગો એવા છે કે જે પુરૂષ એમાંના એક માર્ગમાં પ્રવેશ કરે છે કે, તે માર્ગ સમદ્રવ્યવાન્ અનેક માર્ગોને આકર્ષી આણે છે. દુર્ગુણના દ્વારમાં પ્રવેશ કરનાર અનેક વ્યક્તિઓ એવાજ ભાવના બીજા ગુણોને સ્થાન આપે છે, અને તેથી નથી તેઓ રહેતા પૃથ્વીના ધર્મે કે શ્રેયઃ પન્થે ! મતિને મલિન કરનાર અભક્ષ વસ્તુઓનો આહાર કરવામાં દુર્મુખરાય કિંચિદ્ કવચિત્ ક્ષોભ ધરતો નહિ.

મનુષ્યનું મન એજ એના ભાવિ ચિત્રનું પ્રત્યક્ષ દર્શન છે. મનુષ્ય ધારે છે તો ઉત્તમમાં ઉત્તમ પદે સ્થિત થાય છે, અને એજ મન ધારે છે તો કનિષ્ટમાં કનિષ્ટ સ્થળે ખેંચી જાય છે. મન જેટલું દુર્બળ તેટલું ભાવિ દુર્બળ. દેખીતું નિર્માલ્ય હોવા છતાં તેની સ્વચ્છંદતા અને ધૃષ્ટતા એથીય પણ અમાપિત છે. દુરાચરણી ગૃહિણી જેવું

તે રહે છે. ડાહ્યા અને વિવેકસંપન્ન પ્રજ્ઞ પુરૂષો એટલા માટેજ કહે છે કે, મન એજ બંધ કે મોક્ષનું કારણ છે. મનને હૃદય બળની સત્તા નીચે અંકુશમાં રાખનાર વીર પુરૂષ આ સૃષ્ટિમાં જેને સર્વોત્તમ સુખ કલ્પે છે તે પદે સ્થિત થાય છે અને ત્યારે તે પતિવ્રતા સતી સમ તેની આજ્ઞા વશ રહે છે.

પિતાના ઘરની રંક સ્થિતિમાં સંપૂર્ણ સુખ કે શાન્તિ દુર્મુખ-રાયને મળી શકી નહોતી; હવે તે એક શ્રીમંત ઘરનો સ્વતંત્ર કાર્ય-ભારી બન્યો હતો. દ્રવ્યને છૂટે હાથે ફેંકવાનો યોગ ભગિની પ્રતાપે પ્રાપ્ત થયો હતો. નોકર ચાકરો તેને આધિન હતા. ગાડી ઘોડા તેની સત્તા-માંજ રહેતા. તેને વખાણનારાઓ સર્વદા તેની સ્તુતિ ગાતા અને ન-વિન નવિન માર્ગોનો દ્વાર ઉઘાડી આપતા. આથી દુર્મુખરાય દુર્બુદ્ધિ-વાળા પ્રસંશકોનો સરદાર અનેક માર્ગે વળી ચૂક્યો હતો.

આજે વિનોદરાયની પુત્રી વૈજયન્તિકાનો જન્મ થયાને એક વર્ષ પસાર થયું હતું, તેથી જન્મનિમિત્તનો વાર્ષિકોત્સવ આનંદસહ ઉજ-વવાની ધામધુમ ચાલી રહી હતી. વિનોદરાયના સુંદર દિવાનખાનાને શણગારવામાં આવ્યું હતું. નાના વિધ અનેક કલાવંત વસ્તુઓને ક્રમશઃ સુંદરતામાં વધારો કરે એવી રીતે ગોઠવવામાં આવી હતી. રંગબેરંગી ચિત્રો અને ચિત્રકલામાં ઉત્તમ કલાભિનવદર્શક છબિઓ સ્થળે સ્થળે ગોઠવવામાં આવી હતી. દિવાનખાનાની હમેશની સુઘડતા અને સુંદર-તામાં આજે અલૌકિક સૌંદર્ય ઝળકાવવામાં આવ્યું હતું. આજે ભોજન શાળામાં પણ ધામધુમ ચાલી હતી. સ્નેહિ અને કુટુંબી વર્ગને જમ-વાનું સસ્નેહ આમંત્રણ કરવામાં આવ્યું હતું.

શનૈઃ શનૈઃ આમંત્રણને માન આપી સ્નેહી અને કુટુંબી વર્ગ આવતો ગયો. તેમનું સન્માન કરવાનું દુર્મુખરાયને કાર્ય સોંપવામાં આવ્યું હતું. દુર્મુખરાયનો ઠાઠમાઠ આજે કાંઇક જુદા જ પ્રકારનો હતો. પરદેશીય વસ્ત્રોનું સ્વતંત્રપણે અનુકરણ કરવામાં આવ્યું હતું; અને એ વસ્ત્રો પરિધાન કરતાં સાક્ષાત્ યુરોપીયન સદ્‌ગૃહસ્થ જણાતો હતો. તેનું સ્વરૂપ સુંદર, સુશોભિત, ભરાવાદાર અને કાંઇક બળવાન્ હોવાને લીધે આ વસ્ત્રોમાં તેની ભવ્યતા અનુપમ જણાતી હતી. આ ભવ્યતાની સુંદરતાનો સદુપયોગ વિલાસીકાને ત્યાંજ થતો હતો !

સર્વ કાર્ય યથાવિધિ સંપૂર્ણ થયું. સન્માનામંત્રણીય ગૃહસ્થો

વિદાય થયા. વિનોદરાય હર્ષોત્પાદક કાર્યના વ્યવસાયથી અધિક પરિશ્રમિત થયા હતા. સર્વના વિદાય થયા પછી તેઓ પોતાના બંગલાની આકાશિકા પર એકાદ ઘટિકા વિશ્રાન્તિ પ્રાપ્ત કરવાના ઉદ્દેશે ચઢયા. ઉપર ચઢી એક આરામાસનપર અઢેલી બેઠા.

ઉન્હાળાના સખ્ત તાપથી જ્યાં ત્યાં ઉષ્ણુતા જણુાતી હતી. દૃષ્ટિએ અને સ્પર્શે સમજાય તેવી પ્રત્યેક વસ્તુમાં તેનો આવિર્ભાવ હતો. ઉષ્ણુતાના આ યોગે મનુષ્ય, પશુ, પક્ષિ શિતળતાના અને શાન્તિનું શોધન કરે એ સ્વાભાવિક હતું. શ્રીમંતો અને સગવડ પ્રાપ્ત કરી શકનાર સજ્જનો પોતપોતાનું સાધન કરી રહ્યા હતા. ઉદાર વૃતિવાળા પરોપકારી લક્ષ્મીવાનોએ રંક પુરૂષો માટે ઉદ્યાનો વગેરેની યોજના કરી આપી હતી. ધંભિરાપટ્ટનનાં રાજ્ય રત્નો આ કાર્યો પાછળ પૈસાનો સદુપયોગ કરવામાં કદિ પાછા હઠે તેવાં નહોતાં; અને નૃપતિ એ કાર્યો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી રાજ્ય દ્રવ્યનો પણુ ઉપયોગ કરવામાં આજ્ઞા આપતાં પાછું જુવે એમ નહોતું.

વિનોદરાય આકાશિકામાં વિશ્રાન્તિ લેતા સૃષ્ટિ સૌંદર્યપર વિચાર કરતા બેઠા હતા. ઘડિકમાં વિશ્વદેહીપર નજર જતાં ત્હેની ગતિમાન્ થતી લહરીઓ તરફ દૃષ્ટિ નાચતી; અને એ જલતરંગો અને મનુષ્ય કાર્યોની સરખામણુીના તારતમ્ય પ્રત્યે બુદ્ધિને વિકસાવી પ્રભુની પ્રભુતા પ્રત્યે હૃદય ઉપકાર—આભારની લાગણી તળે દબાતું. આકાશમાં સવિતાનારાયણુ અસ્ત પામી ગયા હતા. આછા આછા તારલા ખમંડળમાં ડોકિયાં કરી રહ્યા હતા; અને નભેન્દુ અમિકર કિર્ણોને ધીમે ધીમે પ્રસરાવવાના કાર્યમાં, અને ઉષ્ણુતાથી અકળાતી વ્યક્તિમાત્રને કુદરતી શિતલતા, શાન્તિ અર્પવામાં ઉદ્યમશાળી થયો હતો. વિનોદરાય આકાશ, પૃથિવી, પહાડ, સરિતા, અને ધંભિરાપટ્ટનપર એક પછી એક એમ દૃષ્ટિપાત કરતા હતા; અને તેમાંથી ઝરતા પ્રભુતાના દિવ્ય પાઠને હૃદયમાં સ્થાન આપતા, વ્યવહાર અને વ્યાપારના કોલાહલથી અન્વેશિત થયેલા હૃદયેન્દુને એ ભારમાંથી મુક્ત કરતા અપૂર્વ શક્તિને અનુભવતા હતા. આ શાન્તિ યોગમાં એકાદ ઘટિતા વ્યતિત થઇ એવામાં વિનોદગૌરી બાળરત્નને લેઇ વિનોદરાય પાસે આવી અને પતિના ચરણુ આગળ એક ગાદીપર બાળકને સુવાડી પતિ પાસે બેઠી.

" પ્રાણુનાથ ! આપ આજે શા વિચારમાં નિમગ્ન થયા છો ? "

" દેવિ ! વિચાર એવો કાંઇ મહદ્ નથી પરંતુ દિવસના કાર્યના પરિશ્રમથી અને ઉષ્ણતાના તાપથી સહજ વિશ્રાંતિ અર્થે જ અહીં કેટલીક ઘટિકાઓથી આવી બેઠો છું. તેમાં દષ્ટિગોચર થતું ઇશ્વરી કૃપાનું કુદરતી સૌંદર્ય હૃદયને શાન્તિ આપે છે, અને હૃદયને પ્રભુ ચરણ કમળ પ્રત્યે સ્નેહ–દયા–માનની આભાર વશ લાગણી અજમાવે છે"

" પ્રભુની પ્રભૂતા ક્યાં નથી જણાતી ? "

" દેવિ ! પ્રભૂતા સઘળે છે. પણ એ પ્રભૂતા જેવી માનવદષ્ટિએ મહદ્ જણાય છે એવી જ એ પાપાચરણમાં મસ્ત બનેલી માનવ દષ્ટિમાં તુચ્છ દેખાય છે. એટલો હૃદયપરીક્ષક શક્તિનો ભેદ. "

" પણ એથી પ્રભૂતાનો તો ક્ષય નહિજ ને ? "

" ના, સત્ય, ચિરકાલ સત્ય રહેશે. સૂર્યની નિંદા કરતું ઘુવડ યમશરણ પામશે, પક્ષિઓની અવગણના કરતું ચામાચીડિયું વખતના શરણ થશે; પરંતુ જે યશ પ્રકાશ અને ગૌરવતા તેમાં સ્યુતિયોગે પ્રકાશે છે તે નષ્ટ નહિ જ થાય; અને તેથી જ મહદ્ જનો એ પ્રભુ-તાનો સાક્ષાત્કાર કરતા, વિનાશક આવરણોને સંહારતા અમોઘ થઇ રહે છે, જ્યારે દુરાત્માઓ એની અવગણના કરતાં જન્મ મરણના ચક્રમાં જેમ રેંટીયા પાછળ દોર વીંટળાય તેમ આંટા માર્યા કરે છે. "

" પ્રાણનાથ આપનું કહેવું સત્ય છે ? મને તેથી જ પ્રભુતા-વંદનીય છે. "

" હા. પ્રાણેશ્વરી ! એ હૃદયપૂર્વકની વંદના જ સર્વાર્થ ફલ સિદ્ધિ પ્રદાતા થાય છે. "

' ખરેખર એમ જ છે. મારા પ્રભુની દયા જ્યારે મારા જીવન વ્યાપારને પૃષ્ટ કર બનાવે છે ત્યારે એ મહદ કૃપાળુ વિશ્વાધિષ્ઠાતાની દયા—વાત્સલ્ય શું શું ન કરી શકે ?

' દેવિ ! પણ તારા પ્રભુ કયા ? '

' નાથ, ક્ષમા કરજો તમે જે પ્રભુને વંદના કરો છો, એ પ્રભુના પ્રતિનિધિનેજ હું પ્રણતિ અર્પું છું. '

' પણ ઇશ્વર તો નિરાકાર છે. '

" ઇશ્વર નિરાકાર હો કે સાકાર એ જોવાનું કાર્ય મારૂં નથી. પણ જે દષ્ટિએ ઇશ્વરનાં દર્શન કરૂં છું તેમાં મારા સર્વાર્થ સમાયેલા હોવાથી, અને એ અર્થમાં ફલ પ્રાપ્તિ થતી હોવાથી હું તેમને ભજું છું. "

" પણ તારા એ ઇશ્વર કયા ? "

" નાથ ! આપ તે ઇશ્વરને નહિ ઓળખી શકો ? મનુષ્ય પોતે પોતાને ઓળખતો નથી તો એ પ્રભુને કયાંથી જોઇ શકે ? "

" ત્યારે શું તારા સાકાર પ્રભુનાં દર્શન કરવા મનુષ્ય સક્તિવાન્ નથી ? "

" છે, પણ શ્રદ્ધા નથી. "

" શ્રદ્ધા નથી એમ શા ઉપરથી કહેવાય ? "

" આત્મબળ પર અણુવિશ્વાસ રાખનાર વ્યક્તિ શ્રદ્ધાન્વિત છે એમ કેમ કહી શકાય ? "

" દેવિ ! આજે તો તું સમર્થ તત્વજ્ઞાની માફક બોલે છે, પણ મને કહી દે-સ્પષ્ટ કહી દે કે તારા એ પ્રભુ કેવા છે ? "

" નાથ ! હું કયારે સ્પષ્ટ નથી કહેતી, પણ આપ તેને નહિ જોઇ શકો. "

" શાથી નહિ જોઇ શકું ? "

" એમાં તમને વિશ્વાસ નહિ હોય ? "

" દેવિ ! તમો આજે મશ્કરી કરો છો હોં ? "

" કદાપિ નહિ. સત્ય કહેવામાં ક્ષોભ નથી થતો તેથી એમ સ્હમજાય છે. "

" ત્યારે હવે સ્પષ્ટ કહો કે આપના પ્રભુનાં મને દર્શન કરાવશો ? "

" હા. જો અધિકારી અન્તઃકરણપૂર્વક શ્રદ્ધાવાન્, પુરૂષાર્થવાન્ હશે તો મારા પ્રભુનાં દર્શન થશે જ. "

" તમે કહો તે માર્ગે શ્રદ્ધા અને પુરૂષાર્થ કરવા આ હૃદય તૈયારજ છે. "

" ત્યારે પ્રત્યક્ષ જુઓ કે મારા પ્રભુ આ આરામાસનપર જ વિરાજીત છે. "

" હેં ? "

" હા. સત્ય. એ મારા પ્રભુ. " એ પ્રભુના પ્રભુ તેજ હૃદયાત્મા. "

આમ વાર્તાવિનોદમાં પતિપત્ની આનંદની લહરીઓ અરસપરસ રેલાવે છે, એવામાં બાળક વૈજયંતિકાના મધુર મૃદુ નિર્દોષ હાસ્યે વિનોદરાયની દષ્ટિને આકર્ષી.

"દેવિ ! આટલા નાના શરીરમાં પણ પાષાણુ જેવા હૃદયને પીગળાવવાની, લોહ જેવા જડ પદાર્થને આકર્ષવાની અપૂર્વ શક્તિ રહેલી છે. ખરેખર ! તેના નાના બાળ શરીરમાં પણ કેટલી પ્રભુતા વિલસી રહી છે ?"

"નાથ ! આપ કહો છો એમજ છે. જયંતિકાને હું એક ક્ષણભર પણ વિમુખ કરી શકવા શક્તિવાન નથી. એ જન્મથી જ મૃદુ હાસ્યને પ્રકટાવી રહી છે."

"ઇશ્વરની ખરેખર ! આપણા પર દયા છે." વિનોદરાયે કહ્યું.

"અને એ દયા પ્રતાપેજ આવા બાળ રત્નને પ્રાપ્ત કરવા શક્તિમાન થયાં છિયે."

"મનુષ્યો કહે છે તે વાત ઠીક છે કે લક્ષ્મીવાનને બાળક પૂર્વ યોગે જ પ્રાપ્ત થાય છે."

"હા. પ્રભુની દયા હોય તોજ સુપુત્રવાન્—સદ્ સંપત્તિવાન્—સુલક્ષ્મીવાન્—સદ્ કિર્તિવાન્ અને સંપૂર્ણ આરોગ્યવાન્ થવાય છે."

"પ્રભુ–દયા પાષાણને પારસમણિ બનાવે છે." વિનોદરાયે કહ્યું.

"નાથ ! ત્યારે, દુર્મુખરામને એવા કોઇ કાર્યમાં નાંખો કે જેથી એનું ભાવિ સુધરે અને આપણને મદદગાર થાય." વિનોદ ગૌરીએ પૂછ્યું.

"હા. હું એ જ વિચારમાં છું. પણ... .."

"પણ શું ?"

"એનું ધાર્યું કામ હમણાં આવે તેમ જણાતું નથી."

"કારણ."

"એનામાં સન્માર્ગને ગ્રહણ કરવા જેવી શક્તિનો વિકાસ નથી."

"પણ અનુભવ એ શક્તિને પોષશે."

"અનુભવમાં આવવા જેવો એ પુરૂષાર્થ ક્યાં કરે છે ?"

"એક વખત એને સ્વતંત્ર સ્થળ સોંપો તો જ સમજાય કે એનામાં બુદ્ધિ કેટલી છે."

"એવી સ્વતંત્રતા એના અહિતનુ જ કાર્ય કરશે."

"પણ એ શીખશે કે મનુષ્ય ઠોકરો ખાતો જ જ્ઞાન મેળવી શકે છે."

"તારો એવો આગ્રહ છે તો ઠીક છે. થોડા દિવસમાં એ ગોઠવણ કરીશું." કહી વિનોદરાયે વાર્તા ટૂંકાવી અને વિનોદગૌરી બાળકને લેઇ નીચે ઉતરી.

કુદરતી સૌંદર્ય, ત્યાંથી બાળ-વિચાર અને પછી દુર્મુખશયના વિચારમાં વાર્તાની સંક્રાન્તિ થઇ. આ સંક્રાન્તિ યોગમાં વિનોદગૌરીએ પતિ પાસેથી ભાઇના ઉદય માર્ગની આશાનો પન્થ શોધી લીધો, અને માગી લીધો; પરંતુ નિર્દોષ—પ્રપંચ જાળની નિર્લેપ—ભોળી વિનોદગૌરીને ભાગ્યે જ એમ ખબર હતી કે આ સ્વતંત્રતાએ દુર્મુખશયના ભાગ્યને પૃથ્વિ તળમાં જ શમાવી લેવાની સંકલના કરી રાખી કેમ નહિ હોય ?

સમય સમયનું કાર્ય કરે જાય છે. વખતપર વખત પસાર થતો ગયો. દિવસ પર દિવસો ચાલતા થયા; વિનોદરાયની ભાવિ આશાના કોમળ તંતુપર કાળની પ્રચંડ પાંખો જોર ભેર અથડાવા લાગી. વિનોદગૌરીને પાંચેક દિવસથી સખ્ત તાવ આવ્યો હતો. બોતેર કલાક સુધી શરીરની ગરમી ઉષ્ણતામાપકયંત્રથી તપાસતાં એક સરખી રીતે ૧૦૪—૦૫ સુધી રહેલી હતી. આ સખત તાવના અંગે જેને ત્રિદોષ—ન્યૂમોનીઆની ત્રીજી સ્થિતિ કહે છે તેની અસર શરૂઆતથી જ થતી જોવામાં આવી. ડૉકટરોની ચાંપતી સારવાર તળે કલાકે કલાકની તપાસ થવા માંડી. બરફનો ઉપચાર એક ક્ષણ પણ વિરમ્યા શિવાય સતત્ ચાલુ રાખવામાં આવ્યો. પરંતુ મનુષ્ય ધારે છે શું અને પ્રભુ નિર્મે છે શું ? એ ભાવિ ગ્રન્થના પૃષ્ઠોપર લખાયેલા શબ્દો જાણવા—સમજવા ચર્મચક્ષુ અસત્તાવાન છે, એમાં શક નહિ. સંપૂર્ણ કાળજી અને સજ્જડ ચાંપતા ઉપાયો છતાં વિનોદરાયનું રસીલું સ્નેહાળ—સુખદુઃખનું સાથી પંખીડું સ્થૂલને ત્યજી અદૃશ્ય થયું. પ્રભુની ઇચ્છા બળવાન છે ! ! !

પ્રકરણ ૧૦ મું.

અનંતકલા.

કમલા આજે વિનોદરાયના સંસારની અધિષ્ટાત્રી બની છે. ગત પત્નીના અવસાન સમયે વિનોદરાય જે પ્રતિજ્ઞાઓથી બંધાયેલા હતા, તે પ્રતિજ્ઞાઓમાંની એક એ હતી કે, 'પોતાના સ્વરૂપ પછી મ્હારા બાળકની સંભાળ માટે, અને વ્યવહાર ભારને ઓછો કરવાને માટે તમારે લગ્નગ્રન્થીમાં જોડાવું.' આ પ્રતિજ્ઞા વિનોદરાયે પાળી. વિનોદગૌરીના અવસાન પછી કેટલાક મહિના પશ્ચાદ્ વિનોદરાયનું દ્વિતીય લગ્ન વડોદરામાં રહેતા સુરેશ્વરરાયની પુત્રી કમલા સાથે થયું.

કમલાનું સ્વરૂપ વર્ણન કરવું એ કનકને રંગ આપવા જેવું છે. તેનું સાંદર્ય અલૌકિક દિવ્યપ્રતિભા સંપન્નહતું. શરીર ગુલાબી રંગનું હતું. કપાળ ભવ્ય ને આકર્ષક હતું. દાઢમ બીજ સમાન દંતમાલા મુખમાંથી બહાર દૃશ્યમાન થતી હતી. વિકસિત ગાલ ભરાવાદાર હતા. ચક્ષુ અણિયાળાં—સ્વચ્છ—નિર્દોષ અને પ્રલોભનકર હતાં. મુખપર પૂર્ણિમાના ચંદ્રસમ સુંદરતા—શુકલતા છવાઇ રહી હતી. વક્ષઃસ્થલપર તારૂણ્ય સ્થિતિને સૂચવતા પયોધર—કલશો કાંઇક વિકાસ ભાવને પામેલા જણાતા હતા. આવી સ્વરૂપ સૌંદર્યવાન મૃણાલિનીની અનુપમતા અલૌકિક જ હતી.

કમલા માત્ર બાહ્ય સ્વરૂપ કાન્તિથી જ સુંદર હતી એમ નહોતું. જેવું તેનું બાહ્ય સ્વરૂપ સુંદર ને શ્રેષ્ઠ હતું તેવું જ તેનું આત્મનિવાસ મંદિર પવિત્ર ને શ્રેષ્ઠ હતું. કમલાએ ગુજરાતી અભ્યાસ ચાલતા ક્રમ પ્રમાણે પૂરો કર્યો હતો, અને વડોદરા જેવા ઉત્તમ શહેરમાં વસીને નાગરિકના અનુકરણિય સંસ્કારો—આચારો—વિચારોનો અભ્યાસ પણ સેવ્યો હતો. તેના હૃદયમાં સ્નેહ હતો. પ્રાણિ માત્ર પ્રત્યે તે હંમેશાં સ્નેહથી જોતી. અને મનુષ્ય—પ્રાણિ માત્ર દેવનાં પવિત્ર મંદિરો છે એમ જાણી સમજી તેમના પ્રત્યે સ્નેહ વર્ષાવતી હતી. વિનય—વિવેક અને સદ્‌ગુણોનો વિકાશ શરૂઆતથી જ ઉત્તમ હતો. આવી ઉચ્ચ બાહ્યાન્તર સુંદર સચેતન મૂર્તિને કયો આર્ય પુરૂપ માન ન આપે ?

કમલાના પિતાનું નામ સુરેશ્વરરાય હતું અને માતાનું નામ સુશીલા હતું. સુરેશ્વરરાયનો અભ્યાસ બી. એ. સુધીનો હતો. એટલે સુધારાના સમયમાં તેમના જેવા કેળવાયેલા સજ્જનને નોકરી શોધવા જવું પડે તેમ નહોતું. બી. એ ની પરીક્ષા પાસ કરી ત્યાર પછી બે ત્રણ મહીને તેમણે સરટીફીકેટ, પોતાની છબી અને એક અરજી નોકરીમાં દાખલ થવા માટે આપી. ઇશ્વર કૃપાએ શ્રીમંત મહારાજા સાહેબે તેમની ઉત્તમ જાતની છવિપરની ગૌરવતા તથા વિદ્વતા જોઇ તેમને શરૂઆતમાં પ્રોફેશનરની જગ્યા આપી. અને આગળ વધતાં વધતાં હાલ તેઓ ઉચ્ચાધિકારપર સારા પગારથી ચઢી શક્યા હતા. તેમને સંતાનમાં માત્ર કમલાદેવિ એકલાં જ હતાં. પુત્રીને કેળવવા પિતાએ પોતાની તમામ બનતી ફરજો અદા કરી હતી પરંતુ કેળવણી પાઠશાળામાં તો નહોતી જ અપાઇ; કારણ સુરેશ્વરરાયને નોકરી અંગે એક સ્થળ પર ઘણો વખત રહેવાનું બની શકતું નહોતું. તેથી એક વિદુષી સન્નારીના હાથ તળે એને સંસાર વ્યવહારનું સર્વોત્તમ શિક્ષણ આપવા ગોઠવણ કરી આપી હતી. આ સન્નારીએ કમલાને ગૃહ રાજ્યમાં અને માનવ પ્રત્યે પોતાના ધર્મને યથાર્થ કેમ બજાવવો એ સારી રીતે શિખવ્યું હતું. તે સાથે આત્મવિકાશ કલાના સંસ્કારો પણ આ બાઇએ કમલામાં નાંખ્યા હતા.

લગ્ન થયા પછી કમલાદેવિ વિનોદરાયના ગૃહમાંજ નિવાસ કરી રહેતાં હતાં. વિનોદરાયના સ્નેહનું અદ્વિતીય પાત્ર બની રહેતાં હતાં. વિનોદરાયના અન્તઃકરણપર ભુતકાલના ચિત્રને સ્થાન લેવા ક્ષણ પણ અવકાશ આપતાં નહોતાં. આ સાથે તેઓએ ધીરેધીરે પતિના વ્યવહારનાં પૃષ્ટો ઉકેલવા માંડયાં. તેમાં કયા ભાગપર ઉધેઈ ચઢી છે અને કયો ભાગ કલુષિત થવાની તૈયારીમાં છે, અને કયો ભાગ અદ્યપિ નિર્દોષ છે એ દૃષ્ટિ આગળ ધીમે ધીમે સમજાવા માંડયું. કમલાદેવિને સૌથી અગત્યની હકીકત એ માલૂમ પડી કે વિનોદગૌરીના બાલરત્નને પોતાના હાથપર લેવું, અને એને ઉચ્ચ કોટિમાં લેઇ જવા જાતે જ કેળવવું. પણ આ કાર્ય તાત્કાલિક સફલિત થાય એમ જણાતું નહોતું. કારણ એ કાર્ય હાથ ધરતાં મોટામાં મોટું વિઘ્ન દુર્મુખરાયનું હતું.

જે દિવસે વિનોદગૌરીએ પતિને કાલાવાલા કરીને ભાઇને સારે ઠેકાણે પાડવાનું વચન લીધું હતું, તે પછી કેટલાક દિવસોને અંતે વિનોદરાયે ઇચ્છાનેચ્છાએ દુર્મુખરાય માટે એક માર્ગ શોધી કાઢયો,

અને ધંમિરાપયનમાં બનતા રેશમના ઉદ્યોગના તૈયાર થયેલ માલની એજન્સીનો કાર્યભાર દુર્મુખરાયને સોંપ્યો. આ કાર્યભાર હાથ આવતાં વિનોદરાયે તેમને માટે ધંમિરાપટ્ટનનું વ્યાપારી ચોક મધ્યેનું એક વિશાળ મકાન તેમની ઓફીસ માટે ભાડેથી લેઇ આપ્યું. દુર્મુખરાય હવે સ્વતંત્ર શેઠ બન્યા હતા. આ કાર્ય માટે તેમને દસેક હજાર રૂપીઆ સોંપવામાં આવ્યા હતા. કારણ એજન્સીનું કામ હતું એટલે વધારે ખર્ચની આવશ્યકતા નહોતી. જે વ્યાપારીને પૈસા જોઇએ તેને તો શેઠની શરાફી પેઢીમાંથી માલપર પૈસા મળતા એટલે સ્વતંત્ર રીતે દુર્મુખરાયને માલપર પૈસા ધીરવાનું રહેતું નહિ.

સ્વતંત્ર ઑફીસ થયા પછી દુર્મુખરાયનો ઠાઠમાઠ વધી પડયો હતો. વસ્ત્રાદિમાં હજારો પૈસાનો ધાણ નીકળી જતો. સારાં સારાં નાટકો જોવામાં, એ સિવાય સરધસ—સિનેમેટોગ્રાફ વગેરે સ્થળે ભાઇનું દર્શન તો હોય જ એમાં આશ્ચર્ય સરખું નહોતું. દુર્મુખરાય સંગીત અને અભિનય કલાના શોખીન હતા, તેથી માસમાં એકાદ વખત તો મિત્રમંડળમાં એકાદ ભારે જલસો ઉડે. આમાં કેટલા પૈસાની આહુતી અપાય છે એનો હિસાબ તો દિવાળીપર નિકળે ત્યારે જ જણાય. સારે ભાગ્યે આવું ખર્ચ ભારે કારભારના વધ્યા ઘટયા શંભુ મેળામાંથી નીકળતું, એટલે એમને ઉંડી આંચ આવવા હાલ તો સંભવ નહોતો.

દુર્મુખરાય સ્વતંત્ર ધંધો કરતા થયા ત્યારથી વિલાસીકાને મળવાનું તો ચૂકતા જ નહિ. પ્રથમ માસમાં એકાદ બે વખત જતા. ત્યારપછી અઠવાડીયામાં એકાદ બે વખત જવાનું રાખ્યું હતું અને હવે તો સાંજના આઠથી દસ સુધીનો વખત વિલાસીકાના વિલાસભવનમાં જ મોજશોખ અને વિષયવિલાસમાં વ્યતિત થવા લાગ્યો. સદ્દભાગ્યે એમની આટલી બધી પ્રવૃત્તિની રૂપરેખા વિનોદરાયના લક્ષમાં ઉતરી શકી નહોતી.

દુર્મુખરાયને પોતાના કાર્યને પહોંચી વળતાં વળી એક વધારાનું કાંઇ સોંપવામાં આવ્યું. વિનોદગૌરીના મરણ પછી વૈજયંતિકાને પાળવાનું–પોષવાનું અને રક્ષવાનું દુર્મુખરાયને માથે પડયું. આ કાર્ય તેઓ બહારથી પોતાનું છે એમ સમજી દમભેર કરતા હતા; પરંતુ અંદરખાનેથી દુર્મુખરાયનો એમાં જબરો સ્વાર્થ હતો. કારણ એના

સંરક્ષણુ નિમિત્તે પૈસા મળવાનું દ્વિતીય દ્વાર દુર્મુખરાય માટે ઉઘડયું. એટલે વૈજયંતિકાને દેખીતીરીતે દુર્મુખરાય વિદૂર કરી શકે એ સહજ બની શકવું અશક્ય હતું.

કમલાદેવિને પતિ ગૃહવાસ થયે હવે એકાદ વર્ષ થવા આવ્યું હતું. આટલા સમયમાં તેમણે બની શકે તેટલો આ વ્યાપારી ગૃહનો અભ્યાસ કર્યો; અને વિનોદરાયની પ્રવૃત્તિનાં નખથી શિર્ષ સુધીનાં દર્શન કર્યાં. હજુ માર્ગ દુષ્પ્રાપ્ય નહોતો. મનુષ્ય પ્રયત્નથી સર્વ સિદ્ધ કરી શકે છે, એ ભાવના બળથી કમલાદેવિએ એ કાર્ય પોતાની સત્તામાં લેવાનો આરંભ કર્યો.

વિનોદરાય જમી પરવારી ઓફીસે ગયા એટલે કમલાદેવિ ગૃહ કાર્યથી નિવૃત્ત થઇ દિવાનખાનામાં આવ્યાં. દિવાનખાનાની એક દિશાએ ટેબલ અને તેપર બુક કેઇસ ગોઠવેલી હતી—તેની બન્ને બાજુએ ગ્રન્થો રાખવાનાં કબાટો હતાં અને ટેબલ આગળ પાંચેક ખુરશીઓ પડેલી હતી. કમલાદેવી એક ખુરશીપર બેઠાં. ટેબલપરથી એક કાગળ લીધો; લેખિની હાથમાં ગ્રહી વિચાર કરવા લાગ્યાં.

" શું કરૂં ? પતિના ગૃહના રાજ્યમાર્ગો સુરક્ષિત છે, પણ નાના નાના માર્ગો પરસત્તાવશ છે, અને એથી એ માર્ગે લક્ષ્મી પોતાનો અદ્રશ્ય થવાનો ગુણુ પ્રકાશતી રહે છે.

" લક્ષ્મીનો શો દોષ ? એનો સ્વભાવ ગ્રાહકના ગુણુ ને બળપર રહેલો છે. એને ગ્રહનાર સંગ્રહી શકે છે, એને ત્યજનાર વિમુખ કરી શકે છે. પતિની એ ફરજ હતી કે જેને જેને કામ સોંપવામાં આવે છે તે તે કાર્યને માટે લાયક છે કે કેમ ? તે જોવું. પાત્રાપાત્રનો વિવેક વિચાર ક્યાં શિવાય જે કાર્યો સોંપાય છે તેનું ફળ વિપરીતજ આવેછે.

" એક વિદ્વાન્ પુરૂષ કહેતા હતા કે આર્યોનું ગુપ્ત જ્ઞાન જ્યાં ત્યાં ખુલ્લા હાથે વહેંચાવું જોઇયે. પણુ આ વિદ્વાન્ પુરૂષની અભિલાષ કેટલી સદોષ છે એ અનુભવથી મને આજે જ સમજાય છે. પાત્રાપાત્રનો વિવેક જાણ્યા શિવાય સોંપાયેલા કાર્યનું ફળ કદિય પ્રકટતું નથી, પણુ નાશવંત જ થાય છે.

"વૈજયંતિકા મારી પુત્રી છે. મ્હારી બહેનની પુત્રી તે મારી જ પુત્રી ગણુાય. અરે! હું શું વિચાર કરૂં છું. એ સંબંધ મેં ખોટો સાંધ્યો. અથવા તો પ્રત્યક્ષ સંબંધ આ શો ખોટો છે? મારા પ્રાણનાથ—

મારા પ્રભુની એ પ્રતિબિંબાકૃતિ છે. એ મારા પ્રભુનું ન્હાનું સ્વરૂપ છે. એ મારા નાથની સુંદર નાની ચૈતન્ય મૂર્તિ છે. મ્હારા પ્રાણનું એ સર્વસ્વ છે. એ ધન જેટલું તેમનું છે; એટલું જ મારૂં છે, અને એ ધનનું રક્ષણ કરવું એ મારો ઉદાત્ત ધર્મ છે. એ ધર્મ સાચવતાં એમાં મારૂં, પતિનું ને મૃત બહેનનું પરમ કલ્યાણ સધાયેલું—સમાયેલું છે.

"વૈજમંતિકાનું પોષણ થાય છે. હા. પોષણ થાય છે. લોકો કહે છે કે એ કાર્યપર દુર્મુખરાય બહુ જ સંભાળ રાખે છે. લોક મત એ દર્પણ છે. હું કબુલ કરૂં છું કે મનુષ્યની આકૃતિ—આચાર—વિચારનું પ્રતિબિંબ લોકમતમાં ધડાય છે, પરંતુ એ દર્પણ પાછળ જો કોઇ કાળો પડદો ધરી રહ્યું હોય છે તો એ નિર્ણયાત્મક ચિત્ર કાળા રંગથી રંગાયેલું દેખાય છે. શાથી કાળું થયું, અને એ કરનાર કોણ છે? એ વિચાર અઢાર અંગથી વાંકી વળેલી સૃષ્ટિમાં ભાગ્યે જ કોઇ શોધી શકે છે!

"પોષણ કરવું એટલે શું? જંગલોમાં ઉછરતાં પશુ—પક્ષિઓનું કોણ પોષણ કરે છે? શું તેમને માટે મલમલનાં સુવા બેસવાનાં કે આરામ મેળવવાનાં આસનો બનાવેલાં હોય છે! અથવા તો ઉંચામાં ઉંચી જાતની સુખવેલનો ભાત અને ઉંચી જાતના ધઉનો ખોરાક તેમને માટે અપાય છે! ના. ના. પ્રભુની દયા એ જીવન વ્યાપારને અમિ સમાન છે. માત્ર ખાવું અને વધવું એ જીંદગીનું સાફલ્ય નથી. મનુષ્યને સંપૂર્ણ પ્રકારે મનુષ્ય બનાવવા માટે તેના સ્થૂલ શરીરને જેટલું સંભાળવાનું—રક્ષવાનું છે, તેટલું જ એનાં આંતર સ્વરૂપને–સૂક્ષ્મ સ્વરૂપને સંસ્કારવાનું છે.

"લોકો કહે છે વૈજયંતિકાનું પોષણ થાય છે, પણ લોકને હું પૂછું છું કે એ પોષણ તે દેહનું કે આત્મનું? આનો ઉત્તર મને કોઇ આપી શકતું નથી. અરે જુવો તો ખરા, તેઓ મારા પ્રત્યે અટ્ટહાસ્યથી જોતા ઉભા છે. મારૂં કહેવું સમજતા ન હોય તેમ હસે છે. આત્મનું એ શબ્દ જાણે આજે નવા કોષમાંથી નિકળતો હોય તેમ તેઓ દિગમૂઢ બને છે. જ્યારે એ શબ્દના અર્થની ગૌરવતાનું એ એમનામાં લેશ પણ ભાન નથી ત્યારે એ કોનું પોષણ થાય છે એ શું સમજવાના હતા? ઠીક એ હું જગતને બતલાવીશ કે ખરૂં પોષણ કોનું છે?"

" પણ, દુર્મુખરાય જરૂર આ માર્ગે આડા આવવાના—વિઘ્ન નાંખવાના—પ્રપંચ જાળ ઉભી કરવાના અને માન પ્રમાણે ગુણ ધારણ કરવાના— મારા માટે યમશરણના માર્ગ શોધવાના. ચિંતા નહિ. મરણથી ડરવું એ પાપ છે. મરણ કોનું ક્યાં અને ક્યારે થયું છે ?

" દુર્મુખરાયને પ્રથમ સુધારવા. એ સુધરે તો આ સઘળી બાજીનાં સોગઠાં અનુકૂળ થાય. પણ પ્રભુ જેનાં કર્મોનું પ્રાયશ્ચિત આપવા માગે છે, તેને સુધારવું એ દુષ્કાર્ય—કઠિન ગણાય છે. એ સુધરે ત્યારે તો પાષાણનો પારસમણિ થાય. વાર છે. અતિ તામસ વૃત્તિવાળો રાવણ રામચંદ્રનાં દર્શન કરી શક્યો—અધર્મરૂપ દુર્યોધન કૃષ્ણનાં દર્શન કરી શક્યો—પણ એ સઘળું અતિ પાપના પાક સ્વરૂપે. દુર્મુખરાય સુધરી શકે એ અશક્ય છે. પરંતુ એના પંઝામાંથી મ્હારા નાથની સત્તા ને શક્તિનો બચાવ કરવો એજ ધર્મ છે.

" નોકર ચાકરો તો પૈસાના ગુલામ છે. જ્યાં તેમને પૈસા મળે ત્યાં તે તેમના થાય છે. એમને સુધારવા એ કાંઇ બહુ મહત્વનું નથી. મહત્વનું કાર્ય માત્ર વૃક્ષના થડને સાચવવામાં અને બળમાં રાખવામાં છે. થડની સાથે ડાળાં આપોઆપ ફરશે, અને નહિ ફરે તો થડથી છૂટાં પડાશે. "

કમલાદેવિ આમ વિચાર કરી અર્ધી ઘટિકા મીંચાયેલા નેત્રે—શાન્ત સ્થિતિએ અર્ધ કલાક આસનપર જ અઢેલી પડી હતી. થોડીવારે જાગૃત થઇ લેખિનીને કાર્ય કરવાનું બળ હસ્તદ્વારે આપી આજ્ઞા કરવા લાગી. લગભગ એના લખાણને એક કલાક વહી ગયો. ઘટિકાયંત્રમાં જ્યારે ચારના ટકોરા થયા ત્યારે લેખિની હસ્તમાંથી છૂટી ટેબલપર લેખિનીગૃહમાં પડી.

કમલાદેવિએ પોતે શું લખ્યું અને શા વિચારો કર્યાં એનું ચિત્રરૂપે પ્રતિબિંબ ચક્ષુ આગળ ખડું થયેલું જોયું. આ ચિત્ર દર્શનમાં માત્ર દસ—પંદર મિનિટ ચાલી ગઇ. પોતે જે કરે છે એ ઉભયના કલ્યાણ માટે આવકાર દાયક છે એમ અન્તકરણમાંથી ખાત્રી થઇ; અને એ ખાત્રી થતાં પોતે શું લખ્યું છે એ કાગળ કાઢી—ઉકેલી—વાંચી જોયો. લેખ અથ ઇતિ વાંચ્યો. વાંચ્યા પછી તેના અન્તરમાં કાંઇ જુદો જ આનંદ વ્યાપ્ત થયેલો હોય એમ જણાયો. કારણ કેટલાક વિચારો તો એવી સુંદર રીતે ગોઠવેલા હતા કે પોતાના જ

આ વિચારો છે એ જાણતાં કમલાદેવિ આશ્ચર્ય ચક્તિ થઈ. આ કાર્ય પુરૂ થતાં લગભગ પોણા પાંચનો સમય થઇ જવા આવ્યો હતો. પતિને આવવાનો વખત થયો છે માટે હવે તેમના કાર્ય માટે જલદી તૈયારી કરવી જોઇએ એમ વિચારી આ પત્રને પોતાની પેટીમાં મૂકયો અને વિનોદરાયના ભાવિ ચિત્રને ચિતરનાર નિપુણ ચિત્રકાર દિવાનખાનું છોડી નીચે આવ્યો.

પાંચની ટકોરી થઇ. વિનોદરાયના બંગલામાં સુસવાટા કરતી મોટર દાખલ થઇ. ગતિ કરતો વેગવાન અવાજ બંધ પડતાં અંદરથી વિનોદરાય નીચે ઉતર્યા અને નોકરને વિકટોરીઆવાળાને સાડા છ વાગે વિકટોરીઆ જોડી તૈયાર રાખવાની આજ્ઞા આપી બંગલામાં પ્રવેશ્યા. કમલાદેવિ પતિનો સત્કાર કરવાને મૃદુહાસ્ય કરતી દ્વારમાં જ ઉભી હતી. પતિના શરીરને હૃદયથી વંદન કરતાં સત્કાર આપતી પતિ સામે દિવાનખાનામાં જવા મેડાપર ચઢવા લાગી. પતિ પત્ની વચ્ચે આજના કાર્યક્રમનો અને ઓફીસમાં આજે શું શું બન્યું તે તથા રાજ્ય પ્રજાના નવિન વિચારો સંબંધિ અનેક વાતોનો વિચાર ચાલ્યો. છ વાગે થોડો મેવો વગેરે લેઇ નોકર ઉપર આવ્યો અને તેને ઇન્સાફ આપી સાડા છ વાગે આજે બહાર ફરવા જવાનું પત્નીને સૂચન કર્યું.

કમલાદેવિને આ ક્ષણે કાર્ય સાધવાનું મુહૂર્ત ઉત્તમ જણાયું. સહસા પત્ર દેખાડવો એ અહિતકર છે, પરંતુ પતિના હૃદયમાં જ એ વિચાર ઉદ્‌ભવે અને કાર્ય થાય એમાં ઉભયનું કલ્યાણ છે ધારી હાલ પત્રની વાત મુલ્તવી રાખી. પરંતુ ધીરે રહીને કાંઇક સ્મરણ થતું હોય એમ સ્મરણમાં આવવાનું દેખાડી પતિને પૂછ્યું:—

"કેમ, આજે બહાર ફરવા જવાનું નક્કી કર્યું છે?"

"હા."

"ત્યારે આપને હરકત ન હોય તો વૈજયંતિકા બહેન આવે તો કેવું સારૂં?"

"અધિક શ્રેષ્ટ." વિનોદરાયે કહ્યું. તેની સાથે નોકરને આજ્ઞા આપવામાં આવી કે સાડા છ વાગે બહેનને નહવડાવી વસ્ત્ર પહેરાવી અહીં મોકલાવી આપવી.

વિશ્વદેહીના તટપર વિનોદરાયે એક સુંદર મકાન બંધાવરાવી આસપાસ બાગ બનાવરાવ્યો હતો. મકાનની બાંધણી એવી રીતે ગો-

ઠવવામાં આવી હતી કે તેના પાછળના ભાગપર એક ભવ્ય સુંદર આરસપહાણુ જડીત ચોતરો બનાવરાવ્યો હતો અને ચોતરાનાં પગથીઆં પરથી ઉતરી વિશ્વદેહીનાં જલનો સ્નાનાધિક વગેરે માટે ઉપયોગ થઇ શકતો હતો. પગથીઆં જલમાં બુડેલાં રહેતાં આથી સાયંકાળ પહેલાં આ ચોકપર બેશી કુદરતી સૌંદર્ય જોવાની જુદાજ પ્રકારની મઝા પડતી. વિનોદરાયે કાશી—મથુરાં વગેરે સ્થળે યાત્રા કરેલી હોવાથી આવી કૃતિ વિશ્વદેહીપર બનાવવાની એમને અભિલાષ હતી, અને એ અભિલાષ આ પ્રકારે મકાન બંધાવી પુરી પાડી હતી.

વૈજયંતિકાને હમણાં આ સ્થળે રાખવામાં આવી હતી, તેની સંભાળ રાખવાનું એક વૃદ્ધ સ્ત્રીને સોંપવામાં આવ્યું હતું. આ બાઇ અવસ્થાવાળી હતી; પણ સાદી, નિર્લોભી અને નિર્દોષ ભાવવાળી હતી. વિનોદરાય જેટલીજ તે વૈજયંતિકાપર મમતા અને વાત્સલ્યભાવ રાખતી હતી. દુર્મુખરાયના હાથ તળે આ સઘળો કારભાર સોંપાયેલો હતો. કારણ બહેનની પુત્રી પાછળ ભાઇનું મન બળે એ સ્વાભાવિક હતું ! મામો ભાણેજની સંભાળ મનપૂર્વક રાખે એમાં કાંઇ અતિ આશ્ચર્યકર નહોતું ! આથી એ યોજના વિનોદરાયે અમલમાં મૂકી હતી

કમલાએ પતિ પાસેથી વૈજયંતિકાને પોતાની પાસે બોલાવી સાથે ફરવા લઇ જવાની સંમત્તિ લેઇ લીધી. એથી એનું હૃદય પ્રસન્ન થયું; કારણ આ પ્રત્યક્ષ નિમિત્ત શિવાય કાર્ય કરવું એ એની આન્તર વૃત્તિને ઠીક ન જણાયું. આ કાર્ય કરવામાં એને દુનિયાદારીથી પણ ડરવાનું હતું. કારણ એના સ્થૂલને કાંઇ હરકત આવે તો લોકો એને ચૂંટી ખાધા શિવાય મૂકે પણ નહિ, અને આરોપ આવે. આથી પતિ પોતાની ઇચ્છાથી એ કાર્ય કરે તો સુલભ ને સુતર થાય. આજ્ઞા પ્રમાણે સાડાછ વાગ્યાને સુમારે દુર્મુખરાય વૈજયંતિકાને લેઇ અહીં આવ્યો. "અને આજ રાત્રે અત્રેજ રહેશે, માટે તમે તમારા કામ માટે જાઓ—" દુર્મુખરાયને એવી આજ્ઞા થતાં, તેને જોઇતું હતું ને વૈદે કહ્યું એના જેવું થયું. આજે ઝપાટાબંધ તે નદી તટપરના બંગલે આવ્યો. કપડાં પહેરી ટાપટીપ કરી વિષય પિપાંસુ અંધ 'આજ રાત્રે નહિ અવાય' એમ વૃદ્ધાને કહી ગાડી જોડાવી વિલાસીકાને બંગલે ઉપડયો.

વિનોદરાય, કમલા અને વૈજયંતિકા વિકટોરીઆમાં બેસી ઘં-

બિરાપટ્ટનના મોટા માર્ગોએ થઇ જોવા લાયક ઉદ્યાનો, નદીની વિશાળ ભવ્યતા, વગેરેનું અવલોકન કરવા, અને મન પ્રફુલ્લ કરવા બહાર નીકળી પડયાં. વિનોદરાયની સાથે વૈજયંતિકાને લેઇ કમલાદેવિ બેઠાં હતાં. ગાડીવાનને ગાડી ધીરે ધીરે ચલાવવાનો હુકમ મળ્યો; કારણ તેઓ મોટા માર્ગોનું ઉત્ક્રમણ કરી સરીતા તટપરની સડકપર માર્ગ કાપતાં હતાં.

'નાથ! આ બાળરત્ન કેવું સુંદર દેખાય છે?'

'દેવિ! સુંદર હોય એમાં શું આશ્ચર્ય!'

'મને એનાપર બહુજ સ્નેહ—પ્રેમ—વાત્સલ્યતા ઉદ્દભવે છે.'

'ઉત્તમ પાત્રો હમેશાં ઉત્તમ ગુણોનુંજ પ્રકટિકરણ કરે એ સ્વાભાવિક છે.'

'નાથ! હું સત્ય કહું છું કે આવા બાલરત્નને આપ વિમૂખ રાખો એ ઠીક કહેવાય?'

'ત્યારે શું કરવું?'

'આશ્ચર્યકર છે. શું એનાપર આપને પ્રેમ નથી—સ્નેહ નથી?'

'છે.'

'ત્યારે પુત્રને દૂર રાખવાનું કયો પિતા કે માતા પસંદ કરશે?'

'હું એ જાણું છું, છતાં દુર્મુખરાય એનું પાલનપોષણ કરનાર છે, એટલે એનું સંરક્ષણ પણ ત્યાંજ થાય એ વાસ્તવિક છે.'

'નાથ! દુર્મુખરાય બહેનનું સંરક્ષણ કરશે એ ત્હમને વિશ્વાસજનક લાગે છે?'

'એમ કેમ?'

'સ્વાભાવિક કહું છું.' વાત છૂપાવવાના ઉદ્દેશે કમલા બોલતાં અટકયાં.

'દેવિ! તમારે જે કહેવાનું છે, તે હું જાણું છું. તમારા મનમાં જે વિચારો છે તે કેવળ નિર્દોષ ને મારા કલ્યાણના સુરક્ષિત કિલ્લાઓ ચણે છે એ હું સમજું છું, પરંતુ અલ્પ સમયમાં એ વાતને બહાર કાઢવી એ ઉચ્ચિત નહોતુ, અને તેથીજ મેં મારી મનોવેદનાને હૃદયની ગુહામાં સંતાડી રાખી એના દુઃખનું ભાન જાતે જ કરતો હતો. મારા હૃદયની તિવ્ર લાગણીનો નાદ તમારા દિવ્ય હૃદયમાં જાગૃત થયો છે એ પણ મારું પરમ ભાગ્ય! ઠીક. વૈજયંતિકાને

દુર્મુખરાય ઉત્તમ સંસ્કારો કે કેલવણીથી સુભુષિત બનાવે એ અશક્ય છે. પણ એ શિવાય બીજો માર્ગ નહોતો, અને તમારી સાથે લગ્નથી જોડાયા પછી લોકો એની ભાણેજના હિત માટે મામાને લાગણી હોય એવું કહેવાના સ્વભાવવાળા હોવાથી એ કાર્ય એના હાથે રાખવામાં લાભ હતો. પરંતુ જો તમે વૈજયંતિકાને સુખ આપી શકો તેમ હોય તો એને અહીં રાખવી ઉત્તમ છે.'

'દુર્મુખરાયના હૃદયને એથી આઘાત થશે.'

'એનો ઉપાય છે. એ સ્નેહનો ભૂખ્યો નથી, પણ દ્રવ્યનો લાલચુ છે. માત્ર એની ભગિનીની યાચનાથી એને યોગ્ય માર્ગે લાવવા અહીં રાખી ધંધામાં જોડવામાં આવ્યો છે, પરંતુ એનાં આચરણો એનું શ્રેયઃ કરી શકે એમ મને તો લાગતું નથી. પછી જેવું તેનું પ્રારબ્ધ.'

'પ્રભુ ! જ્યારે મ્હોટી બહેનનું ચરિત્ર અવલોકું છું, ત્યારે તેમાં સ્નેહ—દયા—વાત્સલ્યતા અને સદ્‌ગુણનું દ્રવ્ય ચલકતું જોઉં છું, અને આ એકજ માળામાં ઉછરેલ દુર્મુખરાયને જોઉં છું ત્યારે કઠોરતા, અક્કડતા, વગેરેના દુર્ગુણોએ એનું ભાવિબિંબ છવાયેલું હોય એમ જણાય છે એનું શું કારણ ?'

'ઠીક તમારો પ્રશ્ન છે તો ઉત્તમ પણ એનું નિરાકરણ પછી કરીશું.' આમ વિનોદવાર્તા કરતાં પતિપત્ની પાછાં ગૃહ તરફ આવ્યાં.

રાત્રે જમી પરવારી પતિ પત્નિ આકાશિકામાં આવ્યાં. વૈજયંતિકા કમલાદેવિ સાથેજ હતી. આટલા થોડા પરિચયમાં પણ વૈજયંતિકાનું હૃદય કમલાદેવિ પોતાના તરફ વાળી શક્યાં હતાં. એતો નિર્વિવાદ સત્ય છે કે જેવું આપણે આપીએ છીએ તેવું લઇએ છીએ. વાવીએ છીએ તેવું લણીએ છીએ. આપણા હૃદયમાં સ્નેહના ઉમળકા ઉછળતા હોય તો આ સૃષ્ટિમાં એવી એકે વસ્તુ નથી કે તેને આપણાથી પ્રતિકૂળ વિચાર કરવાનો પ્રસંગ આવે. સ્નેહ સર્વત્ર છે. એથી જેમ વિદ્યુતમાં એક રસ થઇ જાય છે તેમ જ્યાં સ્નેહની દિવ્યદૃષ્ટિ પોતાનું સ્થળ અને પાત્ર જુવે છે ત્યાં સહસા ઢળી જાય છે.

'પિતાજી ! હું હવે પેલા બંગલે રહેવા નહિ જાઉં ?'

'કેમ બહેન, ત્યાં તો અહીંના કરતાં રહેવાનું બહુ સારૂં છે.'

'હા. પણ...'

'ત્યાં વૃદ્ધ માતા તારી કેવી સારી સંભાળ રાખે છે, તને કેવું

સારૂં સારૂં લાવી આપે છે, અને કેવાં મજેનાં રમકડાં મંગાવી આપે છે ?'

'હા.'

'બહેન તારા મામા તને હમેશાં છાતીપર રાખે છે.'

'પણ પિતાજી ! એતો બહુવાર મારી પાસે નથી બેસતા.'

'એમ કે ? ચાલો, હવે તેમને કહીશું કે બહેનની પાસે તમારે બેસવું અને એમની સારી સંભાળ રાખવી.'

'પણ બાપુ ! એમને તો કહેશો તોય એવા ને એવાજ રહેવાના.'

'બહેન, એતો મારૂં કહ્યું માનશે, અને તને સુખ આપશે.'

'હા. પણ એક વસ્તુ ત્યાં નથી.'

'તે કાણ ?'

'બાપુ, તમે કહો કે એ હું આપીશ, તો કહું.'

'બહેન જાણ્યા વગર કહેવાય ખરૂં કે ?'

'ત્યારે બાપુ, આપ્યાની ખાતરી શિવાય કહેવાય ખરૂં કે ?'

'વૈજયંતિકા, વૃદ્ધ માતાના સહવાસમાં તું હોંશિયાર થઇ હો ?'

'અને બાપુ તમે ક્યારે હોંશિયાર નથી ? હું માગું છું તેતો આપતા નથી.'

'બહેન, કહે ત્યારે તારે શું જોઇએ છે ?'

'કહો કે આપીશ.'

'આપીશ. જરૂર આપીશ.'

'ત્યારે કમળાદેવિને કાં તો મારી સાથે રહેવાદો કે મને દેવિ પાસે રાખો. હવે હું દેવિને મુકી ક્યાંહી જવાની નથી. જુવો ને આ ચંદ્રમાના જેવું એમનું મોં મને તો બહુ સારૂં લાગે છે. બાપુ આ દેવિજ મ્હારી મા અને જાણે એજ વિનોદ બા ! 'બાપુ, હું તો એમની સાથે જ રહીશ. તમે ના કહેશો તોય એ મારાં માતા ને હું એમનું બાળક.'

વૈજયંતિકાના બાલ મુખમાંથી નિર્દોષ ઝરતા શબ્દરૂપી રસ પ્રવાહે વિનોદરાયના હૃદયને સાભાર સસ્નેહ આકર્ષ્યું, અને જે બાળક માટે સરિતા તટે પોતે નિશ્ચય કર્યો હતો તેનું પ્રતિધ્વનિ રૂપે પુત્રીનું સંભાષણ સાંભળી પિતા પ્રસન્ન થયો.

એકાદ બે ઘટિકા આ પ્રમાણે વાતચીત ચાલી. વૈજયંતિકા નિદ્રાવશ થઇ. પતિ પત્ની બાળચેષ્ટાને અનુભવતાં આનંદ મગ્ન થયાં. પોતાની ભાવના—આશય અને કર્ત્તવ્ય અનુકુળ સમય જાણી કમલાદેવિએ વિનોદરાય આગળ જણાવ્યાં. પોતાનો સમય કેવી રીતે આજે ગયો તે હકીકતનું દિગ્દર્શન કરાવ્યું અને એના ફળરૂપે એક લેખ તૈયાર કરેલો નીચેથી લાવી પતિ આગળ મૂક્યો.

વિનોદરાયની કમલાદેવિ પર અપૂર્વ શ્રદ્ધા હતી. પોતાના પ્રાણથી પણ તેને અધિક પ્રિય ગણી વર્તતા. કમલાદેવિના ઉત્તમ સંસ્કારો અને સાત્વિક પ્રવૃત્તિ ને પ્રકૃતિથી વિનોદરાય આવા ઉત્તમ રત્નની પ્રાપ્તિ માટે સંતોષ પામતા, પ્રભુનો અનેકવાર હૃદયથી ઉપકાર માનતા હતા. કમલાદેવિએ જે હકીકત લેખમાં લખી હતી, તેનું અથ—ઇતિ વાંચન પુરૂં થતાં વિનોદરાય આશ્ચર્ય ચકિત થયા. સુખડનું કે શામ અગરનું ઝાડ જેમ વધારેને વધારે છુંદાય છે તેમ અધિકાધિક સુગંધિત દ્રવ્ય પ્રસારે છે, તેમ લેખના શબ્દે શબ્દોનું વાંચન વિનોદરાયના હૃદયપર અપ્રતિમ પ્રભાવ દર્શાવતું ગયું. જે મુદિત વાંચ્છનાઓ, ને ઉચ્ચાશયોની સંકલના તેમણે કેટલાક સમય પર કરી હતી તેનું આ પ્રત્યક્ષ પ્રતિબિંબ હતું. તેમાં આ પ્રમાણે સૂચવવામાં આવ્યું હતું કે, વૈજયંતિકા બહેન માટે શું કરવું? દુર્મુખરાય માટે શું કરવું? વ્યાપાર માટે કેવા પ્રકારે કાર્ય કરવું? ગૃહસંસારને ધંધામાં કેવા પ્રકારનું કાર્ય હિતકર છે? નોકરો કેવા ને કેવી પ્રકૃતિના રાખવા? આ લોક ને પરલોકના શ્રેયઃ માટે મનુષ્યત્વની શી ફરજો છે? આપણા દેશને શાની એટલે કેવા પ્રવાહના શિક્ષણની ને સાધનની અપેક્ષા છે? વગેરે હકીકતને માત્ર ટુંકાણમાં પણ સચોટ ભાષામાં વર્ણવી હતી. વળી પોતાના ભાવિ માટે કેવા હિતકર ને કલ્યાણજનક માર્ગો લેવા તે પણ એમાં જણાવવામાં આવ્યું હતું. આ બધા પ્રશ્નો પ્રસંગોપાત વિનોદરાયના હૃદયમાં ઉદ્ભવેલા, પરંતુ તેમણે હજુ સુધી આ પ્રશ્નોપર પુરતું લક્ષ આપેલું નહિ. પત્નીએ લેખની હકીકતનું સ્પષ્ટિકરણ અને ટુંક નોંધનું વિવરણ કરી પતિને સમજાવ્યું. પતિ પત્નીના આ સુહિતાશયોને જોઇ આશ્ચર્યચકિત થયા. અન્તે વાર્તાનું છેવટ આવ્યું; ઉપર દર્શાવેલાં કાર્યોમાંથી જેવાં જલદી થઇ શકે તેવાં અને ધીમે ધીમે પણ સંગીત કરવાનાં કાર્યોની નોંધ કરવાની ઠરાવી આ સ્નેહાળ દંપતિ પ્રભુ સ્મરણ કરતાં શયનાધિન થયાં.

વૈજયંતિકાને હાલ કમલાદેવિ પાસે જ રાખવામાં આવી. કમલાદેવિ પાસે રહેવા છતાં વૃદ્ધ માતાને રજા આપવામાં આવી નહીં. તેમને પરિવારમાં કોઇ નહોતું તેમ તેમનું પાલણ પોષણ કે સંભાળ રાખનાર કોઇ નિકટનું સંબંધિ ન હોવાથી એ જીવે ત્યાં સુધી એમને પોતાને ત્યાં રાખવાનું ઠરાવ્યું અને એમને ન ફાવે ને સ્વતંત્ર સ્થળ લેવું પડે તો એમને રહેવાનું—ખાવાનું ને વસ્ત્રાદિનું પુરૂ થઇ રહે તેમ દ્રવ્ય મીલ્કતમાંથી આપવાનું નક્કી કર્યું. એટલે વૃદ્ધ માતા પણ અહીંજ રહેતાં થયાં.

દુર્મુખરાયપર પણ હવે આડકતરી રીતે વિનોદરાયની નજર રહેતી, તેમ પૈસાનો સઘળો કાર્યભાર વિનોદરાયની સંમત્તિ શિવાય કરવો નહિ તેમ સૂચન થયેલું હોવાથી, દુર્મુખરાયના મનપર ભાલાનો માર પડતો હોય તેમ સાલવા લાગ્યું. સત્તા આગળ શાણપણ શા કામનું ? માતાપિતાની સ્થિતિ એવી નહોતી કે ભાઇનું બાદશાહી ખર્ચ ધમધોકાર ચાલે. આથી વૃત્તિઓને અંકુશમાં રહેવાનો જુલમ સોષવો પડયો; એ એની વિષયલંપટ વૃત્તિને ન ગમ્યું.

કહે છે કે મનુષ્યપર જેટલું દબાણ મૂકવામાં આવે છે તેટલું તે સ્વતંત્ર થવા જોશભેર ઉછળે છે. દુર્મુખરાયની વૃત્તિઓ—વિચારો જેટલા દ્રવ્ય વિહિન સ્થિતિએ દબાયા તેટલા બમણા વેગમાં તે ઉછળવા માંડયા. અને ઉછાળામાં શું શું કરૂં ને શું શું ન કરૂં એવા હવાઇ કલ્પનાના ઘોડા તેના મસ્તિષ્કને હચમચાવતા દોડમદોડા કરવા લાગ્યા. છતાં ભાવિ આગળ નિરૂપાય થઇ હમણાં તો ચાલતી સ્થિતિ જોવાનું સ્મશાન વૈરાગ્ય સમ ડહાપણ વાપરી કાર્યમાં જોડાયો.

કમલાદેવિએ થોડા જ દિવસપર એક પુત્રી રૂપી રત્નનો જન્મ આપ્યો છે. આ પુત્રી સાક્ષાત્ લક્ષ્મીનું પ્રકટિકરણ જ ન હોય ? એમ જોનારને સહસા પ્રશ્ન ઉદ્ભવે એમ હતું. કારણ એ રત્નનું મંદિર કમલાદેવિ કરતાં પણ કાંઇક ચઢતી કોટિનું હતું; આ બાલકનું નામ કમલાદેવિએ “ **અનંતકલા** ” પાડયું.

પ્રકરણ ૧૧ મું.

સ્વામી સમક્ષ થયેલી સ્નેહ-લગ્નની પ્રતિજ્ઞાઓ.

Life without love is like day without Sun-shine,
Roses bereft of sweet nature's perfume;
Love is the guide mark to those who are weary
Of waiting and watching in darkness and Gloom.

—*R. G. Lewis.*

આત્માનંદ સ્વામી અને દિવ્યજ્યોતિના સમાગમનું દર્શન આપણે પ્રથમ પ્રકરણમાં કરી ગયા છીએ. માર્ગનું સૂચન કરતાં, ઇષ્ટને અભેદરૂપ પ્રણુમી પાદુકાનો ખડખડાટ યુક્તધ્વનિ કરતા, અંતરિક્ષ પ્રત્યે ગૌરવભર્યો દૃષ્ટિપાત કરતા, માયાનાં આવરણોને આત્મના પ્રકાશવડે ભેદતા, પર્ણકુટિ પ્રત્યે ચાલતા થયા.

દિવ્યજ્યોતિએ મહાત્માની પ્રાસાદિક વાણિના પ્રભાવ અને બ્રહ્મવર્ચસ્‌ના અદ્વિતીય પ્રકાશથી શરતચન્દ્રને જાણીતો કર્યો. આત્માનંદ સ્વામીએ કરેલી આજ્ઞાને મિત્ર આગળ જણાવી દીધી. સ્વસ્થ થયા પછી દિવ્યજ્યોતિ, શરતચન્દ્ર અને અનંતકલા સૂચન થયેલા માર્ગે આગળ વધ્યાં.

શિવાલયની પાછળ થઇને જવાનો માર્ગ હતો. માર્ગ બહુ પહોળો નહોતો. બે માણુસ સાથે ચાલી શકે એવું પ્રવેશતાં જણાતું હતું. દિવ્યજ્યોતિ અનંતકલાને સાથે રાખી આ માર્ગે આગળ ચાલ્યો. સોએક કદમ આગળ ગયા પછી માત્ર સાંકડી ગલી જેવો રસ્તો દૃષ્ટિગોચર થયો. આસપાસ વૃક્ષની ઘટાઓ અને વેલિઓનું ગુંથન માર્ગપર આચ્છાદન કરી રહ્યું હોય એમ જણાતું હતું. અહીં આવતાં કેટલાક પુરૂષો પ્રવેશ કરતાં અચકાતા હતા. છતાં દિવ્યજ્યોતિ અટકે એ અસંભવિત હતું. સર્વથી આગળ પોતે થયો અને પાછળ અનંતકલા અને તેની પાછળ શરતચન્દ્ર રહ્યો.

આચ્છાદન થયેલો માર્ગ દોઢસો બસે કદમનો હતો. પરંતુ એમાં પ્રવેશ કરનારનું હૃદય જ કાંતો બલવત્તર થતું કે નિર્બલ થતું. સર્પની ભ્રાન્તીમાં પડેલો મનુષ્ય જેમ રજ્જુમાં પણ સર્પ છાયાને જુવે છે, તેમ આ સ્થળે આવનાર મોહાંધ—કામાંધ—લોભી થાપ ખાતા. દિવ્યજ્યોતિ હૃદયમાં ધૈર્યને દૃઢ કરી, પ્રભુને પ્રણતિ અર્પતો આગળ વધ્યો. આ સ્થળે પ્રકાશ નહોતો, પરંતુ પ્રકાશને વાદળ આછું પાતળું આચ્છાદે છે, તેવું શાન્ત—શીળું—અરૂણના પ્રારંભ કાળ સમાન તેજ વ્યાપ્ત ભાવને પામ્યું હતું. માર્ગનું ઉત્ક્રમણ કરતા તેઓ બહાર નીકળી ગયા.

આ સાંકડો માર્ગ કાપી રહેતાં, એક સાધારણ ચોગાન સમ જણાતી છૂટી જમીનપર પ્રવેશ્યા. આ જમીનપર આછી આછી લીલોતરી છવાઇ રહી હતી, તેથી એની સુંદરતા આનંદજનક જણાતી હતી. આ ચોગાનમાં આવ્યા પછી કયા માર્ગે જવું એની સમજણ આપણા પથિકોને ન પડી. ન આગળ જઇ શકાયું કે ન પાછળ જવાયું. હવે શું ઉપાય યોજવો તેની કાંઇ સમજણ ન પડી.

"ભાઇ શરતચન્દ્ર! હવે ક્યાં જવું! આ ચોગાનમાં કાંઇ સમજણ પડે તેમ લાગતું નથી. વળી માર્ગદર્શક કોઈ જાતનું સાધન પણ દૃશ્યમાન થતું નથી. તેમ કોઇ મનુષ્ય કે પ્રાણિ નથી કે આપણા કાર્યની સરળતા થઇ શકે." દિવ્યજ્યોતિએ કહ્યું.

"હા. મને પણ એજ કલ્પના થાય છે. મારી બુદ્ધિ તો કુંઠિત થઇ હોય એમ જણાય છે."

"શરતચન્દ્ર! એમ અકળાવાનું કારણ નથી. તૃણમાં પણ પ્રભુનો વાસ છે. જે પ્રભુદયા આપણને આ સ્થળ પ્રત્યે આકર્ષી લાવી છે, તે કૃપા શું આપણું રક્ષણ નહિ કરતી હોય? ઠીક. અનંતકળાને લેઇ તમો અહીં બેસો, હું આટલામાં કાંઇક તપાસ કરૂં." દિવ્યજ્યોતિ એટલું બોલી અનંતકલા તથા શરતચન્દ્રને ત્યાં બેસાડી, પોતે આ ચોગાનમાં પોતાનો માર્ગ શોધવા ચાલ્યો.

દિવ્યજ્યોતિ પાંચપચાસેક કદમ આગળ ગયો એટલે સાધારણ ચિન્હરૂપ જણાતો એક પગથી જેવો માર્ગ જણાયો. આ માર્ગે દસેક કદમ આગળ ગયો કે એક મોટી શિલા, સમચોરસ સાતેક ગજની

તિર્યક્ પડેલી દેખાઈ. શિલાની આસપાસ ડુંગરાની હાર ગોઠવાયેલી હોય અને વચમાં આ શિલા સ્વાભાવિક પડેલી હોય તેમ અનુમાન થતું હતું. પરંતુ પાસે જઇને જોતાં આ શિલા કુદરતી રીતે પડેલી હોય એમ સમજાતું નહોતું. કારણ શિલાના મધ્યભાગમાં એક સર્પાકૃતિ ચિતરેલી હતી. દિવ્યજ્યોતિને આ જોતાં આશ્ચર્ય થયું. કાંઇક જીજ્ઞાસા થઇ, અને એ જીજ્ઞાસાને તૃપ્ત કરવા તે શિલા પાસે દિવ્યજ્યોતિ ગયો. શિલાને હલાવવા કે જોવા માટે હસ્તથી તપાસ કર્યો, પણ કાંઇ સમજણ પડી નહીં; એટલામાં પૂચ્છ તરફ આંગળી અડકતાં જેમ સર્પ છંછેડાય, તેમ એ આકૃતિ ફેણાને પ્રસારતી છીંકો ખાવા લાગી. દિવ્યજ્યોતિ ચમક્યો, સહજ દૂર જઇ આ કુતૂહળને જોતો ઉભો. આ આકૃતિ સમ જણાતા સર્પે ત્રણેક છીંકો ખાધી કે એકદમ પ્રચંડ અવાજ થયો. અવાજ થતાંની સાથે શિલા ત્યાંથી ખસી ગઇ, અને શીલા ખસતાં એક પ્રચંડ આકૃતિ હસ્તમાં કાંઇક લેખ સમ જણાતા પત્રને ગ્રહી ઉભી રહી. દિવ્યજ્યોતિ અવાજ થતાં જ સ્થિર—ગંભીર બન્યો હતો. જો કે આ સ્થળમાં આવતાં તેને ડગલે ડગલે નવિનતા, વિચિત્રતા જણાતી હતી; તેથી તેને સ્થિર—ગંભિર બનવાનો એ સ્થિતિ—સંજોગોએ જાણે અભ્યાસ કરાવ્યો ન હોય, એમ દૃઢ બનાવી દીધો હતો. આ પ્રચંડ આકૃતિની પાસેના લેખને વાંચવાની અન્તઃકરણમાં જીજ્ઞાસા પ્રકટી. એ જીજ્ઞાસાને તૃપ્ત કરવા માટે તે થોડાં ડગલાં ભરી આગળ આવતાં લેખની હકીકત વાંચવા લાગ્યો:—

ૐ શ્રી પરમબ્રહ્મ, સચ્ચિદાનંદ સ્વરૂપ, પરમાત્મનને પુનઃ પુનઃ પ્રણામ.

પ્રિય, સજ્જન! દુઃખ, ભય, ક્લેશ, શોક, સર્વેના અભાવવાળું આ સત્ય, પૂર્ણ આનંદ પ્રવર્ત્તાવતું પરમ સુખદ સ્થાન, સર્વાર્થ સિદ્ધ કરનાર, શ્રેયસ્કર બનો.

આ સ્થળનાં દર્શન માત્ર પુણ્યાત્માઓ, અને તેમની કૃપાપ્રસાદિને ગ્રહનાર પુણ્યજનો જ કરી શકે છે. આ સ્થળનાં દર્શન કરનાર પુણ્યાળુ—સુભાગી, સચ્ચરિતવાન્—શ્રદ્ધાળુ—પુરૂષાર્થીને—પ્રભુને પોતાના સર્વ માર્ગો પ્રત્યે નિયામકરૂપે સ્થાપી વ્યવહાર કરનારાને અટકાવવા આ સૃષ્ટિમાં જડ વસ્તુઓ સમર્થ નથી.

અરે! કસ્તુરીની શોધે ભટકતા મૃગ! કસ્તુરી બીજે ક્યાંહી નથી. તે માત્ર તારી નાભીમાં છે. તેને પ્રાપ્ત કરવા સબળ પુરૂષાર્થી થા અને નિશ્ચયાત્મક ભાવે પ્રભુપર શ્રદ્ધાવાન્ બન.

તું બ્રહ્મ, તું પરમાત્મા, તું સ્વયંશક્તિ! જાગ! અજ્ઞાનપટથી વિમુક્ત થા. વિદ્યા અથવા અવિદ્યા, જ્ઞાન અથવા અજ્ઞાનનો સ્વીકાર એજ માત્ર તારી પોતાની સ્વરૂપ ચમત્કૃતિ છે. વિદ્યાગ્રસ્ત નર રત્ન! જાગૃત થા. વિશુદ્ધ જ્ઞાનનું અસ્ખલિત વહેતું ઝરણું તારામાં જે ઝર્યા કરે છે, તે ઝરણાના જીવનવારિને પી સર્વ જીજ્ઞાસા—જીજીવિષાઓને દાન્ત બુદ્ધિથી તૃપ્ત કર.

અંતમાં આ સ્થળ પ્રત્યે તારૂં જે શુભ પ્રયોજનના ગુપ્ત ઉદ્દેશે આકર્ષણ થયું છે, એ આકર્ષણમાં કાંઇક દૈવી સંકેતો સમાયેલા છે. પ્રભુ એ સંકેતનું ગૂઢ જ્ઞાન અલ્પ સમયમાં સમજવા તારી બુદ્ધિને વિકસાવશે; અને આ સૃષ્ટિમાં તારા સ્થૂલ દ્વારા જે જે ઉચિત, શુભ, હિતકર ક્રિયાઓનો પ્રકાશ કરાવવા તે મહાન્ વિભુની ઇચ્છા છે તે પ્રકાશશે.

અંતમાં આ રહસ્યપૂર્ણ નિગૂઢત્તમ ભાવને પ્રદર્શિત કરનાર જ્ઞાનમય લેખ તને તારા સ્વસ્વરૂપનું જ્ઞાન અર્પો...અસ્તુ. ॐ शान्तिः ॥

ઉપરનો લેખ વંચાઈ રહેતાં જ તે આકૃતિ અને લેખ અદૃશ્ય થયાં. આકૃતિ ને લેખ અદૃશ્ય થવા છતાં શિલા તો પૂર્વવત્ માર્ગરોધક ન જ બની. આ અર્થે ગૌરવપૂર્ણ લેખની આજ્ઞાઓનો શબ્દેશબ્દ હૃદયમાં ઉત્સાહ ને સ્વસ્વરૂપનાં ચૈતન્ય દ્રવ્યોને ઉછાળવા લાગ્યો. એ આવેશમાં દિવ્યજ્યોતિના મુખમાંથી નીચેની કવિતા સરી પડી.

Heaven's gate very nerrow and minute,
It cannot be perceived by foolish men
Blinded by vain illusions of the world.
E'en the clear-sighted who discern the way
And seek to enter, find the portal barred,
And hard to be unlocked, Its marine bolts
Are pride and passion, avarice & last!

અહો, પ્રભુની કૃપા અવર્ણનીય છે. ડગલેને ડગલે એની મહાન્ પ્રભુતાનાં દર્શન થાય છે. મારા જેવા રંક પ્રાણિપર ખરેખર તેની વાત્સલ્ય છાયા અનુપમ છે. હું ક્યાં? આ સ્થળ શું? અનંતકલા કોણ? મારો અને તેનો સંબંધ કેવા પ્રકારનો? તેના પિતાની ઇ-

ચ્છાઓ, ભૂતકાળનું ચિત્રદર્શન, વગેરે ક્રમશઃ દિવ્યજ્યોતિના ચક્ષુ આગળ ખડું થયું. આ ચિત્રોના દર્શન અન્તે પ્રભુએ ગ્રહેલા હસ્તનું ભાન થતા ઉપકાર વશ બન્યો. ઉપકાર વશ થતાં ક્ષણેક આત્મજ્યોતિનો પ્રભાવ સ્થૂલ શરીરના અણુઅણુમાં ઝળહળવા લાગ્યો. આ ચમકાર પ્રસંગે તેના કર્ણને સ્પર્શ કરતો કોઇ દિવ્યનાદ ચાલ્યો ગયો.

' ઓ નિયામકના ગૂઢ રહસ્ય સ્તોત્રના અનુભવિ ! તું શું કરવા શક્તિવાન નથી ? તારૂં સ્વરૂપ બ્રહ્માંડોથી ભરપૂર છે. અજ્ઞાનનો સ્વીકાર એ મનનાં કારણો છે. સંશય ત્યજી દે. સદ્વિચારને સજ. એજ તારૂં સર્વોત્તમ હિત સાધનાર છે. શાન્તિ, પ્રેમ, ઉત્સાહ, શ્રદ્ધા, નિશ્ચય પુરૂષાર્થ સર્વ ઇપ્સિતાર્થને સિદ્ધ કરનાર છે. વેદ, શ્રુતિના મહાન બોધને કિંચદ્ કવચિત વિસ્મરીશ નહિ. ઉઠ જાગૃત થા. કર્ત્તવ્યનો વિચાર કર અને તારી વિભૂતિ સાથે તેમાં પ્રવેશ. પ્રભુ તારો જય કરશે.'

દિવ્યનાદની પ્રાસાદિક વાણિને શ્રવણ કરી દિવ્યજ્યોતિ ત્યાંથી પાછો ફર્યો. અનંતકલા તથા શરતચન્દ્ર બેઠાં હતાં ત્યાં આવ્યો, અને બનેલા બનાવને માત્ર અંતરમાંજ સ્થાપતાં, માર્ગ તપાસ કરી આવ્યાનું જણાવી, પોતાની પાછળ પાછળ આવવાનું કહી આગળ ચાલવા લાગ્યો. દિવ્યજ્યોતિની પાછળ અનંતકલા અને અનંતકલા પાછળ શરતચન્દ્ર ક્રમશઃ ચાલવા લાગ્યાં. શિલા હજુ દૃશ્યજ હતી. ત્રણેય શિલાવાળા માર્ગેથી અંદર પ્રવેશ્યાં.

શિલારૂપ દ્વારની અંદરનો પ્રવેશ અનુપમ, સૃષ્ટિસૌંદર્યથી વિભુષિત અને સાત્વિક આનંદનો જનક હતો. પૃથ્વિપટ લીલોતરીથી છવાઇ રહેલું હતું. આ લીલોતરીવાળી પૃથ્વિપર માત્ર જવાને રસ્તાઓ રાખ્યા હતા. રસ્તાની કિનારપર મેંદીના છોડવાઓ હારબંધ ઉગાડવામાં આવેલા હતા. વચમાં નાની નાની ગોળ કૃતિવાળા ખંડો હતા, આ ખંડોમાં સુંદર વનસ્પતિના છોડ, વૃક્ષો અને વેલિઓ શોભી રહેલી હતી. અહીં મનુષ્યો દૃષ્ટિગોચર થતાં નહોતાં, તેમ આ સ્થળને સુરક્ષિત કરનાર માળી પણ જણાતો નહોતો, છતાં આટલી સુઘડતાને સ્વચ્છતા જોઇ ત્રણેનાં હૃદય આશ્ચર્યમગ્ન થયાં. નિર્દિષ્ટ કરેલા માર્ગે આગળ વધતાં એક નાનું ઝરણું વહન થતું જણાયું. આ ઝરણાના જલની સ્વચ્છતા, મિઠાશ અને ધ્વનિથી પથિકો લીન થયા. ઝરણાને વહન

થવાનો માર્ગ જાણે નાના મોટા શંકરોથી બાંધવામાં ન આવ્યો હોય! એમ જણાતું હતું. આ ઝરણામાંથી નાની મોટી નીકો બનાવવામાં આવી હતી કે જે નીકોના માર્ગે આ સ્થળપરનાં વૃક્ષો, વેલિ અને છોડને સારી રીતે યથાક્રમાનુસાર જલ મલતું રહે. કુદરતની લીલામાં મનુષ્ય બુદ્ધિએ ચમત્કાર જગાવ્યો હતો.

ઝરણાની એક દિશાએ મોટું વટવૃક્ષ હતું અને વટવૃક્ષ પાસે આત્માનંદસ્વામીના સ્થૂલને રહેવાની પર્ણકુટિ હતી. પર્ણકુટિ આશરે ચારેક ગજ પહોળી અને દશેક ગજ લાંબી હતી. તેના બે ખંડ બનાવવામાં આવ્યા હતા. આગળનો ભાગ નાનો હતો. અહીં મહાત્માને મળવા આવનાર, અથવા તેમની કૃપાથી આ સ્થળનાં દર્શન કરનાર માટે એટલો ભાગ રાખ્યો હશે એમ અનુમાન થયું હતું. અંદરનો ભાગ વિશાળ હતો. તે ભાગપર એક બાજુએ નાનાં મોટાં પુસ્તકો વિધિપુરઃ સહ ગોઠવેલાં હતાં આ પુસ્તકો પુરાણા કાળનાં તેમજ વર્તમાન સમયનાં પણ હતાં. સંસ્કૃત પુસ્તકો બીજી દીશાએ ગોઠવેલાં હતાં. આ મંદિરમાં સંસ્કૃત—હિન્દી, ઇંગ્રેજી, ગ્રીક, લિખિત—જર્મન વિગેરે ભાષાનાં અનેક પુસ્તકો હતાં આ ખંડની પાછળ એક નાનું સરખું ચોગાન હતું. ચોગાનની સ્થળ મર્યાદા વીસ—પચ્ચાસેક સમચોરસ ગજની હશે. અને એની મર્યાદા પર્વતહારથી અંકાયેલી રહેતી હતી. આ સ્થળમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને જાણવાનું—જોવાનું શિખવાનું—અનુભવવાનું થોડું ઘણું પણ યથાશક્તિ પ્રાપ્ત થતું હતું.

દિવ્યજ્યોતિ, અનંતકલા અને શરતચન્દ્ર ઝરણાનું ઉત્ક્રમણ કરી વૃક્ષ તળે આવ્યાં, એટલામાં રહામેથી મહાત્મા આત્મનંદજી હસ્તમાં થોડાં કંદમૂળ—ફળ અને મેવો લઇને આવતા જણાયા. દિવ્યજ્યોતિ અને શરતચન્દ્ર મહાત્માને જોતાંજ તેમના બ્રહ્મતેજમાં અને પ્રતિભારૂપમાં અંજાઇ ગયા. મહાત્મા આવ્યા કે બન્નેએ સાથેજ સહસા સાષ્ટાંગ પ્રણામ કર્યા. મહાત્માએ તેમને આશિર્વચન કહી શિરે વરદ હસ્ત ફેરવી ઉઠાડયા; અને તેમને વૃક્ષ તળેજ બેસાડવાનું સૂચન કર્યું.

સ્વામીશ્રીએ કંદમૂળને વિધિસહ અગ્નિથી પકવ બનાવી કૃપાનુરાગીઓને આપ્યાં. કંદમૂળ—ફળ—મેવો વગેરે મળવાથી પથિકોને અનહદ આનંદ થયો. સ્વામીએ તેમાંથી થોડોક પોતે લીધો અને

બાકીનો તમામ આ ત્રણેને આપી દીધો. ફળ–મેવાદિ જઠરને આપી, ઠંડું, મીઠું—સ્વચ્છ જલ પી શાન્ત થયા.

વૃક્ષ તળેની એક મોટી શિલાપર સ્વામીશ્રી બેઠા, તેમની સાગે અનંતકલા અને સ્હામે દિવ્યજ્યોતિ અને શરતચન્દ્ર બેઠા.

'દિવ્યજ્યોતિ! કેમ આ સ્થળ કેવું જણાય છે?' સ્વામીએ પૂછ્યું.

'પ્રભુ! અહીં આનંદ—ઉત્સાહ—ને શાન્તિ શિવાય અન્ય કશું જ નથી. અહો! અમ જેવા રંક પ્રાણિઓ પ્રત્યે આપની આટલી દયા કયા પુણ્યના કારણભૂત હશે તે નહિ જ સમજી શકાય તેમ છે; મોટાં મોટાં શાન્તિ સદનો, દેવલાલી, માથેરાન, નીલગીરી, અને મસુરી, જેવાં હવા ખાવાનાં સ્થળો કરતાં આ સ્થળ હજાર દરજ્જે ઉચ્ચ છે. ખરી શાન્તિ, વાસ્તવસુખ, અપૂર્વ આનંદ તો જેટલો અહીં મળી શકે છે તેવો બીજે મળતો હશે કે કેમ એ સંશય ભરેલું છે.'

'ઠીક, ત્યારે બે રાત્રિ વાસો કરો તેમાં તમને હરકત નહિ પડે.'

"પ્રભુ! જ્યાં આપનાં મંગળ દર્શન છે, જ્યાં આપની અમિકર દૃષ્ટિ પ્રસરે છે, જ્યાં કુદરતી કલામાં મનુષ્ય સ્વરૂપે દેવ બુદ્ધિનો સંયોગ થયેલો છે ત્યાં સાક્ષાત્ સ્વર્ગજ બને છે; પણ પ્રવેશક દ્વાર આગળ જ માર્ગરોધકરૂપે શિલા અને તેમાં ચિત્રેલી સર્પાકૃતિનું શું સાંકેતિક હશે?"

"જ્યોતિ! એજ આવા સ્થળોનું રક્ષણ થવામાં હિતાવહ છે. તમો સંસારીઓ ગૃહનું રક્ષણ થવાનાં અનેક સાધનો યોજો છો, ત્યારે અમ સાધુ—સંન્યાસીઓને રક્ષવાનું પ્રભુએ પોતે સાધન કર્યું છે."

"પ્રભુ! અવિનયની ક્ષમા કરશો, પણ સાધુ સન્યાસી હમેશાં નિર્ભય જ હોય છે, તો પછી એમને રક્ષાવાનું ક્યાં રહ્યું?"

"જ્યોતિ! તારૂં કહેવું સત્ય છે. અમે સાધુ, સન્યાસીઓ સર્વદા નિર્ભય જ છિયે. અમને જડ કે ચેતન રોધી શકે તેમ નથી. છતાં અમારે રક્ષણની જરૂર છે. અમારો આત્મા કે અમે સર્વદા નાશવંત નથી, પરંતુ અમારા ચિરંજીવ માર્ગનાં સાધનોને છિન્ન ભિન્ન ન કરી શકે, અથવા કોઇ દુરાત્માઓ આ માર્ગે આર્યોના અમૂલ્ય દ્રવ્ય—સંપત્તિને ન હણી શકે માટે પ્રભુએ આવાં સ્થળોને એમના જ રક્ષણ માટે યોજ્યાં છે."

"પણ આમ સંસારીનાં રક્ષક સાધનો કરતાં અહીંનાં રક્ષક સાધનો તો વિચિત્ર છે."

"સત્ય છે. અમારા સંપ્રદાયના રક્ષણ માટે એમજ થવું ઇષ્ટ છે. અનધિકારીનું આગમન અથવા કલુષિત હૃદયના બહારથી જણાતા સાધુ પુરૂષોને અટકાવનાર, અને તેઓ ન માને તો સંહાર કરનાર પ્રભુની સત્તા આ સ્થળે આવા પ્રકારે જ વિલસી રહી છે. કોઇ પુરૂષો દ્રવ્યના લોભી હોય છે, કોઇ સ્ત્રી, પુત્ર, સત્તા—કીર્તિ—લાલચ—લોભ—ના યાચકો હોય છે, એ સવ માટે જો આવાં સ્થળોના દરવાજા ઉઘાડા રહે તો મહા અનર્થ થાય, અને એ અનર્થ થતો અટકાવવાને સ્વર્ગનાં દ્વાર બંધ રાખવામાં આવે છે. આથી વિશેષ સ્પષ્ટિકરણ કરવું હાલ ઉચિત નથી પરંતુ જ્યારે તમારો એ અધિકાર આવશે, ત્યારે તમને સારી રીતે સમજાશે કે આમ થવામાં પ્રભુની શી ઇચ્છા છે.'

'પ્રભુ, ત્યારે અમારા ઉદ્ધારનો માર્ગ.'

"હા, અને તેટલા પૂરતાજ તમો આ પ્રદેશપ્રતિ આકર્ષાઇ આવ્યા છો. તમારા અત્રે આપવામાં કાંઇક ગુપ્ત હેતુ સમાયલો છે, અને એ હેતુમાં પ્રવેશ કરાવવાનું કાર્ય જ આરંભાય છે, માટે તમારા માર્ગોનું સ્ફોટન અત્રેજ થશે.

"દિવ્યજ્યોતિ ! અનંતકલાનો અને તમારો સંબંધ હાલનો નથી, પરંતુ અનેક જન્મનો છે. અનેક જન્મનો છે ધારી ભડકતા નહિ. ભૂતકાળના ચિત્રને જોવાનું આપણું કામ નથી. પરન્તુ એટલું તો લક્ષમાં રાખજ્યો કે અનંતકલા એ તમારૂં જીવન છે. અને આર્ય સંસ્કારાનુસાર તમારાં જે લગ્ન થવાં જોઇએ, તે અનેક વિઘ્નોને લીધે થઈ શકયાં નથી, અને હમણાં થોડા વખત સુધીમાં થઇ શકે કે કેમ એ સંશયાત્મક છે, માટે પ્રભુની ઇચ્છા એવી છે કે તમારી દિવ્યગ્રંથિ યોગ સ્થળ પ્રત્યેજ થાય.

"તમારાં ઉભયનાં હૃદયને પ્રભુ ઇચ્છાથી હું જોઈ શકું છું, તમારા મનને વાંચી શકું છું, તમારા ઉભયના રકતમાં વહન થતાં અણુઓને નિરખી શકું છું, તમારા સ્થૂલ અને સૂક્ષ્મને અનુભવી શકું છું, અને તેથી જ કહું છું કે તમારો અન્યોન્ય પ્રત્યેનો સ્નેહ અવિચ્છિન્ન—પવિત્ર—અચલ છે.

“જ્યોતિ! હું મોહાંધતાને સર્વદા ધિક્કારૂં છું એ લક્ષમાં રાખશો. ઇંગ્રેજીમાં એક કહેવત છે કે પ્રેમ આંધળો છે, અને તે સત્ય છે. કહે છે કે પ્રેમલગ્નમાં જ ઉદય છે પરંતુ પ્રેમ એ શબ્દની વ્યાખ્યા, તેનો સ્પષ્ટાર્થ કરતાં મોટામાં મોટા ગણાતા વિદ્વાનો પણ ભૂલ ખાય છે એ સારી પેઠે જાણવું જોઇયે.

હાલની પોકળ અનુભવ કરતી પ્રજાનો અસ્ત કરનાર આ મુખ્ય દ્વાર છે. આવાં લગ્નોથી યૂરોપ કે અમેરિકા શું અભ્યુદયના ઉચ્ચ શિખરે સ્થપાયા એમ માનો છો? નહિ. કદિ નહિ. મેં આ સૃષ્ટિનું પરિક્રમણ કર્યું છે. મેં શહેરેશહેર, દેશેદેશ અને સ્થળેસ્થળ મુસાફરી કરી છે; પરંતુ હું સત્ય કહું છું કે તેમની ઇમારતનો પાયો દોદળો છે. તેમાંથી એક ઈંટ સરી પડતાં તેમનાં જબરજસ્ત મકાનો જમીનદોસ્ત થઇ જશે. તમો વિદ્વાન્ છો, સારાસાર સમજી શકો તેવા છો. હાલનાં સામાહિકો અને દૈનિકોમાં આવાં લગ્નોથી સુખી થનાર દેશનાં છૂટા છેડાનાં—ડાઇવોર્સ–નાં દૃષ્ટાંતો કેટલાં આવે છે? તે મને કહેશો? જો છૂટા છેડા થતા હોય તો લગ્નની એ ભાવના પવિત્ર છે, એમ કહી શકશે.

“પ્રિયજ્યોતિ! એટલુ તો લક્ષપૂર્વક સ્મરણમાં રાખજ્યો કે આપણાં શાસ્ત્રોએ સ્વીકારેલા માર્ગો, અને તેમનાં રચેલાં કર્તવ્ય સૂત્રો આર્યાવર્તના ઉદય માટે આદરણીય છે. તે માર્ગો—સૂત્રોનો જેવા જેવા પ્રકારે ભંગ થાય છે, તેવા તેવા પ્રકારે આર્ય ગૃહ વ્યવહારનું શિથિલ-અંગ અચેતન બને છે. માટે મિથ્યા મોહથી—દાંભિક સ્નેહથી અંધ કરનાર પડળનો ત્યમે ત્યાગ કર્યો છે એ સંતોષજનક છે.

“અનંતકલાના પિતાની અંતઃકરણની એ ઇચ્છા હતી, અને તેમણે કરેલા વ્યવસ્થા પત્રકમાં એ ઉલ્લેખ સ્પષ્ટ ભાવથી વ્યક્ત કર્યો છે. વળી તમારા પિતાશ્રીની પણ એ માર્ગે સંમતિ હતી. છતાં હાલ કેટલાક કારણોને લીધે તે વ્યવસ્થાનો નિયમ કોઇ દૈવીકારણને અંગે અવ્યયસ્થિત થયો છે, તો તે માર્ગના ગૂઢ—ગુપ્ત રહસ્યને જાણનાર હું તમારા વડિલોની ઇચ્છાને તૃપ્ત કરવા પ્રેરાઉં છું. કે તમારા કેટલાક વ્યવહારો આ માર્ગે સરલ—સુલભ થઇ શકે.

“તોપણ તાત્કાલિક ક્રિયા કરતા પહેલાં આજની રાત્રિ તમારા ઉભયના હિતને માટે રહેવા દઉં છું. આ રાત્રિએ તમારાં ઉભયનાં અન્તઃકરણ કયા માર્ગે જાય છે અને તે માર્ગના નવનિત રૂપે કયા

સત્વને જાગૃત કરે છે, એ જાણવું એ ડાહ્યા પુરૂષોનો ધર્મ છે. અને તેથી જ મારી એવી ઇચ્છા છે કે આજની રાત્રિએ તમો ઉભય વિચાર કરી તેના સત્યને તમારા મુખેથી જ સ્પષ્ટ કરો. છતાં મારે તમને કહેવાના કેટલાક બોધને સંક્ષિપ્તમાં કહું છું તે સ્મરણમાં રાખજ્યો.

"મેં તમને જણાવ્યું કે માત્ર બહારના સ્વરૂપસૌંદર્યથી લગ્ન કરનાર સ્ત્રી પુરૂષ ખાસ સુંદરતા નષ્ટ થતાં લગ્ન સુખને દુઃખ કે ડરૂપ બનાવી શકે છે, માટે એ સંબંધે તમે પુરતો વિચાર કરજ્યો. લગ્નો સુખી નથી નીવડતાં તેનું મુખ્ય કારણ આજ છે એ ખાસ સ્મરણમાં રાખજ્યો.

"આંતરસ્વરૂપસુંદરતા શિવાયનાં લગ્ન એ લગ્ન નથી પણ બંધન છે. સ્ત્રી અને પુરૂષ ઉભયના સ્થૂલ અને ચૈતન્યમાં લગ્નભાવના પ્રગાઢ પણે એક સ્વરૂપે, નિર્વિઘ્નરૂપે વહન થવી જોઇએ, અને એ ભાવના યોગ્ય સમય આવતાં, લગ્ન થતાં પોષાતી વૃદ્ધિંગત થઇ, સુદૃઢ બનવી જોઇએ.

"અનંતકલાના બાપને હું સારી રીતે ઓળખું છું. તેઓ પ્રભિરાપટ્ટનમાં શ્રીમંત હતા. તેમની લક્ષ્મી અઢળક છે. અને તેમને બે સંતાનો છે, તે સંતાનોમાંનું એક આ અનંતકલા. તેની સાથે લગ્ન ગ્રન્થિમાં જોડાનાર દ્રવ્યનો અધિપતિ બનશે. પરંતુ જો દ્રવ્યની લાલચથી તમો લગ્ન કરવા હા પાડતા હો તો વિચાર કરજ્યો. લક્ષ્મી એ લગ્નસુખનું કારણ નથી. લક્ષ્મીના રંગો વિચિત્ર છે, તે ઘડીઘડીમાં જુદાં જુદાં સ્વરૂપો—રંગો ધરે છે. એટલે લક્ષ્મી રહે પણ ખરી અને જાય પણ ખરી. તો તમો લક્ષ્મીના કારણથી જ સ્નેહને ટકાવી રાખતા હો તો તેમ કરતાં પાછા હઠજ્યો.

"તેમ શ્રીમંત પિતાની પુત્રીએ રંક ઘરના પુત્રને પરણવામાં વિચાર કરવો ઘટે છે. શ્રીમંત પિતાને ત્યાં જે વૈભવો—વિલાસો—સાધનો હોય છે તે રંક ઘેર મળી શકતાં નથી, અને ન મળવાના કારણે બીચારા રંકવરને જો સ્ત્રી મૂર્ખ હોય તો પરવશ થવું પડે છે, અને પરવશતા એ આનંદનું વિષ છે. દિવ્યજ્યોતિના ભાગ્યમાં હાલ લક્ષ્મી—યોગ નથી અને તે યોગ ક્યારે પ્રાપ્ત થાય તે કહી શકાય તેમ નથી. તેથી તેઓ ઉભયે લગ્નગાંઠમાં જોડાતા પહેલાં ખાસ લક્ષ પૂર્વક વિચારકરવો ઘટે છે.

"મોહ-લોભ આજ હોય છે ને કાલે હોતો નથી. જો તમે માર્ગે અન્યોન્યને ચહાતાં હો તો તેમ કરતાં તમારા મનને વાળજ્યો. કારણુ સુખનું ખરૂ સ્વરૂપ એ નથી. મોહ અને લોભ એ માયાના પડદા છે; તાપ અને ટાઢ સહન કરવા જેવી એ પડદાની શક્તિ નથી હોતી. તેને સુકાતાં—કરમાતાં—તૂટતાં વાર લાગતી નથી. પ્રચંડ પવન સામે એનું રક્ષણુ થઇ શકતું નથી. માટે પ્રભુનાં બાળકો! આ માર્ગે કદિય જતાં નહિ.

"પ્રેમનું ખરૂં સ્વરૂપ પ્રેમી પાત્રો જ જાણી શકે છે. તેને લાલચ લોભ—મોહ-અલંકાર—એ વ્યભિચારી દાઠ માઠની સ્વપ્ને પણુ આવશ્ય-કતા હોતી નથી. એ સ્વયંભૂ પ્રકટે છે ને સ્વયંભૂ વહે છે. ઉભય હૃદયમાંથી પ્રકટતો આ પ્રેમ જ ઉભયના માર્ગોને સુલભ—સુતર કરી શકે છે—તે ઉભયને સુખના શિખરે સ્થાપી શકે છે.

"સત્ય પ્રેમ વાળ્યો વળતો નથી, તોડયો તૂટતો નથી. ખાળ્યો ખળતો નથી, બાળ્યો બળતો નથી. તે છૂપો રહી શકતો નથી. તેમ ખુલ્લો જાહેર થતો નથી. તેની સ્થિતિ—ગતિ માત્ર એક જ સાદા સ-રળ નિયમે રહે છે. એનું નામજ સ્નેહ—પ્રેમ.

"પરંતુ બાળકો! લગ્ન નહિ કરવાથી જ સુખ થઇ શકે છે એવા અંધ વિચારને કદિ ગ્રહણુ કરશો નહિ. કેટલાક મતાંધ પુરૂષો કહે છે કે લગ્ન એ દુ:ખનું મૂળ છે, ને સ્ત્રી એ નર્કની ખાણુ છે. પરંતુ આ તેમનાં સૂત્રો માત્ર એક જ બાજુના ઉદ્દેશથી અને એક જ પ્રકારના વિચારથી બંધાયેલાં હોય છે. તેમાં કિંચિત્ સત્ય નથી એ નિશ્ચય પૂર્વક માનજો. સ્ત્રી અને પુરૂષ પોતાના માર્ગને સાથે રહી જેટલો સુતર કરી શકે છે, એવું સ્ત્રી અને પુરૂષ લગ્ન શિવાયની સ્થીતિમાં નથી કરી શકતાં.

"પરિશ્રમથી તમો વ્યગ્ર થયાં હશો. અને આજનું કાર્ય તમારી જીંદગીમાં પ્રથમ જ અનુભવેલું હોવાથી આજની રાત્રિ શાન્તિથી શયન કરો. પ્રાતઃકાળે તમો નિર્ણય કરજ્યો અને કાલે શુભ દિવસ ને સંયોગ હોવાથી તમારા નિશ્ચયને જણાવશો.

"પ્રિય જ્યોતિ! શિવાલયમાં તમે જે હકીકત કહી હતી, તે કરતાં આ ક્ષણે હું તમારા વધારે પરિચયમાં આવ્યો હોઉં, અને તમારો સ્વજન હોઉં એમ જે સ્વરૂપે તમને સંબોધુ છું ને પરિચય સ્થિતિનો ઉપદેશ આપું છું તેથી તમને આશ્ચર્ય થયું છે, છતાં એ આશ્ચર્ય

મો યથા સમયે જાણી શકશો. માનુષી દૃષ્ટિએ એ આશ્ચર્ય છે, પરંતુ ઇશના વ્યાપક તત્ત્વમાં એવાં આશ્ચર્યોનું સ્થાન હોતું જ નથી."

આટલું કહી મહાત્મા આત્માનંદ ત્યાંથી ઉઠયા અને પર્ણકુટિમાં અનંતકલા માટે સુવાની જુદી વ્યવસ્થા કરી આપી, તથા દ્વાર આગળ દિવ્યજ્યોતિ અને શરતચન્દ્ર માટે વ્યવસ્થા કરી પોતે પાછળના ખંડમાં ચાલ્યા ગયા.

દિવ્યજ્યોતિ અને શરતચન્દ્ર વર્તમાન દૃષ્ટિયોગ સંબંધમાં કેટલીક વાતચીત કરી સુઇ ગયા. દિવ્યજ્યોતિને આજે ક્ષણપણ નિદ્રા આવતી નહોતી. તેનું ચિત્ત વિચિત્ર ચિત્રોમાં એક રસ બન્યું હતું. મહાત્મા–તેમની વાણીરૂપી બોધ–તેમની આજ્ઞા–અનંતકલા–તેના પિતાએ કરેલો લેખ–તેમાં આપેલી મારા પિતાની સંમતિ–બાળસ્નેહ–સ્નેહનું પ્રથમ દર્શન, ત્યાર પછી તેનું દિવસે દિવસે પુષ્ટ થવું વિગેરે અનેક ચિત્રો જેમ બાજીગર તેની પેટીનાં ચિત્રોને વિવરણ કરતો બનાવે છે તેમ નજર આગળ તર્યાં—કંઇક તેના ભાવના સત્યને જણાવી અદૃસ્ય થયાં. અંતે આ માર્ગે જવામાં શ્રેય છે એવો અન્તઃકરણે દૃઢનિશ્ચય બાંધ્યો. એમ ન કરવામાં અનંતકલાનું તે વધારે રક્ષણ કરી ન શકે એ સ્વાભાવિક હતું અને મહાત્મા જેવા વડિલના છત્ર નિચે એ લગ્ન ધર્મ સ્વરૂપ જ હતું. આમ વિચારપર વિચારો વહેવા લાગ્યા; આ સઘળા વિચારોનો અંત માત્ર પ્રભુની પ્રભૂતામાં સંક્રાન્ત થયો.

" પ્રભુ ! તારા તે હું શાશા ઉપકાર માનું ? ખરેખર ! મનુષ્યો અંધ છે. તેમની પ્રપંચ જાળમાં અંધકારમય પડળો સત્યપંથને દેખી શકતાં નથી, પ્રભૂતાને જોઇ શકતાં નથી, તેનાં શ્રેયસ્કર કલ્યાણજનક દર્શન કરી શકતાં નથી, અને અન્તે વિનાશની ઘોર ભયંકર ખિણમાં દુઃખ–તાપને પરિતાપથી આકુળ વ્યાકુળ થતાં રીબાય છે.

"અહા ? મનુષ્યો પ્રેમને જાણતાં જ નથી. પ્રેમ એ સ્વરૂપની સત્ય ઝાંખી તો કોઇ વિરલજ કરે છે. કહે છે કે કમળો થયો હોય તે સર્વને પીળુ દેખે. ખાસ સ્વરૂપ સુંદરતામાં લોભ કરનાર આંતર સુંદરતાનો અનુભવી તેની વાત કરે તો તેની નિંદા કરવામાં પાછી પાની પણ ન કરે. ઓ પ્રપંચી દુનિયાં ! દેખતે ડોળે કુવામાં પડવાનું સાહસ શામાટે કરે છે ? એ પણ પૂર્વ સંચિત્ યોગ ! એમ નહિ તો

બીજું શું ? કૃષ્ણ અને ગોપીઓના પ્રેમને કલંક આપતાં પુત્રો સમ ગણાતા મનુષ્યોએ ક્યારે પાછી પાની કરી છે ? હરિ ! હરિ ! આર્યાવર્ત્તની આ અંધતા ક્યારે દૂર થશે ? કોઇ પણ માર્ગમાં પ્રવેશ કર્યા પૂર્વે કાંતો કાયરતાથી કે કાંતો અજ્ઞાનતાથી કે કાંતો વિકટતાથી પણ ન દેખતાં દેખવાનો ડોળ કરી નજરમાં આવે તેમ કહેવાનો અને એ કહેવું ભિષ્મ પ્રતિજ્ઞા જેવું નિશ્ચયાત્મક ને નિર્ણયાત્મક હોય તેમ સત્ય હોવાનો દાવો કરતાં કદિયે પાછા પડતા નથી !

"હવે હું કદિય પાછો પડનાર નથી, દુઃખ, ભય, કલેષ મને હવે દબાવી શકે તેમ નથી. કારણ પ્રેમની મંગળ જ્યોતિનાં પ્રભુ કૃપાથી મેં દર્શન કર્યાં છે. પ્રેમના સત્ય સ્વરૂપને જોઇ શક્યો છું. પ્રેમના હાર્દને નિરખી શક્યો છું. પ્રેમ એજ પ્રભુ સ્વરૂપ છે. પ્રેમ એજ સૃષ્ટિનું મૂળ છે. પ્રેમ એજ આનંદ ને સત્ય સુખની માતા છે. પ્રેમ શિવાયનું જીવન એ જીવન નહિ પણ મૃત્યુ છે. પ્રેમ શિવાયનું મનુષત્વ એ મનુષત્વ નહિ પણ પશુત્વ છે. ઓ પ્રભુ ! હું તારા શરણે છું !" વગેરે વિચારો કરતાં દિવ્યજ્યોતિ નિદ્રાધિન થયો.

પ્રાતઃકાળે સ્વામી આત્માનંદ બ્રાહ્મમુહૂર્ત પૂર્વે જાગૃત થયા. શૌચાદિથી નિવૃત્ત થઇ સ્નાનાદિકથી પરવારી ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠા. દિવ્યજ્યોતિ જાગૃત થયો. શરતચન્દ્ર ને અનંતકલા પણ જાગૃત થયાં. દંતધાવન—સ્નાનાદિકથી પરવારી અર્ધ ઘટિકા સૌ ઇષ્ટના મંગલ ગુણોનું ગાન કરવા લાગ્યાં. સૂર્યોદય થયો. સ્વામી સમાધિમાંથી જાગૃતિ ભાવને પામ્યા અને દિવ્યજ્યોતિ તથા અનંતકલાને ઉત્તર આપવાની આજ્ઞા થઇ. બન્ને તરફથી અનુકુળતા—ને પ્રસન્નતાનો ઉત્તર મળી ગયો. સ્વામીશ્રીએ વિધિપૂર્વક યજ્ઞરૂપ અગ્નિ, સૂર્ય ને સાક્ષીમાં શરતચન્દ્રને સાનિધ્ય રાખી લગ્ન પ્રતિજ્ઞાઓ ઉભય સ્ત્રી પુરૂષ પાસેથી લેવડાવી. એ પ્રતિજ્ઞારૂપ લેખમાં પોતે અને શરતચન્દ્રે સાક્ષી કરી ને ઉભય દિવ્યજ્યોતિ અને અનંતકલા ભવિષ્યને સુયશવાન—સુપ્રભાવ સંપન્ન કરવાના મહાન્ ઉદ્દેશે સંસારના માર્ગમાં પ્રવેશનો અધિકાર મેળવવા ભાગ્યશાળી થયાં અથવા તો મહાત્માની કૃપા પ્રસાદીરૂપે તેમની સાનિધ્યમાં ગાંધર્વવિવાહથી ગ્રન્થિત થયાં.

(પૂર્વખંડ સમાપ્ત.)

સસ્તામાં સસ્તુ અને સુંદર વાર્તાસાહિત્ય.

સરસ વાર્તાઓના મહાસાગરરૂપ,

મ્હોટામાં મ્હોટું, સોંઘામાં સોંઘુ, સર્વોત્તમ,

મનહર, સુબોધક-સુનીતિપૂર્ણ,

આનંદ-ગમ્મત, જ્ઞાન ગોષ્ટિ આપનાર,

સર્વોપયોગી માસિક

વાર્તાવારિધિ.

પ્રતિમાસે સાંસારિક, ઐતિહાસિક, ધાર્મિક, વૈજ્ઞાનિક અને ડિટેક્ટીવ સંપૂર્ણ રસીલી નવલ-કથાઓ, ઉપન્યાસો, વાર્તાઓ-કથાઓ, નાટકો, વિવિધ વર્તમાન, ઈનામમાળા, ચિત્રમાળા અને પ્રોત્સાહક તથા ઉપયોગી લેખાવલિ આવે છે

વાર્ષિક લવાજમ બે રૂપિયા ચાર આના પોસ્ટેજ સાથે.

વાર્ષિક ૧૫૦૦ પૃષ્ઠ-૧૨૫ ફૉર્મ.

પ્રયોજક,

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.

સરકીવાડ—અમદાવાદ.

દરેક છુટક અંકના આના ચાર.